# અપરાધી

CIRCULATING LIBRARY
No. ..........
U/8, NAVNIDHI COMPLEX,
AHMEDABAD-52

ઝવેરચંદ મેઘાણી

**નવભારત સાહિત્ય મંદિર**
૧૩૪, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ, ૪૦૦ ૦૦૨
દેરાસર પાસે, ગાંધી માર્ગ, અમદાવાદ ૩૮૦ ૦૦૧

પ્રકાશન-સાલ

૧૯૩૮, ૧૯૪૪, ૧૯૪૬, ૧૯૫૭, ૧૯૬૯, ૧૯૭૫, ૧૯૮૧, ૧૯૯૦

શતાબ્દી આવૃત્તિ : ૧૯૯૭

**રૂ. ૭૨**

Gift: G 879216

**: પ્રકાશક :**

અશોક ધનજીભાઈ શાહ
નવભારત સાહિત્ય મંદિર
૧૩૪, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ ૪૦૦ ૦૦૨
દેરાસર પાસે, ગાંધી માર્ગ, અમદાવાદ ૩૮૦ ૦૦૧

**: કમ્પ્યૂટર અક્ષરાંકન :**

ઇમેજ સિસ્ટમ
૩૦૧, વૈભવી કૉમ્પલેક્સ, ફત્તેહપુરા પોલીસચોકી પાછળ,
પાલડી, અમદાવાદ ૩૮૦ ૦૦૭. ફોન : ૬૬૧ ૦૪૪૧

**મુદ્રક :**

**દેસાઈ ઑફસેટ, નારોલ, અમદાવાદ. ● ફોન : ૩૯૫૫૪૫**

મારા સદ્‌ગત મોટાભાઈ
લાલચંદ મેઘાણીને

G879216

## ક્રમ


૧. શિવરાજ . . . ૧
૨. દેવ: રામબક્ષસિંહ . . . ૫
૩. વકીલાતને પંથે . . . ૧૦
૪. મૂર્ખ છોકરી! . . . ૧૨
૫. છાપાવાળાની સત્તા . . . ૧૮
૬. અજવાળી . . . ૨૦
૭. મારી ભિડાઈ ગઈ . . . ૨૩
૮. બે વચ્ચે તુલના . . . ૨૮
૯. ઘર કે ઘોરખાનું! . . . ૩૧
૧૦. 'એને ખેંચી લે!' . . . ૩૩
૧૧. મૂંગી શૂન્યતા . . . ૩૬
૧૨. 'જાગતા સૂજો!' . . . ૩૯
૧૩. શિવરાજનો ગુરુ . . . ૪૪
૧૪. 'સાચવીને રે'જો!' . . . ૪૭
૧૫. સરસ્વતી પાછી આવે છે . . . ૪૯
૧૬. મુંબઈને માર્ગે . . . ૫૪
૧૭. ત્રાજવામાં . . . ૫૮
૧૮. બે પિતાઓ . . . ૬૪
૧૯. શિવરાજ પીડિત-આશ્રમમાં . . . ૬૭
૨૦. છુટકારાની લાગણી . . . ૬૯
૨૧. ગરીબનવાજ . . . ૭૪
૨૨. રાવબહાદુરની પુત્રવધૂ . . . ૭૯
૨૩. બાપુનું અવસાન . . . ૮૩
૨૪. સળવળાટ થાય છે . . . ૯૦
૨૫. મા પાસે . . . ૯૭
૨૬. કોનું ઘર? . . . ૯૯
૨૭. બાળક રડ્યું . . . ૧૦૧
૨૮. ગોઝારે કોઠે . . . ૧૦૪
૨૯. જેલની ઇસ્પિતાપાલે . . . ૧૦૮
૩૦. એક પગલું આગળ . . . ૧૧૦
૩૧. દયા આવે છે . . . ૧૧૯
૩૨. અદાલતમાં . . . ૧૨૮
૩૩. અજવાળીને હૃદય-તળિયે . . . ૧૩૮
૩૪. છેતરપિંડી! નામર્દાઈ! . . . ૧૪૫
૩૫. મર્દાઈસે કામ લેના! . . . ૧૪૮
૩૬. રામભાઈને ઘેર . . . ૧૫૧
૩૭. शिवास्ते पंथा: . . . ૧૫૪
૩૮. વસિયતનામું . . . ૧૫૭
૩૯. કોઈ નહીં ભાગી શકે . . . ૧૬૦
૪૦. હું નો'તો કે'તો! . . . ૧૬૪
૪૧. મારું સ્થાન . . . ૧૬૭
૪૨. થાણદાર લહાવો લે છે . . . ૧૭૦
૪૩. જળમાં ને જ્વાળામાં સંગાથે — . . . ૧૭૪
લેખકનું નિવેદન . . . [૧૭૭]

# ૧. શિવરાજ

**પ્ર**ભાતની પ્રાર્થના પૂરી થઈ ત્યારે આચાર્યદેવે કહ્યું : "બ્રહ્મચારીઓ, હમણાં જતા નહીં."

સળવળેલા મધપૂડાની માખો પાછી ઝૂમખું વળીને ચોંટી જાય તેમ અર્ધા ઊભા થઈ ગયેલા વિદ્યાર્થીઓએ પાછી પલાંઠી ભીડી. સૌએ એકબીજા સામે જોયું. આચાર્યદેવનો ઘાંટો તરડાયેલા મૃદંગના જેવો જણાયો : "આપણા ગુરુકુલ ઉપર એક કલંક આવ્યું છે."

સૌએ માથાં હેઠાં ઢાળ્યાં.

"છેલ્લાં દસ વર્ષના ઇતિહાસમાં ન બનેલી કાળી ઘટના કાલે રાતે બની ગઈ છે." આચાર્યનો અવાજ વધુ ને વધુ તરડાતો ગયો.

"ગઈ કાલની મધરાતે દરબાર તખુભાના દીકરાના માથાની ખોપરી ફૂટી છે. દરબાર શિવુભાના ઘરની વડારણ છોકરી ઝબુની કોઈએ છેડતી કરી છે."

એક સિવાયના તમામ છાત્રો જાણે કે ભોંમાં સમાઈ જવાનો માર્ગ શોધતા હતા.

"ને એ કૃત્ય કરનાર તમારા માંહેનો જ એક છે."

પ્રાર્થના-મંદિરની દીવાલો ફાટું ફાટું થઈ રહી. છાત્રો ત્રાંસી નજરે ઊંચે જોઈને છોભીલા પડી ગયા. માત્ર એક વિદ્યાર્થી બારીની આરપાર આકાશના રતાશ પકડી રહેલ રૂપની સામે તાકતો બેઠો હતો, તે તેમ ને તેમ બેઠો રહ્યો.

"હું પૂછું છું," આચાર્યદેવે અવાજ ધીરો પાડ્યો : "કે એ નાદાની કોણે કરી છે?"

કોઈ ન બોલ્યું.

"જેણે કરી હોય તે કબૂલ કરી નાખે. હું દરબારની તેમ જ આ ગામના પ્રજાજનોની ક્ષમા માગી લઈશ. કબૂલ કરનારને કોઈ પ્રકારની શિક્ષા નહીં થાય."

તોપણ બધા શાંત રહ્યા.

"અપરાધ કરનારને હું જાણું છું." આચાર્યના એ બોલમાં કોઈ પોલીસ-અધિકારીનો ઠંડો ગર્વ હતો : "હું આશા રાખું છું કે મારો વિદ્યાર્થી એક અપરાધને ઢાંકવા માટે મૌન સેવવાનો બીજો અપરાધ નહીં ઉમેરે."

દરેક વિદ્યાર્થીએ પોતાના સિવાયના બીજાના જ એકરારની રાહ જોયા કરી.

"નથી કબૂલ કરવું — એમ ને? એટલી બધી વાત!" આચાર્યનું મોં ધમણે ધમાતું હતું.

એણે ઘડીભર શ્વાસ હેઠો મૂક્યો. હોઠ સુકાયા હતા તેને જીભનું અમી ચોપડી ઠંડા કર્યા. પણ ભીનાશ એ હોઠ પર ન આવી. પંચાવન વર્ષના એ પ્રૌઢ પુરુષના ખભા પરથી પીતવરણી શાલ ખસી ગઈ, તેનો જનોઈધારી દેહ થરથરતો લાગ્યો. એ દેહ પરની લાંબી રુંવાટી ઊભી થઈ ગઈ.

જૂના વખતની એક રાજસ્થાની હાઈસ્કૂલમાં લાંબા વખત સુધી હેડમાસ્તરગીરી કરીને ગુરુકુલ ચલાવવા આવેલ એ આચાર્યના અંગેઅંગમાં જૂના કાળનો દેવતા સળગી ચૂક્યો.

એણે પોતાની બાજુમાં રૂપાની ખોભળવાળી સીસમની લાકડી પડી હતી તે ઉઠાવી.



પુસ્તકાલય

લાકડીના છેડા વતી નિશાની કરીને એક છોકરાને કહ્યું : "આંહીં આવો."

કોણ ઊઠ્યું? બારીની આરપાર આકાશને જોઈ રહેલો શિવરાજ ઊઠ્યો.

બીજા સૌએ શ્વાસ વિરામીને, ઊઠનારની સામે આંખો ફેરવી. બસો જેટલી એ આંખો અનિમેષ બની. પ્રત્યેક આંખની કીકીમાં હેરતભર્યો પ્રશ્ન હતો.

શિવરાજ! હોય કદી? આપણા સર્વનો સન્માનિત, ગરવો, અણીચૂક, સદાચારી જુવાન શિવરાજ આ કૃત્યનો અપરાધી?

અચંબાની લાગણીઓ વચ્ચે ચટચટ માર્ગ કરતો શિવરાજ નામનો વિદ્યાર્થી મોખરે આવ્યો. એના મોં પર, બેશક, થોડું વિસ્મય હતું — પણ ગભરાટ નહોતો.

"તમે — તમે — તું મારો પ્રિય વિદ્યાર્થી ઊઠીને રાતના આ ધંધા કરવા નીકળ્યો! તું! તું! તું પોતે જ!"

શિવરાજના મોં પર ભેદ અને રમૂજનું ગૂંથણકામ થઈ રહ્યું હતું. "કર્યા ઉપર પાછો ઢાંકવાનો પ્રયાસ!"

શિવરાજ કશું બોલ્યો નહીં. એણે પોતાના ભરાવદાર દેહ ઉપર ઓઢેલું ધોતિયું જરા વિશેષ લપેટ્યું.

"બોલ, નાલાયક! તું જ હતો કે બીજો કોઈ!"

"આપ કહેતા હો તો હું જ!" બોલતાં બોલતાં શિવરાજનું મોં પણ અગ્નિકુંડની રતુંબડી આંચ પકડી ઊઠ્યું.

"હું કહું છું? ચોરી ઉપર શિરજોરી? સામો મને લેતો પડે છે? દુર્જન!"

પછી વાણીનાં કાણાં અંદરની વરાળને નીકળવા માટે નાનાં પડ્યાં. આચાર્યે સીસમની લાકડી ઉપાડી. જૂના વખતની ટેવ આચાર્યના ઝનૂનની મદદે આવી.

ઉપરાઉપરી લાકડીના સોટા પડ્યા. સીસમ બટકણું હોય છે, અને શિવરાજના શરીરમાં રોજની કસરતે લોખંડના ટુકડા જેવી માંસની પેશીઓ ગોઠવી હતી. લાકડીના બે કટકા થઈ ગયા. એક ટુકડો ઊડી ગયા પછી બાકીનો બૂઠો ટુકડો આ મારનારની આંખો સામે દાંત કાઢતો હોય તેવી અણીઓ બતાવતો રહ્યો.

શિવરાજની આંખોએ પહેલાં ધુમાડા ફૂંક્યા — ને પછી દડદડ આંસુ છોડ્યાં. એ કશું બોલ્યો નહીં; પણ એને રૂંવાડે રૂંવાડે રોષની જીભો ફૂટી રહી હતી.

"જાઓ! કાળું કરો! ગાદલાંની ઓરડીમાંથી આજે ક્યાંય બહાર ન નીકળશો; આઠ દિવસ સુધી શાળામાં ન આવશો. તમારા પિતાજીને હું લખી જણાવું છું. જાઓ."

કોઈની સામે નજર કર્યા વગર શિવરાજ હમેશની એકસરખી ચાલે ચાલ્યો ગયો. એની પછવાડે નજર કરવાની પણ અન્ય વિદ્યાર્થીઓને હામ ન રહી. બધાનાં મોઢાં હજુ ભોંયમાં જ સમાવા મથતાં હતાં.

"જાઓ બધા." એટલું કહીને આચાર્ય ઊઠ્યા. એણે એક ઊંડો શ્વાસ લીધો. એ પોતાના ખંડમાં ચાલ્યા ગયા.

બપોર પડ્યા. થોડે દૂર શાળાનું મકાન ગુંજતું હતું. અહીં ગુરુકુલના ગાદલાંવાળા ખંડમાં શિવરાજ એકલો હતો. માળો બાંધતાં બે ચકલાં બારીમાંથી જતાં હતાં, ને અક્કેક તણખલું ઉપાડી લાવતાં હતાં. તેને જોઈ રહેલ શિવરાજની આંખો વધુ ને વધુ ઝરતી હતી. પણ એ નહોતો ડૂસકાં ખાતો, કે નહોતો રુદનના સ્વરો કાઢતો. વરસીને રહી ગયેલા વરસાદ પછી નેવાનાં નળિયાં જે પ્રશાન્ત મૂંગી કરુણાતાથી સરખે અંતરે ટપકતાં હોય છે,

તે જ રીતે શિવરાજની પાંપણો સરખે અંતરે ઝરતી હતી.

એકનો ડંકો પડ્યો ત્યારે શિવરાજની એકલતા તૂટી. એક બીજો યુવાન અંદર આવ્યો. એ લપાતો અને બીતો હતો. એ પછવાડે જોતો જોતો મીની-પગલે આવ્યો. એણે ચોમેર કાન માંડ્યા. ચકલાંના પાંખ-ફરકાટથી પણ એ ફફડી ગયો.

શિવરાજે કહ્યું : "રામભાઇ, તમે જાઓ; નાહક દોષમાં આવશો."

"શિવરાજ, તમે આ શું કર્યું ?"

"શું કર્યું ?"

"ખોટેખોટો અપરાધ કેમ કબૂલ કરી લીધો ?"

"તમે શી રીતે જાણ્યું કે ખોટેખોટો કબૂલ કર્યો ?"

"કહું ?... કહું ?" રામભાઈએ ચોપાસ જોઈ લીધું; એની છાતી ધડક ધડક થઈ. એણે શિવરાજની પાસે જઈને એનો હાથ પકડ્યો. જાણે પોતે કોઈ ઊંડી ખીણમાં પડી જતો હતો. શિવરાજે એને પંપાળીને પૂછ્યું : "કહો, શું છે ?"

"ગઈ રાતના બનાવનો અપરાધી હું — હું પોતે જ છું, શિવરાજભાઈ !"

"હું એ જાણું છું." શિવરાજે જ્યારે આ જવાબ વાળ્યો ત્યારે એના શામળા મોં ઉપર એક સુંવાળા સ્મિતની ઝાલક ઊડી.

"તમે જાણો છો ? — જાણતા હતા ?"

"હા; ગઈ રાતથી જ. હું નજરોનજરનો સાક્ષી હતો. તમે એકલા જ એ દુષ્ટને પૂરા પડ્યા; નહીંતર હું તમારી મદદે કૂદવાનો હતો. ઝબુની ઉપર ચડાઈ કરનારા તો એ હરામીઓ જ હતા."

"છતાં તમે એ અપરાધ કેમ માથે લીધો ?"

"મેં માથે ક્યાં લીધો છે ? આચાર્યદેવને મેં ક્યાં એમ કહ્યું છે — કે હા, મેં જ એ કર્યું છે ?"

"પણ તમે જાણતા હતા છતાં મારું નામ કેમ ન આપ્યું ?"

"મારે એવા સત્યવાદી થવાની શી જરૂર હતી ?"

"પણ તમે કલંકિત બન્યા, તમે માર ખાઈ રહ્યા, એ બધું શા માટે ? મારા માટે નહીં ?"

"ના રે ના —" શિવરાજ પોતાના આચરણનું મહત્ત્વ ઓછું આંકવાના પ્રયત્ન વગર સ્વાભાવિક રીતે જ બોલતો હતો : "મને તો ખીજ ચડી ગઈ, એટલે જ હું મૂંગો રહ્યો. આચાર્યદેવ કોઈપણ જાતની તપાસ કર્યા વગર મને જ એકદમ લેતા પડ્યા, એ હું ન સહી શક્યો. એ જૂઠા તો પડ્યા ને !"

શિવરાજની આ બધી વાતો રામભાઈને મૂંઝવી રહી. શિવરાજની ઉદારતા ઉપર એ ઓગળી પડ્યો. શિવરાજના નામ પર બેઠેલ બટ્ટાનો જવાબદાર એ પોતે જ છે : આવતી કાલે શિવરાજના બાપુને ખબર પહોંચશે એટલે શિવરાજનું આવી બનવાનું : બે દિવસમાં તો શિવરાજની કારકિર્દી પર પાણી ફરી જશે : ને એ બધું મારા પાપે !

"નહીં, નહીં, ભાઈ શિવરાજ," એ ઉશ્કેરાઈને શિવરાજના ખભા ધુણાવવા લાગ્યો : "હું હમણાં જ આચાર્યદેવની પાસે જઈશ : હું મારો દોષ છે એ કબૂલ કરી આવીશ : હું બધી સજા માથે ચડાવી લઈશ."

"હવે ગાંડા ન થાઓ ગાંડા !" શિવરાજે રામભાઈના હાથ પકડ્યા.

"નહીં, મારાથી આ નથી સહેવાતું. તમારો મેં નાશ કરી નાખ્યો; છોડો." રામભાઈના હૃદયમાંથી એક ધ્રુસકું નીકળી પડ્યું. એ શિવરાજના હાથમાંથી જોશભેર છૂટો થઈને ખંડની બહાર દોડ્યો.

"રામભાઈ, એક વાત કરું." શિવરાજે એને રોક્યો. રામભાઈ શિવરાજ તરફ ફરીને દૂર ઊભો રહ્યો :

"શું છે ?"

"આચાર્યદેવને તમારે જઈને કહેવાની જરૂર નથી. તમે છતા નહીં થાઓ તોપણ છેવટે હું નિર્દોષ ઠરવાનો છું."

"શી રીતે ?"

"આચાર્યદેવને એની મેળે જ એની ભૂલ યાદ આવશે. એમણે ગઈ કાલ રાતની બાર બજ્યાની મારી ગેરહાજરી પરથી જ માની લીધું છે કે તખુભા દરબારના દીકરાની ખોપરી તોડનારો ને ઝબુની છેડતી કરનારો હું હતો. મારી ગેરહાજરીનું ખરું કારણ તો તે પોતે જ છે."

"એટલે ?"

"ચાર દિવસ પર તેમણે મને કહી રાખેલું કે કલકત્તાથી એક સંપેતરું ગઈ રાતની ગાડીમાં આવવાનું હતું, ને એ મારે લઈ આવવાનું હતું. બાપડા એ વાત ભૂલી જ ગયા છે ! યાદ આવશે ત્યારે પસ્તાશે — ને તમારું નામ દેવાની કશી જ જરૂર નહીં પડે. બની ગયું તે બની ગયું."

"ના, ના, એક સેકન્ડ પણ હવે તો હું તમારા શિર પર આ ભારે કલંક નહીં રહેવા દઉં."

એટલું કહીને રામભાઈ દોટ કાઢી બહાર નીકળી ગયો.

તે પછીના અરધા કલાક સુધી એ આચાર્યદેવના ઑફિસ-રૂમમાં રોકાયો હતો એ બધા વિદ્યાર્થીઓએ જોયું.

રામભાઈ પોતાના વર્ગમાં ચાલ્યો ગયો તે પછી આચાર્યદેવ ખુરશી ઉપર ન બેસી શક્યા. બેત્રણ વાર બેસી બેસીને ઊભા થયા. લખવા બેસતાં એણે હોલ્ડરની ટાંકને બદલે પૂંછડીનો છેડો શાહીમાં બોળ્યો, ને અણીને બદલે ટોપકાની બાજુથી ટાંકણી કાગળમાં ભરાવવા જેવી ભૂલો એ કરવા માંડ્યા.

'આ શું બની બેઠું મારા હાથે !' એણે એકલા એકલા આંટા મારતે મારતે પોતાના હોઠ કરડ્યા. 'મારી આટલી મોટી ભૂલ કેમ કરતાં બની ? મારા જીવનનાં ચાળીસ વર્ષોમાં મેં કદી એક પણ વખત આવી ગલતી, આવો અન્યાય, આવી ભ્રાંતિ દાખવ્યાં નથી. આ છોકરાએ પોતાના તેજોવધનો મને ગજબ બદલો આપ્યો. એણે ચૂપ રહીને મારી તમામ વિભૂતિ હણી નાખી છે. એ એક શબ્દ સામો બોલ્યો હોત તો મને આજે થાય છે તેટલો વસવસો ન થાત. મારા પ્રકોપને ઊભા રહેવાની તસુ જેટલી પણ ધરતી એણે નથી રહેવા આપી. મારો પરાજય સંપૂર્ણપણે થઈ ચૂક્યો. હું હવે એની હાજરીમાં જીવી જ કેમ શકું ? એની બે આંખો મને નિરંતર કલેજા સોંસરો પરોવ્યા કરશે. એની મહત્તા સામે મારી પામરતા મને દિવસરાત શરમાવતી રહેશે. ગજબ ગોટાળો થયો. ગજબ વિસ્મરણ, ગજબ મોટી ભૂલ !'

ફરી એક વાર એ ખુરશી પર બેઠા, એણે કાગળ ને હોલ્ડર લીધાં. એણે શિવરાજના

પિતા દેવનારાયણસિંહજી પર પત્ર લખ્યો. પત્રમાં બનેલા બનાવની આખી વારતા અક્ષરેઅક્ષર લખી ને પછી ઉમેર્યું :

*આપ આ ગુરુકુલના પ્રમુખ છો. હું આપની પાસેથી સજા માગું છું : કાં તો આપ મને છૂટો કરો, ને કાં ભાઈ શિવરાજને અહીંથી ઉઠાવી લો. જે બનાવ બની ગયો છે તે પછી હું અને ચિ. શિવરાજ એક જ સ્થાને, એક જ સાથે, આચાર્ય અને વિદ્યાર્થીના સંબંધથી જીવી ન શકીએ. બનેલા બનાવનું નિવારણ મને બીજી એકેય રીતે સૂઝતું નથી. હું પોતે તો આ સ્થાનેથી ભ્રષ્ટ થવા તૈયાર જ બેઠો છું. ફક્ત આપના નિર્ણયની રાહ જોઉં છું.*

બીજા દિવસે સવારે સુજાનગઢથી શિવરાજના પિતાજીનો તાર આવ્યો. એમાં ફક્ત આટલું જ લખ્યું હતું : "શિવરાજને મોકલી આપો. બાકીની સ્થિતિ તેની તે જ રહે છે."

## ૨. દેવનારાયણસિંહ

**સુ**જાનગઢને સ્ટેશને આગગાડી આવીને ઊભી રહી ત્યારે શિવરાજે પિતાને ઊભેલા જોયા. જોતાં જ, ઘઉંની વાડી પરથી વહી જતી પવનલહેરખીના જેવી એક ધ્રુજારી એના શરીર પર થઈને ચાલી ગઈ.

બાપુના માથા પર સફેદ સાફો હતો : મોંએ કાબરી મૂછોનો જથ્થો હતો. ગળાબંધ કોલરનો કાળો લાંબો ડગલો, બાપુના ધિંગા પગને ઢાંકતી, નહીં બહુ પોચી તેમ નહીં તસતસતી એવી સુરવાળ પર ઝૂલતો, બાપુના કદાવર દેહને દીપાવતો હતો. બાપુના હાથમાં એક લાકડી હતી.

રેલવેનું સ્ટેશન એવા એક જ આદમીની હાજરીથી પણ ઘણી વાર શોભીતું બને છે. દેવનારાયણસિંહ સ્ટેશન પર કોઈક જ વાર આવતા. પણ રોજ રોજ આવે તો કેવું સારું, એમ આખા સ્ટેશન-સ્ટાફને થતું. રેલવે પર એની કશી સત્તા નહોતી, છતાં એની હાજરીની સૌ અદબ કરતા. આવતી ગાડીના એન્જિનમાંથી ખ્રિસ્તી ડ્રાઇવરે પણ એને સલામ કરી હતી.

સત્તાનું સિંહાસન આત્માના પ્રતાપની અંદર છે.

શિવરાજે ગાડીમાંથી ઊતરી પોતાનું બિસ્તર ને એક ટ્રંક નીચે ખેંચ્યાં. પટાવાળાએ દોડીને એને મદદ આપી. પિતા તો જ્યાં ઊભા હતા ત્યાં જ ઊભા રહ્યા. એમણે પટાવાળો હોવા છતાં પુત્રને તેનો સામાન ઉતારતો અટકાવ્યો નહીં. શિવરાજ બીતો બીતો નજીક આવીને જરા નમ્યો. દેવનારાયણસિંહનો હાથ પુત્રના માથા પર મુકાઈને પાછો ઊઠી ગયો. ઘેરા રવે પિતાજીએ ફક્ત એટલું જ કહ્યું : "ચા... લો!"

સલામોનો મોહ પણ ન રહ્યો હોય, તેમ કંટાળો પણ ન આવ્યો હોય, તેવી અદાથી સૌની સલામ ઝીલતા એ ઘોડાગાડી પર ચડ્યા. શિવરાજને ઇશારત કરી પોતાની બાજુમાં આવી જવા કહ્યું. ગાડીને પોતે જ હાંકી. શિવરાજ પિતાના લગામધારી હાથનાં ધિંગા આંગળાં પર વાળના ગુચ્છ જોતો રહ્યો. ઘેર પહોંચતાં સુધી આખી વાટ પિતાએ એક શબ્દ પણ પૂછ્યો નહીં — તેમ તિરસ્કાર પણ બતાવ્યો નહીં. આખે રસ્તે એ બેઉ ઘોડાને શાંતિપૂર્વક હાંકી ગયા. વચ્ચે કૂતરું કે બકરું આવે ત્યારે જલદ ઘોડાઓને પોતે ગંભીર નાદે માત્ર એટલો જ વારણ-શબ્દ સંભળાવતા : "ધીરા, બેટા! ધીરા, બાપા!"

૬

ગામની બહાર એક નાની વાડી હતી. વાડીમાં બેઠા ઘાટનો એક બંગલો હતો. બંગલાના દરવાજાની કમાન પર અક્ષરો કોતરેલા હતા : "કારભારી-નિવાસ".

સુજાનગઢ ત્રીજા વર્ગનું રજવાડું હતું. દેવનારાયણસિંહ મરહૂમ દરબારના દશ વર્ષ સુધી કારભારી હતા, ને મરહૂમના મૃત્યુ પછી સરકાર તરફથી નિમાયેલા એડ્મિનિસ્ટ્રેટર હતા. મરહૂમ દરબારનો કુમાર હજુ ઘોડિયામાં હતો.

બંગલાને દરવાજે એક બુઢ્ઢો ચાઉસ બેઠો હતો, તે ધીમેથી ઊભો થયો. એણે શિવરાજની સામે આંખો પર છાજલી કરીને જોયું; એટલું જ કહ્યું : "આ ગયે, ભાઈ ? શુકર ખુદાકી !"

બંગલાની પરસાળ પર એક બીજો ડોસો ઊભો હતો. એણે શિવરાજને શરીરેથી રેલવેના એન્જિનની કોલસીની કણીઓ ઝટકારી નાખી. શિવરાજને એ એક બાજુના ઓરડામાં લઈ ગયો.

દેવનારાયણસિંહે લાંબો ડગલો ઉતારી ટૂંકો ગરમ કોટ પહેર્યો; સાફો ઉતારી નાખીને એક ઊંચી, ગુચ્છાદાર કાળી ટોપી ઓઢી લીધી; અને પોતાના છેલ્લાં ત્રીશ વર્ષના સાથી જેવા જીવતા મોટા મેજ પર પિત્તળના લૅમ્પની જ્યોત સતેજ કરી. એમની આંખો નીચે જે પુસ્તક હતું તેની અંદર જગતની જુદી જુદી અદાલતોમાં ચાલેલા સંખ્યાબંધ વિચિત્ર મુકદ્દમાની કથાઓ હતી. પગ ઉપર પગ ચડાવીને સહેજ ઢળતી પીઠે એમણે પુસ્તક વાંચવા માંડ્યું. પોણા ભાગનાં પાનાં વાંચેલી બાજુએ નીકળી ગયાં હતાં તે છતાં પુસ્તક જાણે હજી એ જ કલાકે પાર્સલમાંથી નવુંનકોર કાઢ્યું હશે તેવું લાગે. દેવનારાયણસિંહના હાથ એ પુસ્તકને, સુંવાળા સસલાને પકડનાર કોઈ સાધુની અદાથી ઝાલી રહ્યા હતા.

આખા બંગલામાં અન્ય કોઈ માનવી નહોતું; છતાં અંદરની શાંતિ એ કોણ જાણે કેમ પણ નિર્જનતાની ઉદાસ શાંતિ નહોતી. કોઈક ભર્યું કુટુંબ જાણે સૂતું હતું એવો ત્યાં ભાસ હતો. હમણાં જ જાણે કોઈક બહાર બેસવા ગયેલાં ઘરવાસીઓ કિલકિલાટ કરતાં આવી પહોંચશે !

છતાં ખરી વાત તો એ જ હતી કે ઘર નિર્જન હતું. એ નિર્જનતાની કથા પણ કાંઈ લાંબી નથી. કથા આમ હતી :

દેવનારાયણસિંહે પોતાના નોકરી-પત્રકમાં 'પુરબિયા રજપૂત' એવી જાત લખાવી હતી. જુવાન ઉંમરે એ કાઠિયાવાડમાં એક મદ્રાસી ડેપ્યુટી પોલિટિકલ એજન્ટની સાથે ઘરના નોકર તરીકે આવ્યો હતો. ડેપ્યુટીસાહેબ ઘરભંગ હતા — ને એકાકી હતા. દેવનારાયણ જ એમનો જીવન-વિશ્રામ હતો. દેવનારાયણના હાથની બનાવેલી સિવાય કોઈ પણ બીજી ચા ડેપ્યુટી પીતા નહોતા. દેવનારાયણે ડેપ્યુટીને હિંદી શીખવ્યું, ને ડેપ્યુટીએ આ જુવાન પુરબિયાને પોતાના અંગ્રેજી જ્ઞાનની ગુરુદક્ષિણા આપી.

"દેવનારાયણ," મદ્રાસી ડેપ્યુટી એકાન્તે ભણવા બેસતી વેળા કહેતા : "હું વિલાયતમાં વસી આવ્યો છતાં જૂના જમાનાનો માણસ જ રહી ગયો છું; એટલે હું જે કંઈ કરું તે મશ્કરી ન માનતો." એમ બોલીને એ દેવનારાયણને પગે શિર નમાવતા, ને બોલતા કે "आचार्य देवो भव!"

એક જ વર્ષને અંતે સાહેબે દેવનારાયણને કાઠિયાવાડની જુદી જુદી ઑફિસોમાં તાલીમ લેવા બહાર કાઢ્યો. પાંચેક વર્ષ રહ્યા તે દરમિયાન એને 'લોઅર-હાયર' ખાતાની પરીક્ષાઓ પોતે શ્રમ લઈને પસાર કરાવી, પોતાનો શિરસ્તેદાર બનાવ્યો. ને પછી એક દિવસ સાહેબે એના માટે એક નાના તાલુકા પર સરકારી કામદાર તરીકે નિમણૂક મેળવી

આપી.

"મારી નોકરીનું આખરી કામ આજે પૂરું થયું છે." એટલું કહીને ડેપ્યુટીસાહેબ તે રાતે સૂતા. સવારે ઊઠ્યા ત્યારે એના શરીરમાં સાઠ વર્ષની જૈફી ભરાઈ બેઠી હતી. પેન્શન પર ઊતરીને એણે મદ્રાસ તરફ ચાલ્યા જવાની તૈયારી કરી. છેલ્લો સંદેશો પોતે આપવા લાગ્યા :

"દેવનારાયણ, હવે આ સૌરાષ્ટ્ર જ તારી સ્વભૂમિ બની છે. એ ભૂમિને જ તું તારી સંપૂર્ણ સ્વભૂમિ બનાવી લેજે. આ ધરતીનો લોહી-સંબંધ તને એક જવાંમર્દ ઓલાદનું દાન આપશે. મારી મૃત પત્નીને મેં વચન ન આપ્યું હોત તો હું પણ આંહીં નવું લગ્ન કરત."

ડેપ્યુટીને ખબર નહોતી : જુવાન દેવનારાયણસિંહના પહોળા સીના ઉપર ક્યારનીય એક સોરઠિયાણી પોતાનો માળો બાંધી રહી હતી.

એ એક બ્રાહ્મણી હતી. ન્યાતે એને હડકાયા કૂતરાની માફક હાંકી કાઢી હતી. એણે એના વરને પૂરો જોયા પહેલાં જ ખોયો હતો. રંડાપો પાળવાની બીજી બધી વાતોને વશ થયા છતાં કેશ મૂંડાવવાની એણે ના પાડી હતી. એ કયા ગામથી આવી હતી તેની જાણ કોઈને નહોતી. ડેપ્યુટીસાહેબને ઘેર એ કોળણ બનીને કામ કરવા રહી હતી. બીજી બાજુ દેવનારાયણસિંહને આર્યસમાજના સંસ્કારોના છાંટા ઊડ્યા હતા.

કપૂર કોળણે જ્યારે નર્મદા બ્રાહ્મણી તરીકે પોતાની જાતને દેવનારાયણ પાસે એકાન્તે પ્રકટ કરી, ત્યારે દેવનારાયણે એનાં આંસુ લૂછ્યાં — ને લગ્નની તૈયારી બતાવી.

આજે વિદાય થતા ડેપ્યુટીસાહેબને ચરણે પડી દેવનારાયણસિંહે નર્મદા બ્રાહ્મણીનો હાથ ઝાલ્યો. કોઈ આ લગ્નનું નામ ન લઈ શકે તે માટે ડેપ્યુટીએ દેવનારાયણ-નર્મદાનાં લગ્ન જાહેર 'ટી-પાર્ટી'થી જડબેસલાખ કર્યાં.

લગ્નને આઠ વર્ષ વીત્યાં ત્યારે શિવરાજ જન્મ્યો. ધરતી અને મેઘના મિલનમાંથી જેવું ઝરણું ફૂટે તેવો જ શિવરાજ પ્રસવ્યો; અને તે પછી બારેક મહિને નર્મદાએ સ્વામીનું ખોળામાં સૂતેલું શિર પંપાળતે પંપાળતે પૂછ્યું : "મા છે ?"

"હતી તો ખરી; પણ છેલ્લો કાગળ દસ વર્ષો પર જ મળેલો."

"તપાસ ન કરાવો ?"

"કેમ ?"

"મને બહુ હોંશ થાય છે."

"શાની ?"

"સાસુજીને ચરણે પડી આ શિવરાજના માથે આશિષો માગવાની."

દેવનારાયણસિંહે દેશના ગામડા પર કાગળ લખ્યો. ખબર આપ્યા કે, હું લગ્ન કરીને આવું છું, મારી માતાને ખબર દેજો.

ઉત્તર હિંદના એક નાનકડા ગામડામાં જ્યારે બેલગાડીનો એકો ભાડે કરીને પચીસ ગાઉના પંથને અંતે દેવનારાયણસિંહ દાખલ થયા ત્યારે સંધ્યાકાળ હતો.

"કાઠિયાવાડની ભંગડીને દેવનારાયણ પરણી લાવ્યો છે." એવું જ્ઞાન ગામમાં ફેલાઈ ગયું.

"ખબરદાર, ડોકરી !" પુરબિયા ન્યાતના પટેલોએ એની વૃદ્ધ માતાને ધમકાવી : "દેવનારાયણની છાંય પણ ન લેતી, નીકર તારું મોત બગાડશું." કોઈની જિંદગીને ન સુધારી શકનારાઓ બીજાનાં મોતને બગાડી શકે છે, એ સાંત્વન આ ઈશ્વરની ધરતી પર ઓછું ન કહેવાય.

માને ઘેરથી જાકારો પામેલા દેવનારાયણે પત્ની અને બાળ સહિત એકો ગામબહાર લીધો. શિવરાજ 'પાણી! પાણી!' કરતો રહ્યો, પણ એકેય ઘર દેવનારાયણને આશરો દેનારું ન મળ્યું.

આખરે રાતવાસો એને ગામના એક કોળીને ઘેર મળ્યો. ને પ્રભાતે કોળીના ઘરને ઘસાઈ ઘસાઈ ગામલોક નીકળ્યાં. તેમણે શિવરાજને ગુચ્છાદાર ભૂરાં લટૂરિયાં ફરકાવતો રમતો દીઠો, ને રૂપરૂપના ભડકા પ્રજ્વલાવતું એક નારીમુખ નીરખ્યું.

તે જ દિવસે ગામના ગૌધણમાં શીતળાના દાણાએ ડોકિયાં કાઢ્યાં : તે રાતે એક લીલો તારો આકાશનું અંતર વિદારીને ખરતો ખરતો વિલય પામ્યો : તે દિવસે પુરબિયા પટેલની ભેંસે દોવા ન દીધું : ને તે દિવસે એક વાછડીને વાઘ ઉઠાવી ગયો.

વળતા દિવસની સાંજ પડતી હતી ત્યારે પુરબિયાઓ ડાંગો લઈ લઈને ઓચિંતા તૂટી પડ્યા. દેવનારાયણે કોળીના જે એકઢાળિયામાં વસવાટ કર્યો હતો તે તરફ તેમણે ધસારો કર્યો.

દેવનારાયણને ગમ પડે તે પહેલાં તો ગામલોકો ઘેરી વળ્યાં. દેવનારાયણ એકલો ડાંગ ઘુમાવતો રહ્યો. એને કાને હાકલા પડ્યા કે, "જલા દો વો ડાકિનીકો."

જોતજોતાંમાં એકઢાળિયાને આગ લાગી, ને તેમાંથી નાસવા જતી નર્મદાને પુરબિયાઓએ પીટી નાખી. એનાં નેત્રો ફાટ્યાં રહ્યાં ત્યારે પુરબિયા ભાગ્યા.

દેવનારાયણે પ્રથમ તો એ સળગવા લાગેલ ઝૂંપડાને ડાંગ મારી ઓલવ્યું, તે પછી પટકાઈ પડેલી પત્નીને ખોળામાં લીધી.

એના છેલ્લા શ્વાસ ખેંચાતા હતા.

"નર્મદા! પ્યારી નર્મદા! ધર્મચારિણી!" એનો સાદ ચિરાયો.

નર્મદાની પાંપણોના પટપટાટે એને એના પૌરુષની યાદ દીધી. નર્મદાના ઓલવાતા નેત્ર-દીપકોમાં મીઠો ઠપકો હતો.

"હું આખા ગામને જલાવી દઈશ, નર્મદા!" દેવનારાયણ પુકારી ઊઠ્યો.

"છી-છી-છી—" નર્મદાએ મૃત્યુની એ એક પલમાં પોતાનું તમામ કૌવત સંઘરીને એવા મહાપાપની રામદુવાઈ દીધી : "તમે — શિવને — લઈ — કાઠિયા –" એટલું કહી એણે દેહ છોડ્યો.

મરેલા દેહને સ્મશાને ઉઠાવી જવા એક મુસલમાને ગાડું આપ્યું, ને છાણાં એણે સામેના ગામડામાંથી મેળવ્યાં.

નર્મદાની ચિતા-ભસ્મનો ચાંદલો કરીને દેવનારાયણસિંહ શિવરાજ સાથે રાતોરાત ચાલી નીકળ્યો.

કાઠિયાવાડમાં પાછા આવીને એણે ચૂપચાપ પોતાની નોકરી સંભાળી લીધી. પત્નીના અવસાનની સાદી જ વાત કરીને સૌને એણે પટાવી નાખ્યાં.

તે પછીથી સદાને માટે એણે એકલ દશા સ્વીકારી. એક તો એ ઓછાબોલો હતો જ, તેમાં આ મૃત્યુએ એના મોં પર મૌનની ટાઢીબોળ આંગળીઓ મૂકી.

એ મૌને, એ એકલતાએ અને એ સાધુવૃત્તિએ એનામાં નવી શક્તિઓ સીંચી, એનામાં વધુ પ્રભાવ મૂક્યો. પોલિટિકલ એજન્ટોએ એને પ્રિય અધિકારી બનાવ્યો. કડકમાં કડક ગણાતા ગોરા સાહેબો દેવનારાયણસિંહની દેવમૂર્તિ સામે પ્રસન્નભાવે ઢળતા રહ્યા. એનો એક પણ તુમાર પાછો ન ફરતો; એની એક પણ માગણી નકાર ન પામતી.

સુજાનગઢના રાજાનો નવો કુમાર બનાવટી હોવાનું પાકું બનેલું દફતર પણ દેવનારાયણના ખાતરીના બોલ પરથી રદ થયું હતું.

ઇન્સાફની છેલ્લી અપીલ દરબાર પાસે આવતી, અને દરબારનો ન્યાય દેવનારાયણસિંહની જીભને ટેરવે હતો. 'ન્યાય તો છેવટે કારભારીસાહેબ તોળશે' એવી પાકી ખાતરીએ એંશી ગામની વસ્તીને ભયમુક્ત કરી હતી.

ને દેવનારાયણસિંહે વિકટમાં વિકટ મુકદ્દમાઓનો ઇન્સાફ રાત્રિએ, જગત સૂઈ ગયા પછી, પોતાના એ જૂના મેજ પર લખ્યો હતો. એમના પ્રત્યેક ચુકાદાને મથાળે અક્કેક નાનો શબ્દ લખાઈને પછી છેકાયો જ હોય, એ શિરસ્તેદારનો કાયમી અનુભવ હતો. એ જાડા છેકાની નીચે શું હતું? કયો શબ્દ હતો? કોઈ કળી નહોતું શક્યું. પણ દેવનારાયણસિંહે પોતે તો એકાદ-બે વાર એ છેકેલા નામના મંગળાચરણ વગર ભૂલથી પચીસ પાનાં ઘસડીને લખેલા ચુકાદા પણ ફાડી નાખીને નવેસર લખ્યા હતા. ને એવા નવેસર લખાયેલા ફેંસલાઓનું વલણ જ પલટી જતું, એવી એક વહેમીલી માન્યતા આ વૃદ્ધને વળગી ગઈ હતી.

એક વર્ષની વયથી લઈ શિવરાજને સત્તર વર્ષની જોબન વયે પહોંચાડવામાં દેવનારાયણસિંહને સાચી સહાય બે જણાની હતી — એક ઘરની વ્યવસ્થા કરનાર ખવાસ માલુજીની, ને બીજી ડેલીએ બેઠે બેઠે બુઢ્ઢા બનેલા ચાઉસની. ચોથું કોઈ સાથી આ બંગલામાં હતું નહીં.

એવા એકાન્તને ખોળે માલુજીએ બાપ-દીકરાને હાથ વીંછળાવ્યા ને થાળીઓ પીરસી.

"મુરબ્બો ખાશો?" પિતાએ પુત્રને માત્ર આટલું જ એક વાર પૂછ્યું. પુત્રને જવાબ આપવાની જરૂર નહોતી.

માલુજીએ તરત પૂછ્યું : "પેટ સાફ છે કે? નીકર અત્યારે નથી આપવો મુરબ્બો."

"હ-હ-હ-હ!" દેવનારાયણસિંહે મુક્ત કંઠે પ્રેમલ હાસ્ય કર્યું. માલુજીએ મુરબ્બાનું કચોળું શિવરાજ પાસે મૂક્યું.

"આપને આપું?" માલુજીએ પિતાને પૂછ્યું.

"તો નહીં! અમસ્તો શું મેં યાદ કર્યો હશે મુરબ્બો!"

"સીધું તો કોઈ દી નહીં માગો ને!"

"કોકને નામે મળતું હોય ત્યાં સુધી શા માટે સીધો તમારો પાડ લેવો! — હ-હ-હ-હ!" એમણે ફરી દાંત કાઢ્યા.

"કપાળ મારું! મારે હાથે તો જશ જ નૈ ને!" કહી માલુજી દૂધના કટોરા ભરવા ગયો.

## ૩. વકીલાતને પંથે

**વા**ળુ કરીને પછી શિવરાજ પિતાની પાસે બેસતાં ડરતો હતો. હમણાં કંઈક પૂછશે, શું બન્યું હતું તેની વાત કાઢશે — એવો શિવરાજને ફડકો હતો. પણ માલુજીએ જ શિવરાજને સૂવા જતો અટકાવ્યો. "ચાલો, બાપુ પાસે બેસો; બેઠા વિના ન ચાલે." એવું કહીને માલુજી એને હાથ ઝાલીને લઈ ગયો.

સત્તર વર્ષનો કસરતી શિવરાજ માલુજીના વૃદ્ધ જર્જરિત પંજામાં પકડેલું પોતાનું લોખંડી કાંડું જરીકે હલાવ્યા વિના ચાલ્યો આવ્યો. માલુજીને શિવરાજ પોતાની 'મા' ગણતો

હતો, અથવા 'મા ગણતો હતો' તે શબ્દો સાચા નથી. શિવરાજને સંસારમાં 'મા' જેવું કંઈ જ નહોતું. બીજા છોકરાને જ્યારે જ્યારે શિવરાજ પોતપોતાની માતાઓ સાથે ટંટા અને જીદ કરતો જોતો, અથવા 'મા' કહી બોલાવતા સાંભળતો, ત્યારે એને નવાઈ થતી. પોતાને એટલું જ થતું કે બીજાઓ 'મા' 'મા' કરે છે ત્યારે જે ભાવ અનુભવતા હશે તે ભાવ પોતે 'માલુજી' કહે ત્યારે અનુભવે છે તેવો જ હશે.

બાપુની પાસે પુત્ર અરધો કલાક બેઠો, પણ બાપુ શબ્દ સરખોય બોલ્યા નહીં. ફક્ત બાપુ શિવરાજની સામે ગંભીર હસતા મુખે જોતા રહ્યા, ને છેલ્લે કહ્યું : "હવે સૂઈ જવું છે?"

શિવરાજે માલુજીની સામે જોયું, માલુજીએ ઊઠવા કહ્યું. પથારીમાં પડ્યા પછી બે જ મિનિટમાં એનાં નસકોરાંની બંસી બોલી. માલુજી પરસાળમાં બેસી માળા ફેરવવા લાગ્યો. દેવનારાયણસિંહના ખંડમાંથી તે રાત્રિએ, ઘણા દિવસ પછી, સિતારના ધીરા ધીરા ઝંકાર સંભળાયા. એમાં મીંડ ઘૂંટાવા લાગી. સોરઠી દુહાના માઢ સૂરો દેવનારાયણસિંહની આંગળી નીચે, તાજાં જન્મેલાં કુરકુરિયાંની માફક સળવળતા હતા.

સિતાર બંધ કરીને દેવનારાયણસિંહ ઊઠ્યા. પુત્રના ઓરડામાં હળવે પગલે આવ્યા. પુત્રના કપાળ પર હાથ મૂક્યો. નિહાળીને કંઈક જોયું. પછી શાંત પગલે પાછા જઈ પોતાના બુજરગ ટેબલ પર બેઠા, અને ચાવી વતી એક ખાનું ઉઘાડીને ચામડાના પૂંઠાવાળી એક નોટબુક કાઢી. એના ઉપર લખ્યું હતું : 'નર્મદાની રોજનીશી'. એનાં ઘણાં પાનાં લખેલાં હતાં. કોરે પાને પોતે ચીપી ચીપીને લખ્યું :

"તારા બાળકનું મોં આજે પહેલી જ વાર નીરખીને જોયું. તારા જમણા લમણા પર જે તલ હતો, અસલ તેવો જ તલ તારા બાળકને પણ જમણે લમણે ઊગ્યો છે."

એટલું લખીને એણે રોજનીશી પર ચામડાનું પૂંઠું લપેટી લીધું, ફરતી દોરી વીંટાળીને મેજના ખાનામાં મૂકી ચાવી લગાવી. એ બધી ક્રિયામાં એક ડાહ્યા વેપારીની સમતા હતી.

વળતા દિવસે બાપ-દીકરા વચ્ચે આ પ્રમાણે વાતચીત થઈ. પિતાએ કંઈ જ ન પૂછ્યું, પુત્રે જ શરૂઆત કરી : "હવે મારે શું કરવું?"

"અભ્યાસ કરવો છે?"

"હા."

"શાનો?"

"મેટ્રિક તો થઈ જાઉં; પછી વકીલનું ભણું."

વળતા દિવસથી શિવરાજ સ્થાનિક હાઈસ્કૂલમાં જોડાયો. બાપુએ પોતાના અંતરની ઉમેદના ભાંગી પડેલા ટુકડાને ક્યાંય દેખાવા દીધા નહીં. એની કલ્પનામાં વેદધર્મનો ઝંડો ફરકાવનાર એક આર્યસમાજી બ્રહ્મચારી રમતો હતો; વકીલાત, દાક્તરી કે રજવાડી સરકારી નોકરી કરનાર પરાધીન પુત્રનો મનોરથ નહોતો મેળ ખાતો. એને તો પુત્રનું તેજના અંબાર પ્રકટાવતું ભાવનામય લલાટ, વેદધર્મના ભાસ્કર જેવું, જીવનગગનમાં ઘૂમતું નિહાળવું હતું.

કારણ એ હતું કે દેવનારાયણસિંહનાં એક ભટકતી વિધવા બ્રાહ્મણી સાથે લગ્ન કરી આપનાર માઈના પૂત વીશ વર્ષો પર આર્યસમાજીઓ જ હતા. રઝળતી નર્મદાને ભોળવી-ભગાડીને વટલાવી નાખવાનો પ્રપંચ કરનાર ટોળીનો સામનો રાજકોટ સિવિલ સ્ટેશનની હદમાં તે દિવસે આર્યસમાજીઓએ જ કર્યો હતો. મદ્રાસી ડેપ્યુટીને ઘેર નર્મદાને નોકરીએ રખાવી દેનાર પણ એ વખતના વિરલ 'સમાજિસ્ટો' જ હતા. છેલ્લે નર્મદા સાથેનો

હસ્તમેળાપ પણ આ પરદેશી પુરબિયા રાજપૂતને કરાવી આપવા બીજું કોઈ તૈયાર નહોતું. થિયોસોફિસ્ટ ધર્મપ્રચારક શ્રી દીક્ષિતે આવા ટંટાફિસાદી લગ્નમાં હાથ નાખવાની સિફતથી ના પાડી હતી: કેમ કે એ લગ્નની એક બાજુ બ્રાહ્મણોની લાકડીઓ હતી ને બીજી બાજુ ગુંડાઓની છૂપી છૂરીઓ હતી. એની વચ્ચે બાંયો ચડાવીને ઊભનાર પુરોહિત એક ન્યાતબહાર મુકાયેલ આર્યસમાજી બ્રાહ્મણ જ હતો. પોતાના સુખી સમયમાં આર્યસમાજના ગુરુકુળને માટે દૂરના દરબારી ગામમાં એક નદીને કિનારે દેવનારાયણસિંહે જમીન કાઢી આપી તેનું કારણ આ હતું. જે માતાનો ઉદ્ધાર ને ઉગાર આર્યસમાજે કર્યો હતો, તેના પુત્રનું એ ઉદ્ધાર-ધર્મમાં સમર્પણ કરવું દેવનારાયણસિંહને ઉચિત ભાસ્યું હતું. દીકરો બીજી અનેક માતાઓનો ઉદ્ધારક બને તે જોવાનો પિતાનો છૂપો મૂગો અભિલાષ હતો.

તેને બદલે તો શિવરાજ વકીલાતના પંથે પળવા ચાલ્યો. ભલે ચાલ્યો. દેવનારાયણસિંહે સ્પૃહા ખોઈ હતી.

ત્રણ જ ગાઉ પર 'કાંપ' હતું. 'કાંપ' એટલે કેમ્પ : પોલિટિકલ એજન્ટની છાવણી. અઠવાડિયે એકાદ વાર પિતાજી ગાડી હાંકીને કાંપમાં આંટો મારી આવતા. હમણાં હમણાં ત્યાં નવા ડેપ્યુટી આવ્યા પછી દેવનારાયણસિંહનું કાંપમાં જવું વધ્યું હતું. અમસ્તા પણ દેવનારાયણસિંહ રોજ સવારે ગામડાં જોવા નીકળી પડતા, ને સાંજે પણ કચેરીમાંથી મોડા આવતા. શિવરાજ નિશાળના સમય બહાર ઘણુંખરું ઘરમાં એકલો જ રહેતો, અથવા કોઈ કોઈ વાર કાંપમાંથી પોતાનો ગુરુકુલવાળો દોસ્ત રામભાઈ છાનોમાનો મળવા આવતો.

રામભાઈને પણ ગુરુકુલમાંથી રજા મળી હતી. એના પિતાએ એને જુદી જ તરેહનો સત્કાર આપ્યો હતો :

"એ અમલદારના છોકરાની ભાઈબંધી! એ ટારડાના છોકરાની દોસ્તી! એ ટેંટાંની વાદે તું ખાનદાન કુટુંબનો નબીરો ઊઠીને ભેખડાઈ ગયો! એ પોતાની વસ્તીને માથે સિતમ ગુજારનાર અમલદારના પુત્રની સાથે આપણને પ્રજાવાદીઓને શો મેળ મળી શકે? મારું તેં નામ બદનામ કર્યું! તારો બાપ જાહેર જીવનમાં પૂજનીય ગણાય, ગરીબડી પ્રજાનો 'સેવક મહારાજ' મનાય; તેના અંગત જીવન પર તેં બટ્ટો બેસાર્યો, તેં ઓલ્યા દેશી રાજના અમલદારના માંડી વાળેલ દીકરાની સંગતે—"

એમ કહેતાં કહેતાં શબ્દ-કોલસે તપતા જતા બોઇલર જેવા એ વકીલ દેવકૃષ્ણે પોતાના દીકરાના ગાલ પર બે તમાચા ખેંચી કાઢ્યા.

દેવકૃષ્ણ વકીલ 'સેવક મહારાજ' કહેવાતા, એ એમની વાત સાચી હતી. નદીની રેતમાં એક પણ જાહેર સભાએ એમની ગેરહાજરી વેઠી નહોતી. શહેરની 'ભૂખી અને શોષિત જનતા'ના પ્રતિનિધિ તરીકે જ એ પોતાની જાતને ઓળખાવીને પછી કોઈપણ પ્રમુખની દરખાસ્તને ટેકો આપવા ઊભા થઈ જતા, ને ભાગ્યજોગે જો પોતે મોડા પડ્યા હોય તો સભા ચાલે તે દરમિયાન સભાના સંચાલક પર દશ જેટલી ચિઠ્ઠીઓ મોકલી મોકલી છેવટે પ્રમુખના આભારની દરખાસ્તને ટેકો આપવાનો હક તો મેળવ્યે જ રહેતા. ને 'દેશની ભૂખી તેમ જ શોષિત જનતાના પ્રતિનિધિ' તરીકે જ પોતે બોલી રહેલ છે, એવો દાવો ટેબલ પર હાથ પછાડીને આગળ ધરતા.

એમનું પાટિયું વકીલ તરીકેનું હતું, પણ એમનું કામ નનામી અરજીઓ લખવાનું હતું. એ જમણા ને ડાબા — બેઉ હાથે લખી જાણતા, તેથી અક્ષરો ન ઓળખાય તેવા કરી શકતા. વળી એ જમણી ને ડાબી બેઉ આંખો ફાંગી કરી જાણતા. અસલ એ એક

ગામડામાં શિક્ષક હતા, ને ત્યાં ફીના પૈસાની ખાયકી બાબતમાં સંડોવાયા હતા. રાતોરાત ત્યાંથી નાસીને એકાદ વર્ષ અલોપ પણ થયા હતા. પછી કાંપમાં આવીને વકીલાતનું પાટિયું લગાવ્યું હતું. 'પીડિતોનું પૈસાફંડ' નામે એક ખાતું પોતે ચલાવતા, ને એ ખાતાના પ્રમુખ તરીકે કેમ્પના એક 'રિટાયર' થયેલા થાણદારને પોતે સાધી શક્યા હતા. એનામાં આવડત એ હતી કે 'પીડિત-પૈસાફંડ'નો અહેવાલ, હિસાબ વગેરે રીતસર 'ઑડિટ' કરાવીને એ પ્રતિ-વર્ષ છાપાંને નિયમિત પહોંચાડી શકતા. છાપાંએ એ અહેવાલની નોંધો લીધી હતી તે પોતે સગર્વ તમામને દેખાડતા, ને કહેતા કે, "જુઓ કોંગ્રેસના હિસાબના ભવાડા, ને જુઓ આ 'પીડિત-પૈસાફંડ'ની પ્રામાણિકતા !"

પુત્રને માર મારતા મારતા પણ પાછા દેવકૃષ્ણ બોલવા લાગ્યા કે, "એ હરામજાદો અમલદારનો છોકરો —"

ત્યારે રામભાઈથી ન રહી શકાયું. એણે પિતાના હાથને મૂઠીમાં સજ્જડ ઝાલી લઈ કહ્યું : "શું બક બક કરો છો ? શિવરાજનો વાંક નહોતો; અપરાધી તો હું જ હતો—"

એમ કહીને બાપનું કાંડું મરડતો મરડતો એ રહી ગયો. બાપ તરત સમજી ગયો કે પુત્રને સોળ વર્ષની પ્રાપ્તિ થઈ ચૂકી છે, અર્થાત્ જૂની સંસ્કૃત કહેવત પ્રમાણે પુત્રને મિત્રદરજ્જે ગણવાનું ટાણું આવી પહોંચ્યું છે !

ટાઢા પડીને બાપે કહ્યું : "તારો અપરાધ થયો છે એમ તારે કબૂલ કરવાની કશી જરૂર હતી ? એટલો સિદ્ધ ને સત્યવક્તા થવાનું તને કહે છે કોણ ? અક્કલનાં તો ઢોકળાં જ બાફી નાખ્યાં, ઢોકળાં !"

એમ કહીને દેવકૃષ્ણ એક સભામાં હાજરી આપવા ચાલ્યા ગયા.

એનો પુત્ર રામભાઈ કાંપની હાઈસ્કૂલમાં ભણવા બેઠો.

## ૪. ધૃષ્ટ છોકરી !

**એ**ક સાંજરે ફૂટબોલ રમીને શિવરાજ ઘર તરફ વળતો હતો. રાજના વરિષ્ઠ અધિકારીના પુત્ર કરતાં ચપળ ખેલાડી તરીકે એ વિદ્યાર્થીઓનો વધુ લાડીલો બન્યો હતો. રમીને પાછા વળતાં બીજા તમામ સાથીઓ એક પછી એક એને છોડી ગયા. બોર-તળાવડીનો કાદવ ખૂંદીને અને સંધ્યાની ગોધૂલિમાં નાહીને એનો દેખાવ સાયંકાળે ભમવા નીકળેલા ભૂત સરીખો બન્યો હતો. ઘરની વાડીને પાછલે છીંડેથી એ પ્રવેશ કરતો હતો. જાળાં ને ઝાંખરાં એને મોંએ-માથે વીંટાતાં હતાં. ગુરુકુલના બોડકા માથા પર હવે તો લાંબા વાળ ઊગ્યા હતા. એ વાળ કોઈ પ્રમાદી જમીનદારના બોરડીભર્યા ખેતરની યાદ આપતા હતા.

તે વખતે એ હેબતાયો. એણે પિતાના મકાનની પાછલી પરસાળ પર એક છોકરીને ઊભેલી જોઈ. એ છોકરી હતી છતાં એણે લેબાસ છોકરાનો ધારણ કર્યો હતો. એણે સફેદ લાંબો પાયજામો અને તે પર કોકટી રંગનું અડધી બાંયનું ખમીસ ચડાવ્યું હતું. ખમીસ પર આછો આસમાની કબજો હતો. માથાના મોટા કેશનો ત્રેસર લાંબો ચોટલો આમતેમ ફરકાવતી એ ત્યાં દોરી પર કૂદતી હતી — જાણે કે કુદરતે એના દેહ-સંચાને કોઈ અણદીઠ ચાવી ચડાવી હતી.

ઘડીભર શિવરાજ ખંચકાયો — ને શરમિંદો બન્યો. પોતાના ભૂંડા વેશનું એને ભાન થયું. કોણ જાણે કેમ પણ પોતાના જે દેખાવને દશ લાખ પુરુષોની આંખો સામે લઈ જવામાં શિવરાજને કશો આંચકો નહોતો, તે દેખાવ એક નાની છોકરીની નજરનો શિકાર બની જતાં જુવાન ખારો ખારો થઈ ગયો.

કોણે મોકલી છે આંહીં આ છોકરીને? કોણ છે એ? શી બડાઈ કરતી એ આંહીં પારકા ઘરની પાછલી પરસાળે આવીને ઊભી છે? હું ઘરનો માલિક-પુત્ર આવા ઢંગે ચાલ્યો આવું છું ત્યારે પણ એ કેમ ખસીને ચાલી જતી નથી?

પણ પછી તો ગુસ્સો ચડાવવાનો કંઈ અર્થ નહોતો. પાછા વળવાનીયે વેળા નહોતી. સાડીનો પાલવ કે ઘૂંઘટ સ્ત્રીઓને આવો વેશ-કુવેશ ઢાંકવામાં જે વખતસરની મદદ આપે છે તે મદદથી હિંદનો પુરુષ-વેશ વંચિત છે. એવી મદદને મેળવવા માટે માણસે અરબસ્તાનમાં જન્મવું જોઈએ.

“એ... એ... અહીંથી નહીં, પેલી બાજુએથી અંદર આવવાનું છે, અલ્યા !” પરસાળ પર ઊભીને ‘સ્કિપિંગ’ કરતી તેર વર્ષની છોકરી બોલી ઊઠી.

સાંભળતાં જ શિવરાજની ખોપરીમાં સબાકો નીકળી ગયો. તુચ્છકારની મૂંગી દૃષ્ટિ કરીને વિશેષ બિહામણો બનતો એ સડેડાટ પગથિયાં ચડી જઈ એક બાજુથી પોતાના ઓરડામાં ચાલ્યો ગયો. છોકરી આ કોઈ અડબૂથ કોળી કે ભંગી દેખાતા જુવાનની હિંમતથી હેબતાઈ જઈને અંદર ચાલી ગઈ.

અંદર બે બુઢ્ઢા બેઠા હતા — એક દેવનારાયણસિંહ, ને બીજા એ છોકરીના પિતા બર્વેસાહેબ.

સોરઠની ધરતીનો જ એ ગુણ છે કે કોઈપણ અન્ય ધરતીના જીવને એ પોતાનો કરી લે છે. જેવું દેવનારાયણસિંહ પુરબિયાનું બનેલું, તેવું જ દક્ષિણી બર્વેસાહેબનું બન્યું હતું. આ ભૂમિમાં એ બેઉ માનવીઓ ક્યાંક બહારથી આવ્યા હશે એવી બીજાઓને તો શું પણ એમને બેઉને પોતાને પણ બહુ સાન રહી નહોતી. બર્વેસાહેબનાં પત્ની જ્યાં સુધી જીવ્યાં ત્યાં સુધી વરસોવરસ ગણપતિ-ઉત્સવ અને હલદી-કંકુના તહેવાર એકલાં એકલાં પણ ઊજવતાં, ને એ દ્વારા પોતાની જન્મદાત્રી મહારાષ્ટ્રના ડુંગર-ભમતા કછોટાધારી માનવીઓ જોડે આત્મગ્રંથિ ટકાવી રાખતાં. પણ એ ધર્મનિષ્ઠ પત્નીના અવસાન પછી નાસ્તિકતાવાદી બર્વેસાહેબે ગણપતિ-ઉત્સવની સુંદર નિર્મળ દીવીઓને તેમ જ ધૂપદાનીઓને પોતાની બીડીઓની રાખ ખંખેરવાની રકાબીઓ બનાવી દીધી હતી. એકની એક પુત્રી સરસ્વતીને એણે કોઈ આર્યસમાજી છાત્રાલયમાં ભણવા મૂકી હતી. ને પત્નીનો વિરહ સાલતો ત્યારે પોતે એકાદ કટોરી દારૂ છાનામાના પી લેતા. તે સિવાય એમના આખા જીવનને ડેપ્યુટી પોલિટિકલ એજન્ટની કામગીરીએ ઠાંસી ઠાંસીને ભરી દીધું હતું. કાઠિયાવાડમાં મૂછો બોડાવનાર એ સૌ પહેલા હતા. વસ્તીના લોક એમને એમની ગેરહાજરીમાં ‘બોડા બર્વેસાહેબ’ તરીકે ઓળખતા. કાંપમાં પોતે હમણાં બદલી થઈ આવ્યા હતા. આજની સાંજ એમણે પુત્રી સરસ્વતી સહિત સુજાનગઢમાં ગાળવાનું દિલ કર્યું હતું. વગર કહાવ્યે ઓચિંતા આવી ચડનાર ડેપ્યુટી અમુક રીતે પોતાના ઉપરી છતાં દેવનારાયણસિંહે એની સરભરાની કશી જ દોડધામ કરાવી નહીં. માલુજીએ બનાવેલી પૂરી અને ચાનો નાસ્તો કરતા બેઉ બેઠા હતા. વાર્તાલાપના છેલ્લા જે બોલ સરસ્વતીએ સાંભળ્યા તે આટલા જ હતા : “નહીં, નહીં, નહીં.” બર્વેસાહેબે કહ્યું : “ઈશ્વર જેવું કોઈ પ્રાણી છે જ નહીં.”

"પણ હોય તો આપણને શો વાંધો છે? હે-હે-હે—" દેવનારાયણસિંહ છાપરું ફાટે તેટલા જોરથી હસતા હતા.

"અંદર કોઈક માણસ આવીને પેસી ગયો છે." સરસ્વતીએ આવીને ફાળભેર કહ્યું.

"આંહીં ઘરમાંથી એને લઈ જવા જેવું કાંઈ નથી. હું પણ હવે ફૂટી બદામની કિંમતનો રહ્યો નથી!"

પણ માલુજીનો જીવ કેમ રહી શકે? એણે હોકારા કરી કરી ઘરમાં દોડધામ મચાવી.

"કોણ, ભાઈ, તમે હતા?" માલુજીએ શિવરાજને એના ઓરડામાં ભૂંડે હાલે ગાદલા પર પડેલો જોઈને પૂછ્યું.

"કેમ, શું છે?"

"અરે, અમને તો ભડકાવ્યા."

"શું ભડકાવ્યા?"

"— કે કોઈ ચોર પેસી ગયો છે."

"કોણે કહ્યું?"

"ડિપોટીસા'બનાં દીકરી — સરસ્વતીબાએ."

"એને શી પંચાત?" શિવરાજ ગરમ બની ગયો.

"હવે ઊઠો, હાથ-મોં ધોઈને કપડાં તો બદલો!"

"ના, એને જવા દો."

"અરે! તમારી તો વાટ જોઈને સા'બ બેઠા છે."

"કહો કે મને ઠીક નથી."

"ખોટું! બાપુના દીકરા ખોટું બોલે?"

"નહીં, પણ મને એ છોકરી દીઠી જ ગમતી નથી."

"પણ ત્યાં ક્યાં તમને ઝટ ગોળ ખાવા તેડાવે છે?"

લજ્જાથી શિવરાજ ફરી ગયો. માલુજીએ એને વહાલથી પંપાળીને નાહવાની ઓરડીમાં લીધો. કમનસીબે નાહવાની ઓરડી સામી બાજુએ હતી, ને ડિપોટીસાહેબની અણગમતી છોકરી સરસ્વતી વચ્ચે જ ઊભી હતી.

"એને માર મારવા લઈ જાઓ છો?" ડેપ્યુટીની છોકરીએ માલુજીને પૂછ્યું.

ખરેખર માલુજી શિવરાજનું કાંડું ઝાલીને એવી રીતે લઈ જતો હતો કે આ છોકરીને થઈ તેવી શંકા હરકોઈને આવે. જવાબમાં માલુજીએ નાક પર આંગળી મૂકીને છોકરી સામે જરી આંખો ફાડી.

છોકરી જરીક હેબત ખાઈને પાછી હઠી ગઈ, તે જોઈ શિવરાજ મલકાયો. એને માલુજીના ડોળા મારફત પોતાના અપમાનનું વેર વળી ગયું લાગ્યું. નાહવાની ઓરડીમાં દાખલ થતાં થતાં પાછળ ફરીને શિવરાજે પણ મહેમાન-કન્યા સામે થોડા ડોળા ખેંચી લીધા.

સાફસૂફ થઈને જ્યારે શિવરાજ બહાર નીકળ્યો ત્યારે એના કસરતી દેહના બેઉ ખભા ઉઘાડા ગંજીફરાકની અંદરથી બહાર નીકળેલા હતા. શિયાળાની પવનભરી સાંજે ટાઢાબોળ પાણીથી ધોવાયેલ એના દેહમાંથી ધુમાડા નીકળતા હતા. જાણે કે મારુતિની કોઈ નાનીશી દેરીમાંથી ધૂપ ભભકતો હતો. માલુજીએ શિવરાજના શરીર પર ટુવાલ એટલો બધો ઘસ્યો હતો કે જાણે હમણાં લોહીના ટશિયા ફૂટશે. પુરુષનું આવું રૂપ જોઈ છોકરીને

એક પળ નવાઈ લાગી. એવો ભાસ થાય કે જાણે આ ચોરને કોઈએ ઠમઠોરેલ હશે. પણ માર માર્યા પછી માણસને નવરાવવામાં આવે, તેમ જ માર ખાધેલો માણસ આટલો રૂડો લાગે, એવી એને ગમ નહોતી. એ ખસિયાણી પડી ગઈ. એને પોતાની ભૂલ માલૂમ પડી : પોતે ઘરના નાના માલિકનું જ અપમાન કર્યું હતું.

ને માંસની છૂટી છૂટી પેશીઓથી મઢેલા શિવરાજના બાહુ ઉપર એક કાળે દોરે પરોવેલ ત્રાંબાના માદળિયાનો બાજૂબંધ હતો.

એક વેદપૂજક પિતાના પુત્રને હાથે માદળિયું હોય તે વાત અજુગતી હતી. ને શિવરાજને કંઈક વર્ષો પૂર્વે એ માદળિયું બાંધવા બાબત તો બુઢ્ઢા માલુજી ને દેવનારાયણસિંહની વચ્ચે ટપાટપી બોલી ગઈ હતી :

“એ તો નર્મદાબાનું આપેલ માદળિયું ! તમે એમાં શું સમજો ? તમારો ધરમ તમે પાળો : એનો ધરમ એની માલિકીનો. એ તમને પરણીને પોતે તમારાં વેચાણ થયેલાં, પણ એણે કાંઈ એનો ધરમ તમને નહોતો વેચ્યો — ખબર છે !”

“પણ આમાં શું છે ?”

“અરે, ભલે ચપટી માટી જ રહી.”

ને ખરે જ એમાં માટી હતી. નર્મદાએ પોતાનું ઘર છોડતી વખતે પોતાના નિઃશ્વાસે ભીંજાવેલી એ ઘરની માટીની ચપટી.

એ ટપાટપીમાં આખરે માલુજી જ જીતેલો.

દેવનારાયણસિંહે પોતાની બુદ્ધિને પત્નીની આસ્થા પાસે કમજોર દીઠી હતી. માલુજીની વાત રહી હતી. માદળિયું શિવરાજની ભુજા પર સલામત બન્યું હતું.

દાગીના પહેરવા એ સ્ત્રીનો જ શણગાર છે એવું સમજતી એ કન્યાએ શિવરાજના બાહુને શોભાવતા એ ત્રાંબાના ટુકડાની ઠેકડી કરી. પણ એ ભુજદંડની હાંસી એના અંતરમાં ન ઊગી શકી. એ ભુજાની પોતાને ઈર્ષા આવી. આવો સુગઠિત દેહ મારે હોત ! — એ અગોચર ઝંખના એના દિલમાં રમતી થઈ. કપડાં પહેરીને શિવરાજ પિતાની ને પરોણાની પાસે આવ્યો. પણ એણે મસ્તક ન નમાવ્યું, હાથ પણ ન જોડ્યા, અખાડેબાજની અદાથી છાતી પર પંજો મૂકી નમસ્તે કર્યા. છોકરીએ ફરી વાર મનમાં ઉપહાસ કર્યો.

“અખાડામાં જતો લાગે છે;” ડેપ્યુટીસાહેબે કંઈક ટકોરમાં કહ્યું : “ક્યાંક પેલા ‘રેવોલ્યુશનરી’ના હાથમાં ન પડી જાય !”

આ ટકોર પર શિવરાજને અણગમો આવ્યો છતાં પેલી છોકરી પર ભવાં ચડાવવાની તક સમજીને થોડી વાર એ બેઠો. એના પિતાએ સાહેબની ટકોરનો સાદો, ટૂંકો ઉત્તર સંભળાવ્યો : “આપણા રોક્યા કોઈ નથી રોકાવાના, સાહેબ !”

“તમારા આર્યસમાજીઓની ઉદ્ધતાઈથી સંભાળવા જેવું છે.”

“આપણી પામરતાથી ક્યાં કમ ચેતવા જેવું છે ?” દેવનારાયણસિંહે ઉત્તર હિંદની પૃથ્વી પાસેથી પીધેલો જૂનો જુસ્સો દાબ્યો ન દબાયો.

શિવરાજ ઊઠી ગયો. એને આ પિતા-પુત્રી બંને પ્રત્યે નફરત આવી. આ લોકો પારકી ચોકીદારી શા માટે કરવા આવ્યાં હશે ! વણમાગી સલાહ સોનાની હોય તોપણ સાંભળનારનાં કલેજામાં એ છૂરી જેવી ખૂંતી જાય છે.

બત્તી લઈને માલુજી આવ્યા. સંધ્યાનો એ પહેલો દીપક હતો. માલુજીએ જૂની ધર્મક્રિયા જેવી બની ગયેલી લોકરૂઢિ મુજબ ‘રામરામ ! ભાઈ, રામરામ ! સાહેબ, રામરામ !’

એવા શબ્દો કહ્યા. નાની કન્યાને એ વાત પર પણ મનમાં હસવું આવ્યું. આ ડોસો એને આ ઘરમાં કોઈ વિચિત્ર દરજ્જો ભોગવતો ભાસ્યો.

પછી સાહેબ કૅમ્પ તરફ સિધાવી ગયા. સીમાડા સુધી દેવનારાયણસિંહ પોતાની ગાડી લઈ વળાવવા ગયા. શિવરાજને સાથે લીધો. વેણુતળાવડી પાસે જ્યારે એ પાછા વળ્યા ત્યારે કન્યાએ એક વાર એ ગાડીનાં નિસ્તેજ ફાનસોને અજવાળે પણ શિવરાજને નીરખવા પાછળ ફરી નજર કરી.

કોઈ વાર ધિક્કાર પ્રેમનો છદ્મવેશ ધારણ કરે છે, તો ઘણી વાર પ્રેમ તિરસ્કારના સ્વાંગમાં પ્રકટ થાય છે. શિવરાજના અંતરનો અણગમો પણ એને આ વિદાય લઈ ગયેલી કન્યા તરફ અગ્રસર કરવા લાગ્યો. એમ થયા કર્યું કે, એને એક વાર મળું તો થોડી એસીતેસી સંભળાવી નાખું.

પણ વળતા રવિવારે એ પિતાની સાથે કેમ્પમાં ડેપ્યુટીસાહેબને ઘેર ગયો ત્યારે મિયાંની મીની જેવો જ થઈ બેઠો રહ્યો. મનમાં જે જે શબ્દ–તમાચા ગોઠવીને લાવ્યો હતો તે મોંમાંથી બહાર જ ન નીકળી શક્યા. ડેપ્યુટીસાહેબની પુત્રીનું નામ સરસ્વતીબાઈ હતું એ જાણ્યા પછી તરત જ એના અંતરમાં શ્વેત હંસ પર સવાર બનેલી વિદ્યાદેવીનું ચિત્ર રમતું થયું.

સરસ્વતીએ એને કહ્યું : "ચાલો, હું તમને મારા ફોટોગ્રાફોનો સંગ્રહ બતાવું."

સંગ્રહમાંથી એક છબી બતાવીને એણે કહ્યું : "આ કોણ હશે?... મારા ભાઈ. એનું નામ રણજિત."

"એ ક્યાં છે?"

"ખબર નથી."

"એટલે શું — મરી ગયા છે?"

"ખબર નથી."

"એટલે?"

"ચાલ્યા ગયેલા છે."

"ક્યાં?"

"કોઈને ખબર નથી."

"ક્યારે ચાલ્યા ગયા છે?"

"હું જન્મી પણ નહોતી ત્યારે. આજે હોય તો તમારા કરતાં કદાચ મોટા લાગે. પણ આમ તો બરાબર તમારા જેવા જ લાગે. જુઓ આ છબીમાં!"

"ઘડીક છબી પ્રત્યે ને ઘડીક શિવરાજ પ્રત્યે જોતી સરસ્વતી જાણે કે ચહેરો મેળવી રહી હતી; વારંવાર કહી રહી હતી કે, "જુઓ, અસલ તમારા જ જેવા હશે, નહીં?"

શિવરાજને છબીમાં આવું કશું જ મળતાપણું ન લાગ્યું. મળતા અણસારની માન્યતાએ આ છોકરીના મનમાં એક મીઠી આત્મવંચના જન્માવી હશે એમ લાગ્યું. બહેનો સહોદરના સ્નેહની બેહદ ભૂખી હોય છે એ વાતની શિવરાજને જે ખબર નહોતી તે ખબર આજે પડી.

*

છૂટા પડ્યા પછી થોડા દિવસોમાં સરસ્વતીબાઈ પોતાના છાત્રાલયે ચાલી ગઈ. ને અહીં શિવરાજ તે વર્ષે મેટ્રિક પાસ થયો, ને પછી એણે કાયદો ભણી નાખવાની જ જીદ

લીધી.

પિતાએ કહ્યું : "કાયદો ભણીને પછી શું કરીશ ?"

"ન્યાયાધિકારી બનીશ."

"ન્યાયાધિકારીના માર્ગ કેટલા વિકટ છે તે જાણે છે ?"

"આપ ન્યાય કરો છો એટલું જ જાણું છું."

"તારા ગુરુકુલના આચાર્ય જેવો ઇન્સાફ તો નહીં આપી બેસ ને !"

શિવરાજના અંતરમાં હવે સ્પષ્ટ થયું કે પોતાની ધૂન શામાંથી જન્મી હતી. આચાર્યદેવે પોતાને ગેરઇન્સાફ કર્યો હતો તે દિવસથી જ પોતાના મનમાં આ જીદે ઘર કર્યું હતું.

"હું નિર્દોષોનો પક્ષ લઈશ."

"સમજ કે હું — તારો પિતા જ — અપરાધી હોઉં તો ?"

શિવરાજ વિચારમાં પડ્યો.

"સમજ કે સાહેબની પુત્રી સરસ્વતીબાઈ જ ગુનેગાર હોય તો ?"

શિવરાજ વધુ વિચારગ્રસ્ત બન્યો : પિતાએ સરસ્વતીબાઈનું નામ શા માટે લીધું ?

પિતાએ આગળ ચલાવ્યું : "કલ્પના કર કે મેં કોઈ નિર્દોષ નારીને ફસાવી છે. તો તું શું કરે ? મને બચાવે કે એ સ્ત્રીને ? મને તું જન્મકેદ ફરમાવી શકીશ ?"

શિવરાજ નિરુત્તર રહ્યો. એણે કાયદાનું ભણતર ભણવાનો સંકલ્પ કર્યો ત્યારે પોતાની જાતને આવી માનસિક કસોટીમાં નહોતી મૂકી જોઈ. એની ધૂન ફક્ત આટલી હતી : હું ગરીબોને, નિર્દોષોને ન્યાય અપાવીશ. એની એ ધૂન કેવી વાંઝણી હતી ! 'ગરીબો' અને 'ન્યાય' એ બે શબ્દોનું સીમાવર્તુલ પોતે કલ્પી જ શક્યો નહોતો.

એનું નિરુત્તર રહેવું એ પિતાના મનથી એક મંગળ ચિહ્ન હતું. છોકરો ઉતાવળો નહોતો.

"એલએલ. બી. થવું નથી ?"

"ના. જલદી પતી જાય તે માટે હાઈકોર્ટ પ્લીડરનું ભણવું છે."

"ભલે." પિતાને પણ એ જ ઉમેદ હતી કે શિવરાજનું જીવનઘડતર પોતાની હયાતી સુધીમાં જેમ બને તેમ જલદી પતી જવું જોઈએ.

બીજા દિવસથી પિતાએ શિવરાજ પાસે હિંદના તેમ જ હિંદ બહારના એક પછી એક નાજુક ન્યાયના કિસ્સાઓની વાર્તા કહેવા માંડી. શિવરાજ એ સાંભળતો ગયો તેમ તેમ એક બાજુથી એના પ્રાણમાં ચેતન પુરાતું ગયું, તેમ બીજી બાજુથી એના ટાંટિયા ધ્રૂજતા ગયા. આમ એનો અભ્યાસ 'ઇન્ડિયન પીનલ કોડ' અથવા 'રોમન ધારાશાસ્ત્ર'થી નહીં, પણ જગતના જીવતાજાગતા ઇન્સાફી કિસ્સાઓથી શરૂઆત પામ્યો. રાત્રિએ પિતા એ કિસ્સાઓનું પારાયણ કરી રહેતા તે પછી ચોપડી બંધ કરતાં કરતાં એટલું જ કહેતા :

"બેટા, ઇન્સાફની ત્રાજૂડી નાજુક છે. એક જ નાની લાગણીનો વાયરો એ ત્રાજૂડીની દાંડીને હલાવી મૂકે છે. ઇન્સાફ પોતે આ જગત પર જેટલો ગેરઇન્સાફ પામ્યો છે તેટલો તો કોઈ નિર્દોષ-નિરપરાધી પણ નહીં પામ્યું હોય. ઇન્સાફ આપણા આત્માનું લોહી માગી લે છે."

# ૫. છાપાવાળાની સત્તા

‘‘**આ**પને આનંદ થાય એવી એક માગણી લઈને આવ્યો છું.” દેવકૃષ્ણ મહારાજે સુજાનગઢ આવીને દેવનારાયણસિંહ સામે મોં મલકાવ્યું.

“કહોને — શી માગણી છે?”

“આ વર્ષની મારી સંસ્થાની વરસગાંઠ આપના પ્રમુખપદે ઊજવવી છે.”

“કઈ સંસ્થા?”

“પીડિતોનું પૈસાફંડ.”

“ક્યાંની?”

“આખા કાઠિયાવાડની. એનું હેડક્વાર્ટર કેમ્પમાં છે.”

“કેમ્પમાં? મને તો ખબર જ નથી! કયે ઠેકાણે?”

“રેલગાડીના વાંકે. ત્યાં, આપનું ધ્યાન હોય તો, ચાર પાટિયાં ચોડેલાં છે. એ ચારે સંસ્થાઓ મારા હસ્તક ચાલે છે.”

દેવનારાયણસિંહને ચારે ‘સાઇનબોર્ડ’ યાદ આવ્યાં ખરાં. પાંચમું નાનું બોર્ડ હતું — સનંદી વકીલ દેવકૃષ્ણ ‘મહારાજ’નું. એ જગ્યાએ નીકળતી વેળા હર વખત એમને રમૂજ પડેલી. અક્કેક ‘સાઇનબોર્ડ’ પર અક્કેક આખી સંસ્થાનું સર્જન કરનારા લોકો એને શક્તિમાન લાગેલા.

“આ જુઓને, સાહેબ!” એમ કહી દેવકૃષ્ણ મહારાજે ચાર જુદાં જુદાં પેડ પોતાની થેલીમાંથી કાઢીને દેવનારાયણસિંહ પાસે સાદર કર્યાં : ચારેના હાંસિયા ઉપર પ્રત્યેક જુદી જુદી સંસ્થાનાં નામ, ઠામ ને નિયમો હતાં; ચારેની અંદર મંત્રી તરીકે એક જ પુરુષનું નામ બેઠું હતું.

“બધું ખૂબ સુવ્યવસ્થિત રાખવામાં આવે છે, સાહેબ!” મહારાજ મૂંગા રહેલા અધિકારીના મન પર છાપ પાડવા મથ્યા. “ચારે સંસ્થાઓની ચાર ચાર વર્ષગાંઠો ઊજવાઈ ગઈ. તેમાં આટલા આટલા પ્રમુખો આવી ગયા —” એમ કહી મહારાજે કાઠિયાવાડ-ગુજરાતની કેટલીક જાણીતી વ્યક્તિઓનાં નામો ગણાવ્યાં. એ નામો પૈકી એક નામ પત્રકારનું, એક નામ કવિનું, એક કોઈ દરબારશ્રીનું — એવી નવરંગી ભાત પડેલી હતી.

“ગયા વર્ષે તો પ્રાંત-સાહેબ પોતે આવવાના હતા, પણ એમનાં મડમસાહેબના કૂતરાને માંદગી આવી પડવાથી મુંબઈ જવું પડ્યું એટલે એમણે દિલગીરીનો કાગળ લખેલો; આ રહ્યો કાગળ —”

એમ કહીને મહારાજે એક ટાઇપ કરેલ કાગળ કાઢ્યો.

“પણ હું તો નહીં આવી શકું, ભાઈ! — માફ કરજો.” દેવનારાયણસિંહે કશો ઉપચાર કર્યા વિના ના પાડી.

“પણ મેં આ ચંદ્રક ઘડાવી રાખ્યો છે, સાહેબ!”

“શાનો?”

“પ્રમુખને પહેરાવવાનો.”

પાશેર રૂપાનો એ ચંદ્રક — જેની વચ્ચે એક સાંતીડું કોતરેલું હતું, ને બીજી બાજુ એક પરબનું માટલું-ડોલચું કંડારેલાં હતાં, તે જોઇને દેવનારાયણસિંહ સ્તબ્ધ બન્યા.

"આ ચંદ્રક પ્રમુખસાહેબોને અર્પણ થાય છે, સાહેબ!" મહારાજે પ્રલોભનને જોરદાર બનાવ્યું.

"આના પૈસા શામાંથી ખર્ચો છો?"

"ફંડમાંથી જ તો, સાહેબ!"

દેવનારાયણસિંહે પોતાનો કચવાટ સંઘરી રાખવા પ્રયત્ન કર્યો.

"વળી હું પણ આર્યસમાજી છું — એટલે આપનો ધર્મબંધુ છું!"

"હું તો નહીં આવી શકું."

"કેમ?"

"મને તમારી આ પ્રવૃત્તિ વિશે કશી જાણ નથી."

"આપ કહો તે જાણ કરાવી આપું."

"કાગળ પરની જાણને હું જાણ નથી કહેતો."

"આગલા તમામ પ્રમુખ એ જ રીતે આવ્યા છે."

"હું તેમના જેટલો લાયક ન કહેવાઉં — એટલે લાચાર."

"એનો અર્થ તો, સાહેબ, એમ થયો કે આપને મારા વિશે કશો વહેમ છે." મહારાજ કડક બન્યા.

"હું એવું ક્યાં કહું છું? મારે શી નિસ્બત છે?"

"ના, પણ મને ખબર મળેલ છે કે આપની મારા પર મેલી નજર છે જ —"

"હું તમને એટલું બધું મહત્ત્વ આપતો નથી; સમજ્યા, વકીલ?" દેવનારાયણસિંહનો અવાજ ઊંચો થયો.

"નથી આપતા — પણ આપવા જેવું છે."

દેવકૃષ્ણ મહારાજના એ શબ્દોમાં ડારો હતો કે આગ્રહ હતો તે કળવું કઠિન પડે. પણ એની આંખો ઝીણી બની હતી. એની દેવનારાયણસિંહની સામે તાકી રહેવાની અદા વગડાઉ બિલાડા જેવી હતી.

"આપવા જેવું એટલે? એટલે શું કહેવા માગો છો?" દેવનારાયણનું આવું સ્વરૂપ કોઈક જ વાર પ્રકટ થતું હતું.

"એટલે કે મેં પણ આપને સાચવી લીધા છે."

"શામાંથી?"

"સુજાનગઢના કારોબારની પ્રસિદ્ધિ કરવામાંથી."

"તમે છાપાવાળા છો — એમ ને?"

"છાપાવાળાની સત્તાને આપ સમજો છો ને?"

"એની કુસત્તાને પણ સમજું છું. તમે મારા પર એ કુસત્તાનો પ્રયોગ કરવા આવ્યા છો એ વાત પહેલેથી જ કહી નાખી હોત, તો તમારા જેવા જાહેર સેવકનો હું આટલો બધો સમય ન બગાડત."

"ઠીક, સાહેબ, બગડ્યું છે તે તો હું જ સુધારી લઈશ. બાકી, આપને પ્રમુખસ્થાન સ્વીકારવું હશે તો હજુ મને ખબર મોકલવાનો વખત આપના હાથમાં રહે છે."

પરોણાની આ છેલ્લી ધૃષ્ટતા અસહ્ય બનતાં દેવનારાયણ ઊઠીને અંદર ચાલ્યા ગયા.

## ૬. અજવાળી

બબ્બે કે ત્રણત્રણ દિવસે શિવરાજ કેમ્પમાં જતો. પ્રાંતના એક તેજસ્વી વકીલ પાસે એ તાલીમ લેતો. કોઈ કોઈ વાર આગગાડીમાં ન પહોંચી શકતો ત્યારે પગપાળો પંથ કરતો. વચ્ચે બે ગામડાં આવતાં ને ક્ષિતિજનાં ચુંબનો ઝીલતી ચોમેર ઉઘાડી સોરઠી સીમ એના પગને પ્યારી લાગતી; એની આંખોમાં હરિયાળું કે સોનાવરણું તેજ ભરતી. કોઈ વાર માટીની મીઠી ચળ લેવા માટે શિવરાજ ખુલ્લા પગે ચાલતો. એને હાથમાં જોડા લઈ ચાલતો જોઈ લોકો હસતા.

"કાં, ભાઈ, આજ તો ગૂડિયાવેલ્ય જોડી છે નાં!" તલના દાણા વાવલતાં વાવલતાં લોક 'ભાઈ'ને પૂછ્યા કરતા.

"મજા પડે છે." શિવરાજ જવાબ દઈને જરા થોભતો.

"નસીબદાર માણસ ટાંટિયા શીદ તોડતા હશે?" ખેડૂત નવાઈ બતાવતો.

"ટાંટિયા તો તોડે છે ઘોડાગાડીઓ ને મોટરો, કાકા!"

શિવરાજ બૂઢા ખેડૂતોને બાપના સમવયસ્ક ગણી સન્માનતો.

લાકડાની ઘોડી પર ચડીને ખેડૂતની જુવાન દીકરા-વહુઓ સૂપડે સૂપડે દાણાની ધાર કરતી, ફોતરાંને ઉપાડતો પવન એમનાં શરીરોની અંદર શારડી ફેરવતો, ને નીચે બેઠેલ ડોસો સુંવાળી સાવરણી ચલાવી દાણાનો ઢગલો ચોખ્ખો કરતો. જુવાન દીકરા ખળામાં ધાનને પીસવા ગાડાં હાંકતા, નાને કૂંડાળે ફરતા બળદો પ્રત્યેક આંટે ટૂંપાતા હતા.

"ભાઈ વકીલ થાશે પછેં આપણે તો ભાઈને જ વકીલાતનામાં સોંપશું." બુઢ્ઢા વાતો કરતા.

સાંભળતો સાંભળતો શિવરાજ કાંપનું નાનું ગામડું પાર કરતો. ત્યાં એને એક જુદો જ ખેડુ જોવા મળતો. એના મોંમાંથી "રાંડ ગધાડી, ધાન ખાતી નથી કે શું?" એવા ગોફણના પથ્થરો જેવા બોલ વછૂટતા તે સાંભળવા મળતા.

"અરે અરે, તમે જરા જીભ તો સંભાળો... જુવાન છોકરીને..." દૂર ઊભી ઊભી વાવલતી એક આધેડ બાઈ આ કુહાડજીભા કુંભારખેડુને વારવા મથતી.

"દીકરી તારી છે, રાંડ!" ખેડુ બાયડી પર ઊતરતો : "મારી દીકરી આવી નઘરોળ હોય? પરોણે પરોણે બરડો ન ફાડી નાખું! મારા ઘરનું પાલી એક ધાન આરોગી જાય છે તે શું મફત મળે છે?"

"તે કાંઈ મફત નથી ખવરાવતા તમે;" એક જુવાન છોકરી ધાન ઝાટકતી ઝાટકતી જવાબ દેતી હતી : "હુંય તૂટી મરું છું."

"સાંઢડો રાંડ! ફાટ્યું બોલી રહી છે! અડબોત ભેળા બત્રીસે દાંત પાડી નાખીશ." ખેડુ હાથ ઉગામીને એ છોકરી પર ધસતો હતો.

ધસ્યા આવતા બિહામણા બાપને દેખી છોકરી ગભરાઈ, ચોમેર જોયું; ફાળ પામતી નાસવા ગઈ. નજીકમાં કોઈ નહોતું; ફક્ત શિવરાજને જ માર્ગ પર ઊભેલો દેખ્યો. દોડીને એ શિવરાજની પાછળ લપાઈ.

ખેડુ ધારતો હતો કે આ અજાણ્યો જુવાન ખસી જશે. ખેડુ શિવરાજથી દોઢેરો કદાવર હતો. કરડાઈ જાણે એના ચહેરા પર ગૂંચળું વળીને કાળી નાગણ જેવી બેઠી હતી.

એના હાથમાં ખરપિયો હતો, ખરપિયાના દાંતા અને ખેડૂતના દાંત એકબીજા સાથે સરસાઈ કરતા હતા. કોઈ ઊંચા કોટની દીવાલ ધસી પડે તેમ ખેડુ ધસ્યો — પણ શિવરાજ ન ખસ્યો.

ખેડુએ શિવરાજની પછવાડે ઓથ લઈ ઊભેલી છોકરીને ઝાલવા ઝપટ કરી, શિવરાજ પડખું મરડીને ખેડુની સામે ઊભો; એના હાથ પહોળા થયા.

છોકરીની મા દૂર ઊભી ઊભી હાથ જોડતી હતી : "એ કુંભાર, તારે પગે પડું, મારી છોકરીને માથે હાથ ઉપાડ મા !"

"ખસી જાવ, શેઠ." ખેડુએ શિવરાજની સામે ડોળા ફાડ્યા.

"એમ કાંઈ ખસાય ?"

"કાં, ભાઈ ? કેમ ન ખસાય ? તારે ને એને કાંઈ..."

"જીભ સંભાળો." શિવરાજ કડક બન્યો.

"નીકર ?"

"નીકર જો આમ..." કહેતાં જ શિવરાજે ખેડુના હાથમાંથી અખાડી દાવની નાજુક ચાવી વડે ખરપિયો સેરવી લીધો. ખેડુ ખસિયાણો પડ્યો.

"મારી છોકરી છે."

"એટલે ?"

"ચા'ય તે કરીશ, કટકા કરીશ."

"પછી ચહાય તે કરજો; અત્યારે તો એણે મારો ઓથ લીધો છે."

"એ-હેં-હેં-હેં !" ખેડુએ બળનું શરણ છોડીને મેલો દાવ માંડ્યો, "આ બધું ક્યારથી, હેં રાંડ ?"

પોતાની ઓરત તરફ ફરીને બોલ્યો : "તારી છોકરીને આ નવો ઓથ ક્યારથી જડી ગયો ? મને તો વાતેય ન કરી !"

પછી પોતે શિવરાજ તરફ ફર્યો : "ઊજળાં લૂગડાં પે'રીને આવું આચરણ કરો છો કે, મે'રબાન ? મને પ્રથમથી જ કહી દીધું હોત તો હું શા સારુ તમને વતાવત ? ઠીક-ઠીક-ઠીક !"

"શું ઠીક, બેવકૂફ ?"

"બધું જ ઠીક, ઠીક, ઠીક ! બહાદર જુવાન, જાવ; હવે હું તમારું માણસ ગણીને એ છોકરીને કે'દીય કાંઈ નહીં કહું !"

એટલું બોલીને એ વિકરાળ માણસ, પોતાના મોં ઉપર સાપનાં બચળાં જેવી કરચલીઓ નચાવતો નચાવતો, ખળામાં જઈ કામે લાગી પડ્યો.

શિવરાજ મૂંઝવણમાં પડ્યો. ખેડુની વિદ્યા જીતી ગઈ. એનાથી ન ચલાયું, ન ઊભા રહેવાયું.

"અરે રામ !" ખેડુની ઓરતે હાથ જોડ્યા : "જાવ, બાપા, તમને આબરૂદારને એ રોયો નહીં પોગવા દિયે; ને મારી અંજુડીના પ્રાલબધમાં તો આ નત્યની વાત છે."

જતો જતો શિવરાજ પૂછ્યા વિના ન રહી શક્યો : "બાપ થઈને આટલો નફ્ફટ !"

"આ દીકરીનો બાપ ઈ નથી, ભાઈ !"

"ત્યારે ?"

"આ તો મારા આગલા ઘરની છોડી છે."

શિવરાજ ચાલતો થયો, પણ એના મનમાં નવો પ્રદેશ ઊઘડ્યો. એ પ્રદેશ હતો આ ખેડુલોકોના લગ્ન-સંસારનો. પોતે વકીલ બની રહ્યો હતો, પણ પોતાને આ લોકોના જીવન-પ્રશ્નોની ગમ જ નહોતી.

"એને શા માટે વેઠો છો ?"

"શું કરીએ ?"

"છોડી દો."

"એને બાપડાને આટલાં વરસે રઝળતો મેલતાં હામ હાલતી નથી, બાપુ ! એનું કોણ ? એનાં આંખ્ય-માથું દુખે તો કોનો આધાર ? સૂઝે એમ તોય એણે મને ખરા ટાણાનો આશરો આપ્યો'તો ને ! માણસ જેવું માણસ એકબીજાના ગણ કેમ ભૂલે ?"

તે પછી શિવરાજ જ્યારે જ્યારે કેમ્પને ગામડે થઈને નીકળતો ત્યારે ત્યારે એની આંખો એ ખેડુ-કન્યાને ગોતતી, એના કાન એ છોકરીનું કલ્પાંત પકડવા તત્પર થતા, એના ઘરની પછીત શિવરાજને જીવતી લાગતી. અંદરથી ત્રણે સૂર સંભળાતા : ખેડુની વસમી ત્રાડો, ઓરતની કાકલૂદી અને જુવાન છોકરીના, નહીં પૂરા કરુણ તેમ નહીં પૂરા ઉદ્ધત, છતાં ઉદ્ધતાઈ અને કરુણતાની અધવચ્ચે અટવાતા સ્વરો.

એ છોકરીનું નામ અજવાળી હતું. એના બાપનું નામ વાઘો હતું. 'વાઘો ભારાડી' એ એને લોકોએ કરેલું પદવીદાન હતું. સાંજ પડી, ને વાઘો પોતાના જમીન-માલિકને ઘેર પહોંચ્યો. એ ઘર પર ચાર પાટિયાં ચોડ્યાં હતાં. વહેલા વાળુ કરી લઈને દેવકૃષ્ણ મહારાજ પોતાના હાથ મોં ઉપર ફેરવતા હતા. શાકમાં પડતું તેલ અને ખીચડીમાં પડતું ઘી, ખાનારના હાથ પર ચોંટી જાય છે, તેને સાફ કરવા માટે સાબુનું ખર્ચ વધારવું તે કરતાં વધુ સારી રીત એ હાથને સાદે પાણીએ ધોઈને પછી શરીરની ચામડી પર મસળી લેવાની છે, એમ દેવકૃષ્ણ મહારાજ પોતે માનતા ને અન્યને મનાવવા પ્રયત્ન કરતા.

"આવ, વાઘલા," કહીને એણે પોતાનું ખેતર ખેડતા વાઘાને આદર આપ્યો. વાઘો ખુરશી પર નહીં, ગાદી પર નહીં, જાજમ પર પણ ન બેસતાં બારણામાં જ્યાં જૂતાં પડેલાં હતાં ત્યાં ઉભડક પગ રાખીને બેઠો.

વાઘાને એવી સભ્યતા સાથે બેઠેલો દેખીને મહારાજના મોં પર એક પ્રકારનો સંતોષ પ્રસર્યો. દસ વીઘાંના માલિકે પણ મીઠો આત્માનંદ અનુભવ્યો કે, હું ધણી છું; આ મારો ખેડુ છે, ને એ મારી પાસે રાવે આવ્યો છે.

વાઘાએ બેસતાંની વાર નિઃશ્વાસ નાખ્યો.

"ફારમના પૈસા લાવ્યો છો?" મહારાજે વાઘાની સામે દીપડાદૃષ્ટિ કરી. વાઘાએ ડોકું ધુણાવ્યું.

"તો મેલી દે જમીન."

"તોય ચડત ફારમ ક્યાંથી ભરીશ ?"

"દીકરી પરણાવ્ય."

"કોની દીકરી ?"

"તારી."

"મારી નહીં — મારી બાયડીના આગલા ધણીની."

"કોની દીકરી એ મારે ક્યાં નક્કી કરવું છે ?"

"મારા પંડ્યના સમ, ધજાવાળાના સમ : પેટમાં છોરુ સોતી આવેલી — ને મેં એને

આશરો આપેલો. મા'રાજના પગ ઝાલીને કહું છું."

"પગ ઝાલવાની વાત પછી. પહેલાં ચડત ફારમની તજવીજ કર; છોકરીને વટાવ."

"છોકરીને કોણ રાખશે ?"

"ખેડૂતમાં જેને જેને માણસની ખેંચ પડતી હશે તેવા ઘણાય રાખશે. તમારે ખેડુને છોકરી ક્યાં ધણી સાથે પરણે છે ? એ તો પરણે છે ખેડ સાથે."

પહેલાં વાઘો હસ્યો, પછી મહારાજે મોં મલકાવ્યું. બંનેએ જુદી જુદી રીતે પણ એક જ પ્રકારનો સંતોષ લીધો.

"છોકરી મારા કાબૂમાં નથી."

"શું છે ?"

"તમારે છપાવવા જેવું છે."

મહારાજના કાન સરવા બન્યા. અને વાઘાએ સવારે બનેલો બનાવ કહી સંભળાવ્યો.

"એક જુવાન ! કોણ ? કેવો પહેરવેશ ? કેટલી ઊંચાઈ ? ક્યાંથી આવતો હતો ? કઈ તરફ ગયો ?"... પૂછપરછ કરીને મહારાજે તાંતણાં મેળવ્યા.

શિવરાજનું નામ હાથમાં આવ્યાથી એમને જે હર્ષ થયો તેના બદલામાં એણે વાઘા ખેડૂતના ચડત ફારમનો તગાદો કરવો ત્યજી દીધો. ને તે રાત્રિએ પોતાનાં પત્નીને પણ એમણે 'વાઘરણ', 'ફૂવડ', 'કુંભારજા' જેવાં રોજિંદાં સંબોધનો કરવાને બદલે લહેરથી બોલાવ્યાં : "કાં ! કેમ છો ગોરાણી ?"

## ૭. બારી બિડાઈ ગઈ

"**સ**રસ્વતી !" શિવરાજથી બોલાઈ ગયું; બોલ્યા પછી એ છોભીલો પડ્યો.

બે વર્ષ વહી ગયાં હતાં. આ અનુભવ નવો હતો. ડેપ્યુટીસાહેબના મકાન પાસેથી એ રોજ નીકળતો ને રોજ રાહ જોતો હતો કે ઉનાળાની લાંબી રજાઓ ક્યારે આવશે ? મકાનમાં નેવાં નીચે કબૂતરો તરણાં ગૂંથતાં હતાં, ને ચકલાંની ચાંચો માળા નાખતી હતી. 'ચૈત્ર-વૈશાખ ચાલ્યા આવે છે : છાંયો દેખીને બેસી જાઓ : ઘર કરી લ્યો : જલદી વિસામો શોધી લ્યો !' એવી એવી પંખીવાણીનો એ ફાગણ મહિનો હતો. ગુલમોરનાં ઝાડવાં પાન ખેરીને પુષ્પોને ધારણ કરી રહ્યાં હતાં. પણ હજુ એ મકાનની મેડીની એક બાજુની નાની ઓરડીની જાળી ઊઘડી નહોતી; હજુ એને કાંઈ ઝાડઝૂડ પણ થતી નહોતી. શિવરાજની ઉત્સુકતા હજુ લાંબી મુદત નાખી રહી હતી. પણ આજે એણે ઓચિંતી નજર નાખી તો ઉઘાડી બારી પર સરસ્વતી ઊભી હતી.

એણે 'સરસ્વતી !' ઉદ્ગાર કાઢ્યો, તેની વળતી જ ક્ષણે બારી બિડાઈ ગઈ.

બારી શા માટે બિડાઈ ગઈ ? શિવરાજનું દિલ કોઈ એક ઘરના આંગણા જેવું બની ગયું. વિચાર-પારેવાં ત્યાં ટોળે વળીને ચણ ચણવા લાગ્યાં.

સરસ્વતીએ મારું કાંઈ હીણું સાંભળ્યું હશે ? એને કોઈ ચાહનારું જડી ગયું હશે ? એનો ગુમ થયેલો ભાઈ પાછો આવ્યો હશે ? એનો સ્નેહ એ ગેરહાજર ભાઈની અવેજીમાં જ શું મારા પર ઢળ્યો હતો ? એ પ્રેમને એનો પોતાનો જ સ્વતંત્ર પાયો નહોતો શું ?

બંધ થયેલી બારી સામે ઊભા રહેવું શરમભર્યું હતું. ચાલતાં ચાલતાં એણે ગુસ્સો

કર્યો : નથી જોવું એ બારી સામે. જે બારી ફાવે ત્યારે ઊઘડે ને ફાવે ત્યારે બિડાય, પોતાની ક્રિયાનું કશું કારણ ન બતાવે અને ઉપર જાતી પાછી જોશથી બારણાં ભભડાવીને માથામાં અપરાધનો ટોણો મારતી હોય, તે બારી જીવતરમાં ન ઊઘડો! — ન ઊઘડો! એ જ ભલું.

પણ જુવાન માણસનું જ્ઞાન કોઈ સ્ટોપર વિનાના કમાડ જેવું છે : પવનના ઝપાટા એને બંને બાજુ ધકાવે છે. શિવરાજ થોભ્યો; એણે ફરીથી બારી સામે નજર કરી : બંધ બારી મોં-માથા વિનાની ચુડેલ જેવી લાગી.

"કેમ, ભાઈ!" પટાવાળો અજાણ્યો હતો : "ત્યાં શું ટરપરટોયાં મારો છો?"

"કેમ, ભાઈ," શિવરાજે સામે પૂછ્યું : "રસ્તા ઉપર ઊભા રહેવું એ ગુનો છે તમારા સાહેબનો?" અને મનમાં ઉમેર્યું : "—ને તમારા સાહેબની દીકરી સરસ્વતીબાઈનો?"

"કાયદો જાણતા લાગો છો!" આજકાલના સરકારી-દરબારી નોકરોને મન પ્રિય સૂત્ર થઈ પડેલો આ પ્રશ્ન ડેપ્યુટીના પટાવાળાની જબાન પર પણ વગરશીખવ્યો ચડી ગયો.

"તું પરીક્ષક નથી, એટલે મને નાપાસ કરી શકે છે. વાત છે તારી!"

શિવરાજે એ પટાવાળાને, આગળ ઉપર વકીલ બનીને એની ખબર લઈ નાખવા માટે, ઘડીભર આંખોના ચીપિયામાં દબાવી રાખ્યો.

"તારો પટાનો નંબર શું છે?"

"નંબર નોંધી રાખવો છે?" કહીને પટાવાળો સામો ચાલ્યો : "નંબર છે આ પાંચ આંગળાંનો; હમણાં એક અડબોત ભેગો ગાલને માથે છપાઈ જાશે નંબર!"

વાઘા ખેડૂતને ડારનાર શિવરાજ આ ચપરાસીનું પાણી માપતાં વાર ન લગાડત. પણ એકાએક બીજી બાજુનું બારણું ઊઘડ્યું ને સરસ્વતી પ્રગટ થઈ. શિવરાજ શ્યામ બન્યો. પટાવાળા જેવા પોતાની વડ્ય વગરના માણસ સાથે એક પાકવા આવેલા વકીલનો ઝઘડો એ ગર્વિષ્ઠ પ્રેમીજન — તે પણ પાછી એક કન્યા — જોઈ જાય એ વાત પર જેને નફરત ન આવે તે પુરુષ શાનો!

મર્દાઈ એક મહા કરડી વસ્તુ છે. એને ઉપાસનારો પગલે ને પગલે વિમાસણ પામે છે. એને સો જણા હજાર ગાળો ને અપમાન આપી જાય; એમાંની એકની પણ જો એ વસૂલાત કરવા રોકાય તો લોકો કહેશે કે, 'અરે ભાઈ, તમારા જેવા સશક્ત અને સમજુ માણસ આવી હલકી પાયરીએ ઊતરે છે?' એમાંય જો કોઈ રેલગાડીમાં ડાકણ જેવી એકાદ ઓરતનાં પનારાં પડી જાય, તો તો પછી છેલ્લા સ્ટેશન સુધી મર્દાઈનાં પીંછડાં જ પીંખાતાં આવે. ન દલીલ, ન અપીલ, ન રાવ, ન રાહત : 'અરે મિસ્તર, તમે ઊઠીને એક બાઈમાણસની સાથે...' — એ એક જ ઠપકાની વાવાઝડી, અને ઠપકો દેનારાઓ પોતાની સગી બાયડીઓને પાછા રાતે ઘેર જઈ ગાળોની તડાપીટ કરનારા હોય છે.

"આ મે'રબાન કાયદાબાજ આપણા બંગલાની પાસે ટરપરટોયાં મારતા'તા, બાઈ! ને ઉપર જાતા કજિયો કરવા આવે છે!" પટાવાળાએ શિવરાજને વધુ પામર બનાવ્યો.

સરસ્વતીએ શિવરાજને જ સીધું, સ્મિતનાં ગુલાબો વેરતાં વેરતાં કહ્યું : "આવવું છે અંદર?"

પટાવાળાના મોં પરથી રામ ગયા.

ને શિવરાજે પણ પોતાનો તેજોવધ અનુભવ્યો : હજુ તો પૂછે છે — "આવવું છે

અંદર ?"

"ના - હા - હું તો સહેજ –" એવાં ગળચવાં ગળતો શિવરાજ પગથિયાં ચડ્યો. એના પગમાંથી પણ રામ ગયા હતા. 891.47301

દીવાનખાનાનું બારણું બહાર જ પડતું હતું. એ ખુલ્લું મૂકીને સરસ્વતીએ સ્ટોપર ચડાવ્યા. શિવરાજ એક બેઠક પર બેઠો. એ બેઠક ખુરસી નહોતી — એક લાકડાની પાટ હતી. તેના ઉપર કિનારીભરેલી ચાદર હતી, ને અઢેલવાનો તકિયો હતો.

"ખુરસીઓની બેઠક મને નથી ગમતી; બાપુની સાથે કજિયો કરીને મેં કઢાવી નાખી છે," સરસ્વતીએ કહ્યું ત્યારે શિવરાજ જોડાં સહિત બેઠક લેવાની કઢંગાઈ અનુભવી રહ્યો હતો. જોડાં પર સુજાનગઢથી કેમ્પ સુધીની પગપાળી મજલે ઝીણી ધૂળના થરોનું પાલીસ ચડાવ્યું હતું. MEG

સરસ્વતીને શિવરાજે છૂપી રીતે નખશિખ નિહાળી. છેલ્લી ખમીસ અને ચડ્ડીમાં દીઠેલી તે વાતને એક વર્ષ પૂરું નહોતું વીત્યું; આજે એણે સાડી પહેરી હતી. સરસ્વતી એકાએક કંઈ આવડી મોટી નહોતી થઈ ગઈ. એના દેહના પરિમાણને છોકરાશાહી જૂનો લેબાસ છુપાવી જ રાખતો હતો. સાડી, ચોળી ને ચણિયો — એ સ્ત્રીપોશાક ચાડિયો છે; જોબનને ઢાંકવાનો ઢોંગ કરતાં કરતાં એ તો જાણે કે સિસકારા કરી કહી આપે છે કે જુઓ, શિકારી, તમારું હરણું આ બેઠું અમારી ઓથમાં લપાઈને !

શિવરાજની આંખોમાં હજુ શિકારી-ભાવ નહોતો ઊઠ્યો, એ તો હજુ અજાયબીના ભાવ-હિંડોળે જ ઝૂલતો હતો : સરસ્વતી આવડી મોટી ક્યારે થઈ ? એ હવે પોતાના ગુમ થયેલા ભાઈની છબીઓની વાતો બબડવાને બદલે ખુરસીની વાતો કેમ કરવા લાગી છે ? એ વાતો કરવા ઉત્સુક હોય તે કરતાં વાતો છુપાવવાનાં આવાં બહાનાં કાઢવા કેમ લાગી છે ? એની વાતો ભૂસુંભરેલ ઢીંગલીઓના જેવી નિષ્પ્રાણ લાગી.

"તમે વકીલ ક્યારે થવાના છો ?" એણે એક ધંધાર્થીના સૂરો કાઢ્યા.

"છ મહિના પછી. કેમ ?" 6879216

"મારે આ પ્રદેશમાં એક મોટું કામ ઉપાડવું છે."

"એમ ? મારી જરૂર છે ?" 31.07.21

"હા, તમારી વકીલ તરીકે જરૂર છે; તમે સ્ત્રીજાતિના વકીલ બનો."

શિવરાજ ફૂલીને ઢોલ થયો. સરસ્વતી તપેલા લોઢા પર હથોડા-પ્રહાર કરવા લાગી.

"સ્ત્રીને પુરુષોએ જુગજુગોથી ચગદી છે, એને સતાવી છે, એના જીવનમાં હજારો બેડીઓ પહેરાવી છે. એ બેડીઓ અમારે ભાંગવી છે..."

સરસ્વતી જાણે હજારો માણસોની સભાને કોઈ ભાષણ સંભળાવતી હતી; એક હથેળીમાં બીજા હાથનો મુક્કો પછાડતી હતી.

ભાષણ કરનારા પુરુષો જેટલા દેવ લાગે છે તે કરતાં ભાષણો કરનારી છોકરીઓ વિશેષ પ્રમાણમાં દિવ્ય દેખાય છે. જુવાન શિવરાજ, આ ભાષણ સરસ્વતીના ભેજામાં કોઈકે સીસામાં 'સોડા-વૉટર'ની પેઠે ઠાંસેલું છે, એવું ન સમજી શક્યો.

"અમારી બહેનો ઉપર તમે — તમે..."

"મેં ?" શિવરાજ સરસ્વતીનાં સળગતાં નેત્રોને નિહાળી હેબતાયો.

"તમે જ તો ! — તમારી આખી જાતિએ જ તો ! — મનુમહારાજથી માંડી તમારી આખી ઓલાદે જ તો ! રામે, હરિશ્ચંદ્રે, કૃષ્ણે, ઋષિઓએ, મનુઓએ..."

આ દોષમાં તો સરસ્વતી મને ઇતિહાસના મહાપુરુષોની જોડે સહભાગી બતાવે છે, એવું જોઈ શિવરાજને દિલાસો જડ્યો.

"આ તમામ અન્યાયોના ઢગલામાં સુરંગ મૂકવા અમે આજની — નવા યુગની — નારીઓએ કમર કસી છે."

શિવરાજને છાપાંનાં મથાળાં સાંભર્યાં. સરસ્વતી વર્તમાનપત્રો પણ વાંચે છે ને શું! કેટલું બહોળું જ્ઞાન! કેટલી અબૂઝ આગ!

"એ સુરંગ મૂકવામાં તમે સામેલ થાઓ — તમારા પૂર્વજોએ કરેલા મહાપાપનું પ્રાયશ્ચિત્ત મેળવો; મારી સાથે જોડાઓ."

શિવરાજને માટે તો એ એક જ વાક્ય અગત્યનું હતું. નારીજાતિના પ્રારબ્ધમાંથી જુગજુગોના જુલમો ભૂંસવાવાળું વાક્ય? ના, ના, 'મારી સાથે જોડાઓ' — એ વાક્ય. આખી સ્ત્રીજાતિ એક આ કુમારિકાનો અવતાર ધરીને એની સન્મુખ ખડી થઈ હતી. શિવરાજ ઝડપાયો.

"અમે છ મહિનાની મુસાફરી પર ગયાં હતાં." સરસ્વતીએ પોતાને જે નશો ચડ્યો હતો તેનો ઇતિહાસ કહ્યો : "અમે ઉત્તર હિંદનાં શહેરે-શહેર ઘૂમ્યાં. અમે અક્કેક દિવસમાં પાંચ-પાંચ સભાઓ કરી ભાષણો કર્યાં. મારાં ભાષણોની તો આગ લાગી ગઈ છે."

"લાગ્યા વિના ન જ રહે." શિવરાજ પોતે જ આ નાનકડા ભાષણથી સળગી ઊઠ્યો હતો તે પરથી ત્રિરાશિ બાંધી શક્યો.

"આ બાપુજી આવ્યા."

"તમારી જાતથી તો તોબાહ, બાઈ!" બુઢ્ઢા ડેપ્યુટીએ બેઠક પર પોતાનો દેહ પડતો મૂકતાં કહ્યું.

"તમારી જાતથી દસ હજાર વાર તોબાહ!" સરસ્વતીએ પિતાને સંભળાવ્યું.

"આજનો કેસ સાંભળવા તું આવી હોત તો જોઈ શકત."

"શું જોઈ શકત?"

"— કે તારી જાત કેટલી ઘાતકી ને ખૂની બની શકે છે. શિવરાજ, તમે વકીલાત માટે તૈયાર થઈ રહ્યા છો, ને આવો રસભર્યો મુકદ્દમો સાંભળવા ન આવ્યા? એક કણબણે પોતાના ધણીને ખોરાકમાં કાચ ખવરાવીને તરફડાવી-તરફડાવી માર્યો."

"ને એનો ધણી તો સાવ સોજો હશે? કાચ ન ખવરાવે તો બીજું શું કરે નિરાધાર સ્ત્રી? તમારો કાયદો એને પતિની પૂંછડીએ જકડી રાખે છે તેનું કેમ?" સરસ્વતી પાસે ગોખેલી ભાષા હતી.

"કાચ ખવરાવીને!" શિવરાજને કમકમાં આવ્યાં.

"મારી સામે જે જુબાનીઓ પડી છે તેમાંથી તો એક જ છાપ મારા મન પર પડી છે — એ નામર્દ હતો, મેંઢા જેવો હતો. બાયડીનો મદ માતો ન હતો. બીજા સાથે પરણવું હતું. ધણીને કહેતી કે, મને લખણું કરી દે તો હું બીજે જાઉં. ધણીનો બાપ કહે કે, મફત લખણું નથી કરી દેવું; પૈસા આપે. બસ, એટલા ખાતર કાચ ખવરાવી માર્યો!"

"તમે એની શી સજા કરવાના છો?" સરસ્વતીએ પૂછ્યું.

"સેશન્સમાં મોકલીશ."

"શિવરાજભાઈ!" સરસ્વતીએ કહ્યું : "તમારી સનંદ ઝટ લઈ લ્યો. સેશન્સમાં જઈ તમે એનો બચાવ કરો."

"શિવરાજને ચેલો મૂંડ્યો જણાય છે !" બાપે અંતરના ઊંડાણમાં પ્રસન્નતા અનુભવી.

"તમે જોજો તો ખરા — અમે બેઉ થઈને તમારા કાઠિયાવાડમાં આગ મૂકશું."

'આગ મૂકશું' એ પ્રયોગ સરસ્વતી એવી તો છટાથી ને દાઝભરી બોલી કે શિવરાજ એના હોઠ પર ધુમાડાની શેડ્ય કલ્પતો થયો.

"હું મારા ગુરુજીની પાસે પહોંચીશ, એમને કહી મુંબઈથી બૅરિસ્ટરો ઉતારીશ. હું તૈયાર થાઉં છું." એમ કહેતી એ ત્યાંથી ઊઠી ગઈ. મકાનના એક છેડાથી બીજા છેડા સુધીની ધરતી ગાજી રહી.

"શિવરાજ," ડેપ્યુટીએ સિગારેટ ખેંચતાં ખેંચતાં કહ્યું : "સરસ્વતી નવી ધૂનો લઈને આવી છે. મને તો જૂની આંખે નવો જમાનો સમજાતો નથી. તમે એની રક્ષા કરજો, હો ! એ પૂરપાટ ઘોડા પેઠે ક્યાંક ઠોકર ખાઈને ભાંગી ન પડે."

સરસ્વતીના પિતાના શબ્દોમાંથી શિવરાજને મીઠા ભાવિના ભણકારા સંભળાયા.

સંધ્યાકાળ થયો. છાપું આવ્યું. ધ્રૂજતે હાથે ડેપ્યુટીએ છાપુ ખોલ્યું. દર અઠવાડિયે આ વાર અને આ સંધ્યાકાળ એનું લોહી શોષી લેતો. છાપામાં પોતાનું શું નીકળી પડશે ! એ વાતનો અનેકનાં દિલો પર મોટો ધ્રાસકો હતો. અધિકારીવર્ગનાં તો લોહી થીજી જતાં. પોતાને વિશેના આક્ષેપથી રહિત અંક દેખાવો એ તો એક વિરલ આનંદની વાત હતી.

"લ્યો, ભાઈ !" વાંચતાં વાંચતાં ડેપ્યુટીએ કેમ્પના વર્તમાન મોટેથી સંભળાવ્યા : "આંહીંનો એક ધારાશાસ્ત્રનું શિક્ષણ લેતો જુવાન, એક નજીકના રાજ્યના મોટા અધિકારીનો સંબંધી, ગરીબ કિસાનની બહેન-દીકરીઓને ફસાવી રહ્યો છે. વિશેષ હવે પછી."

વાંચી ગયા પછી જ ડેપ્યુટીને ભાન આવ્યું કે પોતે ભૂલ કરી છે : જેને આ ફકરો લાગુ પડે છે તે તો સામે જ બેઠો છે. એના મોં પરથી નૂર ઊડી ગયું હતું.

ચુપચાપ ડેપ્યુટીએ છાપું બીડીને મૂકી દીધું. શિવરાજના મોં પર જાણે રૂની પૂણીઓ વળવા લાગી.

"જાવ, તમે તમારા અભ્યાસમાં ડૂબી રહો. સરસ્વતીને જાણ નહીં થવા દઉં." દીકરીના બુઢ્ઢા બાપે શિવરાજને પોતાના ભાવિ માટે સલામત રાખવા ફાંફાં માર્યાં.

શિવરાજ બેઠો હતો ત્યાં જ સુજાનગઢથી એના પિતાની ગાડીનાં પૈડાં બોલ્યાં.

બેઉ બુઢ્ઢાઓએ એકલા પડવાની ઇશારત કરી લીધી. ડેપ્યુટીએ સરસ્વતીને હાક મારી. સરસ્વતી આવી. બાપે કહ્યું : "તું શી ધમાચકડ કરી રહી છે ?"

"અમદાવાદ જવાની."

"કોની પાસે ?"

"ગુરુજીની પાસે. એમને જઈને આ કેસની વાત કરીશ."

"વારુ જા, પણ અત્યારે તો શિવરાજને કાંઈ નાસ્તો કરાવીશ કે નહીં ? છોકરો ભૂખ્યો થયો હશે. જા, બહાર બગીચામાં બેસારી કાંઈક ચવાણું પીરસ."

સરસ્વતી શિવરાજને બાગમાં લઈ ગઈ અને શ્વાસ પણ છોડ્યા વિના કહેવા લાગી : "હું ખાવાનું લાવું છું. પણ તમે ખરું કહો, આ ખૂન કરનાર બાઈને આપણે બચાવવી જોઈએ કે નહીં ? એનો શો અપરાધ ? એ મારી ન નાખે તો શું કરે ? હું તો સહી શકતી નથી."

શિવરાજનું દિલ છાપાના સમાચારથી વિકળ હતું. વળી એને સરસ્વતીની ધૂનમાં વધુ ને વધુ શુષ્કતા લાગી. વળી એના પેટમાં ભૂખ પણ હતી. ભૂખ્યા માણસને સ્ત્રી-સેવાના

ધમપછાડા ભાગ્યે જ ગમે. નાસ્તાની રકાબી ભરવા જતાં જતાં ચારેક વાર પાછી ફરીને સરસ્વતી એ-ના એ બબડાટ કરી ગઈ. રકાબીમાં ચવાણું પૂરતાં પૂરતાં એણે ચેવડાની બરણીને બદલે મીઠાની બરણીમાં ને મેવાના ડબાને બદલે કોકમના ડબામાં હાથ નાખ્યા.

અંતરના એકાદ સ્નેહબિંદુની વાટ જોતો શિવરાજ નિરાશ થયો. સરસ્વતીનાં નેત્રોમાં, મોં-માથે, ચેષ્ટામાં — ક્યાંય એણે ઉરની ઊર્મિની કિનાર પણ ન દીઠી. એની એ જ વાતો : આંહીં ગયા'તાં : ત્યાં આવું ભાષણ કર્યું'તું : પેલે ગામ અમને માનપત્ર મળ્યું'તું : સ્ત્રી-જાતિને અમે ખળભળાવી મૂકી'તી : નાટ્યપ્રયોગમાં મારો બંડખોર કન્યાનો પાઠ આવ્યો ત્યારે તાળીઓના ગડગડાટ થયા હતા, વગેરે વગેરે.

શિવરાજને ખાતરી થઈ કે પોતે શોધતો હતો તે બારી તો બિડાઈ ગઈ હતી.

## ૮. બે વચ્ચે તુલના

**શિ**વરાજ અને સરસ્વતી વચ્ચે જ્યારે સો જોજનનું અંતર પડી રહ્યું હતું, ત્યારે એમના બંનેના બુઢ્ઢા પિતાઓ અંદર બેઠા બેઠા જુદો જ વાર્તાલાપ છેડી રહ્યા હતા. ડેપ્યુટીએ જ પ્રશ્ન ઉખેળ્યો હતો : "આપણે બંને પરદેશીઓ છીએ. વતનમાં કોઈ આપણાં છોકરાંને સંઘરશે નહીં, ને આંહીં પણ ગુજરાતીઓ પોતાને સુધારકો કહેવરાવે છે એટલું જ માત્ર. આંહીંના સંસારસુધારા સમાજો અને થિયોસોફિકલ સમાજ એ તો એના સભ્યોને મન શોભાની કલગીઓ છે. બાકી એ કોઈ કુટુંબમાં આપણાં છોકરાંનો સંસાર બંધાવાની આશા રાખવા જેવું નથી."

"હું જાણું છું. એમાંના ઘણાખરા લોકો કુલીનો છે; કુલીનો હોવાનો દાવો કરે છે ને એક-બે આંતરજાતીય લગ્નો પોતાને ત્યાં થયાં છે એવું અભિમાન લે છે. પણ મારા જેવા કાઠિયાવાડમાં પરણેલાઓને તો એ ઊતરતી જાતના જ ગણે છે."

"મને ડગલે ને પગલે ફાળ પડે છે, કે આ સરસ્વતીને કોઈક અમદાવાદી જુવાન લગ્નની લાલચ આપશે ને પાછળથી એનાં કુટુંબીજનોની કુલીનતાનું દબાણ આવશે ત્યારે એ છોકરીને ધક્કો દેશે."

"ને શિવરાજની મા તો ઢેડડી હતી એમ આજ પણ છાને ખૂણે વાતો કરનારા સુધારકો પડ્યા છે!"

"આપણે બંને આપણી મૈત્રી છોકરાંનાં જીવનમાં ન રોપી શકીએ?"

"એમને એમની જાતે જ નિર્ણય લેવા દઈએ તો?"

"આપણા મનોભાવની એમને જાણ થાય તો એમનો રસ્તો સરલ બનશે."

"ભલે."

સરસ્વતી અને શિવરાજ અંદર આવ્યાં. સહેજ શ્યામવરણો શિવરાજ અને ગોરી સરસ્વતી એકમેકથી ખીલતાં હતાં. શિવરાજના ગાંભીર્ય ફરતી સરસ્વતીની ચંચળ ધૃષ્ટતા, મેઘ ફરતી જ્યોતની કિનાર ટાંકતી વીજળીનું સ્મરણ કરાવતી હતી. પરંતુ આંતરિક વિરોધને ન ઉકેલી શકનાર બંને બુઢ્ઢાઓ આ દેખાતા મેળથી છેતરાતા હતા.

શિવરાજ જોડા પહેરવા લાગ્યો.

"ઘેર આવવું છે ને?" પિતાએ પૂછ્યું.

"હા જી."

"ક્યાંથી લેતો જાઉં ?"

"હું રસ્તા પર પીરની દરગાહ પાસે આપની રાહ જોઈશ."

"સારું."

"વારુ ત્યારે, આવજો!" એટલો વિવેક કરીને જ સરસ્વતી પોતાના ઓરડામાં ધસી ગઈ. ત્યાંથી એના સ્વરો ઊઠતા હતા. શિવરાજ ચાલ્યો જતો જતો સાંભળતો હતો :

*જુગજુગના અન્યાય —*
*ભેદો જુગજુગના અન્યાય;*
*પુરુષજાતિ ફીટ જાય —*
*ભેદો જુગજુગના અન્યાય.*

કેમ્પની બહાર ચાલ્યા જતા શિવરાજને પછવાડેથી કોઈક હાકલા થતા સંભળાયા. પોતે પાછળ જોયું. ખેતરમાંથી આડે માર્ગે રામભાઈ દોડ્યો આવતો હતો — શિવરાજનો સ્નેહી અને દેવકૃષ્ણમહારાજનો દીકરો.

રામભાઈ આવીને ઊભો રહ્યો ત્યારે એના ચહેરા પર ફિક્કાશની ફૂગી વળી ગઈ હતી. કાંઈ બોલ્યાચાલ્યા વિના જ એ કોઈ ગુનેગારની જેમ ઊભો રહ્યો.

"કેમ ? દોડ્યો આવ્યો ને બોલતો કેમ નથી ?"

રામભાઈનાં નેત્રોમાં જળનું કૂંડાળું હતું — જેવું કૂંડાળું કોઈ કોઈ વાર ચંદ્રમા ફરતું અંકાય છે.

"અમે બધાં આજે ઘરમાં રડ્યાં-કકળ્યાં છીએ. મારી બા અને મારી બહેનો તારી માફી માગે છે."

"શા માટે ?"

"મારા બાપુએ તને છાપામાં બદનામ કર્યો છે એ ખબર પડતાં જ અમારા બધાંના હોશ ઊડી ગયા છે. શિવરાજભાઈ, તું..."

રામભાઈએ શિવરાજનો હાથ ઝાલી લીધો.

"અમે એને પનારે પડ્યાં છીએ. અમે એની ગંદી રોટલી ખાઈને જીવીએ છીએ!"

"તું મનમાં કાંઈ ન લાવ."

"મારી બાએ ને બહેનોએ એક વાર તને મળવા તેડાવ્યો છે."

"કાલે આવી જઈશ."

"મનમાં કાંઈ... ?"

"કાંઈ નથી — હતું તે ઊતરી ગયું. જા, તું તારે."

"મારી બાએ તલ અને દાળિયાના લાડવા કર્યા છે; તને ચખાડવા છે."

"તેં તો આજ સુધી એકલા એકલા ખાધા કર્યા ને!"

"ના, હું અડક્યો જ નથી. અમારા ખેતરમાં એ વાઘડાની દીકરીનાં ને એની માનાં આંસુ છંટાય છે. હું એ તલના લાડવા જોઉં છું ત્યાં મને એ યાદ આવે છે."

"મને તો થાય છે કે તારા બાપુની પાછળ તું ખેતર-વાડી સાચવી રહ્યો!"

"બાપુ પણ મને એમ જ કહે છે; એમાં તું નવું શું કહી રહ્યો છે ?"

"અજવાળીને હજુય એનો બાપ મારે છે ?" શિવરાજે અજવાળીની વાતનો તાંતણો ન ગુમાવ્યો.

"પરણાવી'તી પૈસા લઈને, ત્યાંથી વળતે જ દિવસે બહાનું કાઢીને પાછી લઈ આવ્યો છે, તે હવે મોકલતો નથી."

"કેમ ?"

"ફરી વાર ઘરઘાવીને પૈસા કમાવા માટે. એ શિખવણી પણ મારા બાપુની જ છે."

"શા માટે પણ ?"

"બાપુને પોતાનું લેણું પતાવવું છે. મારાથી તો હવે ઘરમાં રહી શકાતું નથી, ભાઈ !"

"હવે ક્યાં ઝાઝી વાર છે ? એક વર્ષ પછી તું પણ તારો સ્વતંત્ર ધંધો માંડી શકીશ."

"પણ આ સંતાપનો માર્યો વાંચવામાં મન જ પરોવી શકતો નથી ને !"

"મને પાસ થઈ જવા દે. પછી મારી જોડે જ રહેજે."

સંધ્યાકાળના ચોર જેવા ચાલ્યા જતા અજવાળામાં દૂર દૂર સરતો જતો કાળો ડગલો રામભાઈની આંખોએ પારખી લીધો : એ હતા દેવકૃષ્ણમહારાજ. ડરેલો રામભાઈ બીજી દિશામાં સરકીને ચાલી નીકળ્યો.

ગામડાનાં ખોરડાંમાંથી સાંજના રાંધણાનો ધુમાડો છાપરાં વીંધતો હતો. છાપરે છાપરે ધુમાડાની શેડ્યો ગૂંચળાં ખાતી ખાતી નીકળતી હતી. પડી ગયેલો પવન ગુંડાશાહી કરી કરીને એ ધુમાડાની રેખાઓને આમ કે તેમ ક્યાંય જાણે કે છટકવા દેતો નહોતો. ખેતરમાં ભરવાડો ગાડર ને બકરાં દોહી રહ્યા હતા. નાનાં બચળાંના બેંબેંકાર ગામના વાતાવરણમાં કોઈ અકળ ઉદાસી ભરતા હતા. ભરવાડના કૂતરા એક ગધેડીના પગને બચકાં ભરી ભરી રાતના ભોજનની વહેલી વહેલી તજવીજ કરતા હતા.

અજવાળી એ વખતે ઓરિયાની માટી ખોદીને ચાલી આવતી હતી. શિવરાજને જોતાંની વાર જ એને શરમની ફાળ પડી. પોતાનું ઓઢણું એણે સંકોડીને હૈયા પર ઓઢી લીધું. પણ એ સંકોડવું ન સંકોડવું એકસરખું જ હતું. ઓઢણાના તો લીરા લીરા થઈ ગયા હતા.

બાપાની સાથે ડાકણરૂપ ધરીને બાખડનારી તે દિવસની પ્રભાતની અજવાળી, અને ઉદાસ સંધ્યાના કરુણાર્દ્ર વાતાવરણની વચ્ચે ઉદ્યમ કરીને એકલી ચાલી આવતી અજવાળી, એકબીજાથી જુદી જ હતી.

'હું વકીલ થઈ જાઉંને એક વાર,' શિવરાજને વિચાર આવ્યો : 'તો પછી આ છોકરીને એના બાપના જુલમોમાંથી છોડાવી દઉં.'

ગામના ઝાંપામાં પેસીને અદીઠ બની ત્યાં સુધી અજવાળી એક જ સરખી લજ્જાળુ ચાલે ચાલી જતી હતી. સંકોડેલા ઓઢણાને એણે છેવટ સુધી ઢીલું મૂક્યું નહોતું. એની અદબમાં કોઈ પ્રકારની બનાવટ ન લાગી. એણે કુતૂહલથી પાછળ પણ જોયું નહીં.

સરસ્વતી અને અજવાળી વચ્ચે શિવરાજના અંતરમાં આપોઆપ સરખામણી સ્ફુરી : પુરુષોના સિતમો સામે પડકાર કરતી સરસ્વતી હજુ પુરુષજાતના એક પણ સિતમનો અનુભવ ચાખ્યા વિનાની જ હતી. અન્યાયોની સામે હાકલ કરવાનો જાણે કે એ કોઈ નાટકિયો પાઠ કરી રહી હતી. એની પાસે શબ્દો હતા. અજવાળીને મોંએ ને હૈયે મૌન હતું. સિતમોના સોળ એની રગ રગ પર ઊઠ્યા હતા. ઝઝૂમવાનું જોમ તેમ જ ઝનૂન — બંને એના મનમાં ભરપૂર હતાં, છતાં અજવાળીના સ્વભાવની ક્રિયા જુદી હતી. આ સરસ્વતીઓ, આ શહેરની સભાઓ ગજવનારીઓ, કદી આ અજવાળીના અંતઃકરણ સુધી પહોંચવાની છે ? નાટક અને જીવન વચ્ચેનો ફરક સમજવાની છે ? ઉકેલ આપવાની છે ?

ના, રે ના. સરસ્વતીઓને એનો પોતાનો જુદો જ વર્ગ છે — વર્ગીય અભિશાપ છે. અજવાળીઓનો સમૂહ અલગ છે. સ્ત્રીજાતિ નામના એક વર્ગ નીચે એ બે સમૂહો આવી શકે નહીં. બંનેનાં શરીરો જ કેવળ સ્ત્રીત્વની છાપ ધારણ કરી રહ્યાં છે. એ છાપની એકતા ઉપરાંત બંને સમૂહોને એકબીજા સાથે કોઈ જાતની નિસબત નથી.

## ૯. ઘર કે ઘોરખાનું !

"હવે ચાલો, સૂઈ જવાનું છે." બુઢ્ઢા માલુજીએ ટેબલ પર માથું ઢાળીને ઝોલાં ખાતા શિવરાજને રાતના દશ વાગ્યે હુકમ કર્યો.

માલુજીને શિવરાજની વધતી જતી ઉંમરનું ભાન ન આવ્યું તે ન જ આવ્યું ! માતાએ સોંપેલો શિવરાજ કદી માલુજીના મનથી મોટો થયો જ નહોતો.

સુવાડીને ઓઢાડતાં માલુજીએ પૂછ્યું : "સરસ્વતીબાઈ તો ગયાં તે ગયાં જ ! પાછાં ડોકાણાં પણ નહીં ?"

"આપણે શું કામ છે ?" શિવરાજે ટૂંકોટચ જવાબ વાળ્યો.

"તમને કાંઈ વિચાર થાય છે કે નહીં ?"

"શાનો ?"

"આ તે ઘર છે કે ઘોરખાનું ?"

"એટલે ?"

"મારાથી હવે તમારી આડોડાઈ નથી વેઠી શકાતી. તમારી સંભાળ લેનારું કોઈક આવશે નહીં, તો તો તમે ખાવામાં બે રોટલીએ ઊતરી ગયા છો તે હવે વા ભરખીને જ જીવવા મંડવાના."

શિવરાજ ન બોલ્યો, એટલે માલુજીએ કબાટનાં બારણાં નિષ્પ્રયોજન ઉઘાડબીડ ઉઘાડબીડ કરતે કરતે બોલવા માંડ્યું :

"ડોસો બચાડો આખો જન્મારો ખેંચ્યે જ જશે; ને આ ભર્યા ઘરનું ભૂતખાનું કે'દીય આળસશે જ નહીં ! ખેડુની બાયડિયું કમ્પાઉન્ડની બા'ર ઊભી ઊભી મોં આડે લૂગડાં રાખીને જોયા જ કરે છે — કે આ તે કેવા માણસ ! વરસું વીત્યાં તોય આ ઘરમાં બે માણસનાં ત્રણ બન્યાં જ નહીં ! ઉપર જાતાં મને સૌ ટોણા મારે છે કે, તારે, માલુજી — તારે એકહથ્થુ રાજ કરવાં છે એટલે જ તેં સાહેબને ફરી પરણવા ન દીધા, ને ભાઈનુંય ઘર પણ તું જ બંધાવા દેતો નથી. દરવાજે બેઠો બેઠો ઓલ્યો બૂઢિયો ચાઉસ પણ મને જ ઊધડો લેતો ફરે કે, બસ, માલુજી, તું કાંઈ અમરપટો લઈને નથી આવ્યો ! સાહેબની, મારી ને તારી — ત્રણેની બાજરી હવે ખલાસ થવા આવી, તોય હજી ઘરનું ઠેકાણું પડ્યું નહીં."

શિવરાજ કામળ નીચે પડ્યો પડ્યો રમૂજ પામતો હતો. માલુજીએ શિવરાજની ચોપડીઓ સરખી પડી હતી તોપણ ઠબકારી ઠબકારી નવેસર ગોઠવતે ગોઠવતે કહેવાનું બહાનું શરૂ રાખ્યું : "હું તમને કહી રાખું છું. સાહેબનું જે દી આંખમાથું દુખશે ને, તે દી પછી હું પણ સાજો નથી રહેવાનો. મારે એમને વળાવીને વાંસે રે'વું નથી; હું એમની આગળ જ એમની પથારી કરવા હાલ્યો જઈશ. પછી તમે જાણો ને તમારું આ ઘોરખાનું જાણે !"

બબડતો બબડતો માલુજી બહાર નીકળી ગયો — અને કોઈ દિવસ નહીં ને માત્ર તે જ દિવસે રાતે એણે શિવરાજના ઓરડાનું બારણું જોરથી બંધ કર્યું.

શિવરાજે પહેલી જ વાર મકાનના છાપરા પર માર્મિક નજર કરી : સાચે જ, શું આ ઘર ઘોરખાનું છે? એણે કાન માંડ્યા : કબ્રસ્તાનના જેવો કોઈ કરુણ હાહાકાર આંહીંના વાતાવરણમાંથી સંભળાય છે? આ શૂન્યતા કોઈ ફક્કડ યોગી-તપસ્વીના નિવાસની છે — કે કોઈ સ્વજન-ઝૂરતા રાગભરપૂર રહેઠાણની? આંહીં કોઈ બાળક કેમ રોતું નથી? આંહીં છોકરાંના કજિયા કેમ ચૂપ છે? પતિપત્નીના ધમધમાટા આંહીંથી પૃથ્વીના પેટાળમાં ક્યારે સમાઈ ગયા? હું ને પિતા શું આ ઘરમાં — વીશ વર્ષો દરમ્યાન જ્યાં જ્યાં ગયા ત્યાં પ્રત્યેક ઘરમાં અમે નિર્જનતાને જ વસાવી છે શું? મારી બા, મારી બહેન, મારાં નાનાં ભાંડુઓ, કૂતરાં ને બિલાડાં, મરઘાં ને બતકો, ચકલી ને ખિસકોલી — કોઈ કરતાં કોઈ કેમ નથી બોલતું? બધાં એકાએક જ શું બંધ પડી ગયાં? બધાં એકાએક બહારગામ તો નહીં ચાલ્યાં ગયાં હોય?

નીંદરમાં શિવરાજ જાણે કે ઘોરખાનાની ઘોર પછી ઘોર ફોળતો ફોળતો ઘૂમતો હતો.

છ મહિના ગયા. શિવરાજે પરીક્ષા પાસ કરી.

"ભાઈને હવે આંહીં આપણા રાજની જ સનંદ લેવરાવોને, સાહેબ!" ગામના શેઠિયાએ આવી સારું લગાડવા માંડ્યું.

"પોતાની જાતનો દુશ્મન હોય તે જ જુવાન પોતાના બાપની છાયાનો આશરો ગોતે." દેવનારાયણસિંહે શેઠને કહી પુત્રને સંભળાવ્યું.

"પણ આપના ઇન્સાફની કડકાઈ પર કોઈથી થોડો આક્ષેપ થઈ શકે છે?"

"તમે ભૂલો છો." દેવનારાયણસિંહે હસીને કહ્યું : "દીકરો વકીલ બનીને સામો ઊભો રહે, ત્યારે જાણ્યેઅજાણ્યે પણ એની બાજુએ ન ઢળી જાય એવું હૈયું લઈને કયો બાપ જન્મ્યો છે આ જગતમાં?"

"તો ક્યાંક ભલામણપત્ર લખીને નોકરી અપાવો. એમ ભાઈને રઝળતા મૂક્યે કંઈ ચાલે? એને આમ નહીં ઠેકાણે પાડો તે કાંઈ કામ આવે? વાડ્ય વગર કાંઈ વેલો ચડે!" શિવરાજ માટેની પોતાની ચિંતા શિવરાજના સગા પિતા કરતાં પણ પોતાને વધુ છે એવું બતાવનાર આ શેઠ એક અપવાદ નહોતા, પણ એવા એક આખા વર્ગના પ્રતિનિધિ હતા.

જવાબો આપવા એ જ્યારે બેવકૂફી જેવું લાગતું ત્યારે દેવનારાયણસિંહ જોરથી હસી લેતા. માણસોની ઢોંગીલી હમદર્દી પર ગરમ બનતા મગજને માથે આ હાસ્ય જ ઠંડા જળની ધાર જેવું બની જતું. એમણે શિવરાજને કહ્યું : "પરીક્ષા પાર કરી એટલે માત્ર પ્રવેશદ્વાર. અંદર પ્રવેશ કરવા પૂર્વેની તાલીમ હજુ તારે કોઈ વકીલની હૂંફે હૂંફે લેવાની છે. એકથી લાખ રૂપિયાનો પણ કેસ લઈને કોઈ આવે તો અડકવાનું નથી, કેમ્પમાં પાટિયું મારવાનું નથી. માત્ર મકાન રાખીને વ્યવહાર-જ્ઞાન મેળવી લે. એક વર્ષ વીત્યે રાજકોટ જઈ પ્રેક્ટિસ માંડજે."

કેમ્પમાં શિવરાજને મકાન અપાવવા પણ કોઈ ન ગયું. પોતાની મેળે જ એને પોતાનું ફોડી લેવાનું હતું.

# ૧૦. 'એને ખેંચી લે !'

**સાં**જની સભામાં હાજરી આપીને પાંચ પુરુષો અમદાવાદ શહેરના ધોરી માર્ગ પર ચાલ્યા આવતા હતા. કોઈ મૂએલા ઢોરને ચમારો ઊતરડતા હોય તેવી રીતે તે પાંચે જણા તાજા સાંભળેલા ભાષણની ખબર લેતા હતા :

"ફક્ત ભાષાની ગોફણો ફેંકતી'તી."

"પ્રત્યાઘાતી વિચારોનો મહાધોધ જાણે."

"મગજમાં જુનવાણી યુગનાં જ જાળાં બાઝ્યાં છે. વેદ, શ્રુતિ અને મહર્ષિ દયાનંદનાં ચકરડાંમાં રમે છે — ચક્કર પર કૂદતા ઉંદરડાની માફક."

પાંચમાં એક માણસ, જરા મોટી ઉંમરનો, તદ્દન ચૂપ હતો. બીજો — તાજા દૂધની ગરમી-શી જેની ચડતી જુવાની હતી તે જુવાન — ફક્ત એટલું જ બોલ્યો : "તાકાત તો છે ને ?"

હનુમાનની દેરી આવી. રસ્તો ખાડિયાના ઊંડાણે પડેલા લત્તામાં ઊતરતો હતો. ત્રણ જુવાનો જુદા પડ્યા. જુદા પડવાની સલામ તરીકે એક જણે હાથ ઊંચો કરી કહ્યું : "લોંગ લિવ (ઘણું જીવો) —"

"રેવોલ્યુશન (ક્રાંતિ) !" બીજા ત્રણેએ જવાબ વાળ્યો. મોટી ઉંમરનો પુરુષ ચૂપ રહ્યો.

ભર્યા ભાદરવા માસના ચડતા જુવાળવાળા પહાડી વોંકળાઓની પેઠે છલંગો મારતા એ ત્રણ જુવાનોનાં જુલફાં સુધરાઈની બત્તીને અજવાળે દૂર દૂર સૂધી પણ ઊડતાં દેખાયાં.

બાકીના બે એકલા પડ્યા. મોટાએ જુવાનના હાથનો પંજો ઝાલીને કહ્યું : "ચાલો, થોડી વાર બેસીએ."

સામે જ હોટેલ હતી. રસ્તો વળોટવા જતાં જમણી ગમથી ધસી આવતી એક મોટરે કરડો ઘુરકાટ કર્યો.

જુવાન હેબતાયો, મોટાએ એનો પંજો ખેંચીને સામી ફૂટપાયરી પર જવા માંડ્યું.

મોટર ધસી આવી. મોટેરાએ જુવાનને મોટર તરફ જ ઝાલીને રાખ્યો હતો તે જકડી જ રાખ્યો. મોટરનો આગલો ખૂણો જુવાનને સહેજ અડકી ગયો. બ્રેક મારનાર મોટર-સવાર એક મિનિટ સુધી શ્વાસ ન લઈ શક્યો. પછી ટટાર થઈને એણે સામી પગથી પર પહોંચેલા એ બેઉ જણા પર કરડી આંખ મારી.

હોટેલનાં પગથિયાં ચડી રહેલ બેઉમાંથી મોટેરાએ તો પાછળ જોવાની પણ તસ્દી ન લીધી.

મોટર-સવાર પોલીસ-અમલદાર હતો.

એણે મોટર ફરી ચાલુ કરી. "ઓળખું છું તને, બચ્ચાજી !" એટલું જ કહીને એ ઊપડી ગયો.

હોટેલનો સૌથી છેવાડો ખૂણો ગોતે છે — કાં કોઈ આધેડ ઉંમર વટાવી ગયેલું ને જીવનમાં પહેલી જ વાર પધારતું જુનવાણી યુગલ, કાં ગુજરાતમાં ગરાસિયા તરીકે ખપતા કાઠિયાવાડના હરિજનો — ને કાં વિપ્લવનાં સ્વપ્નો ઘડનારા નવીનો.

"મને તમે મારી જ નાખત ને !" જુવાને મનની ચંચળતા બતાવી.

"તોયે શું !" મોટેરાએ અરધું હાસ્ય કર્યું. એના સ્વરમાં શિયાળુ વેરાનની ઠંડાઈ હતી.

જુવાન એની ઠંડાઈ પ્રત્યે જોઈ રહ્યો. મોટાએ જમણો પંજો ખોલીને ચાના ટેબલ પર પાથર્યો. એણે બતાવ્યું નહીં, કંઈ કહ્યું નહીં. જે કહેવાનું હતું તે એનો પંજો જ કહી રહ્યો હતો. આખા પંજામાં કોઈ જૂના દાહની ઊંડી દાઝ્યો હતી.

જુવાને આ પંજો પૂર્વે પણ જોયો હતો; અત્યારે જોઈને એને થરેરાટી છૂટી ગઈ.

પંજો બોલતો હતો : "હજુ આ તો બાકી છે. અત્યારથી જ શું મરું મરું કરે છે!"

પોતાનો ચાનો પ્યાલો જુવાને મોંએ લીધો. મોટાએ પ્યાલાને ટેબલ પર જ રહેવા દઈ પોતાનું મોં નીચે સુધી લીધું.

એની આંખો જુવાન સામે તાકતી હતી — જાણે કોઈ ઝાડીમાં લપાઈ રહેલો વાઘ જોતો હતો.

"શું ધાર્યું?" એણે જુવાનને પૂછ્યું.

"શાનું?"

"ભાષણ કરનારીનું."

"એટલે?"

"એનામાં તાકાત છે ને?"

જુવાનના પોતાના જ બોલને આ મૂંગા માણસે પોતાના મૌનના વીંછી-આંકડામાં જાણે કે પકડી લીધો હતો.

"એ તાકાત આપણામાં ભળે તો?" મોટો હજુય બિલ્લી-આંખે ટેબલ પરનો પ્યાલો પીતો પીતો ઊંચે નજર માંડી રહ્યો હતો. ખરી રીતે એ ચા પીતો નહોતો, પણ હોઠને ભીંજવી જ રહ્યો હતો.

"કેવી રીતે ભળે? આપણે એનામાં અભ્યાસ અને ભાવના ભરવી જોઈએ."

"નાદાન!" મોટાએ ચાના ભર્યા પ્યાલામાં ફક્ત હોઠ પલાળતે જ કહ્યું : "ક્રાંતિ ત્યાં સુધી વાટ જોઈને ઊભી રહે? ક્રાંતિ દરવાજા પર ટકોરા દઈ રહી છે; સાંભળતો નથી?"

"શું કહેવા માગો છો?"

"એને ખેંચી લેવી."

"પણ કેવી રીતે?"

"રસીથી."

"રસીથી?"

"હા; એ રસી તારી આંખોમાં જ છે."

જુવાનને લાગ્યું કે આ શબ્દો કોઈ ઝીણાં જીવડાં બનીને પોતાની આંખોમાં ફરવા લાગ્યાં છે.

"એને બાંધી લે."

"શું? — શું? આ તમે કેવી વાત કરો છો, પ્ર —"

"ચૂપ! નામબામ ન ઉચ્ચારવું. હું ઠીક વાત કરું છું : ક્રાંતિના દીપકમાં પૂરવાનું દિવેલ ચોરવું, છીનવવું કે ઉધાર લેવું — એ ધર્મ છે."

"પણ મને એના પ્રત્યે કોઈ ભાવ જ ઊપજતો નથી."

"ભાવ ન ઊપજે તો કંઈ નહીં; ભાવને જાતે જ બનાવી લેવો. સ્વયંસ્ફુરણા તો શાયરોને માટે જ રહેવા દઈએ."

યુવાનની આંખોમાં ભૂતો ભમવા લાગ્યાં. મોટાએ હજુપણ પ્યાલાની સપાટી ઓછી

કરી નહોતી. એક વાર હોઠ ઝબોળીને એણે કહ્યું : "એના પિતાની એ લાડીલી છે; પૈસા લાવી શકશે. શક્તિ છે — ને સંપત્તિ મળશે. આપણા પંદર ભાઈબંધો ભૂખે મરે છે તેની તને લજ્જા નથી આવતી?"

"પણ મારી લાગણીનો તમને વિચાર નથી આવતો?"

"એ લાગણી ક્રાંતિની શત્રુ છે. ક્રાંતિ આવ્યા પછી કરોડો હૃદયોને એ લાગણીથી લીલાલહેર થઈ રહેશે. તારા જેવો ચહેરો ને તારા જેવી કાળી સુંદર આંખો અમને મળી નથી. તને એ મળી છે તે કોને માટે? — શાને માટે? ક્રાંતિને માટે — શોભાને માટે નહીં. ઊઠ, એને તારી કરી લે."

બેઉ ઊઠ્યા. મોટાએ ફરીથી જુવાનનો પંજો પકડ્યો. હોટેલમાંથી નીકળતે નીકળતે એણે એ પંજો જોરથી દાબ્યો; દાબતે દાબતે કહ્યું : "તું ઉગ્રભાષી છે, ક્રાંતિનો લાડીલો છે."

ફરી પાછી સામી ફૂટપાયરી પર જવા માટે ઝીંકાઝીંક ચાલી. જતાં વાહનોની ગિરદી વચ્ચે મોટો આ જુવાનને ખેંચી ખાબકી પડ્યો. વાહનોની ચીસાચીસોની વચ્ચે મોટાના છેલ્લા બોલ સંભળાયા : "નામ તો પછી બદલવું પડશે. 'સરસ્વતી' નામમાં ક્રાંતિની ઘાતક કોઈ જુનવાણી સુગંધ છે."

બેઉ મિત્રો રાજમાર્ગમાંથી બહાર નીકળી ગયા. મોટાએ જુવાનની છાતી પર પંજો મૂક્યો — ને કહ્યું : "કલેજું ફફડી ઊઠે છે ત્યાં સુધી ક્રાંતિની ઝંખના જૂઠી છે. તારાં પ્યારાં શાસ્ત્રોએ પણ નિર્મમ થવા પ્રબોધ્યું; તારી માનીતી 'ગીતા'એ 'વિગતજ્વર' બનીને ધર્મયુદ્ધ કરવા ફરમાવ્યું છે."

જુવાનના ચહેરા પર આ શબ્દો જાણે કે તમાચા બની પડ્યા હતા. એનો ક્રાંતિકારી વડીલ આજે શાસ્ત્રો ટાંકતો હતો. એ શાસ્ત્ર-વચનનો ઇન્કાર-પ્રતિકાર થઈ શકે તેમ નહોતું.

" 'ગીતા' તો ક્રાંતિવાદની હિમાયત કરનારો મહાગ્રંથ છે," વડીલની મુખરેખાઓ તુચ્છકારના ભાવમાંથી સળવળીને ધર્મના રંગો ધારણ કરી રહી : "પણ 'ગીતા'નો દુરુપયોગ થયો છે. ક્રાંતિના છેલ્લા પડકાર કરતી 'ગીતા' આજે તારા સંતડા અને સાધુઓને પનારે પડી રહી છે. હું જન્માન્તરમાં માનતો હોત તો કહેત કે કૃષ્ણનો આત્મા જ્યાં હશે ત્યાં આજે માથાં પટકતો હશે."

"તમે કોણ છો?" જુવાન આ અકળ પુરુષને તાકી તાકી જોઈ રહ્યો.

"હું કોણ છું?" વડીલ હસ્યો : "હું ક્રાંતિ છું, હું એક ભાવના છું. હું જગતનો સરવાળો અને બ્રહ્માંડનો નિષ્કર્ષ છું. માનવતાના ક્ષીરસાગરની હું મલાઈ છું — બીજું કશું નથી. તું પણ બીજું કંઈ નથી રહેવાનો. ક્રાંતિ એક એવો સરવાળો છે કે જેમાંથી બાદબાકી થઈ શકતી નથી."

ક્રાંતિનો એ ભક્ત પોતાના જુવાન શિષ્યને નિગૂઢતાના ભયાનક સૂરે ગૂંગળાવી રહ્યો.

"તું એને તારી કર — મારે ખાતર નહીં, તારે ખાતર નહીં, ક્રાંતિને ખાતર તારી કર. તું પોતે નિર્મમ બનવા ખાતર આ ભયાનક માર્ગની ઉપાસના કર. પછી જોજે તું, તારું દિલ કોઈ એક સમાધિમાં લીન બની જશે. આપણા સર્વની અંદર વિષાદમાં પડેલા અર્જુનને કૃષ્ણની 'ગીતા' હાકલ કરે છે."

નદીનો પુલ આવી ગયો. વડીલે કહ્યું : "હું સ્નાન કરવા જઈશ. તું તારે કામે પહોંચ. આ ઊભું એનું છાત્રાલય. એને ઉપાસ! ક્રાંતિને ઉપાસ!"

"આવી કડકડતી ટાઢમાં તમે સ્નાન કરવા...?" જુવાને વડીલના દૂબળા શરીરની હડ્ડી દેખી. આ મલોખાનું માળખું નદીના પાણીમાં પડતાં જ થીજી જશે તેમ લાગ્યું.

"ટાઢ તો બહાર છે, અંદર આગ છે. ને આત્મા અમર છે. શરીર તો એનું આજ્ઞાધીન સૈનિક છે. મૂઠીએક હાડકાંને ભેગાં રાખતાં તો ફૂટપાથ પરનાં ભિખારીઓને પણ આવડે છે. એનું ગુમાન નથી કરવા જેવું."

એટલું કહીને વડીલ પુલની નીચે ઊતરી ગયો. જુવાનના અંતરમાં ક્રાંતિનો રણકાર ઊઠ્યો હતો. સામટા સો ઘંટારવે ઘોરતા કો મંદિરનો ઘૂમટ જાણે તેની હૃદય-ગુફામાં કોતરાઈ ગયો. એ સરસ્વતીના છાત્રાલયમાં પેઠો. એ સરસ્વતીને ઓળખતો હતો. બેઉ મળ્યાં હતાં. એકબીજાને અનુરાગ પણ હતો. પરંતુ એમાં પ્રેમની મુગ્ધતા નહોતી.

## ૧૧. મૂંગી શૂન્યતા

**રા**ષ્ટ્રની જુવાની જે કાળે આવા અગ્નિરસનું પાન કરી રહી હતી, ત્યારે શિવરાજ સોરઠના એ સરકારી કેમ્પમાં બે ઓરડા ભાડે રાખીને વકીલાતની તાલીમ મેળવવા બેઠો હતો. માતૃભૂમિનાં ગાનો ગજાવતી નગરફેરીઓ નીકળતી હતી, તેની વચ્ચે શિવરાજ પોતાની વર્ષો પૂર્વે મિટ્ટીમાં મળી ગયેલી માતાની જૂની છબી પાસે સવાર-સાંજ ધૂપ ચેતવતો હતો. રાષ્ટ્રદેવની પ્રતિષ્ઠામાં તલ્લીન બનેલા માનવ-સમૂહની વચ્ચે આ જુવાન પોતાના પિતાની દેવમૂર્તિને દિલમાં પધરાવી રહ્યો હતો, પોતે પોતાનામાં જ મસ્ત હતો. કેમ્પના છોકરાઓ પણ એની ઠેકડી કરતા હતા. મકાનના ધણી એક શેઠ હતા તે પણ જ્યારેત્યારે ત્યાં આવીને તાજુબી બતાવતા કે, "ભાઈ, તમે ઊઠીને આજ કેમ આ જાગ્રતિની ગંગામાં ના'તા નથી? તમારે શી ખોટ છે?"

શિવરાજ પાસે એ વાતનો કોઈ જવાબ નહોતો.

"આંહીં ખીલીઓ ખોડતા નહીં, હો ભાઈ!" શેઠ આખરે મુદ્દાની વાત પર આવી જતા : "ને સ્ટવ સળગાવો છો, પણ જોજો — મારી દીવાલો કાળી કરતા નહીં."

જતાં જતાં શેઠ પાછા ફરીને કહેતા : "આ તો બધું ભાઈ, દીકરો દેશસેવા કરી શકે તેટલા ખાતર થઈને હું સાચવું છું. એને તો ધૂન જ લાગી ગઈ છે હરિજન-સેવાની ને લોકસેવાની. એ કાંઈ આ મકાનમાં ચૂનાની એક પોપડી ઊખડશે તેનેય થોડો ચંદાવવાનો છે? એ માટે આ રખેવાળી કરવી પડે છે. એ હવે સભાઓ ને સમિતિઓમાંથી થોડો બહાર નીકળવાનો છે? એનો ભરોસો નથી તેથી તો આ તમામ ઇસ્કામત એના દીકરાના નામ પર ચડાવી દીધી છે મેં તો. હા, ભાઈ, રોટલા રહ્યા હશે તો જ દેશસેવા થઈ શકશે, ભાઈ! ઘર બાળીને તીરથ કરનારાનો તો પત્તોય નથી રહ્યો."

"સાચું છે." શિવરાજ વાર્તાલાપને પૂર્ણવિરામ મૂકવા પ્રયત્ન કરતો.

"ને તમે, ભાઈ," શેઠ ફરી વાર મુદ્દાની વાત પર આવતા, "ધબધબ કરતા દાદર ન ચડતા-ઊતરતા."

"દાદરમાંથી નીચેવાળાંઓનો ધુમાડો બહુ આવે છે એનો કાંઈક બંદોબસ્ત કરતા જજો ને!" શિવરાજને યાદ આવતું.

"એ તો ઋતુ બદલાશેને, એટલે વાયરો પણ એની દિશા બદલશે. પછી ધુમાડા

નહીં આવે. બાકી તો, ભાઈ, મેં ક્યાં મકાન ભાડાં ખાવા કર્યાં હતાં? આ તો ઘરની સાચવણી રહે, ને તમારા બાપુની શરમ ન છોડાય, એટલે વળી ભાડે આપેલ છે. નીકર મેડી કાંઈ આટલા ભાડા સારુ થઈને થોડી બગાડાય છે, ભાઈ!"

એ બધું કહેતા શેઠ નીચે ઊતરતા. તે પછી મકાનની અંદર જતા ઘરધણીની ત્રાડો શિવરાજને કાને પડતી :

"એલા, ક્યાં ગયો તારો ડોસો! છ મહિનાનું ભાડું ચડ્યું છે તોય ચોટ્ટો ભરતો કેમ નથી? એલી ઓતડી! તારો રઢિયાળો શહેનશાહ ચાની તો નાત ભેગી કરે છે હોટલુંમાં! — ને ભાડું ભરતાં કાં બરછિયું લાગે છે? મારાં સાળાં પણ ભેળાં થયાં છે ને મારા મકાનમાં!"

શેઠની આ ભયાનક હાકલો ચોગાનમાં રમતાં નાનાં ભાડૂત-બચ્ચાંઓની ક્રીડાઓને થંભાવી દેતી. દરવાજાની ચાલીમાં ભાડે મુકાતા મરચાના કોથળા, અને ચોગાનમાં ભાડે સૂકવાતી તમાકુ ભાડૂતોનાં બચ્ચાંને દિવસરાત ખોં-ખોં કરાવતી. શિવરાજની મેડી બહાર પડતી. તેનો દાદર પણ સ્વતંત્ર, બહાર હતો. એટલે પોતે આ તકલીફથી મુક્ત હતો. ને ભાડૂતોનાં સ્ત્રી-બાળકોનાં કષ્ટોનો મૂંગો પ્રેક્ષક બની શકવા તેને પાછળની એક બારી મળી હતી. એ એક જ મકાનમાં શિવરાજની સંપૂર્ણ દુનિયા હતી. એ દુનિયામાં એનો રસ વધતો ગયો. પિતાએ એક વાર શિવરાજને ત્યાંથી મકાન બદલવા કહ્યું. પણ શિવરાજ આ માનવ-જંતુઓના જીવનમાં એકરસ બન્યો હતો. ઉંદરના પ્રેમી પેલા ચિનાઈ કેદી લાટૂદની માફક મુક્તિ એને ગમતી નહોતી. પિતાને તો આગ્રહ ન કરવાનું નીમ હતું. શિવરાજ એ સૃષ્ટિમાં જ સમાઈ રહ્યો.

રવિવાર ગાળવા માટે પ્રત્યેક શનિવારની સાંજે શિવરાજ સુજાનગઢ ચાલ્યો જતો. બાપુ સાથે ગાળવા મળતી આ અક્કેક રાત પુત્રને વધુ ને વધુ મીઠી થઈ પડતી. ઓછાબોલા પિતા પણ શનિવારની રાત્રિએ શબ્દોની કૃપણતા નહોતા રાખતા. ઇન્સાફ અને કાયદાની રોમાંચક ઘટનાઓ, અપરાધના રહસ્યભર્યા કિસ્સાઓ, અને લોકોનું સાચું જિવાતું જીવન : એ પિતાજીની વાતોના વાણાતાણા હતા. એ વાતો કોઈ વેલ અને બુટ્ટા ભરેલી ચાદરો જેવી, તારાજડિત રાત્રિઓ સમી, વાદળીઓની કંડારેલી સંધ્યાઓ સરખી બની જતી.

"લોકોને સુધરેલી સભાઓમાં નહીં પણ તેમના મેળાઓમાં ગોતજે; નાટકશાળાઓમાં નહીં પણ ભવાઈઓમાં નિહાળજે; છાપાંમાં નહીં પણ તાબૂતોનાં સરઘસોમાં ઓળખજે. ઇન્સાફની આંખો આવા પરિચયો વગર આંધળી છે, બેટા." દેવનારાયણસિંહ એટલું કહ્યા પછી સિતાર પર ખૂબ જામી જતા.

સેંકડો સરકારી અધિકારીઓના દીકરા રાષ્ટ્રભક્તિની જાહેર બંડખોરીમાં જોડાયા છે. શિવરાજના મનોરાજ્યમાંથી એ ઊર્મિના વાયરા વીંધીને આરપાર નહોતા ગયા એમ કોઈ ન માને. પરંતુ નથી માલૂમ, કયા કારણે, પિતાના ભાવના-રંગોમાં પોતે વધુ પડતો રંગાયો હતો તે કારણે, કે પછી કદાચ લોકસેવાની જે સીધી શક્યતા વધુમાં વધુ તો ન્યાયના ક્ષેત્રમાં રહેલ છે તેના ખ્યાલને કારણે — શિવરાજ પોતાના દોર પર જ, એક પ્રવીણ નટવાની પેઠે, એકચિત્તે રમતો રહ્યો. એના જીવન-સંસ્કારોએ સરલ કેડો પકડ્યો. રાષ્ટ્રયુદ્ધની કારમી વાટ કાં તો પોતાને ઢોંગી બનાવશે, અથવા તો પોતાને કાયર કરી મૂકશે — એવી એને દહેશત લાગી. દેશના લાખો જુવાનોની જોડે એ પણ શરમિંદો બનતો બનતો પિતાની સરકારી નોકરીના સુરક્ષિત પંથ પર પગલાં માંડતો ચાલ્યો. સીધી

લાગવગ નહીં તોપણ પિતાની સુવાસભરી કારકિર્દીની આડકતરી લાગવગે એને યારી આપી. એની ધારાશાસ્ત્રી તરીકેની તેજસ્વિતાએ થોડા જ મહિના પછી એને જાણીતો કરી મૂક્યો. શિવરાજ એક બે મુકદમા લડ્યા પછી ન્યાયાધિકારી નિમાયો. દેવકૃષ્ણ 'મહારાજ' પણ એની પાસે શ્રીફળ તેમ જ સાકરનો પડો લઈ સલામે આવી ગયા. અજવાળીનો સાવકો બાપ પણ આવ્યો, અને પગમાં માથું નાખી ગયો.

"એંહ — જોવો, સા'બ, તમારું ખાસડું ને મારું મોં!" એમ કહીને એણે શિવરાજનો સ્લીપર ઉપાડ્યો, ત્યારે શિવરાજે એના હાથ ઝાલીને એને ક્ષમા આપી.

બાર મહિના આવ્યા — ને ગયા. ન આવી એક સરસ્વતી. શિવરાજના મનમાં સરસ્વતી એક નીરવ શૂન્યતા મૂકી ગઈ હતી. સરસ્વતી ઉપર અણગમો લાવવાના પ્રયત્નોએ શિવરાજના મન પર ઊલટા પ્રત્યાઘાતો કર્યા હતા. પ્રથમ દીઠેલી અને દિલની લગોલગ ડોકિયું કરી ગયેલી સરસ્વતીને નવા ઢંગવાળી સરસ્વતી દબાવી કે અદીઠી નહોતી કરી શકી. સરસ્વતીએ પોતાને રઝળતો કર્યો હતો. પોતાના માતૃહીન, ભાંડુહીન સંસારમાં ગુપ્ત પડેલી વાસનાનાં પંખીડાં પાસે થોડો કાળ ચપટી ચણ નીરીને જાણે કે સરસ્વતી છટકી ગઈ હતી. ટેવાયેલાં મન-પંખીડાં ચબૂતરાને ઉજ્જડ પડ્યો દેખી, અફાટ પૃથ્વીતલ પાથરેલું હોવા છતાં, ચણવા ઊડી શકતાં નહોતાં. શિવરાજની ધંધાદારી સફળતાનું ઝરણું જ્યાં ચાલ્યું જતું, તેની નીચેની ધરતીમાંથી કોઈ ક્ષાર જાણે કે ખદબદતો હતો : જીવનનાં નીર બેસ્વાદ બન્યાં હતાં.

પુરુષની બેવફાઈ પર પુરાણો ભરાયાં છે. પુરુષોની હૃદય-ક્યારીઓને પાણી પાઈ પાઈને પછી એક દિવસે ઓચિંતાના ધોરિયા તોડી નાખનાર સ્ત્રીઓ વિશે સાહિત્ય ચૂપ રહ્યું છે.

અમદાવાદનાં છાપાં 'વીરાંગના' સરસ્વતીની છબીઓ લઈને આવતાં. શિવરાજ કેટલાય કલ્પિત ધૂર્તોને દાંત વચ્ચે ભીંસતો. એક બાજુ અણગમો, અને બીજી બાજુ વધુ જોર કરતું આકર્ષણ : બે છેડાની વચ્ચે તેના હૃદયનો લોલક ઝૂલ્યા કરતો.

શ્રાવણ માસ આવ્યો. મેળાઓની મોસમ આવી. સોરઠી ધરાને તેમ જ સોરઠના માનવીઓને રંગો ધારણ કરવાની ઋતુ આવી. મનખ્યો તરણેતરને મેળે હાલ્યો. માર્ગે માર્ગે ને સાંકડી કેડીઓને માથે પાંચ-પાંચ ગાઉ જનસમૂહનાં કીડિયારાં ઊમટ્યાં.

શિવરાજની પાસે અદાલતમાં એક એવો મામલો હતો, કે જેનો સંબંધ મેળાઓ જોડે હોય. મેળે આવીને પરબારાં પરણી ગયેલાં બે આહીર સ્ત્રીપુરુષનો એ મામલો હતો. બાઈએ કબૂલાત કરી હતી કે, જુવાન મને ભોળવી ગયો હતો. જુવાને તકરાર લીધી હતી કે, એ ડાકણે જ મને મેળામાંથી મોહને ફાંસલે ફસાવ્યો હતો.

બંને જણાંએ સામસામા મોરચા માંડીને મેળાની હવામાં ભરેલી મુગ્ધતા વર્ણવી બતાવી હતી. "મેળો તો, સા'બ, તમ રોખા ડાયાઓનાંય મન ભમાવી નાખે છે, તો મારા જેવા અભણ અજ્ઞાની રોંચાની શી ગુંજાશ!" પુરુષ આવું આવું બોલતો હતો — ને અદાલત આખીને હસાવતો હતો.

"સાહેબને કહેવાય, ગાંડા!" પ્રૉસિક્યૂટર પેલાને ઠપકો આપતા હતા.

એ તે વળી કેવાક મેળા! કોઈ ન જાણે તેમ સાહેબ મેળો જોવા ચાલી નીકળ્યા.

મધ્યરાત્રિની છેલ્લી ગાડીમાં શિવરાજ મેળેથી પાછો વળ્યો ત્યારે એણે સ્ટેશનની બહાર એક બાઈ-માણસ ઊભેલું જોયું.

## ૧૨. 'જાગતા સૂજો!'

શિવરાજને જોતાં જ એ ઓરત પાછી ફરી ગઈ. એણે ચાલવા માંડ્યું... એના પગ વેગ પકડવા લાગ્યા. એ જાણે શિવરાજથી જ ડરીને નાસતી હતી; કેમ કે ત્યાં બીજું કોઈ નહોતું.

છેલ્લી ઘોડાગાડી આગળ થઈ ગઈ હતી. ગાડીવાનના ચસકા હજુ છેટેથી સંભળાતા હતા : "બેસવું છે, એલી એઈ? બે આના! એક આનો! મફત!"

મેળેથી વળેલા લોકોનું વૃંદ પણ એને વટાવી ગયું હતું. તેમનાં મનોરંજન ચારે દિશામાં પડઘા પાડતાં હતાં. રાત્રિ ઝરમર ઝરમર હસતી જાણે આનંદનાં આંસુ ઝેરતી હતી. અંધારી આઠમનો ચાંદો વાદળીઓના જૂથમાંથી નીકળવા ફાંફાં મારતો હતો.

આ કોણ નાસભાગ કરી રહેલ છે? મારાથી બીનારું કોણ? શા માટે ફાળ ખાતું ભાગે છે?... કુતૂહલનો માર્યો શિવરાજ પણ વેગ કરવા લાગ્યો. એના બૂટની પડઘી વાગી. એની ઠેસે આવતા કાંકરા ઊછળી ઊછળીને એ ભાગતી ઓરતના ઓઢણામાં અફળાયા. એણે ખેતર તરફ દોટ મૂકી. શિવરાજ પણ પાછળ દોડ્યો; હાક મારી : "ઊભી રહે."

"મને — મને — મને મારશો મા!" એવી એક ચીસ પાડીને બાઈ સ્તબ્ધ બની. એના ગદ્ગદિત કંઠમાંથી ઠૂઠવો ઊઠ્યો.

"કોણ છે તું?" કહેતો શિવરાજ પણ હેબતાઈને થોડે છેટે ઊભો રહ્યો.

ઓરતનો ચહેરો ઊંચો થયો. એણે આડા હાથ દીધા — જાણે એને કોઈ મારવા આવતું હતું.

"અજવાળી!" શિવરાજે ઓળખી. અજવાળી પકડાઈ ગયેલા અપરાધી જેવું ખસિયાણું મોઢું લઈ ઊભી થઈ રહી.

"તું આંહીં ક્યાંથી?" શિવરાજના સ્વરોમાં અજાયબી અને અનુકંપાની કોમળ સા-રી-ગ-મ બોલી.

અજવાળી ન બોલી શકી. એના ગળામાં કોઈએ જાણે સીસું રેડી દીધું હતું.

"ચાલ મારા ભેગી. ડર રાખીશ ના."

"ક્યાં હાલું?" અજવાળીએ હીબકાં ભર્યાં.

"તારા બાપને ઘેર."

"કાઢી મેલી છે."

"કાઢી મેલી? શા માટે?"

"મેળે ગઈ'તી."

"કહીને નહોતી ગઈ?"

"કજિયો કરીને ગઈ'તી."

"ક્યારે આવી?"

"મોયલી ગાડી ચૂકી; બીજી ગાડીમાં આવવું પડ્યું. બાપે ખડકી ઉઘાડવાની ના પાડી."

"તારી મા?"

"માને બાપો કે' કે, ઉઘાડીશ તો મા-દીકરી બેયને ટૂંપો દઈને રાતમાં જ પૂરી કરીશ."

"પછી ?"

"રસ્તે સંતાતી સંતાતી ઊભી છું."

"કોની વાટ જોતી ?"

અજવાળી કશો ઉત્તર ન આપી શકી. એનો દયામણો ચહેરો શરમથી નીચે ઢળ્યો.

"ક્યાં જવું'તું ?"

"શી ખબર ?"

"કોઈ ઠેકાણું છે ? કોઈ સગાંવહાલાં ? — કોઈ ઓળખીતાં ?"

"જે છે તે બધાંયને બારણે જઈ આવી. એકોએકે ઉઘાડવા ના પાડી."

"હવે ક્યાં જવું છે ?"

"ખબર નથી."

"મારી મેડી પર બેસીશ ? હું તારે માટે મારી ઓળખાણવાળાંઓને ઘેર ક્યાંક સગવડ કરીને તને તેડી જાઉં."

અજવાળીના મોં પર અજાયબીના રંગોની ચડઊતર થઈ રહી. સુધરાઈનાં નિસ્તેજ ફાનસો, કોઈની પણ ચુગલી ન ખાવાનો સ્વભાવ ધારણ કરીને જગતથી કંટાળેલાઓ જેવાં, એક પછી એક આવતાં ગયાં, તેના જરી જેટલા તેજમાં શિવરાજ અજવાળીના મુખભાવ પારખતો ગયો. મેઘલી રાતની મીઠી ઠંડીમાં બુરાનકોટ લપેટીને પહેરેગીરો પોતપોતાની છાપરીમાં ઊભા ઊભા નીંદમાં પડેલા હતા, તેઓ ફાંસીને ગાળિયે લટકતા કેદીઓ હોય તેવા લાગ્યા.

કોઈની જાણ વગર મોડી રાતે શિવરાજે મેડીનું તાળું ખોલીને અજવાળીને અંદર લીધી. ત્રાસી ગયેલી હરણીને છુપાવાનું સ્થાન મળે ને જેવી નિરાંત થાય તેવી નિરાંતનો એક નિઃશ્વાસ અજવાળીના હૈયામાંથી હેઠો પડ્યો. શૂન્ય મેડીમાં એ નિસાસાના પડવાનો જાણે કે અવાજ થયો.

પછવાડે, મેઘલી રાતની આરપારથી, નિદ્રાવશ પાડોશીઓનાં નસકોરાં સંભળાતાં હતાં. શિવરાજના શ્વાસ ફડક્યે જતા હતા.

બત્તી કરવા જતાં શિવરાજ અજવાળી સાથે સહેજ અફળાયો — ને એને એ જુવાન ખેડુ-કન્યાના દેહની એક માદક સોડમ આવી.

બત્તી કરીને શિવરાજ બીધેલા જેવો ઝડપથી બહાર ચાલ્યો, કહ્યું : "હું હમણાં તપાસ કરી આવું છું. તું બીશ નહીં ને ?"

"ના."

શિવરાજ બહારથી તાળું મારતો હતો તે અજવાળીએ સાંભળ્યું. એનો વિશ્વાસ સહેજ કંપ્યો.

ચાલતાં ચાલતાં શિવરાજે નૂતન અને પુરાતન, જાણીતા ને અજાણ્યા — બેઉ પ્રકારના મનોભાવ અનુભવ્યા. એક જુવાન છોકરી પોતાને આશરે આવી હતી. એનાં માબાપે એને રઝળતી મૂકી હતી. કોઈ મવાલીને હાથ પડી ગઈ હોત તો ચૂંથાઈ જાત. પોલીસો એને શું ન કરત ? પોતાના જીવનમાં એ બીજી વારનો ગર્વકારી અવસર હતો.

પોતે મેળામાં અજવાળીને દીઠી હતી. દીઠેલું રૂપ યાદ આવ્યું. અકળ ઉત્સુકતાભરી એ ચકડોળ પાસે ઊભી હતી. ચકડોળમાં અનેક જુવાન જોડલાં માતેલાં બનીને ચડતાં હતાં. ઊંચે જતા ફાળકામાંથી હાથ લંબાવીને જુવાનો નીચે ચાલ્યા આવતા ફાળકામાં

બેઠેલી છોકરીઓની છેડતી કરતા હતા. કંઈકનાં છોગાં, કંઈકનાં છૂટાં ઓઢિયાં, અનેક સ્ત્રીઓના પાલવ અને પછેડા, ગળાનાં ને છાતીનાં ફૂમકાં — તમામ ફંગોળે ચડ્યાં હતાં. ચકડોળના ગંજાવર ચક્રની ફુદરડી એ જુવાનિયાંને અંકલાશે ઉપાડી જઈ પાછા પાતાળમાં ફંગોળતી હતી. ગામડિયાંઓની સમગ્ર સૃષ્ટિ ફંગોળે ચડી હતી.

ઘેલાંતૂર ગામડિયાંથી વેગળી એકલી અજવાળી ઊભી હતી. એને કેટલાય જુવાનો પોતાની ભેગા ચકડોળમાં ચડવા બોલાવતા હતા — પણ એ નહોતી જતી. એ પીઠ ફેરવીને શૂન્યમાં આંખો તાણતી હતી. સીમાડાની અનંત લાંબી રેખા ઉપર કોને શોધી રહી હતી એ આંખો ? કોણ ખોવાયું હતું એનું ?

શિવરાજે એ કલ્પનાદોર સંકેલી લઈને એક સ્નેહીનું ઘર ભભડાવ્યું. અંદર કોઈ નહોતું; તાળું મારેલું હતું. તાળું દેખીને શિવરાજને અંતરના ઊંડાણમાં એક પ્રકારની સુખવ્યથા કેમ થઈ ? તાળાનો સ્પર્શ એને આનંદમય કેમ લાગ્યો ? એને છુટકારાની લાગણી શા માટે જન્મી ?

એ બીજે ઘેર ગયો. સાંકળ ખખડાવી ખરી — પણ ધીરો ખખડાટ કર્યો. શા માટે દ્વારને જોરથી ન ઢઢોળ્યું ? વરસાદના છાંટા અને ફૂંકાતા પવન-સુસવાટા એની આડે આવ્યા, તે એને મનગમતા મિત્રો લાગ્યા ? ગમે તે થયું, પણ એ વધુ ખખડાટ કર્યા વિના જ પાછો વળ્યો.

એને થયું : "મારા પર જ, ત્યારે તો, છેલ્લે આ ફરજ આવી પડી !"

છેટેથી એણે પોતાની બારીની બત્તી દીઠી. મેડી જાણે કે પોતાના નાક પર આંગળી મૂકીને શિવરાજને 'ખબરદાર!' કહેતી હતી. મેડીના તે રાતના રૂપમાં એને કરડાઈ ભાસી. પોતાના અંતરની આ અકળ-અગમ સુખવેદનાનો દોર્યો શિવરાજ પાછો પહોંચ્યો. ખૂબ હળવે તાળામાં ચાવી ફેરવી. તાળું અને ચાવી એના હાથમાં સહેલાઈથી ન ફરી શક્યાં. આંગળીઓ વચ્ચે ચાવી કોઈ ટીડડા જેવી લાગી.

અજવાળીને એણે ફરી વાર નિહાળી. પોતે ગયો ત્યારે બેઠેલી હતી તેવી ને તેવી — તે જ બેઠક : તે જ આસન : ગૂંચળું વળીને બેઠેલી : ઉભડક પગ ફરતા હાથ લપેટી લીધેલા : મોં બે ઘૂંટણ વચ્ચે ટેકવેલું : બત્તી સામે તાકીને ધ્યાન ધરી રહેલી.

"એકેય ઘર ન ઊઘડ્યું." શિવરાજે શ્વાસ હેઠો મૂક્યો.

અજવાળી જરીક સળવળીને પાછી જેમની તેમ સ્થિર બની.

"શું કરશું ?"

અજવાળીએ ઉત્તર ન દીધો.

"આંહીં રહીશ ?"

અજવાળીનું મોં જરાક શિવરાજ તરફ ઊંચું થયું. એની આંખોમાં પ્રશ્નોની પરંપરા હતી. વિસ્મય, ભય અને કૃતજ્ઞતાની એ મોં પર રંગોળી હતી.

એકાએક શિવરાજની નજર ગઈ : અજવાળીનું શરીર ધ્રૂજતું હતું; દાંતની ડાકલી વાગી રહી હતી.

"તું આટલી કંપે છે કેમ ? અરેરે, આ શું ? — તારાં લૂગડાં તો બધાં પાણીમાં લદબદ છે. તું ક્યારની બોલતી કેમ નથી ?"

શિવરાજને સાન આવી કે અજવાળી શું બોલે ? — કોને કહે ? કહેવા જેવું પણ શું હતું ? જીવનની જ સાન ગુમ થઈ હતી ત્યાં કપડાંનું ભાન ક્યાંથી રહે ? બાપે બે વર્ષ પર પરણાવીને બીજા જ દિવસથી ફરજિયાત રંડાપો પહેરાવ્યો હતો. માની ગોદ પર બાપની

બીકે વિજય મેળવ્યો હતો. આવતું પ્રભાત ઊગવાનું તો છે જ છે, એવા અટલ નિર્માણ પરથી પણ એની આસ્થા ડગી ગઈ હતી. જીદ કરીને મેળામાં જવાનું જોર તો ઘડીભરનું હતું.

"ઊઠ; આ મારા ધોતિયાથી કપડાં બદલાવી લે. બાજુના ઓરડામાં બત્તી લઈને જા !"

શિવરાજે પોતાનું ધોતિયું એના હાથમાં મૂક્યું. સ્ટવ પેટાવ્યો, કોલસા સળગાવ્યા, સગડી ભરી, પંખો માર્યો. થોડા વખતમાં તો અંગારા ગુલાબી હાસ્ય કરવા લાગ્યા. સગડી લઈ જઈને એણે અંદરના ખંડમાં મૂકી કહ્યું : "લે, તાપવા માંડ જલદી."

શ્વેત ધોતીમાં લપેટાયેલો એક ખેડુ-પુત્રીનો ભરાવદાર દેહ શિવરાજ નામના એક યુવકે યૌવનના સળવળતા સૂર્યોદયે એક નિર્જનતાની વચ્ચે નિહાળ્યો. નિહાળતાં જ એના રોમેરોમમાં ધ્રુજારીની એક લહર, ઊભા ચાસટિયાની અંદરથી લહેરાતા હિલોળા જેવી રમતી થઈ.

"તું કાલે ક્યાં જઈશ ?" શિવરાજે આ ઓરડામાં બેઠે બેઠે પૂછ્યું.

"શી ખબર ?" કરુણ જવાબ આવ્યો.

"તારા બાપને મનાવી લઉં તો ?"

"બહુ મારે છે."

"તારે સાસરે ?"

"છે જ નહીં."

"કેમ ? પરણી'તી ને ?"

"તોડાવી નાખ્યું."

"બીજે પરણાવે નહીં ?"

"પૈસા સારુ પરણાવે છે એક કોઢિયા બુઢ્ઢા હારે. મેં ના પાડી છે, એટલે તો મારા વાંસામાં ને માથામાં ધોકલા પડ્યા છે."

દીવાના અજવાળાએ ફક્ત ધોતીભર બેઠેલા અજવાળીના દેહની વધુ ને વધુ ચાડી ખાધી. જે શરીર પર માર પડ્યો હતો તે શરીરની કુમાશ પણ ગુલાબી કોલસાની બળતી સગડી બતાવતી હતી.

શરણાગતિનો ભાવ શિવરાજના અંતરમાં વધુ વધુ ઘૂંટાતો ગયો. મેંદીનાં લીલાં પાંદે જાણે કે ધીમે ધીમે લાલપ મૂકી. પોતાનું શરણાગત માનસિક અસહાયતા ભોગવતું બેઠું છે. એને છેક દિલનાં દ્વાર સુધી લીધા વગર શરણદાતા જંપે નહીં. એનો સંપૂર્ણ ત્રાતા ને રક્ષણહાર, એની બાજુએ ઊભો રહીને લડનાર, ઘવાનાર, લોહીલોહાણ થનાર, પોતાની જાત ફના કરનાર શું કોઈ નથી ? હું ન કેમ બનું ? કેવું શરણાગત ! કેવું સુકોમલ ! કેવું કરુણાપ્રેરક ! મૂંગા મારની લાકડીઓ ઝીલનારું આ શરીર !

શરણાગતિના સીમાડા નજીક આવ્યા... ઓળંગાઈ ગયા... કેટલેય પછવાડે પડી રહ્યા... ને શિવરાજ આકર્ષણના સીમાડામાં, મોહિત દશાના પ્રદેશમાં, ઉદ્‌ભ્રાંત અવસ્થામાં, અસહાયતાની ચૂડમાં જઈ પડ્યો : એ અજવાળીની નજીક ગયો... અજવાળી ન ભડકી, ન ચમકી, ન ખસી કે ન સંકોડાઈ. આશરાધર્મની ભ્રમણા અતલ અંધારી ખાઈમાં માણસને ગબડાવી પાડે છે તે માનસિક ઘડી આવી પહોંચી. ત્યાં તો ચોકીદારનો ખોંખારો સંભળાયો :

"ખબરદા..ર ! હૂ ! હૂ ! હૂ ! જાગતા સૂજો !" ચોકીદારની એ વાણીમાં કાળવાણીના ભણકારા હતા.

**એ ભણકારા રાત્રિના હૃદયમાં વિલીન થયા.**

**ચોકિયાતની બૂમ 'જાગતા સૂજો !' શિવરાજને જાગ્રત ન કરી શકી. દિવસરાતના**

પેટગુજારાના ઉદ્યમમાં સાથે જીવતાં ને સ્વાભાવિકપણે જ સલામત રહી શકતા ખેતીકારો અને મજૂરોની મનોદશા શિવરાજની તો, બેશક, નહોતી. વાઘના બાળકે કાચું માંસ સૂંઘ્યું. માનવી-જીવનનાં કોતરો વાઘ-દીપડાથી ભર્યાં છે. શિવરાજના મનની ખીણો સળવળી.

અથવા એ શું વાઘ-દીપડાની જ ડણકો હતી ? ચોવીસ વર્ષો સુધીનું સૂનકાર, સ્ત્રીવિહોણું ઘર-જીવન જ શું અમુક ઊર્મિઓને અણઘડ રાખી મૂકવાને માટે જવાબદાર નહોતું ?

માની ગોદ, બહેનનો ખોળો, દાદીનાં લાલન, શેરી અને ફળિયાની નાની-મોટી કન્યાઓની કુમાશભરી ક્રીડાઓ — એ બધાંનો અભાવ જ તે મધરાતે શિવરાજના મનમાંથી પુકારી ઊઠ્યો : 'આ ઘર નથી — પણ ઘોરખાનું છે' એવા માલુજીના બોલના ભૂત-ભણકારા પડ્યા. અને શિવરાજે છેલ્લો જે જખમ સરસ્વતીની ઠંડી ક્રૂરતાના ઘાએ અનુભવ્યો હતો તેના પર પણ તે મધરાતે એક મીઠી ફૂંક લગાવી. મેળામાં દીઠેલા મુક્ત જીવનની ઝંખના તો તૈયાર જ હતી. એ સર્વ સૂરોમાંથી વણાયેલા દોરડાએ શિવરાજને ગળે આંટા લીધા. દબાયેલો કંઠ આટલું જ બોલી ઊઠ્યો : "અજવાળી, તું મારી જ છે — મારી પોતાની જ છે."

એટલું કહીને તેણે અજવાળીને પોતાની કરી લીધી. સંસારનાં વમળોમાં ગળકાં ખાતી એ ખેડુ-કન્યાએ શિવરાજનો સ્વીકારરૂપી તરાપો જોયો. જોતાંવેંત એ ચડી બેઠી. એ સાચોસાચ તરાપો જ છે ? કે તણખલું છે ? કે મગરમચ્છનું મોઢું છે ? ડૂબતી ખેડુ-કન્યાને માટે આવો વિવેક અશક્ય હતો.

શિવરાજની એ પ્રથમ પહેલી મૂર્છના. એ મૂર્છનામાં એણે શું શું જોયું ?

સહેજ સહેજ સાંભરતી મા, ન દીઠેલી બહેન, ન કલ્પેલા બીજા સંખ્યાબંધ કૂણા સ્નેહસંબંધો, ન સાંપડેલા મિત્ર-પત્નીઓના લાડકોડ, ન સૂઝેલી કુદરતની સુંદરતા, ન સૂંઘેલી ફૂલોફળોથી લચેલી વનરાજિઓની સુવાસ — એ સર્વનો સામટો આસ્વાદ શિવરાજના હૈયામાં સિંચાઈ ગયો, અકુદરતી એને કશું ન લાગ્યું. અજવાળીને એણે ફરી કહ્યું : "આપણે સાથે જ રહીશું, સાથે જ જીવીશું ને સાથે મરશું." એ પહેલો ઊભરો જેમ જેમ રાત જતી ગઈ તેમ તેમ હેઠો બેસતો ગયો. જેમ જેમ પરોઢનો જનરવ કાને અફળાયો તેમ તેમ શિવરાજના અંતરદ્વારે કોઈ ખડખડાટ થવા લાગ્યા.

## ૧૩. શિવરાજની ગુરુ

"**સા**હેબ !"કોઈ દરવાજે ઊભીને ધીમા સાદ પાડતું હતું. સોનાનાં નળિયાં થઈ ચૂક્યાં હતાં. બાજુમાં કોઈ ઘરની વિયાયેલી ગાયનું વાછરડું બાંબરડા મારતું હતું. સ્ટેશન તરફ વિદાય થતી એક આણાત દીકરી એની માને છેલ્લી વારનું ભેટતી ભેટતી રડતી હતી ને જુદાં પડનારાં સ્વજનોને રડાવી રહી હતી. કાગડાના કકળાટ રોજ પ્રભાતના જેવા ઉલ્લસિત નહોતા; નેવાં પર ચાલી જતી બિલાડીને ચાંચો લગાવતાં લગાવતાં એ ભયત્રસ્ત પક્ષીઓ ચીસો પાડતાં હતાં.

"સાહેબ ! જાગો છો, સાહેબ ?" કોઈકના બોલ ભરડાતા ભરડાતા નીકળતા હતા.

શિવરાજે આંખો ચોળતાં ચોળતાં બારીમાંથી ડોકું કાઢ્યું.

"કોણ છે ?"

"સાહેબ, મારી છોકરી જડતી નથી."

"કોણ ?"

"સાહેબ, બાપા, ભાઈ, મારી અંજુડી."

"અંજુડી કોણ ?"

શિવરાજ જૂઠું નહોતો બોલતો. એના પગ હજુ જાગૃતિની ધરતી પર ઠેર્યા નહોતા.

"નહીં, સાહેબ ? ભૂલી ગયા ? મારી અંજુડી તે દી તમારો આશરો લેતી'તી : આ ઈનો બાપ..."

"લે હવે મૂંગી મરી રે'ને, રાંડ." બીજો અવાજ ઊઠ્યો. એ અવાજ એ બાઈના ધણીનો હતો.

"સાહેબ, ઈ રાંડને બોલવાની સાધ નથી, ને હું જાણું છું કે ઈ અમારી છોકરીને કોણે સંતાડી છે. આપ હુકમ કરો તો હમણાં ફૂલેસને લઈને હું ઈ જીના ઘરમાં છે તીનો ભવાડો પૂરેપૂરો એક વાર તો ઉઘાડો પાડું."

શિવરાજના હોઠ ફફડ્યા. એ બોલવા જતો હતો : આ રહી અજવાળી ! એ બોલ એના હોઠેથી છૂટે તે પહેલાં તો અંદર એની પાછળથી રુદન સંભળાયું : "મને મારી નાખશે, મને ફાડી ખાશે." એ રુદન અજવાળીનું હતું.

"કચેરી પર જાઓ; હું આવું છું." શિવરાજે બહાર ઊભેલી એ અજવાળીની માતાને અને એના બાપને જવાબ દઈ બારીમાંથી પોતાનું ડોકું પાછું ખેંચી લીધું. નીચે ઊભેલા પટાવાળાને એણે કહ્યું : "જાઓ તમે, આમને કચેરી પર બેસારો; આવું છું. કારકુનને બોલાવી લો."

"કચેરી પર ક્યારે આવે, ક્યારે કાગળિયાં કરે, ને ક્યારે એ બદમાસના ઘરની ઝડતી લેવાય !" એવું બબડતો બબડતો બાપ ચાલ્યો. "સરકારી કાયદાનાં ચક્રો કેટલાં ધીમાં ! કોઈ બેલી જ ન મળે ! હજી તો કહે છે કે, જાવ કચેરીએ, હું આવું છું ! આવી રિયા, બાપ !"

"અજવાળી !" શિવરાજે પંપાળીને કહ્યું : "ચાલ, આપણે છતાં થઈ જઈએ."

"પગે લાગું છું — ન બોલશો..." અજવાળીએ શિવરાજના પગ ઝાલ્યા.

"શો વાંધો છે ?"

"મને મારી નાખશે એનો વાંધો નથી; પણ તમારું સત્યાનાશ વાળશે. તમારો શો અપરાધ ?"

"અપરાધ મારો નહીં ત્યારે કોનો, અજવાળી ? હું તને પરણીશ."

"ના, ના, ના, તમારું ધનોતપનોત નીકળશે. તમથી મને ન પરણાય. તમે કોણ ? હું કોણ ? મને ક્યાંક — ક્યાંક — ક્યાંક આઘી આઘી ચાલી જવા દો. હું કોઈ દી પાછી નહીં આવું. હું –"

"તું શું કરીશ ?"

"હું મારો રસ્તો કરી લઈશ."

"કયો રસ્તો ?"

"ઘણા કૂવા છે."

"ખબરદાર, અજવાળી !" શિવરાજે એને છાતીસરસી ચાંપી : "તો હું હમણાં ને હમણાં છતો થઈ જાઉં છું."

"ના, ના, ના, તમે કહો તેમ કરું. તમારું સત્યાનાશ મારે નથી વાળવું. હું કયે ભવ છૂટીશ ?"

"મને કોલ દે, અજવાળી — કે કૂવાનો વિચાર તું કદી નહીં કરે."

અજવાળી તાકી રહી. શિવરાજના હાથની હથેળી અજવાળીનો કોલ ઝીલવા પહોળી થઈ રહી હતી. અજવાળીએ પંજાની અંદર કંઈક રેખાઓનું ચિતરામણ જોયું. પળવાર અજવાળીએ એ ચિતરામણમાં શિવરાજના લગ્નની રેખા ગોતી. આડીઅવળી ચોકડીઓ એને સાથિયા જેવી ભાસી. હું આમાં ક્યાં છું, એવી એણે કલ્પિત શોધ કરી.

"મને કોલ દે, અંજુ! પછી હું માર્ગ કાઢું."

અજવાળીએ પોતાનો પાણી-પાણી બની જતો નાનો પંજો શિવરાજની હથેળીમાં ધરી દીધો. "બસ. હવે? તું ઘરમાં જ રહેજે. હું રાતે પાછો આવું છું. એક વાતની ગાંઠ વાળી રાખજે મનમાં કે હું તને નહીં છોડું, કદાપિ નહીં."

"મને છોડી દો. તમે આબરૂદાર માણસ... ધરતી તમને સંઘરશે નહીં."

"તો બેય જણાં ભેગાં જઈને પાણીનું શરણું લેશું."

"તમે આબરૂદાર —"

"અજવાળી, તું જ મારી આબરૂ છે. તને મેં ફસાવી છે. હવે હું તને નહીં છોડું, જો, ઘરમાં જ રહેજે; નિરાંતે રહેજે. નાસ્તો છે તે પર નભાવી લેજે. હું હવે રાતે જ પાછો ફરીશ."

અજવાળીને પોતાના મકાનમાં કેદ પૂરીને પોતે — એક મૅજિસ્ટ્રેટ! — કચેરી પર જતો હતો. અપરાધ તો પડ્યો હતો પોતાના જ આત્માની અંદર. જુવાન શિવરાજનું અંતર પોતે ઊભી કરેલી એ વિટંબણાની ઇમારત વચ્ચે એકાકી ઊભું ઊભું હસ્યું. પણ હાસ્યનો સમય ક્યાં હતો? કચેરી પર જઈને એ મૅજિસ્ટ્રેટે કેફિયતો અને જુબાનીઓનું નાટક માંડ્યું.

"હું મારી છાતીએ ડામ દઉં, સાહેબ!" અજવાળીનો બાપ બોલ્યો : "છોકરીને દેવકરસન મા'રાજનો દીકરો ભોળવી ગયો છે."

"કોણ — રામભાઈ?"

"હા, હા, કેટલાય નજરે જોનારા કે' છે. ભળકડાની ગાડીમાં લઈને ભાગી ગ્યો છે, સા'બ! મને હમણે ખબર પડી."

શિવરાજના મોં પર એક તેજની ઝલક ઊઠી : ઈશ્વરનો કોઈ સંકેત જ હતો કે શું? કુદરત જ મારી ગુજરેલી રાત પર દુવા વરસાવી રહી છે ને શું!

એણે તપાસ કરાવી. માણસોએ આવીને ખબર આપ્યા : "સાચી વાત છે, સાહેબ! રામભાઈ ઘરમાંથી ભાગી ગયો છે — ને એની સાથે કોઈક સ્ત્રી પણ રેલના ડબામાં ચડતી હતી તે ઘણાંએ જોયું છે."

"હોય નહીં, કદી જ મનાય નહીં —" એમ કહી નાખનાર શિવરાજ અંદરખાનેથી તો ફાંસીની સજામાંથી છૂટેલા કેદીની જેમ થનગની રહ્યો હતો.

પોલીસ-ફોજદાર પણ આવી પહોંચ્યા હતા. એણે આગ્રહ પર આગ્રહ માંડ્યો કે, "આપ રજા આપો, સાહેબ! સ્ટેશને સ્ટેશને તાર દઈએ."

શિવરાજ દિઙ્મૂઢ જેવો બની રહ્યો. એણે કહ્યું : "જોઉં છું."

"તો સાહેબ," ફોજદારે બીજી વાત સૂચવી : "દેવકૃષ્ણને ને એના ઘરના માણસોને તો બોલાવી લેશું ને? એની જુબાનીઓ તો લેવી જોશે ને?"

"કોને? — હેં! - શું?" શિવરાજ કશો નિર્ણય કરી શક્યો નહીં. એણે વાતને પકડવામાં ભૂલો કરવા માંડી. એના હાથમાં કલમ હતી તે વારે ને ઘડીએ ખડિયામાં બોળાતી રહી. ફોજદારસાહેબની અધીરાઈનો પાર નહોતો. દેવકૃષ્ણ પર તો એને પણ

પૂરી દાઝ હતી : એની સામે એક-બે વાર છાપામાં ઘસાતા ખબરો છપાયા હતા. એનું વેર લેવાની એ ઘડીઓ જતી હતી.

“ફોજદારસાહેબ, તમે હમણાં બહાર જાઓ, હું તમને નક્કી કરીને ખબર આપું છું.”

એમ કહીને ફોજદારસાહેબને વિદાય કર્યા. પછી પોતે થોડી વાર એકલો પડ્યો. એના મનનાં પલ્લાં ડોલતાં હતાં. ઘડી આ પલ્લામાં કણી નાખતા ને ઘડી પેલા પલ્લામાંથી કણી કાઢતા, પણ કોઈ રીતે સમતુલા ન સાધી શકતા કોઈ વણિકના જેવી એની હૃદયત્રાજૂડી હાલકલોલ હતી.

કોના — રામભાઈના ઉપર વહેમ ઢોળી નાખું?

મારા ભાઈબંધના ઉપર?

એમાં હું શું કરું? લોકોને વહેમ છે, અજવાળીનાં ખુદ માબાપનું કહેવું છે — તો છોને કાયદો કાયદાનો રાહ લેતો!

રામભાઈને તો હું પાછળથી ક્યાં બચાવી નથી લઈ શકતો? એને હું પોતે જ નિર્દોષ ઠરાવીશ. પછી શું છે?

ને થોડી વાર આ દેવકૃષ્ણ પણ ભલેને મારા હાથનો સપાટો દેખતો! એને હું ખો ભુલાવી દઉં. એનાં પાપકૃત્યોમાંથી હું એને પાછો વાળું. એને પસ્તાવો કરાવીને પછી એના પુત્રને બચાવ્યાનો આભાર-ભાવ પણ એના મન પર અંકિત કરી દઉં.

ઘણો લાભ થશે. ઘણા લોકોના સંતાપ ટળશે. એ શું એક સુકૃત્ય નથી?

ને રામભાઈને મેં ક્યાં ગુરુકુળમાં નહોતો બચાવી લીધો? આજે રામભાઈનું નિમિત્ત દઈને હું બચી જઈશ. એકબીજાનો બદલો વળી રહેશે. ઊલટાનું રામભાઈને રક્ષણ આપવા જતાં મારી જે કારકિર્દી બગડી ગઈ છે, ને મારા પર જે સોટીઓ પડી મારો તેજોવધ થયો છે — તેવું તો આમાં કશું થવાનું જ નથી.

આજનો દિવસ, ફક્ત આજના સૂર્યનો પ્રકાશ પોતાને ઘેર ચાલ્યો જાય ત્યાં સુધી, જો હું બચી જાઉં, તો પછી બસ; હું રામભાઈને પગે પડીને એક દિવસ એની માફી માગી લઈશ.

ને રામભાઈ પણ ક્યાં જાણવા આવવાનો છે? કોઈ નહીં જાણે.

એ ક્ષણે જ એની સામે અજવાળીની મુખમુદ્રા દેખાઈ. એ મોં કરગરતું હતું : ‘મને જાવા દો. હું કૂવે પડીશ. તમને ફજેત નહીં કરું.’

અજવાળી એક ખેડુની છોકરી : એ મને ફજેતીમાંથી ઉગારવા મૃત્યુ ભલું માને છે: હું મારી બદનામી બીજા પર ઢોળીને બચી જવા વિચારું છું!

અજવાળી શિવરાજની ગુરુ બની.

## ૧૪. “સાચવીને રે’જો” !

**શિ**વરાજે બધી વાત કહી દેવા પ્રથમ તો અજવાળીની માને એકાંતે બોલાવી. માનો પહેલો જ બોલ આ પડ્યો :

“બાપા, મારા બેટા, મારે કોઈની સામે ફરિયાદ નથી કરવી. મને એટલી જ ખબર જો પડેને, કે મારી અંજુ જીવતી છે ને ઠેકાણે પડેલી છે, તો હું તમારે ઘેર સાત અવતાર લઉં, મારા દીકરા!”

એના પગ અજવાળીની માના કપાળને કોણ જાણે કેટલી વાર સ્પર્શ પામ્યા. રવિવાર હોવા છતાં જુવાન મેજિસ્ટ્રેટે ગરીબ ખેડૂતોની કેટલી વહાર કરી! વચન આપ્યું કે, "તમારી પુત્રીને શોધાવ્યા વિના હું જંપીશ નહીં; એ જીવતી જ છે — મારું અંતર સાક્ષી પૂરે છે."

"બસ બાપા!" એની માએ સાતમી વાર શિવરાજના પગ પાસે શિર નમાવ્યું.

શિવરાજ જોરમાં આવી ગયો.

"એ ગમે ત્યાં હો, એ જીવતી રહે તેટલું જ મારે કામ છે."

"હું તમને ખાતરી આપું છું કે કાલે મેં એને મેળામાં જોઈ હતી. તે પછી રાતે હું સ્ટેશને ઊતર્યો ત્યારે એ જ ગાડીમાં મેં એને એક જુવાન સાથે ચડતી જોઈ છે. પણ એ દેવકૃષ્ણ મહારાજનો દીકરો નહોતો. મારી એ નજરે જોયેલી ખાતરી પછી મારે અહીં કોઈની વાતો સાંભળવી નથી."

"ઈ જુવાન કેવોક હતો, હેં બાપા?"

"મને તો આબરૂદાર કોઈ ખેડુ-જુવાન લાગ્યો. મેં તો માન્યું કે બેય ધણીધણિયાણી પોતાને ઘેર જઈ રહેલ છે."

"બસ ત્યારે, મારી છોકરી જીવતી છે. પછી મને કોઈ વાતે ફફડાટ નથી, માડી! પણ એ મારી અંજુડી જ હતી ને? એને ગાલે કાળો મોટો મસ હતો ને? એનો પગ જરીક લચકાતો'તો ને? એની આંખ્યું મોટિયું ને કાળિયું ઝેબાણ હતી ને, હેં માડી? તમે ધારીધારીને તો ક્યાંથી જોઈ હોય ઈ ટાણે? સારા માણસ કાંઈ તાકીને તો થોડા જોવા ઊભા રે'? પણ આ તો તમે ઝાંખી ઝાંખીય જો યાદ રાખી હોય તો —"

"મને તો ખાતરી છે કે એ તમારી દીકરી જ હતી."

શિવરાજનું અંતર ડંખતું હતું. પોતે આબરૂદાર માણસ! સારું માણસ! તાકી તાકીને જોવાનું શું બાકી રહ્યું હતું!

"તો બસ, સાહેબ; મારે કોઈના ઘરની ઝડતી લેવરાવવી નથી. કોઈ આબરૂદારની આબરૂ માથે હાથ નાખવો નથી. મારે તો મારી દીકરીનું આ રાખહના ઘરમાં કામ પણ નથી. હુંય ભલે એને જોવા ન પામું. ઈ જીવતી હોય તો બસ!"

શિવરાજે બાઈના ધણીને બોલાવી કહ્યું : "તમારે, છોકરીના રક્ષક તરીકે, શરમાવું જોઈએ. એને તમે અધરાતે કાઢી મૂકી છે. એણે કૂવો નથી પૂર્યો તેની શી ખાતરી? તમારા કહેવા પરથી હું કોઈની આબરૂ લેવરાવું? સૌ પહેલાં તો મારે તમને જ પોલીસમાં સોંપવા પડશે."

એ દમદાટીએ ખેડૂતને ઠંડોગાર બનાવ્યો. "મારે ફરિયાદ જ નથી કરવી, સાહેબ! મને છોડો તો બસ." કહીને એણે ચાલતી પકડી.

કચેરીમાંથી છૂટીને શિવરાજ સુજાનગઢ જવા નીકળ્યો. કોઈ માણસને મળ્યા વિના પોતે ટ્રેન પર પહોંચી ગયો.

લોકોએ માન્યું કે જુવાન મેજિસ્ટ્રેટ પોતે ઊઠીને આ ભાગેડુઓની તપાસ કરવા જાય છે. કેવો લોકલાગણીથી ભરેલો અમલદાર!

કોઈ બીજાઓએ કહ્યું : "પોતાના ભાઈબંધનો અપરાધ ઢાંકવાની પેરવીમાં છે."

પણ એ પોતે જ અપરાધી હતો એમ તો કોઈએ ન કહ્યું, કોઈને શંકા ન ગઈ.

મોડી રાતે જ્યારે શિવરાજ પાછો વળ્યો ત્યારે તેની સંગાથે બુઢ્ઢો માલુજી હતો. મકાનનું તાળું ઉઘાડ્યું, ત્યારે અંદર અંધકાર હતો. અંધકારની વચ્ચે અજવાળીનું શરીર

સળવળ્યું. શિવરાજની ઇજ્જત સાચવવા માટે એક જુવાન છોકરી જાણે કે કાળા અંધકારની કબરમાં જીવતે જીવે ચણાઈ ગઈ હતી.

અજવાળી ફફડી ઊઠી — સાપને માળા પર આવતો સાંભળી પારેવું ફફડે તેમ.

શિવરાજે બત્તી કરી; પાંચ દીવાસળી બગાડ્યા પછી દીવો થયો — કારણ કે એના અંતરનો દીપક ગુલ થયો હતો.

દીવો પેટાતાં અજવાળીને થયું કે જાણે કોઈ એનાં લૂગડાં ઉતારી લે છે. પ્રકાશ કૃતાંત કાળ સમો દેખાય એવી પળો માનવીના જીવનમાં આવે છે.

માલુજીએ અજવાળીને નિહાળી. બુઢ્ઢાના મોંમાંથી 'અરર !' એવી અરેરાટી નીકળી ગઈ. એણે પોતાની શ્વેત પાંપણો શિવરાજ સામે ઊંચી કરી. એ જઈફ નેત્રોના અંગારા અબૂઝ હતા.

"આમની જોડે જઈશ ? મારા બાપ સમા છે એ." શિવરાજનો લાચાર ચહેરો અજવાળીની સામે લળી રહ્યો.

અજવાળીએ બુઢ્ઢાને નખશિખ નિહાળ્યો ને ડોકું હલાવ્યું.

"આ લે." શિવરાજે ગજવામાંથી કંઈક કાઢ્યું. એ હતો નોટોનો થોકડો.

અજવાળીએ નકારમાં માથું ધુણાવ્યું. એ નોટો એને કાળી નાગણીઓ લાગી.

"આંહીં લાવો." માલુજીએ થોકડો લઈ લીધો.

"બાંય ઊંચી ચડાવો." માલુજીએ એટલું કહીને શિવરાજનો જમણો હાથ પકડ્યો. માલુજી શું કરવા માગે છે તે શિવરાજને ન સમજાયું. માલુજીએ જ શિવરાજની બાંય ઊંચી ચડાવી અને ભુજા પરથી માદળિયું છોડ્યું — છોડ્યું શું, ઝટકો દઈને જાણે કે તોડી દીધું.

"તારો હાથ લાવ, બેટા!"

એટલું કહી માલુજીએ, એ માદળિયું અજવાળીના હાથ પર બાંધી આપ્યું—બાંધતાં બાંધતાં અજવાળીને કહ્યું : "હું કદાચ નહીં હોઉં. મારો અંતકાળ હવે ઢૂકડો છે. હું નહીં હોઉં, કોઈ નહીં હોય, ત્યારે આ એક જ ચીજ આ નાલાયક માણસના અપરાધની સાક્ષી પૂરશે, સાચવીને રાખજે. એ બદલી બેસે તે દી દુનિયાને આ મૂંગું માદળિયું દેખાડજે."

શિવરાજનું મસ્તક પૃથ્વીને જાણે કે વીનવતું હતું કે મારગ આપ, માતા !

સરસ્વતીએ જેની હાંસી કરી હતી, દેવનારાયણ જેને વહેમનું રમકડું સમજી ઉપહાસ કરતા હતા, ને જેને માટે માલુજીએ જીદ ચલાવી હતી, તે જ એ માદળિયું : શિવરાજની માએ પુત્રને પહેરાવેલું — ને માલુજીએ આટલાં વર્ષ સંઘરાવેલું.

મને ક્યાં લઈ જાઓ છો, મારું શું ધાર્યું છે, મને હવે તમે ક્યારે મળશો ? — એવા સો-સો સવાલોને એકસામટા ઘૂંટીને જાણે કોઈએ આ છોકરીની બેઉ આંખોમાં આંજ્યા હતા. એની જીભ ને એનું હૃદય આંખોમાં આવીને બેસી ગયાં હતાં. માલુજીની પાછળ જ્યારે અજવાળી દાદર ઊતરતી હતી ત્યારે ઉપર ઊભીને શિવરાજે અજવાળીની હડપચી ઝાલી મોં એક વાર ઊંચું કર્યું. એટલું જ કહ્યું : "તને હું નહીં રઝળાવું; વહેલામાં વહેલી તકે મારી કરીશ."

બસ, એટલું કહીને એણે હડપચી છોડી દીધી. છતાં અજવાળીને માથું ઢાળતાં થોડી વાર લાગી. ન કથી શકાય તેવા ભાવ એના મોંમાં સમાયા હતા.

"સા... ચ... વી... ને... રે'... જો !" એ બોલ બોલતાં અજવાળીને ગળે કાંચકી બાઝી ગઈ.

તે પછી અર્ધાક કલાકે શિવરાજ પોતાની બારીએ ઊભો ઊભો કાન માંડીને સાંભળતો હતો : ગાર્ડની સીટી, સાંધાવાળાના ડંકા, એન્જિનનો પાવો, વરાળના ફૂત્કાડા, અને પાંચસો પૈડાંના ચગદાટ : પા કલાકની અક્કેક યુગ જેવડી પંદર મિનિટો : શિવરાજ જાણે એક દટ્ટણ-પટ્ટણમાંથી જીવતો ઊભો થયો. એ સૂતો — પણ પલેપલ એણે એક જ બોલ સાંભળ્યા કર્યો:

"સા... ચ... વી... ને... રે'... જો!"

## ૧૫. સરસ્વતી પાછી આવે છે

**સ**વાર પડ્યું. બે રાત્રિઓની રજેરજ સ્મૃતિઓને શિવરાજ ઘરમાં શોધતો હતો. શૂન્યતા સળવળતી હતી. અજવાળી ક્યાં ઊભી હતી... પછી ક્યાં ક્યાં બેઠી હતી... કેવું મોઢું, કેટલી નીરવતા, શી દયામણી મુખમુદ્રા... હજુયે ઘરમાં આ શાની સોડમ આવે છે?

એના જ દેહપ્રાણની આ ફોરમ પડી રહી છે? એ શું એના પ્રાણપુષ્પોનો અર્ક અહીં નિચોવી ગઈ છે? તંદ્રામાં જાણે કે ચૂલા પર તપેલી ચડી છે... ભાત અને દાળ રંધાય છે... બાપુજીને પહેલી પ્રથમ વાર પુત્રવધૂના હાથનું રાંધેલું ભોજન પીરસાય છે... જમતાં જમતાં બાપુજી આજે પહેલી જ વાર ઉપરાછાપરી માગી માગીને જમે છે... તંદ્રાની ડાળે સોણલાંની વાંદર-લીલા : ત્યાં તો નીચેથી કોઈએ હાક દીધી : "સાહેબ!"

"કોણ?"

"ડિપોટીસાહેબ યાદ કરે છે."

'અત્યારમાં!' શિવરાજનું ચોર-હૈયું ચમકી ઊઠ્યું : 'કાંઈક થયું? પકડાઈ ગયો?'

"કેમ અત્યારમાં?"

"બેન આવ્યાં છે."

"કોણ બેન?"

"સરસ્વતીબેન."

"ક્યારે?"

"પરોઢિયાની ગાડીમાં."

"તે મારું શું કામ છે?"

"કોણ જાણે, બેન ધ્રુસકે ધ્રુસકે રોયા કરે છે. બંધ પડતાં જ નથી."

શિવરાજના મનમાં અમંગલ અનુમાનોની ફોજ બંધાઈ ગઈ : સરસ્વતીએ જાણ્યું હશે? શી રીતે જાણ્યું હશે? અજવાળી મળી ગઈ હશે? સ્ત્રીઓના પરિત્રાણની ધૂની સરસ્વતીને અને રક્ષાયોગ્ય અજવાળીને અહીં કેમ્પમાં અગાઉ ભેટો થયો હશે? એ જૂની ઓળખાણનું શરણ અજવાળીએ સ્ટેશન પર લીધું હશે? કાળનાં સામટાં ચક્કર શિવરાજના શિર પર ભમવા લાગ્યાં. એ જેવોતેવો તૈયાર થયો ને ચાલ્યો.

પરસાળમાં વૃદ્ધ ડેપ્યુટી વિહ્વળ પગલે આંટા મારતા હતા. એના વદન પર કાળાશ વળી ગઈ હતી. એ કાળાશે શિવરાજને વિશેષ ભયભીત કર્યો. પોતે કોઈક પ્રહારને માટે માથું તૈયાર કર્યું. પોતાનાં બારે વહાણ બૂડતાં લાગ્યાં. શિવરાજ નમન કરવાનું પણ વીસરી ગયો.

"એને શું થઈ ગયું છે? નથી બોલતી, નથી હું પૂછું છું તેના જવાબો આપતી. રડ્યા કરે છે."

સાહેબના એ નરમ શબ્દોએ શિવરાજનો ધ્રાસકો સહેજ નીચો બેસાર્યો.

"ઓચિંતી આવી છે," સાહેબે ફોડ પાડ્યો : "તમારે ને એને કશો પત્રવ્યવહાર થયો છે?"

શિવરાજે કહ્યું : "ના."

"જુઓ, તપાસો તો ખરા — શી પીડા પેદા થઈ છે?"

મારે શું? શિવરાજનો એ પ્રથમ તિરસ્કાર-ભાવ : વળતી પળે પોતાને પોતાની પામરતાનું સ્મરણ થયું : હું તો પોતે જ અપરાધી છું. એને મારી સામે કાંઈ કહેવાનું હશે તો? તો હવે ક્યાં સુધી છુપાવ્યા કરીશ? સામે જઈને જ વધાવું.

ઓરડાના ખૂણામાં સાદડી પર સરસ્વતી વ્યસ્ત દેહે લોચાતી પડી હતી. શિવરાજને ભાળી એણે દેહ સમાર્યો, પણ બીજી બાજુ જોઈ ગઈ. છતાં શિવરાજ જોઈ શક્યો કે આજે સરસ્વતી સિંહણ નહોતી, ગાય હતી.

"શું છે?"

એના જવાબમાં પહેલાં સરસ્વતીએ અંતરને મોકળું મૂક્યું. આંખો અણખૂટ ધારાઓ વહાવવા લાગી. પછી એણે સ્વસ્થ બનીને શિવરાજ સામે જોયું. ન મનાય તેવી નરમ, છતાં કોઈ વિલક્ષણ ઠપકાથી ભરેલી નજર એણે શિવરાજ પ્રત્યે નોંધી.

"શા માટે મારી સામે એ રીતે જુઓ છો?" શિવરાજે પૂછ્યું.

"તમે મને કેમ નહોતી ચેતાવી?"

"કઈ બાબતમાં?" શિવરાજે તોપના મોંએ બંધાયા જેવી સ્થિતિ અનુભવી.

"તમે નહોતા જાણતા?"

"પણ શું?"

"હું તમારાથી નાની હતી, અનુભવ વિનાની હતી, મને કશું જ ભાન નહોતું."

"ક્યારે?"

"તમને મેં તરછોડ્યા જેવું કર્યું ત્યારે."

"એટલે?"

"એટલે તમે મને મારી ધૂનમાંથી પાછી કેમ ન વાળી?"

"પણ મારે તમને પાછાં વાળવા જેવું શું હતું? શું થયું છે?"

"મને કશી શુદ્ધિ જ ન રહી."

શિવરાજને લાગ્યું કે આ બધા બબડાટમાં કોઈક ઊંડો ભેદ રહેલો છે. પણ સરસ્વતી પોતાની મેળે જ વિશેષ ફોડ પાડે તેની એણે રાહ જોઈ.

"તમે દયા લાવીને સાંભળશો?"

"સાંભળીશ, કહો."

"મને ક્ષમા આપશો?"

"આપીશ." શિવરાજે યંત્રવત્ જ બોલી નાખ્યું. પણ એને ખબર હતી કે પોતે જ જગતની ક્ષમા માટે તલસતો હતો.

"બાપુજીને કે કોઈને કહેશો તો નહીં ને?"

"નહીં કહું."

"હું અમદાવાદમાં સ્ત્રીઓનો ઉદ્ધાર કરતી હતી." કહેતી કહેતી સરસ્વતી હસી; પછી એણે આંખો આડે સાડી દાબી દીધી.

"હં, પછી ?"

"પછી કાલે એક સ્ત્રીએ પોતાનાં બે બાળકોને સાથે લઈ કાંકરિયા તળાવમાં જીવ આપ્યો. એનાં ત્રણેનાં શબો મેં નજરોનજર જોયાં. એનો ઉદ્ધાર પણ મેં જ કર્યો છે."

એટલું કહેતાં તો સરસ્વતી ખૂબ રડી.

"તમે શી રીતે ?"

"આ વાંચો." સરસ્વતીએ પોતાના બ્લાઉઝની અંદરની ખીસીમાંથી એક ચોળાયેલ કાગળ કાઢી શિવરાજને આપ્યો. કાગળમાં થોડું ભણેલી ઓરતના હસ્તાક્ષરોમાં આટલું જ લખ્યું હતું :

"ભણેલીગણેલી બેન, તારા મારગમાંથી અમે સૌ ખસી જઈએ છીએ. મારો ધણી તારે સુવાંગ રિયો. બેન, સુખી થાજે !"

વાંચીને શિવરાજે સરસ્વતીની સામે જોયું.

"એના પતિ કોણ ?"

891.47301
MEG

"વિભૂતિ."

"વિભુતિ ? ક્રાંતિકાર વિભૂતિ ?"

"એ જ વિભૂતિ."

"અને તમે..."

G 879216

"એણે મને ને મેં એને બંડનાં વ્યાખ્યાનો આપતાં જોયાં, તેમાંથી અમે અન્યોન્ય ખેંચાયાં."

"એ પરણેલા છે તેની તમને ખબર નહોતી ?"

"એ મને મોડેથી ખબર પડી."

"પછી ?"

"પણ એણેં પોતાની કજોડા-કહાણીથી મને પિગાળી નાખી. એણે મને પોતાની પ્રેરણાની દેવી બનાવી. એની સ્ત્રી એક-બે વાર મારી પાસે આવી મહેણાં દઈ ગઈ. પણ મને વિભૂતિએ કહ્યું કે, મારી સ્ત્રીનો અપરાધી જો કોઈ હોય તો તે હું છું. તમે કશો જ અપરાધ નથી કર્યો. એ મારા દેહને પરણેલી છે : તમે મારા પ્રાણની અધિષ્ઠાત્રી છો."

"તમે ભોળવાઈ ગયાં ?"

"હું ભોળવાઈ ગઈ હોત તો મને આજે આટલો ડંખ ન થાત. પણ મને આ સ્ત્રીના દુઃખની સાન જ ન રહી. મેં એને તુચ્છકારી. પણ આજે હું એનાં ને બાળકોનાં શબો મારી સામે સૂતાં જોઉં છું ને હું ભાંગી પડી છું."

"વિભૂતિને છોડીને આવ્યાં ?"

"એણે મને ક્રાંતિનું અદ્‌ભુત સ્વરૂપ દેખાડ્યું."

"શું ?"

"કાલ ને કાલ મને મળ્યો, ને કહ્યું કે, હવે આપણે મોકળાં બન્યાં, ક્રાંતિની જ્વાળા ચેતવશું. ફરીથી એ-ની એ ભૂલ નહીં કરીએ."

"કઈ ભૂલ ?"

"પરણવાની. કાલ ને કાલ એણે આ બધું કહ્યું."

સરસ્વતી ફરીથી ભાંગી પડી.

સરસ્વતીએ આંખો ઉઘાડી. પણ એ આંખો પર શિવરાજનો હાથ નહોતો ફરતો.

એ તો એનું સ્વપ્ન હતું. શિવરાજ સારી પેઠે દૂર બેઠો હતો. શા માટે શિવરાજ એની એટલી પણ અનુકંપાને અવરોધતો બેઠો છે?

"તમે મને ધિક્કારતા તો નથી ને?" એણે પૂછ્યું.

"ના." શિવરાજના એ નકારમાં કંટાળો હતો કે ક્ષમા હતી?

"જે વાત હું બાપુજીને ન કહી શકી હોત તે તમને કહી શકી." એણે આ વાક્ય શિવરાજની લાગણી માપવા માટે મૂક્યું.

"બોજો એટલો હળવો થયો ને!" શિવરાજે કંઈક બોલવું જ જોઈએ એવા ભાવે કહ્યું.

"પાપ બોજો કરે છે — કેમ કે એને છુપાવવામાં આવે છે."

શિવરાજને સરસ્વતીના એ શબ્દોએ ગભરાવ્યો.

"હવે હું શું કરું?"

"અજ્ઞાન સ્ત્રીઓની સેવા કરવી હોય તો અહીં ક્યાં ઓછી છે!" શિવરાજે કહેવા ખાતર જ કહ્યું.

"હું અહીં રહું એ તમને ગમશે?"

"શા માટે ન ગમે?" શિવરાજ શબ્દોનો જાણે સંચો બની ગયો.

"તો હવે અહીં જ રહીશ." બોલનાર હોઠે લાલી પકડી, આંખોએ ગોળાકાર ધર્યો. શિવરાજના જીવન ફરતા જાણે એ બંને ગોળાકારના કોઠા બંધાયા.

"તમારી નજરમાં હું નિર્મળ બનવા મથીશ." સરસ્વતીએ શરણાગતિ બતાવી.

"કોઈ બીજાની નજરમાં શા માટે?"

"જે નિષ્પાપ છે તેની નજરમાં."

"કોને ખબર છે?"

"મને."

મને! — એને શી ખબર છે! એ શું કશુંક ગર્ભિત અણકથ્યું કથે છે?

"અહીં રોજ આવતા રહેશો?"

"કેમ નહીં આવું?"

"મને આ કૂવામાંથી કાઢશોને?"

"હું પોતે જ પૂરો તરનારો નથી."

"તો હું તમનેય ડુબાવીને તળિયે બેસીશ."

આ વાક્ય પરનું શિવરાજનું હસવું એકદમ અસ્વાભાવિક હતું. એ કોઈક નાટકનું પાત્ર ભજવવા લાગ્યો. એણે સરસ્વતીને સાંત્વન આપીને રજા લીધી. ઓફિસનો સમય થઈ રહ્યો હતો.

તે દિવસે રાત્રિએ શિવરાજે ઘરમાં બેઠાં બેઠાં એક કાગળ લીધો. એના પર પેનસિલથી ડાબા હાથે અક્ષરો પાડવાનો પ્રયાસ કર્યો. લખ્યું કે, 'મારી માને માલૂમ થાય કે હું તારી દીકરી અજવાળી આંઈ જ્યાં છું ત્યાં ખુશીમજામાં છું. માડી, તું ચિંતા કરીશ મા. મને ગોતીશ-કરીશ મા. હું મારી જાતે જ તને મળી જઈશ. તમારો જમાઈ આંઈ મને સાચવે છે.'

અક્ષરો ડાબા હાથે કાઢવા છતાંય વળાંક સારો આવ્યો. લખેલું ફાડી નાખ્યું. ફરીથી, ફરીફરીથી એ-ની એ વાત જુદી જુદી ઢબે લખી. અભણ ખેડૂતના અક્ષરોનો પહેરવેશ પહેરાવવા એણે મથામણ કરી. શિવરાજ તરકટ કરતો હતો. બુદ્ધિ અને લાગણી બેઉ એ તરકટમાં કામે લાગી ગયાં હતાં. ચોથે કે પાંચમે દિવસે એ કાગળ એણે સ્ટેશન પર જઈ

રેલવેના ડાકડબ્બાની પેટીમાં નાખ્યો.

વળતા દિવસે અજવાળીની માએ સૂર્યાસ્તની વાટ જોઈ. વિરાટનું ચામાચીડિયું અંધારું જ્યારે આકાશમાં ઊંધે માથે લટકી પડ્યું ત્યારે તેણે આવીને 'ન્યાધીશબાપા'ના આંગણામાં વાટ જોઈ. 'બાપા' ફરીને આવ્યા ત્યારે એ આધેડ બાઈનું મોં મીઠી આત્મવંચનાનો મલકાટ ધારણ કરીને ઊભું હતું.

"બાપા!" એણે ઉભડક પગે બેસીને બે હાથ જોડ્યા : "તમારી વાત સાચી. માનો જીવ અભાગિયો ખરોને, તે આટલા દી વશવાશ કરતો નો'તો કે બાપાએ કહેલું સાચું હોવું જોઈએ. પણ આજ તો મારી અંજુડીનો મૂઈનો કાગળ આવ્યો છે. મૂઈને જમાઈ ભણેલો જડ્યો, હો બાપા! મેં ટપાલી આગળ વંચાવ્યો, પણ મને તો એણે શું વાંચ્યું તે ઈયાદે ન રિયું. તમે, બાપા, વાંચી દેખાડશો? બે વાર વાંચોને, માડી! હું મૂઈ ટપાલિયા આગળ ગઈ! ઈ રોયો ઠેકડી કરવા મંડ્યો. મેં તો કાગળ આંચકી જ લીધો. એને રોયાને હસવું આવે — એને કાંઈ દીકરી થોડીક છે? રોયો વાંઢો તે શું સમજે? ઓલ્યાને, અંજુડીના બાપને રોયો કહી દેશે તયેં તો મને પીટવાનો. ઠીક ભલેને પીટે. મારી અંજુડી મજા કરે છે. પછે માર થોડો ખમી લેવો એમાં શી મોટી મામલત છે! લ્યોને, બાપા, વળી કોઈ આવી જાશે."

શિવરાજની આંગળીઓએ એ કવર ઉપાડતાં મણ જેટલો બોજો અનુભવ્યો. કવર એક વાર તો એના હાથમાંથી પડી ગયું. પછી એણે નિષ્પ્રાણભાવે કાગળનું વાંચન કર્યું.

"બીજી વાર વાંચશો, બાપા?" બાઈએ કાકલૂદી કરી : "મારે હૈયે થઈ જાશેને આખો કાગળ, પછેં તો હું રાત-દી મારી જાણે જ વાંચ્યા કરીશ."

શિવરાજે બીજી વાર વેઠ ઉતારી. એક એક અક્ષર વીંછી બનીને એને ડંખ દેવા લાગ્યો.

"હાંઉં, ખમા તમને," બાઈ ઊઠી : "અરેરે! મને હવે કોણ ભણતર ભણાવે? નીકર હું મારી જાણે જ ઉકેલી લઉંને! બૈરાંની જાતને કોણ શીખવે, બાપા?"

"બાઈ, મોટા સાહેબની દીકરી છે, એ તમને શીખવે તેવાં છે."

"તો હું શીખું. મને ઇયાદ ન રે'? — રે' હો, બાપા. નાનપણમાં મેં કાંઈ મોતીના વીંઝણા ને હીરનાં ભરત થોડાં નથી ભર્યાં! મારી અંજુડીનો કાગળ ઉકેલવાની મને ખૂબ હોંશ થાય છે."

"હું તમને સાહેબનાં દીકરી સાથે ઓળખાણ કરાવી દઉં?"

"કરાવી દેશો? તો તો હું શીખી લઉં. ને હું તો સામેય કાગળ લખવા માંડું. પણ એને ક્યાં બીડું? એનું કાંઈ ઠેકાણું માંડ્યું છે આમાં? જુઓને, માડી!"

"નથી."

"ફરી વાર જોશો? વખતે ક્યાંક હોય."

"નથી, બાઈ, નથી."

"થિયું. કાંઈ નહીં, બાપા! તમને સંતાપવા નથી મારે. મોટા માણસની અગવડ-સગવડ જોયા વગર હુંય મૂઈ લાગી જ રઈ છું. ગરજવાનને અક્કલ ન હોય, બાપા! ગરજે તો ગધેડાનેય —"

"એટલું બોલ્યા પછી બાઈનેય ભાન આવ્યું કે પોતે એ પાછલી જૂની કહેવતનો જે પ્રયોગ આંહીં કરી રહી છે તે અનુચિત હતો. ફરી વાર ધરતી સુધી માથું લઈ જઈને એણે શિવરાજને નમન કર્યું. એ ચાલી ગઈ — શિવરાજને માટે આત્મતિરસ્કારના સર્પદંશો મૂકતી ગઈ.

# ૧૬. મુંબઈને માર્ગે

**આ** ગગાડીએ વીરમગામ સ્ટેશન છોડીને જ્યારે ગુજરાતનું હાર્દ વીંધવા માંડ્યું, ત્યારે અનેક ગુર્જરોની આંખો અજવાળીના અર્ધઢાંક્યા અધખુલ્લા ચહેરા પર, ગોળને માથે મકોડો ચડે તેમ, ચડવા લાગી. બૂઢો માલુજી અબોલ રહી બેઠો હતો. એને નિહાળીને અમદાવાદી પાઘડીઓએ આંખો મિચકારી.

"દીઠા?"

"શું?"

"કાઠિયાવાડી પાઘડીના આંટા."

"હા! સરસ!"

"પાઘડીમાં છે એટલા જ પેટમાં, હાં કે?"

"વટાવવા જતો લાગે છે."

"કાઠિયાવાડને તો ગુજરાત દૂઝે છે. છોડીઓનાં નાણાં કરી કરીને તો કાઠિયાવાડીઓ ગુજરાતનો કસ લઈ ગયા છે."

"મારા દીચરા વાઘરાંની છોડીઓને વાણિયા-બામણ જોડે વરગાડી જાય છે."

"આ બૈરું કંઈક ઓર જાત લાગે છે."

"તમારે ભાગ રાખવો જણાય છે!"

"ડોસો પૂરો પાજી જણાય છે. માંજરી ઝીણી આંખ્યો દીઠી એની?"

"પૂરી ઉઘાડતો નથી, પણ આપણને તાકી તાકીને જોઈ લેતો જણાય છે, હાં કે?"

'જણાય છે' શબ્દ કેટલો ભયંકર બની શકે છે તે આ વાર્તાલાપે બતાવી આપ્યું.

કેટલાક મુસાફરોએ માલુજીનું મોં ખોલાવવા પ્રયત્ન કર્યો : "કાં, કાકા? ક્યાંથી આવો છો? ક્યાં હીંડ્યા? લો, સોપારી ખાશો? નડિયાદ-આણંદ બાજુનું કામ હોય તો કહેજો. આપણે પુષ્કર ઓરખાણ્યો સે પાટીદારોમાં. બાઈ તમારી દીચરી જણાય છે. ઠાવકી બાઈ છે. ગુજરાતણોનાં તો મોં બાર્યાં જેવાં, હો કાકા! કાઠિયાવાડની કેમત્ય પણ ગુજરાત્ય જ કરી જાણે, હો કાકા! બીજે જશોને, તો..."

માલુજીના હાથ ખાજવી ઊઠ્યા. ભત્રીજાને એકાદ અડબોત લગાવી દેવાનું કામ કાંઈ આકરું નહોતું. પણ પોતે એક ગંભીર કામગરી લઈ નીકળ્યો છે : ગુજરાતીઓ કિકિયારણ આદરશે : ફજેતો થશે : પોલીસ પજવશે. કાકાપાઠ ભોગવી લીધો.

મુંબઈ આવ્યું ત્યારે ગાડી જાણે કે પાટાઓની જટિલ ઝાડીમાંથી પોતાનો માર્ગ શોધતી એકસરખી ચીસો પાડતી હતી. સિગ્નલોની રાતી અને લીલી આંખો ગાડી પર સળગી રહી હતી. બારી બહાર ડોકિયું કરીને આ કોઈ પ્રકાંડ કાવતરાના પથરાવને જોઈ છાનીમાની અકળાતી અજવાળી વારે વારે પોતાની ભુજાએ બાંધેલા માદળિયાને સ્પર્શ કરતી હતી. માદળિયામાં પોતાની આખરી રક્ષા રહેલી છે, માદળિયું જ પોતાને પાછી શિવરાજ પાસે પહોંચાડનાર છે. માદળિયાએ એનો ભય મોળો પાડ્યો. મુંબઈની માયાજાળ વચ્ચે આ માદળિયું છે ત્યાં સુધી મને કોનો ભો છે? માદળિયાએ એને છાતી આપી.

"બેટા," ગાડી ધીમી પડી ત્યારે માલુજીએ આખી મુસાફરી દરમિયાનનો દસમો શબ્દ ઉચ્ચાર્યો : "આપણે હવે તારા આશરાના થાનકમાં આવી પહોંચ્યાં. તને એક વાત

પૂછી લઉં. કોઈ કાંઈ પૂછશે તો શું કહીશ ?"

"કહીશ કે તમે મારા બાપ છો."

"પણ બીજું બધું પૂછશે તો ?"

"તો કહીશ — મને ખબર નથી."

"બધી જ વાતમાં ?"

"હા."

"હું તને બે-ચાર વાતો કરું ?"

"મને યાદ નહીં રહે."

માલુજીને હસવું આવ્યું. એ હસવું એનું પોતાનું જ કલેજું વીંધતું હતું : કેવા તરકટનો શિકાર બની છે આ છોકરી !

"તને આંહીં કેમ મોકલી — જાણ છ ?"

અજવાળીએ ખુલાસો ઝીલવા આંખો પાથરી. એ ખુલાસો માલુજીએ કર્યો : "ભણીગણીને હુશિયાર થાવા, મારા શિવરાજને માટે લાયક ને સુલક્ષણી બનવા. થોડો વખત છુપાઈને રહ્યા પછી હું પોતે જ તારો એની જોડે વિવાહ કરીશ, હું નહીં મરું, હો ! મોત આવશે તોય પાછું મોકલીશ."

ભણીગણીને હોશિયાર બનવાની વાત અજવાળીના કાનમાં પોતાના ખેતરમાં ટહુકતા તેતરની કિલકિલ બોલી-શી ગુંજી ઊઠી. પોતાને અક્ષરો ઊકલશે ? કાળા કાળા મકોડા અને ખડમાંકડી મારીને ચોંટાડ્યાં હોય તેવા વિચિત્ર રૂપવાળા શબ્દોની સૃષ્ટિ પોતાને સમજાતી થશે ? પોતે 'શિવરાજ' એવો શબ્દ લખી શકશે ? શિવરાજના કાગળો આવશે ને પોતે એ કાગળોની વાણી ભેદી શકશે ? પોતે જ્યારે સામો જવાબ વાળશે ત્યારે શું શું લખશે ? આંગળીઓ એ શબ્દોના કેવા મરોડ કાઢશે ? હાય હાય ! મૂઈ અજવાળી ! હું કાગળ લખીશ ત્યારે મારી આંગળીઓ ઓગળીને ખરી જ પડશે ને ?

માલુજીના વાળ સફેદ હતા. માલુજીનું બૂઢું, બોખું મોં અવિશ્વાસ કે દગાખોરીની એક પણ રેખા દાખવતું નહોતું. અજવાળી પોતાનાં માતપિતા પર ભરોસો હારી બેસીને હવે આ અજાણ્યા ઊજળા પુરુષો પર કયા વિશ્વાસે ઢળતી હતી ? પોતાને જ એ બધું અકળ લાગ્યું.

પહેલો કાગળ ભણીગણીને શિવરાજને લખીશ, કે મારી માને ? અજવાળીને એ વાત તે ઘડીથી મૂંઝવવા લાગી.

"ભરોસો રાખજે, હો દીકરી !" માલુજીએ અજવાળીના વિચારમગ્ન મોં પરથી ઉચાટ અનુભવીને કહ્યું : "મારો શિવરાજ લોફર નથી. એની માએ ધાવણો મેલેલો તે દા'ડાથી આ મારા હાથની જ આંગળી ચૂસીને એ આવડો થયો છે. એ તને રઝળાવે નહીં. એણે તને સુધારવા મોકલી છે."

સુધારવા ? મુંબઈમાં ? અજવાળીએ આજ સુધી મુંબઈનું નામ પચીસ-પચાસ વાર સાંભળ્યું હતું. બાપના જ મોંએથી એક બોલ વારંવાર પડ્યો હતો. માને બાપ કહેતો : "તેં, રાંડ, તેં મને પરણ્યા પે'લાં ગેરકામ ન કર્યું હોય તો બોલ — તારા માથે મુંબઈનું પાપ !" મહારાજ દેવકૃષ્ણ પણ વારે વારે આવીને ધમકાવતા : "આ વખતે તારે વિઘોટી ભરવાના પૈસા ન હોય તો બોલ — તારા માથે મુંબઈનું પાપ !" પાડોશણ કુંભારણ વિધવાને લેણદાર વેપારી આવીને ઘણી વાર સોગંદ દેતો : "રૂપિયા ન હોય તો ખા સમ

— તારા માથે આખી મુંબઈનું પાપ!"

"મુંબઈનું પાપ! એ જ આ મુંબઈ! આમાં પાપ ક્યાં છે? આ તો ઇન્દ્રાપરી જેવું શહેર છે. આંહીં તો લાખો લોકો દોટમદોટ રોજી રળે છે. આંહીંના રસ્તા આરસ જેવા સુંવાળા, આંહીં બબ્બે દુકાનને આંતરે ભજિયાં ને પૂરી તળાય છે, આંહીં પાન ચાવીને ગરીબોય રાતાંચોળ મોઢાં કરે છે, આંહીં ગલીએ ગલીએ માલણો ફૂલના હારગજરા વેચે છે, આંહીં માર્ગે માર્ગે ઠાકરનાં મંદિરોનો પાર નથી, આંહીં બાઈમાણસો પગમાં જોડા પહેરી ને માથે છત્રી ઢાંકીને ચાલી જાય છે, આંહીં હીરા-મોતી ને ઝવેરાતની આટઆટલી હાટડીઓ ઉઘાડી પડી છે તોપણ કોઈ લૂંટ કરતું નથી, આંહીં ઘરેઘરને બારીઓ છે છતાં કોઈને ચોરનો ભો નથી — ત્યારે મુંબઈનું પાપ ક્યાં?"

કેમ જાણે એના મનમાં ઊઠતા પ્રશ્નનો જવાબ વાળતો હોય તેમ વિક્ટોરિયાગાડીનો ગાડીવાન ઘોડો દાબીને બોલ્યો : "લ્યો, કાકા. આંહીં તમારો આશરમ."

"આવી ગયો?"

"હા જ તો, કાકા, જુઓને આ મોટું પાટિયું! નામ વાંચો, સોનેરી મોટા અક્ષરો. આ એકલા પાટિયાના જ પાંચ હજાર રૂપિયા ખરચ્યા છે આશરમવાળાઓએ, હો કાકા!"

"એમ?"

"હા, કાકા. અમે પાલનપુરના ગાડીવાળા જૂઠું ના બોલીએ."

વાહ! જ્યાં ગાડીવાળા જેવા અભણ માણસો પણ જૂઠું ન બોલે, તે મુંબઈમાં પાપ કેમ હોય? અજવાળીને ગુપ્ત આનંદ થયો. પોતે જાણે કોઈ તીર્થક્ષેત્રમાં આવી પહોંચી છે.

બંધ દરવાજાનાં બારણાં ઊઘડ્યાં. થોડી જ પળમાં અજવાળી 'પીડિત-આશ્રમ'ની ઓફિસમાં પહોંચી, અને માલુજી જેવા જઈફની કેમ જાણે મરજાદ કરતી હોય તેમ પચાસેક જુવાન સ્ત્રીઓ, એક આધેડ વયની લઠ્ઠ ઓરતનો સિસકાર સાંભળતાંની વારે જ બેબાકળી પરસાળમાંથી ઊઠીને અંદરના મકાનમાં દોડી ગઈ. તેમની લજ્જાનું રક્ષણ કરનારાં અંદરનાં દ્વાર પણ ભિડાઈ ગયાં.

માલુજીએ એ લઠ્ઠ આધેડ બાઈના હાથમાં કાગળ મૂક્યો. બાઈએ કહ્યું : "લાવો — રૂપિયા લાવ્યા છો કે?"

માલુજીએ નોટોની થોકડી હાથમાં આપવા માંડી. બાઈ દાઝતી હોય તેવું મોં કરીને બોલી : "ટેબલ પર મૂકો."

માલુજીએ પોતાની ભૂલ થઈ હોય તેવા ભાવે કાનની બૂટ ઝાલીને કહ્યા મુજબ કર્યું.

"હવે તમે જઈ શકો છો."

માલુજીએ જતાં જતાં અજવાળીની સામે વિદાય સૂચવતા બે હાથ જોડ્યા. અજવાળીની આંખો ભીની થઈ. લઠ્ઠ બાઈએ અજવાળીને પહેલો જ પ્રશ્ન પૂછ્યો :

"કાંઈ ખોટું કામ કરીને તો નથી આવીને, બાઈ?"

અજવાળીએ માથું ધુણાવી ના ભણી. એનું લક્ષ્ય આ સવાલના અર્થ તરફ નહોતું. એ તો બંધ થતાં બારણાં વચ્ચેથી દેખાતી માલુજીની પીઠ પર જ મીટ માંડી રહી હતી. એને મોડું મોડું યાદ આવ્યું : મેં કેમ ન કહેવરાવ્યું કે એ સાચવીને રહે? એ? 'એ' એટલે કોણ? નામ કેમ જીભ પર નહોતું આવતું? એવું પ્રિય અને પવિત્ર એ નામ હતું, એટલું બધું મીઠું હતું, કે જીભ પર ચડતાં પાણી પાણી થઈ જાય!

લઠ્ઠ બાઈએ બીજો પ્રશ્ન પૂછ્યો : "તારી પાસે કાંઈ પૈસા-દાગીના કે જરજવાહિર

નથી કે ?"

"ના."

"જો — છુપાવતી નહીં."

"હો."

આટલા પ્રશ્નો પૂછતાં સુધી તો એ બાઈનું મોઢું પોતાના ચોપડા ને રજિસ્ટરમાં હતું. પણ રજિસ્ટરમાં વિગતો પૂરી લીધા પછી જ્યારે એણે અજવાળીના ચહેરા સામે આંખો માંડી, ત્યારે એ લઠ્ઠ બાઈના હોઠ આપોઆપ મલક્યા. "તું ગામડાની છે ?"

"હા."

"ગરાસણી છે ?"

"ના."

"છતાં આટલી બધી રૂપાળી છે તું ? તું ધંધો શો કરતી હતી ?"

"મજૂરી."

"શાની ?"

"ખેતરની."

"વાહ રે ! બસ ! ત્યારે તારું તો જલદી ઠેકાણું પડી જવાનું. કશી વાર નહીં લાગવાની."

"આ બાઈ આવા બોલ કેમ કાઢે છે ?" અજવાળી સંભ્રમમાં પડી : "આ બાઈ સ્ત્રી હોવા છતાં મારા રૂપને કેમ વખાણવા લાગી છે ? આંહીં શું રૂપાળાંને જ રાખતાં હશે ? રૂપાળાંને વિદ્યા ઝટપટ ચડતી હશે ?"

"ચાલ અંદર."

અજવાળીને અંદરના ખંડમાં લઈ જતી એ લઠ્ઠ બાઈ શિખામણ દેતી હતી : "જોજે — બીજી બાઈઓ સાથે બોલવાચાલવાનું કે બેસવાઊઠવાનું બહુ ન રાખતી. કાંઈ મૂંઝવણ હોય તો મારી પાસે આવજે. આંહીં એવો નિયમ છે."

અજવાળીને પોતાના ગામની નિશાળ સાંભરી. નિશાળ પાસેથી એ કોઈ કોઈ વાર નીકળી હતી. ત્યાં કન્યાઓને ચુપચાપ બેસવાનું હતું. આ પણ નિશાળ જ છે ને ? એટલે જ મને વાતો કરવાની ના પાડતાં હશે.

અંદર જતાં જતાં જ સામે એક બાઈ મળી. એણે એ લઠ્ઠ બાઈને કાનમાં કહ્યું : "ચાલો જોવું હોય તો : રોશન અને રમા ક્યારની બેઠી બેઠી ગુસપુસ ગુસપુસ કરે છે. બંને એકબીજીને અડકીને બેઠી છે; વારે વારે હસે છે."

એક લાંબા લાંબા ખંડમાં, જ્યાં બંને દીવાલો પર હારબંધ પેટીઓ ને પાથરણાં ગોઠવાયાં હતાં, ત્યાં એક ખાલી જગ્યાએ અજવાળીને બેસવાનું કહીને એ લઠ્ઠ બાઈ દૂર બીજા છેડાના ખૂણા પર ઊપડતે પગલે જઈ પહોંચી.

બે જુવાન સ્ત્રીઓ ત્યાં સાથે બેસીને વાર્તાલાપ કરતી હતી. એકની આંખો તાજી રડેલી હતી. રડેલી મુખમુદ્રા એના રૂપમાં વધારો કરતી હતી. બીજી એને સાંત્વન આપતી હતી તે એકાએક અટકી ગઈ. લઠ્ઠ બાઈએ તેમની સામે એક હાથ લાંબો કર્યો. એ હાથની આંગળીએ બેઉને પોતપોતાનાં સ્થાન બતાવ્યાં. બેઉ જુદી પડીને બેસી ગઈ. બેઉની આંખોમાં આવી કડકાઈ પ્રત્યે મૂંગો તિરસ્કાર સળગતો રહ્યો. પચાસ બાઈઓ પાંચ પાંચ વર્ષનાં નાનાં છોકરાંની પેઠે પલાંઠો ભીડીને બેસી ગઈ.

"સૌ પોતપોતાનું કામ કરવા લાગો." લક્ષ બાઈ આટલું કહીને ચાલી ગઈ. પચાસે બાઈઓના હાથ કામની શોધમાં આમતેમ અફળાયા. કામ કશું હતું નહીં.

એકસો આંખો સામસામી ચકળવકળ કરતી હતી. એ દૃષ્ટિમાં ધાક અને અવિશ્વાસની શૂન્યતા હતી.

## ૧૭. ત્રાજવામાં

**અ**જવાળીને ઠેકાણે પાડ્યા પછી બે જ દિવસે શિવરાજની અદાલતમાં એક નાજુક મુકદ્દમો આવીને ઊભો રહ્યો.

કેમ્પની વસુમતી મિલના શેઠના પુત્ર પર એના એક મજૂરે ખૂની હુમલો કર્યો. મજૂરની છરી શેઠ-પુત્રને પૂરી ઈજા ન કરી શકી, ત્યાં તો પઠાણ દરવાનો આવી પહોંચ્યા અને મજૂરને ગૂંદી ગૂંદી કબજે કર્યો. મહાવ્યથા અથવા લઘુવ્યથાની કલમ હેઠળ થયેલો ગણાતો એ ગુનો શિવરાજની ન્યાય-ત્રાજૂડીમાં તોળાવાને માટે આવી પહોંચ્યો.

કાઠિયાવાડની એ જૂજજાજ મિલો માયલી એક મિલ હતી. માલિકના મગજમાં અમદાવાદી ઉદ્યોગપતિનું શાણપણ હતું. શહેનશાહના જન્મદિને તેમ જ તાજપોશીની વર્ષગાંઠે શેઠની નાદર સખાવતો જાહેર થતી; અને નાતાલના ઉત્સવમાં શેઠ-ઘરની ભેટસોગાદો ખુદ મોટા સાહેબ સુધીના એક પણ અમલદારી ઘરને ન વીસરતી. શેઠે શહેરની ક્લબને ગ્રાંટ બાંધી આપી હતી. શેઠના અહેસાનથી વંચિત એક દેવનારાયણસિંહ સિવાય ભાગ્યે જ કોઈ એજન્સી અધિકારી રહ્યો હતો. શેઠની મોટરો માગી જનારા એક ઓફિસરે એક વાર પોતાના પદરથી પેટ્રોલ ભરાવેલું તેને તો શેઠે પોતાની અવમાનના સમજીને એ અધિકારી પર મોટો ધોખો ધર્યો હતો.

હુમલાના કારણરૂપે મિલનાં રજિસ્ટરો અને ચોપડાઓની સાહેદી ટાંકીને બતાવવામાં આવ્યું કે કામમાં બેદિલી રાખીને સંચાને નુકસાન કરવા બદલ એના પગારમાં કાપ મૂકવામાં આવેલ તેનો એ મજૂરે કિન્નો રાખેલ હતો.

મિલ-મજૂરો દારૂડિયા, જુગારી અને સ્વભાવે હિંસક પ્રાણીઓ સમા હોય છે, એવી છાપ શિવરાજના દિલ પર પાડવાના શક્ય તેવા તમામ યત્નો થઈ ચૂક્યા. સૌને લાગ્યું કે મુકદ્દમો નાનું બાળક પણ પહેલી જ નજરે સમજી શકે તેવો સાવ સાદો હતો. વકીલોની ઊલટતપાસમાંથી એ જ સાર નીકળતો હતો. મજૂરના પક્ષે સાહેદી પૂરનાર કોઈ નહોતું. આ બધી દલીલોની ભીડ વચ્ચેથી જુવાન મેજિસ્ટ્રેટનું મન માર્ગ કાઢતું કાઢતું આરોપીની પાસે પહોંચતું હતું. આરોપીની સામે વીતેલા આઠ દિવસો એને દિલે કોઈક બીજી જ ગંધ લાવતા હતા.

"આરોપી," શિવરાજે કેદીને આખરની સુનાવણી વખતે પૂછ્યું : "તારે તારા બચાવમાં કાંઈ કહેવું છે?"

"ના, સાહેબ."

"તેં ગુનો શા માટે કર્યો છે?"

કેદીએ જવાબ ન વાળ્યો.

શિવરાજનું દિલ સ્વચ્છ નહોતું. પડેલા પુરાવા અને કેદીની બચાવ વિશેની બેપરવાઈ

એને એક વાત કહેતાં હતાં, કેદીનું આઠેઆઠ દિવસનું મૌન એને બીજી વાત કહેતું હતું.

"કેદી, તું રહમ પણ માગતો નથી ?"

"રહમ તો માગી'તી પરભુની કને, સાહેબ! પણ એણે અધૂરી સાંભળી."

"એનો અર્થ ?"

"અરથ એ કે મારે એને જાનથી મારીને ફાંસીએ જાવું'તું."

"તારે બાળબચ્ચાં છે ?"

"ત્રણ."

"માબાપ છે ?"

"બેય જીવતાં મૂઆં છે."

"તું દારૂ પીએ છે ?"

"ના, સાહેબ."

"તારે કાંઈ નથી કહેવું ?"

"કોને કહું ? ક્યાં કહું ?"

શિવરાજે અદાલતને વિખેરી નાખી. વળતે દિવસે કેદીને પોતે પોતાની ચેમ્બરમાં એકાંતે તેડાવ્યો.

કેદી રવાના થયા પછી એના પર ડેપ્યુટીસાહેબના ચપરાસીએ આવીને એક ચિઠ્ઠી મૂકી. લખ્યું હતું :

'આ કેસમાં વધુ ઊંડા ઊતરવામાં સાર નથી. ઠેઠ ઉપરથી એવી ઇચ્છા મને પહોંચાડવામાં આવી છે. તમારી કારકિર્દીને પ્રથમ પહેલે પગથિયે થાપ ન ખાઈ બેસતા. સરસ્વતી પણ એ જ ઇચ્છે છે.'

શિવરાજનું યુવાન લોહી આગની ભઠ્ઠી પર મુકાયું : 'ઠેઠ ઉપર'વાળા, સરસ્વતીના પિતા અને સરસ્વતી, બધાં જ અમુક વાત ઇચ્છે છે — એનો શો અર્થ ?

શિવરાજ સીધો પોતાને ઘેર ગયો. એણે કપડાં બદલ્યાં. એ બહાર નીકળ્યો. તે પૂર્વે શહેરના બે પ્રતિષ્ઠિતોએ એને પકડી પાડ્યો, ને કહ્યું : "આ શું કરી રહ્યા છો, સાહેબ ? પોથી માયલા વેદિયા થવાનું હોય આમાં ? શેઠની લાગવગો, સખાવતો, ધર્માદાઓ, શહેરમાં પાણીની રાડ બોલતી તેનો એણે કરેલ મિટાવ — એ બધું તો વિચારો. મજૂરની બહુ દયા આવતી હોય તો તેને ટૂંકી સજા કરો."

"મારું મન નથી કબૂલતું. આમાં જે ફરિયાદી છે તે જ અપરાધી છે."

"તમે ચેપળાઈ છોડો. કાંઈક અમારાં ધોળાં સામું તો જુઓ. અમે સાઠ સાઠ વર્ષ પાણીમાં નથી કાઢ્યાં."

"આ બાબત પર આપણી ચર્ચા નકામી છે."

એટલેથી વાતનો છેડો લાવીને શિવરાજ સ્ટેશને પહોંચ્યો ત્યારે સ્ટેશન પર મળનાર એક સ્નેહીએ એના કાનમાં કહી નાખ્યું કે, "આરોપીને ચેમ્બરમાં એકલો તેડાવીને તમે તમારા સામે ભયંકર સંદેહ નોતર્યો છે."

"થાય તે સાચું." વધુ વાર્તાલાપ કર્યા વગર એ પિતાજીની પાસે પહોંચ્યો, ને મજૂરના મુકદ્દમાની વાત ઉચ્ચારી.

મોં પરની એકેય રેખાને કૂણી પાડ્યા વિના દેવનારાયણસિંહ વાત સાંભળી રહ્યા.

શિવરાજે વિગતોની સમાપ્તિ કરી.

"વધુ કાંઈ ?" બાપે પૂછ્યું.

"ના."

"બસ ત્યારે, જાઓ."

"મારે શું કરવું ?"

"કોને પૂછો છો ? શા હિસાબે પૂછો છો ?"

શિવરાજ પિતાના મનની વેદના કળી શક્યો. પોતે પોતાના પ્રત્યે પિતાનો આવો કોપ પહેલી જ વાર નિહાળ્યો.

"ડરો છો ? કાયદાનાં થોથાં ગોખીને જ ન્યાયાસને બેસી ગયા છો ? મને પૂછો છો ? પ્રભુને નથી પૂછ્યું ? એ તો મારા કરતાં તમારી વધુ નજીક છે."

શિવરાજ સ્તબ્ધ બન્યો.

"જાઓ."

દેવનારાયણસિંહે 'જાઓ' શબ્દ જિંદગીમાં બીજી વાર આવી કરડાઈથી ઉચ્ચાર્યો. એક વાર છાપાની દમદાટી દેવા આવનાર દેવકૃષ્ણ મહારાજ 'જાઓ' સાંભળીને આ પિતાને દ્વારેથી પાછા ગયા હતા.

પાછા કેમ્પમાં જઈને વળતા દિવસની ભરચક અદાલતમાં શિવરાજે ફેંસલો સંભળાવ્યો. ફેંસલો ટૂંકો અને ટચ હતો :

"મને સંપૂર્ણ ખાતરી થઈ છે કે આરોપીના અપરાધ પાછળ ઉશ્કેરણીનું જે કારણ આંહીં ફરિયાદી તરફથી રજૂ કરવામાં આવેલ છે તે પૂરતું નથી. તેની પાછળ વધુ તીવ્ર ઉશ્કેરાટનો એક પ્રદેશ મને દેખાયો છે. પણ તેની અંદર ઊતરવાની જરૂર કોર્ટ જોતી નથી. આરોપીને છોડી મૂકવામાં આવે છે."

ચુકાદો સાંભળનારાઓમાં ગંભીર લાગણીનો ગરમ વાયુ ફૂંકાયો, અને શેઠના, શેઠ-પુત્રના, આરોપી મજૂરના ને વકીલમંડળનાં મોં પર તાતા તમાચા ચોડતો આ મિતાક્ષરી ફેંસલો સુણાવીને શિવરાજ સીધો ઘેર ગયો.

"આપ મહેરબાની કરીને થોડા મહિનાની રજા પર ઊતરી જશો ?" સ્નેહીઓએ આવીને એને ભય બતાવ્યો.

"જરૂર નથી."

"તો રાતના બે ચોકીદારો ગોઠવશો ?"

"શા માટે ?"

"આપ દુનિયાને ઓળખતા નથી."

"ન્યાયકર્તાને બહોળી ઓળખાણ ન જ હોવી જોઈએ."

આઠેક દિવસ વીત્યા. શિવરાજ ઇરાદાપૂર્વક પિતાજીની પાસે ન ગયો. એ ઘરમાં પણ ન પેસી રહ્યો. એના આત્માની અંદર ઠંડું વીરત્વ પ્રસન્નતાના ઘોષ કરવા લાગ્યું. એ વીરત્વની નૂતન પ્રભા નચવતે ચહેરે પોતે એકાકી જ સવાર-સાંજ ફરવા નીકળ્યો. એકલપંથી બનીને ફર્યો. ન કોઈ સ્નેહીના ઉંબર પર ચડ્યો, ન સરસ્વતીના આંગણા સામે પણ એણે નીરખ્યું. 'સરસ્વતી ઇચ્છે છે કે...' એ વાક્યનો વીંછી-ડંખ એનાથી વીસરાતો ન હતો. સરસ્વતી એવું ઇચ્છનારી કોણ ? કયો અધિકાર ? એક મજૂરની ઓરત શું શેઠ-પુત્રની પથારીનું રમકડું હતી ?

'ત્યારે અજવાળી શું મારું રમકડું ?' એ વાક્ય કોણ બોલ્યું અંદરથી ? કોઈક એની

અંદર જાગ્રત હતું? કોઈક એના આરોપની અદાલત ભરીને બેઠું હતું?

શિવરાજે લલાટ પર હાથ ફેરવ્યો, એ ભૂંસવા મથ્યો. લલાટ પર પડેલા દસ્તખતો ન લૂછી શકાયા.

આઠમા દિવસે શિવરાજને પ્રાંતસાહેબનું તેડું આવ્યું. પોતાને ભણકારા વાગી ગયા. તૈયાર થઈને ગયો. પણ અજાયબી તો ત્યાં પણ એની વાટ જોઈ રહી હતી. ગોરા અધિકારીનો સન્માન અને સ્તુતિભાવભર્યો પંજો એના પંજાને પકડીને ધૂણી ઊઠ્યો.

"તમને મારાં અભિનંદન છે. તમારું આચરણ બહાદુરને છાજે તેવું હતું. તમને હું બીજા ખુશખબર આપું? અત્યારના ડેપ્યુટીને દફતરદારી સંભાળવાની છે. તમને એના ખાલી પડતા સ્થાન પર કામચલાઉ નીમવાનો હુકમ રાજકોટથી આવી ગયો છે. પણ હમણાં વાત ખાનગી રાખવાની છે."

શિવરાજને શ્રદ્ધા બેસતાં થોડી વાર લાગી. ગોરા અમલદારોનો એને અનુભવ નહોતો. ગોરાઓ ડરકુઓને અને ખુશામદખોરોને ગુલામો બનાવી દબાવે છે, પણ વીર્યવંતોની શેહમાં ગોરાઓ ઓઝપાય છે — એ ગુપ્ત વસ્તુ શિવરાજને શીખવી બાકી હતી.

ઘેર જઈને શિવરાજે તે રાત્રિએ કાગળ ને પેનસિલ લીધાં. પેનસિલ એણે ડાબા હાથમાં પકડી, અને એક વધુ છેતરપિંડીનો દસ્તાવેજ તૈયાર કરવા માંડ્યો.

એ લખી રહ્યો હતો અજવાળીનો એની મા પરનો બીજી વારનો કાગળ. ફરી વાર એ-ના એ જ ભાવો : 'માડીને માલૂમ થાય કે તમારી દીકરી અંજુડી ખુશી ખાતે છે. તમારો જમાઈ એને મારતોકૂટતો નથી. ઘઉંનાં ઓરણાં હાલે છે. પેલકી વારના દાણા ખપેડી ખાઈ ગઈ છે, બીજી વાર વાવીએ છયેં. વાણિયો બી ઉધાર માંડતો નો'તો તેથી, માડી, મેં તમારા જમાઈને મારા કાનનું ઠોળિયું દીધું છે. મેં કહ્યું કે, ભૂંડા, તારે ઘઉં થાય તયેં આપણે ઈ ઠોળિયું વાણિયા પાસેથી છોડાવી લેશું. એમાં તું ના ના શું પાડ છ? તું હેમખેમ રૈશ તો ઠોળિયાં તો મને લાટ મળશે. પછેં એને માંડ માંડ મનાવ્યો છે. અમારી ગાયના ગોધલાને હવે ચડાઉ કરવા છે. તમારો જમાઈ બળૂકો છે તોય ગોધલા એના હાથમાં રે'તા નથી. ગોધલાને મારી સાસુએ ભેંસનું દૂધ પાઈને મોટા કર્યા છે. તમારો જમાઈ કહે કે, ઠોળિયું ને, એક ગોધલો વાણિયાને વેચી દઈયેં. મેં કહ્યું કે, તો તો ગોધલાના પગ હેઠ કચરાઈને જ મરું. ઘઉંનાં ઓરણાં થઈ જાશે પછી હું તને મળી જાશ. માડી, તું દખી થાતી ના.'

કેટલી પ્રકાંડ બનાવટ! શિવરાજને લાગ્યું કે પોતે આ બનાવટ કરવામાં પાવરધો થઈ ગયો છે. પોતાને ખેડૂતની છોકરીની ભાષા લખતાં આવડી ગઈ. પોતે આ કાગળને ધારે તેટલો લાંબો કરી શકે. પોતે ફસાવેલી એક છોકરીની ઝૂરતી માતાને કેવું કેવું મીઠું હળાહળ પાઈ રહ્યો છે! આ છલનાનો કોઈ અંત જ નથી આવવાનો હવે શું? અજવાળીને પોતે જીવનમાં જે દિવસ પરણશે, તે દિવસ આ જનેતા આ બનાવટી કાગળો ક્યાંથી લખાયાની કલ્પના કરશે? આજનું અમૃત તે દિવસે તંબોળિયા નાગનું વિષ નહીં બની જાય?

કાગળને સ્ટેશને જઈ પેટીમાં નાખ્યા પછી પાછા ફરતાં રેલવેના પાટા પાસે ડેપ્યુટી-સાહેબ અને સરસ્વતીને લટાર મારતાં જોયાં. પોતે માર્ગ તારવીને છટકવા ગયો. સરસ્વતી એને દેખી ચૂકી હતી. સરસ્વતી ઊપડતે પગલે એની કેડી રૂંધીને ઊભી રહી. હવે શિવરાજથી ન-જોયું કરવાનો ઢોંગ થઈ શકે તેવું રહ્યું નહીં, એણે ઠંડાગાર નમસ્કાર કર્યા.

"મારે તમને ખબર આપવા હતા." સરસ્વતીએ એક શુષ્ક કારણ કહેવાને બહાને

આ મેળાપની ઉરવ્યથા મિટાવી.

"હા," શિવરાજે ખાસ કશી જ ઈંતેજારી ન બતાવી. ને બાજુમાં ખેતરની વાડ્યે 'કિલકિલા... કિલકિલા... કિલકિલા' કરતું એક તેતરપક્ષી ઊડીને દૂર નાસી ગયું.

"મેં પેલી ખેડૂતબાઈને કક્કો શીખવવા માંડેલ છે. એ તમારું નામ લઈને આવી હતી."

"સારું કર્યું."

"બહુ જલદી શીખી શકે છે. શીખવાનું કારણ પણ અતિ પ્રબળ છે, ખરું ને?"

"બાપુજી એકલા ઊભા છે. ચાલો ત્યાં જઈએ." શિવરાજે આડી વાત નાખી.

"ચાલો."

બેઉ ચાલ્યાં, ને સરસ્વતીએ વાતનો તૂટેલો ત્રાગડો સાંધ્યો : "એની છોકરીના કાગળ આવે છે. છોકરી તો કોઈ જુવાનની જોડે નાસી ગઈ છે ને? બાઈએ મને બધી વાત કરીને છોકરીનો કાગળ પણ બતાવ્યો છે. તમે એ બાઈને દિલાસો આપ્યો છે."

શિવરાજને લાગ્યું કે હમણાં જ સરસ્વતી મારા કલેજા પર હાથ મૂકીને મારું ગુપ્ત પાપ પકડી પાડશે.

"આ લોકો," સરસ્વતીએ પાછું ચલાવ્યું : "કેટલાં સરલ ને સાદાં છે! દીકરી નાસી ગઈ તેની કશી જ બદનામી ગણ્યા વિના જ આ મા દીકરીનો પ્રેમ-વ્યવહાર ચલાવી રહી છે. આપણી કોમમાં બન્યું હોય તો હેત ને લાગણી ક્યાંનાં ક્યાં ઊંઘી જાય, એકબીજાને મારી નાખવા જેટલાં ઝનૂની વેર બંધાય !"

"ખરું છે."

"તમે કેમ આવા ઠંડા જવાબ આપો છો?" સરસ્વતીએ નીચેથી નજર ઉઠાવીને શિવરાજના મોં પર જોયું. શિવરાજની નજર તો નીચે જ રહી.

"કેમ સામે પણ જોતા નથી?"

"તમે શું એમ માનો છો કે ઇન્સાફના કામમાં પણ મારે તમારી ઇચ્છા જોવી રહે છે?" શિવરાજે એકાએક સરસ્વતીને ઊધડી જ લીધી.

"બાપુજીની ચિઠ્ઠીમાં મેં મારા તરફથી ઉમેરાવ્યું હતું તેની જ વાત કરો છો ને?"

"હા જી."

"મારી ઇચ્છા તો તમારું ક્ષેમકુશળ રહે એ પૂરતી જ હતી. બાકી તો, હું ન્યાયના કામમાં શું સમજું?"

શિવરાજે અજાયબીથી ઊંચે જોયું. અમદાવાદથી આઘાત ખાઈને પાછી વળેલી સરસ્વતી સાચોસાચ નવો જીવન-પલટો કરી શકી હતી કે કેમ તેની એને શંકા હતી. બાપની મોંએ ચડાવેલી લાડકી પુત્રી — અને તેમાં પાછો જાહેર ભાષણોનાં વ્યાસપીઠો પરથી પીધેલો તાળી-ગગડાટોનો નશો : એ નશાની પ્યાસ ફરી વાર સરસ્વતીને લાગશે ત્યારે પાછી એ અમદાવાદ ઊપડશે, એવી એને દહેશત હતી. પણ સરસ્વતીના આ નરમ પ્રત્યુત્તરે શિવરાજને વિમાસણમાં નાખ્યો : પોતે કંઈ વધુ પડતો સખત થયો હતો.

સરસ્વતીએ ઉમેર્યું : "એ લોકોએ તમને કેમ જતા કર્યા છે તેની જ અમને તો નવાઈ લાગી છે. મારી છાતી આખી રાત ફફડતી રહે છે. તમારા મકાનમાં હું દીવો પણ મોડી રાતે દેખતી નથી."

"મોડી રાતે તમે ઊઠીને શું મારી ચોકી કરો છો?"

"ના, જાસૂસી કરું છું." સરસ્વતી હસી.

"તો તો સારું. ચોકીદાર ઊઠીને જાસૂસ ન બની જાય તેટલું જ જોવાનું છે."

"તમે બત્તી નથી રાખતા, નથી માણસને સુવરાવતા. એમ શા માટે ?"

"અંધારામાં મને મારવા આવનાર ગોતી જ ન શકે, તે માટે."

"ઠીક, વધુ તો શું કહેવું ?"

"તમે ઉજાગરા ન કરતાં. હું તો ઘસઘસાટ ઊંઘું છું."

"દુનિયામાં ઊંઘની અછત છે. કોને ખબર છે — મારી ઊંઘ જ તમને મળતી હશે તો !"

વાર્તાલાપ લંબાવવાની લાલચ સરસ્વતીના પગને વજનદાર બનાવતી હતી. વાતોમાંથી નાસી છૂટવા ઈંતેજાર શિવરાજ 'બાપુજી'નું બહાનું કાઢી પગ ઉપાડતો હતો.

"કાં, ભાઈ !" ડેપ્યુટીએ પણ પેલી ચિઠ્ઠી લખ્યાના અપરાધયુક્ત ભાવે નમસ્કાર કર્યા. શિવરાજ કેમ નથી ડોકાતો એ પ્રશ્ન જ ન છેડ્યો, પણ સાદા સમાચાર આપ્યા : "અમે તો હવે અહીંથી ઊપડીએ છીએ."

"હા જી, મેં જાણ્યું."

સરસ્વતીએ જોયું કે જાણ્યા છતાં શિવરાજ આ વિદાયનો એક પણ વેદના-સ્વર કાઢતો નહોતો.

"સરસ્વતીની સંભાળ," ડેપ્યુટીએ બોલતાં બોલતાં ગળું ખરડ્યું : "દૂર બેઠે પણ લેતા રહેજો. હું તો હવે પેન્શન માગતો હતો, પણ આ લોકો છોડતા નથી. પેન્શન લઈને પણ ક્યાં જાઉં ? સરસ્વતીની સાથે જ રહું તો ઠીક. રહેવાય ત્યાં સુધી તો રહું. પછી તો તમારા બાપુજીને જ ભળે છે ને —"

## ૧૮. બે પિતાઓ

ડેપ્યુટીસાહેબના એ શબ્દોની મતલબ શિવરાજ અને સરસ્વતી બંનેને સમજાઈ ગઈ. દેવનારાયણસિંહને પોતાની પુત્રીનું કાંડું સોંપવા ઇચ્છનાર બુઢ્ઢો દીકરીનો બાપ શિવરાજને ચમકાવી શક્યો, સાથોસાથ શિવરાજની દયાનું પણ પાત્ર બન્યો. જુવાન થયેલી અને માવિહોણી, ભાંડુવિહોણી દીકરીનો બાપ ચાહે તેવો તાલેવાન અને સત્તાધીશ હોય તોપણ એ કંગાળ છે. બુઢાપો એની કંગાલિયતમાં ઉમેરો કરે છે.

સરસ્વતી પોતાની આટલી બધી પામરતાને માટે તૈયાર નહોતી. થોડાક રોષની લૂ એના મોં પર ગરમ ચીલા મૂકતી ચાલી ગઈ. પોતાની ઊડઊડ થતી લટોને સામા પવનની દિશામાંથી ખેસવી લેવાને બહાને એણે મોં ફેરવી લીધું. એણે શિવરાજની સામે ઘણી વાર સુધી નજર પણ ન કરી. ત્રણમાંથી કોઈ કશું બોલ્યું નહીં. એ ચુપકીદીનો દરેકે જુદો જુદો અર્થ બેસાડ્યો : ડેપ્યુટીએ શિવરાજના મૌનમાંથી સંમતિ સાંભળી : સરસ્વતીને શિવરાજની શાંતિમાં ખુમારીનો ભાસ આવ્યો : શિવરાજને અબોલ સરસ્વતી શરણાગત જેવી લાગી.

"ચાલો, હવે જઈએ." સરસ્વતીએ બાપની બાજુએ જઈને બાપુનો હાથ પોતાના ખભા પર ટેકવાવી દીધો. શિવરાજ ડેપ્યુટીની બીજી બાજુએ ચાલવા લાગ્યો. સરસ્વતી હજી બીજી જ બાજુ જોઈ રહી હતી. સ્ત્રીને, ખાસ કરીને જુવાન કન્યાને, અભણ કે ભણેલીને, પોતે કોઈની શરણાગત છે એવું ભાન કટાર જેવું ભોંકાયા કરે છે. પરણાવવા

જેવડી બનેલી દીકરીનો બાવરો બનેલો બુઢ્ઢો પિતા પેટના સંતાનની પ્રકૃતિનો પણ આ ગુપ્ત મર્મ હજુ પારખી નથી શક્યો. યુગો ગયા, દીકરીના બાપનું અજ્ઞાન નથી ગયું.

"હમણાં તો સરસ્વતી ખેડૂતોની બાયડીઓને લખતાં-વાંચતાં શીખવે છે." વૃદ્ધે પુત્રીના ગુણ ગાવાની તક લીધી.

"ના રે ના, બાપુજી," સરસ્વતીને આ ગુણગાનનો હેતુ અતિ પામર લાગ્યો : "એક જ બાઈ શીખવા આવે છે. મેં કાંઈ વર્ગ ખોલ્યો નથી."

"એકનો પણ વર્ગ જ કહેવાય!" ડેપ્યુટી પોતાની વાતને વળગી રહ્યા : "મારા ઇન્ટરના વર્ગમાં લોજિક-ફિલોસોફીનો હું એકલો જ વિદ્યાર્થી હતો. અરે, હું ગેરહાજર હોઉં ત્યારે પણ અમારા પ્રોફેસર વર્ગમાં હાજર રહેતા. શરૂઆત હમેશાં એકથી જ થાય છે ને, દીકરી, હા-હા-હા- !" ડેપ્યુટીએ પોતાની વાતની પોતે જ ઉડામણી કરવા માંડી, અને પોતાના કૉલેજ-કાળની બીજી પણ ઐતિહાસિક વાતોએ વળગી જઈ, સરસ્વતીને કે શિવરાજને બોલવાની વેળા જ ન આપી.

બંગલો આવ્યો ત્યારે ત્યાં ગાડી ઊભી હતી. "લ્યો, ભાઈ," ડેપ્યુટીસાહેબ બોલી ઊઠ્યા, "તમારા બાપુને યાદ કરતાં તો એ આવી પણ પહોંચ્યા ને શું! લે દીકરી, એ તો આજથી જ તારું કાંડું સંભાળી લેવા હાજર થયા — હા-હા-હા- !"

"કેમ, સાહેબ!" ડોસાએ મહેમાન-ડોસાને જોરશોરથી સત્કાર-શબ્દો કહ્યા : "તમે પણ અંતર્યામી લાગો છો ! પણ મારો કરાર નહોતો સાંભળ્યો કે ?"

"શી બાબત ?" દેવનારાયણસિંહનું સદાય હસતું મોં હંમેશાં મોર પગલાં પાડે તેટલી ધીરજથી શબ્દો પાડતું.

"મેં તો એવો કરાર કર્યો છે કે મને જમ તેડી જાય તે પછી જ તમારે સરસ્વતીને તેડી જવી. આજથી લઈ જશો તો કાંઈ તમને ખીચડીય કરીને જમાડે તેમ નથી આ છોકરી. એ રોટલી વણતી હોય ત્યારે જોવા જેવું છે, હાં કે! આખી ભૂગોળ શીખી જવાય. ભૂશિરો, સંયોગીભૂમિઓ, અખાતો અને ખાડીઓના આકારો નીકળી પડે છે એના વેલણમાંથી. પછી એ શું કરે — જાણો છો? વાટકો ચાંપીને ગોળાકાર કાપે છે. પણ આકાર ગોળ થવાથી કાંઈ તાવડીમાં ફૂલકું થોડું થાય છે! પછી ખિજાતી ખિજાતી લોટમાં વધુ પાણી ને પાછી પાણીમાં વધુ લોટ નાખતી જે રસોઈ કરે છે, તેને માટે આપના દાંત તૈયાર હોય એમ લાગે છે?"

સરસ્વતી જવા કરતી હતી.

"ઊભી રહે, ઊભી," કહીને પિતાએ હાથ ઝાલી થોભાવી : "હજી તારી બધી વાતો કહી દેવી છે. પણ તારી કૂથલી અમારે તારી પીઠ પાછળ નથી કરવી — તારી હાજરીમાં જ કહી લઉં."

સરસ્વતીમાં અગાઉ કદી જે લજ્જા નહોતી તે જોઈને દેવનારાયણસિંહ દંગ થયા. સરસ્વતી માથાની લટો સરખી કરીને કમ્મર પર સાડી ઢાંકતી નીચે જોઈ ઊભી રહી. એના દિલ પર દેવનારાયણસિંહનું ગંભીર વૃદ્ધત્વ પોતાની નીલ છાયા પાડતું હતું. સરસ્વતી જાણે ગિરિશૃંગની સામે ઊભી હતી. એ પહાડની ટૂક પર સરસ્વતીની નેત્રવાદળીઓ રમવા લાગી.

"હવે આ છોકરીમાં," પિતા કહેવા લાગ્યા : "તમે શું જોઈ ગયા છો કે એને તેડવા આવ્યા છો? સાહેબ! ભણેલું એ ભૂલવા માંડી છે. નથી છાપાં વાંચતી, નથી સરોજિનીદેવીનાં

ભાષણો વાંચતી, કે નથી આ કેમ્પની કન્યાશાળાના મેળાવડામાં પણ ભાષણ કરવા જતી. આ વખતે તો પાછી અથાણાં કેમ બનાવવાં તેની ધમાલ લઈ બેઠી છે. ઘરમાં જુઓ તો ઠેકાણે ઠેકાણે હળદરના ડાઘ, નાકને ફાડી નાખે તેવી મરચાંની ભૂકી બસ ઊડ્યાં જ કરે. રાઈ-મેથીને દળવા માટે ઘંટલાની શોધાશોધ થઈ રહી હતી, ને પાછી પોતે રાઈ ભરડવા બેઠી. દાણા આખા ને આખા નીકળી નાસવા લાગ્યા. પંદર વાર એ-નું એ ભરડ્યું તોય હજુ રાઈ ભરડાઈ નથી, હોં કે સાહેબ!" ડેપ્યુટીસાહેબ હસ્યા.

દેવનારાયણસિંહને અચરજ થયું કે, સરસ્વતી આ પરિહાસ પ્રત્યે મંદ મંદ હસતી નિરુત્તર જ ખડી છે, પોતાનો બચાવ પણ નથી કરતી, પોતાનું ગૌરવ અનુભવતી લાગે છે. આટલું મોટું પરિવર્તન આ છકેલ છોકરીમાં જે કારણસર આવ્યું હતું તેની દેવનારાયણસિંહને મુદ્દલ ખબર નહોતી.

"શિવરાજ ક્યાં ગયા?" વૃદ્ધે આજુબાજુ જોયું : "એમને તો આ બધું ખાસ સંભળાવવાનું હતું. જો તો, સરસ્વતી — છે કે ગયા?"

"ગયા." સરસ્વતીને ખબર હતી.

"કેમ જવા દીધા? ગૃહિણીનું કામકાજ શીખતી ગૃહિણી-ધર્મ ભૂલી જ ગઈ કે?"

ગૃહિણી-ધર્મ શબ્દના પ્રહારે સરસ્વતીના ગાલ પર લાલાશ આણી.

"કહો કે — ગૃહસ્થીનો ધર્મ." દેવનારાયણસિંહ સરસ્વતીની અકળામણને પામી ગયા.

"અરે, ધર્મ! ફક્ત ધર્મ," ડોસાએ સુધારો પૂરો કર્યો : "એ જ સાચો ધર્મ છે. પણ આવી છોકરીને તમે તેડી જઈને શું કરશો? હા, તમારા નિર્જન મકાનમાં કોઈ મોટું કુટુંબ આવી પડ્યું હોય તેવી ધમાલ કરી બતાવશે : કરશે કાંઈ નહીં — પણ ગજવશે ગામ આખું!"

"હવે એને છોડો." દેવનારાયણસિંહે સરસ્વતી પર મીઠા જુલમની હદ થતી જોઈ.

"અત્યારથી જ એના વડીલ બની બેસવાનો આપને હક થઈ ગયો? બેઉ જણાંએ આંખો વાટે શી શી વાતો કહી લીધી? મારા ઘરમાં આવનારા જુવાનો, બુઢ્ઢાઓ, બધા જ, બસ, ચોરી કરવામાં પ્રવીણ લાગે છે. ચોરો, ભાઈ, બધું જ ચોરો! કૃપા કરીને એક આ દીકરીનું હૈયું હમણાં ચોરતા નહીં... હમણાં... હમણાં થોડો વખત."

પિતાના તૂટતા બોલોથી ચમકેલી સરસ્વતીએ પિતા સામે જોયું. વાણી અને કંઠ વચ્ચે ત્યાં એક નાની-શી લડાઈ મચી ગઈ હતી.

"જા, બેટા!" દેવનારાયણસિંહે સરસ્વતીને સીધેસીધું આવું સંબોધન એના યૌવનપ્રવેશ પછી સૌ પહેલું જ કર્યું.

બંને બુઢ્ઢાઓ એકલા પડ્યા ત્યારે ડેપ્યુટીએ દેવનારાયણસિંહને પૂછ્યું : "તમને તો ખબર હશે."

"શાની?"

"મારી બદલીની — ને મારી જગ્યાએ થયેલી કામચલાઉ નિમણૂકની."

"જાણ્યું નથી. હું પોતે તો ઈંતેજાર છું જ નહીં."

"પણ ઘણા સિનિયરોના હકો ડૂબ્યા છે."

"આપણે 'સિનિયરો' કહેવાવા લાયક નથી, આપણે તો ટ્રામના ઘરડાખખ ઘોડા કહેવાઈએ. સિનિયરો એટલે ચડિયાતા — ને આજે તો નવા જુવાનો આપણા કરતાં વધુ ચડિયાતા છે. તેમને કાયદાનાં ચોગઠાંની બહાર નીકળીને ન્યાય તોળતાં આવડે છે."

"પોતાનો દીકરો જુવાન છે માટે કે?" ડેપ્યુટી હસ્યા.

"મને તો કોઈ દિવસ લાગ્યું જ નથી કે એ મારો દીકરો છે."

"ત્યારે કોણ છે?"

"પરોણો છે, એની માતાનું સોંપેલ દ્રવ્ય છે, થાપણ છે."

"ત્યારે તમને ખબર આપું? દસ સિનિયરોના હક ડુબાવનાર તમારો એ પરોણો જ છે."

દેવનારાયણસિંહ મૂંગા રહ્યા. થોડી વાર એની આંખો મીંચાયેલી રહી. ડેપ્યુટીએ પૂછ્યું : "કેમ વિચારમાં પડી ગયા?"

"કસોટીમાં ટકશે?"

"શિવરાજને માટે સવાલ જ નથી. ગયા મિલ-કેસમાં એણે જબરી છાપ પાડી નાખી છે. ને હવે હું એને એક વધુ નાજુક મુકદ્દમો ભળાવતો જાઉં છું — ધણીને મારી નાખનાર કુંભારણનો."

"એની કસોટી બહુ વહેલી શરૂ થઈ ગઈ. ન્યાયનો પંથ તરવારની ધાર છે."

દેવનારાયણસિંહને દિલે આ સમાચારે આનંદ ન જગાડ્યો. એક બાજુ કાયદો, બીજી બાજુ અંતઃકરણ, ત્રીજી બાજુ લોકમત : વચ્ચે એક જુવાનને માર્ગ કાઢવાનો હતો. કાયદો એને જડ કરી મૂકશે, અંતઃકરણ એનામાં વધુપડતી કુમાશ રમાડ્યા કરશે, લોકમત એનું એનાપણું — પોતાપણું — નહીં રહેવા આપે. મા વિનાના અને કઠોર પિતાના પુત્રની આ કસોટી અતિ વહેલી આવી. લગ્નજીવન જેણે નથી જોયું, જગતનાં સાતે પડોમાં જે નથી જઈ આવ્યો, એવા બાળકને એકલો કાયદો શી દોરવણી દેવાનો હતો?

"સારા ન્યાયકર્તા બનતાં પૂર્વે પ્રત્યેકે સારા ગૃહસ્વામી બનવું રહે છે. એટલા પૂરતી સિનિયોરિટીની પ્રથા મને વાજબી લાગે છે." દેવનારાયણસિંહે થોડા વિરામ બાદ કહ્યું.

"માટે તો કહું છું કે, સરસ્વતીને તેડી જાઓ."

દેવનારાયણસિંહે ઉતાવળો નિર્ણય ન આપ્યો. એના ગંભીર હાસ્યે કહેવાનું કહી દીધું કે, હજુ વિચારી રહ્યો છું. એને નક્કી કરવું હતું કે સરસ્વતીનો આજે નિહાળેલ સંસ્કાર કાયમી છે કે કેવળ તમાશો છે?

એ ગયા ત્યારે એને ખબર નહોતી કે સરસ્વતીએ પોતાના કરેલા અથાણાનો એક મોટો બાટલો ભરીને એની ગાડીમાં મુકાવી દીધો હતો.

## ૧૯. શિવરાજ પીડિત-આશ્રમમાં

**સ**રસ્વતીના આંગણામાંથી શિવરાજ સરકી જતો હતો ત્યારે એણે પોતાની પાછળ ધીરો એક અવાજ છોડ્યો હતો : "થોડી વાર નહીં રોકાઓ?"

પણ પોતે એને સાંભળ્યો-ન-સાંભળ્યો કરીને નીકળી ગયો. છતાં એ સાદ એનો સાથી બન્યો હતો. સરસ્વતીના સ્વભાવ-પલટાના સૂરો એ સાદમાં સમાયા હતા : સરસ્વતી શું નક્કી જ કરીને બેઠી હતી? એના ને મારા — બેઉ પિતાઓ પણ સરસ્વતીનું સ્થાન મુકરર કરી ચૂક્યા હતા? ને પોતે આ ભ્રમણાનો વધુ વણાટ અટકી પડે એવું એક પણ પગલું કેમ નહોતો ભરતો?

પાછો જાઉં ને કહી નાખું — વડીલોને નહીં તો સરસ્વતીને તો સ્પષ્ટ કરી જ આપું; નહીંતર એક દિવસ એનું હૃદય ભેદાઈ જશે.

પણ સરસ્વતીને શું કહું? તું મને ગમતી નથી — એમ કહું? મેં બીજે ક્યાંય હૃદય આપી દીધું છે — એમ કહું? એ નામ જાણવા માગશે તો? વહેલું કેમ ન કહી દીધું — એવું કલ્પાંત કરશે તો? સરસ્વતીને ધક્કો જ મારી દઈ શકાશે એવી હિંમત તો શિવરાજમાં હવે નહોતી રહી. સરસ્વતી જાણે આ જીવન-પલટો પોતાને સારુ જ, પોતાને અનુકૂળ બનવા જ કરી રહી હતી. એ પરિવર્તને સરસ્વતીને નવું સૌંદર્ય પહેરાવ્યું હતું. નીરવ આકાંક્ષાનો માળો સરસ્વતીના મોં પર જાણે બંધાઈ ચૂક્યો હતો. ખેડુની રઝળુ છોકરી અજવાળીનું જે રૂપ એના અંતરમાં ઊભું હતું, તેની બાજુએ આવીને સરસ્વતીનું સૌંદર્ય કડક ચહેરે ખડું થયું. અજવાળીના મોં પર અનુકંપાનું વીણા-ગાન હતું : સરસ્વતીના મોં પર સૌંદર્ય ઉપરાંત સ્વમાનનો સંસ્કાર હતો.

પોતે ઘેર આવ્યો ત્યારે કોઈને ફાળિયું ઓઢી સૂતેલું દીઠું. "કોણ છે?" એણે પટાવાળાને પૂછ્યું.

"માલુજીમામા છે. તાવમાં પડ્યા છે."

"ક્યારે આવ્યા?" એણે માલુજીના મોં પરથી હળવે હાથે ફાળિયું ઊંચું કરીને પૂછ્યું.

માલુજીએ આગ ભભૂકતા મોંએ કહ્યું : "બાપુજી સાથે આવેલ છું — ને સાથે જ જાઉં છું. ખાસ મળવા આવ્યો છું."

"દાક્તરને બોલાવું?"

"ના રે ના, હું દવા સારુ નથી આવેલ. સાંભળી લ્યો, ભાઈ! જુઓ, ત્રણ મહિના થઈ ગયા : કોઈ સારસંભાળ... ઓની... મુંબઈ છે તેની... લીધી છે?"

શિવરાજ નીચે જોઈ ગયો. માલુજીનો કંઠ વધુ વેદનામય બન્યો :

"મારી કાયાનો હવે મને ભરોસો નથી. તમારા પાપનો હું ભાગિયો બન્યો છું. મેં એને મારી દીકરી કહી વચન દીધું છે કે એને રઝળવું નહીં પડે. હું આટલું જ કહેવા આવ્યો છું કે, મુંબઈ આંટો મારી આવો; એનાં સુખદુઃખની સાર લ્યો. મનને મોળું પડવા દેશો મા, ભાઈ! તમારી માદળડી એને કાંડે છે — યાદ છે?"

તે પછી દેવનારાયણસિંહની ગાડી બહાર આવી પહોંચી, ને માલુજીએ શિવરાજને ચૂપ કર્યો : "મને તાવબાવ કાંઈ નથી. હું પડ્યો હતો તેમ બાપુને કહેવાનું નથી."

એટલું કહીને એણે કપડાં, પાઘડી, અંગરખું — તમામ સરખું કરી, ઝટ ઝટ મોં ધોઈ, એક પણ લથડિયું ખાધા વગર ગાડીમાં બેઠક લઈ લીધી.

બીજા દિવસે ત્રણ દિવસની રજાનો 'રિપોર્ટ' ભરીને શિવરાજે મુંબઈનો માર્ગ પકડ્યો.

પીડિત-આશ્રમના દરવાજામાં શિવરાજ જ્યારે પોતાને સાદે વેશે દાખલ થતો હતો ત્યારે એને લાગ્યું કે જાણે પાછળની પરસાળમાં કોઈ મોટો કજિયો ચાલી રહ્યો છે.

અવાજો આવતા હતા : જાણે કાબરો કિકિયારણ કરી રહી હતી.

"રાતે રસોડામાં ગઈ'તી — તું જ ગઈ'તી."

"હા હા, ગઈ'તી ગઈ'તી," કોઈક મોટો ઘોઘરો અવાજ બોલતો હતો : "તમારાથી થાય તે કરી લ્યો."

"રોટલી છુપાવી રાખી'તી."

"હા હા," ફરી પાછો ઘોઘરો અવાજ આવ્યો : "મને સજા કરાવજો — જાઓ."

કોનો હતો એ કંઠ?

તે પછી અંદર થોડી ધબાધબી પણ મચી ગઈ.

પા કલાક બેઠા પછી આશ્રમનાં સંચાલકબાઈ આવ્યાં. તેમણે શિવરાજને ઘણી લાંબી વાર શંકાભરી નજરે નિહાળ્યા પછી અજવાળીને બોલાવી.

આ અજવાળી! — શિવરાજ એને જોઈને ચમક્યો : ફૂલીને ઢોલ થઈ ગયેલું એ કલેવર હતું, એ મોં પર માર્દવ નહોતું રહ્યું. જડતાની જાણે પ્રતિમા હતી.

"કેમ છે આંહીં?"

"મઝો સે." એ જવાબ સાંભળતાંની જોડે જ શિવરાજને સમજ પડી : થોડી વાર પૂર્વેનો ઘોઘરો સંગ્રામ-સ્વર આ પોતે જ હતો; અજવાળીનો અવાજ બહુ કજિયા કરી કરીને જાણે કે તરડાઈ ગયો હતો. રાતમાં શું રોટલા-રોટલીની ચોરી કરતી હતી અજવાળી? મને જોઈને એના મોં પર શરમના શેરડા કેમ નથી પડતા? ગલની ભાત પડે તેવા એના ગાલ જ ક્યાં રહ્યા છે? આ ચરબીના થર કેવી માનસિક વિકૃતિ બતાવે છે!

ફરીથી ધમાલ મચેલી સાંભળીને સંચાલક ઊઠીને બહાર ગયાં ત્યારે શિવરાજે અજવાળીની સાથે વાર્તાલાપમાં ઊતરી જોયું :

"ભણે છે કાંઈ?"

"ભણતર હૈયે ચડતું નથી."

"કેમ?"

"નીંદર આવે છે."

"વાળ નથી ઓળતી?"

"કોણ માથાકૂટ કરે?"

"મા સાંભરે છે?"

"કોક કોક દી." એમ બોલતી બોલતી અજવાળીએ જૂઠું જૂઠું હાસ્ય કર્યું.

"અહીં કંઈ દુઃખ નથી ને?"

"વારે વારે 'પરણ્ય... પરણ્ય... પરણતી કાં નથી?' — એમ કહ્યા કરે છે."

"કોની જોડે?"

"કંઈક શેઠિયાઓ દા'ડી આવ્યા જ કરે છે. અમને સૌને હારબંધ ઊભિયું રાખે છે."

"ખાવું ભાવે છે?"

"પેટ ક્યાં પૂરું ભરાય છે?"

આ આખી જ વાતચીતમાં નરી જડતા વહેતી હતી. ખરી રીતે તો એમાં વહેતું કોઈ વહેણ જ નહોતું — જાણે કોઈ ખાબોચિયું મચ્છરે બણબણતું ગંધાતું હતું. એક પણ રેખા — કરુણતાની, કે સ્ત્રીત્વની — આ છોકરીના સૂણી ગયેલા શરીર પર નહોતી રહી.

"તારે કાંઈ કહેવું છે?"

"મને પેટપૂરી રોટલિયું આપે એમ કહેતા જાવ. ને મને પરાણે શીદ ભણાવે છે?"

શિવરાજ હજુ તો બેઠો હતો, ત્યાં જ છેટેથી બીજી બે-ત્રણ સ્ત્રીઓ અણગમો આવે તેવી ચેષ્ટા અજવાળી પ્રત્યે કરી રહી હતી.

## ૨૦. છુટકારાની લાગણી

જુદા પડતાં શિવરાજે પાછળ બે વાર નજર નાખી. શિવરાજને એ અજવાળી ત્રણ મહિનાની રાત પૂર્વેની અજવાળીથી જુદું જ માનવી લાગી. એણે ત્યાંથી વિદાય લીધી ત્યારે, પોતાનું કશુંય વાતાવરણ પોતે મૂકતો જતો નથી, તેમ આંહીંથી પોતે કશી સુવાસનો એક શ્વાસ પણ નથી લઈ જતો — એની પોતે ખાતરી કરી.

બહાર નીકળીને પોતે પોતાની જાતને તપાસવા લાગ્યો : આ ખેદ, આ દિલગીરી અને આ હતાશાની લાગણી અંધકારનાં મોતી-શાં ચમકવાને બદલે ડોળાયેલાં પાણી-શાં કેમ લાગે છે? શું હું ખરેખરો દિલગીર છું? — કે કાંઈ પાઠ ભજવી રહ્યો છું? અજવાળી મારા પ્રત્યે ઠંડીગાર બની ગઈ તે મને ગમી જતું દેખાય છે. અજવાળીએ મને છોડ્યો છે. એનું મન બીજે ક્યાંક ઢળ્યું લાગે છે. મુક્તિ મારે જોઈતી હતી? — કે અજવાળીએ મને વણજોઈતી આપી છે? હું તો એને એ જેવી હોત તેવી વેંઢારત. લાગણીથી નહીં તો સ્વધર્મની વૃત્તિથી હું એનો સ્વામી બનત. પણ અજવાળી પોતે જ મને છોડતી હોય તો? તો છુટાય કે કેમ? અજવાળી અકારી બની હોય, પ્રેમવિહોણી થઈ ચૂકી હોય, તો પછી મારાથી એને પરણાય કે કેમ?

સરસ્વતી તરફ જવાનો પંથ પાધરો અને પુષ્પિત બનતો જાય છે કે શું? અજવાળી સાથેના ઘરસંસારની જે ઝાંખી થઈ તે તો ભયાનક હતી. એથી ઊલટું, સરસ્વતી જોડેનો સંસાર આજથી જ કેરીના અથાણાની સોડમે ફોરતો હતો.

અદાલતના રસભર્યા મુકદ્દમાઓ કોની સાથે ચર્ચી શકાશે? સરસ્વતી સાથે. અજવાળીની એ તાકાત નથી.

હું પૂરો બેવકૂફ હતો. મેં મારા બાપના યુગનો પલટો વિચાર્યો જ નહીં. આ જમાનામાં જુવાન હૃદયોને અજવાળીઓ — ગમે તેટલી પ્રેમાળ છતાં, સુંદર છતાં અને ગ્રામ્ય સરલતાની મૂર્તિઓ છતાં — નહીં સંતોષી શકે. અજવાળીઓનાં તો કાવ્ય જ સુંદર; સહજીવન એનાં સુંદર ન હોય.

વળતે દિવસે પોતે સંચાલકબાઈને એકલો મળ્યો. અજવાળી કોણ છે, પોતે એને શા સંબંધી થાય છે... વગેરે વાતો નીકળી. શિવરાજે ઓળખાણ બનાવી કાઢી કે, "હું જમીનદાર છું : મારા ખેડુની પુત્રી છે : એનો પિતા વીફરી ગયો છે : છોકરીને પિતાના ત્રાસમાંથી બચાવવા આંહીં રાખેલ છે, ને હું મુંબઈ આવ્યો હતો તેથી મારી એ આશ્રિતાને મળવાની તક લીધી છે."

"એને પરણાવી દેવાની જરૂર છે." સંચાલક-સ્ત્રીએ સૂચક ટકોર કરી.

"એને પોતાને તમે પૂછ્યું છે? શું કહે છે?" શિવરાજને એક એવું પગથિયું જડ્યું કે જેના ઉપર ચડીને પોતે અજવાળીના મનની રસાવસ્થા નિહાળી શકે.

"એ તો 'નથી પરણવું, નથી પરણવું' કરે છે, પણ એના રંગઢંગ બધા પરણવાની ઇચ્છાવાળા જ છે."

"એ કોઈનું નામ લ્યે છે?" શિવરાજ પૂછતો પૂછતો કંપ્યો.

"કોઈનું નહીં."

"ચિંતાતુર રહે છે?"

"અરે બાપ! અજવાળી ચિંતાતુર? એને ને ચિંતાને લાગે જ વળગે શું! એ તો મદમસ્ત ફરે છે — ને રાતદહાડો ઘોરે છે. બસ, 'ખાવાનું વધારે લાવો... ભૂખી છું... ખાવા લાવો!' એ એક જ એની ચિંતા છે."

"તમે શી સલાહ આપો છો? ત્યાં તો એનાં લગ્ન થઈ શકે તેવું નથી." શિવરાજે અજવાળીની ન્યાતનો મામલો વર્ણવ્યો.

"હું તો કહું છું કે મુંબઈમાં ન્યાતજાત પૂછ્યા વિના પરણવા તૈયાર થનારા એક કરતાં એકવીસ છે. એને સોને મઢી નાખનારાઓ આંહીં આંટા ખાય છે."

"તો એને સમજાવો — ને પછી મને લખો."

શિવરાજના હૈયાનો ઘણો ભાર હળવો થઈ ગયો : અજવાળી સુખી છે, પોતા પ્રત્યેના અનુરાગે પીડિત નથી, કોઈ બીજી ચિંતાએ સંતપ્ત નથી, મોજ કરે છે — અને સાવ સહજ છે કે એ પરણવાની વાત પણ કબૂલ કરી લેશે.

બસ, પછી હું છૂટો. પછી મારે અજવાળીની માને છેતરવી નહીં પડે, અને થોડા જ દિવસમાં સરસ્વતીના કંઠમાં મારી ભુજાઓ ભિડાઈ શકશે.

એક ઊર્મિગીત અંતરમાં લલકારતો લલકારતો શિવરાજ હળવાફૂલ હૈયે કેમ્પમાં પાછો આવ્યો.

પણ શિવરાજના આત્મામાં સમુદ્રની ભરતી હતી : સાયર-લહેરો એક પછી એક આવતી હતી.

કોઈને છેતરવું નહીં પડે એ વાત સાચી નહોતી. સરસ્વતીની સાથે લગ્નમાં જોડાવું હોય તો ખૂણેખૂણાની આત્મરજ ઝાડી નાખવી જોઈએ. પાછળથી સરસ્વતીને જાણ થાય તો સંસારનું સત્યાનાશ થાય. સરસ્વતીને કહી દઉં.

એ તિરસ્કારી કાઢશે તો?

નહીં, નહીં. એના જીવનમાં વીતેલાં વીતકો એણે મને કહ્યાં હતાં. એ મને પણ ન્યાય આપશે. એને કહી જ નાખું.

દોહવાના ટાણે વાછરું ખીલેથી જે વેગે માનાં આઉમાં ધસે છે તે જ વેગે શિવરાજ સરસ્વતી પાસે ધસ્યો.

ડેપ્યુટીનો સામાન તે વખતે રાજકોટ રવાના થતો હતો. સરસ્વતી પોતાના ખંડને ખાલીખમ કરીને ઊભી હતી. એના હાથમાં ફક્ત એક જ વસ્તુ હતી : એના ભાગી ગયેલા ભાઈની જતનથી સાચવેલી છબી.

"આ તમારા ઘેર સાચવશો?" સરસ્વતીએ શિવરાજને પૂછ્યું.

"કેમ?"

"નિષ્કલંક હોય તેની પાસે જ આ નિર્મળ છબી રાખવી સારી છે."

પ્રહાર કરતી હતી? ગર્ભિત કોઈ ટોણો મારતી હતી? ખરેખર મને નિષ્કલંક માનતી હશે? તો તો સમય થઈ ચૂક્યો છે. કહી નાખું. મોડું થશે તેટલો મહાઅનર્થ નીપજશે.

પણ ડેપ્યુટી આવી પહોંચ્યા, અને શિવરાજને પોતાના ખંડમાં તેડી ગયા.

શિવરાજને સૂઝ પડી : આ વૃદ્ધને જો પાછળથી જાણ થશે તો? તો એના આઘાતનું શું? એને જ પૂછી ન જોઉં?

શિવરાજે શરૂ કર્યું : "એક વાતમાં આપની સલાહ લેવી છે."

"કોની — તમારી વાત?"

"નહીં, મારો જૂના વખતનો એક અસીલ સ્નેહી છે તેની વાત છે. એણે મને પુછાવ્યું છે. મને કાંઈ ગમ પડતી નથી."

"વાત કહો."

"એ એક ખાનદાન કુટુંબનો યુવાન છે. સામે એવી જ ખાનદાન એક કન્યા છે. બંને વચ્ચે બેહદ પ્રેમ છે; બેઉ પરણવા માગે છે. પણ પુરુષના જીવનમાં એક નાનો એવો પ્રસંગ અજાણે બની ગયો છે : એક બીજી, હલકા વર્ણની કન્યા જોડે..."

"અજાણે ?"

"જી હા, તદ્દન એક અકસ્માતરૂપે."

"એને પ્રેમ નહોતો ?"

"જી ના, ઓળખાણ પણ નહોતું."

"હું."

"એ પુરુષ ગાંઠ વાળી બેઠો છે કે જેને પોતે ભ્રષ્ટ કરેલી છે તેની વેરે જ પોતે પરણવું."

"પોતે એને ચાહતો નથી તોપણ ?"

"તોપણ."

"પોતાને એ કન્યા ચાહે છે ?"

"ના."

"તોપણ ?"

"તોપણ."

"એ ભૂલ કરે છે. પોતાનો ને એ કન્યાનો — બેઉનો સંસાર એ ભસ્મ કરી નાખશે. કેમ કે બંને વચ્ચે, તમે કહો છો તેમ, પ્રેમ તો છે જ નહીં; છે કેવળ બની ગયેલી ભૂલનો સાંસારિક પશ્ચાત્તાપ અને કલંકભાવ."

"હા જી."

"એ ભૂલનો ભોગ કન્યા બીજી કોઈ રીતે થઈ પડી છે ખરી ? ભૂલ ન જ સુધરી શકે એવું તો નથી બન્યું ને ?"

શિવરાજ ઝબક્યો : એણે કદી ન વિચારેલું એની સામે ડોળો ઘુરકાવતું ઊભું થયું. એને ખબર તો કશી જ નહોતી. એણે જલદી પ્રત્યુત્તર વાળ્યો : "આં-ના-ના-જી."

"એ કન્યા એ જુવાનને ફજેત કરે તેવું ખરું ?"

"જી ના, એ તો બીજે પરણી જવા રાજી જણાય છે."

"બસ, તો પછી એ જુવાન પોતાની પ્રેમી કન્યાનું દિલ વિના કારણે ન ભેદે, અને આખી વાત પર પડદો જ પાડી નાખે. જુવાનોએ જીવનના વહેવારમાં સરલ બનતાં શીખવું જોઈએ. પેટ ચોળીને શૂળ ઊભું કરવાની શી જરૂર છે ? હોય, બન્યા કરે છે. એનાં તે ઢોલ પિટાવવાના હોય ? ભૂલ થઈ ત્યાં સુધારી લેવી એ જ નીતિ સાચી છે. નીતિ કાંઈ પોતાની ભૂલો જ્યાં ને ત્યાં જઈને ગાવા બેસવામાં નથી. જુવાનો એમ કરીને બીજી ભૂલ કરવા જેટલા બિનજવાદાર બની રહે છે."

"પણ ભવિષ્યમાં કોઈક દિવસ પણ પરણેલી સ્ત્રીને પોતાના પતિની ભૂલની જાણ થાય તો ?"

"તો તે વખતે સત્ય કહી નાખવું. કોઈપણ પરણનાર સ્ત્રીને કે પુરુષને લગ્ન પૂર્વેના

જીવનમાંથી આવા કોઈ દોષો જોવાની નિસબત નથી. તમારા સ્નેહીને લખી નાખો કે વેદિયો ન થાય."

શિવરાજના નૈતિક ભાવનાવાદ પર નવું અજવાળું પડ્યું.

"અને મોટામાં મોટી વાત તો આ છે," ડેપ્યુટીસાહેબે કપાળની કરચલીઓ ભાંગતાં ભાંગતાં કહ્યું : "કે એક માણસના જીવનનો ખાનગી ખૂણો બીજા માણસ પાસે ખુલ્લો ન કરાય. એમાં પણ આ તો એક ઓરતના જીવનની ખાનગી છે. બીજી ઓરતને એ કેમ જ બતાવાય ?"

જઈફ આદમીની આ દલીલો શિવરાજને જોઈતી હતી તેવી જ જડી ગઈ. પોતાને મનભાવતી એ વિચારણા હતી. પોતે એનો સ્વીકાર કર્યો. અને એ ભાવતી વાત પર ઇન્સાફનાં આભૂષણો ઢંકાયાં.

અંતર પરથી પહાડ ઊતરી ગયો. હવે એ અપરાધી રહ્યો નથી. હવે એની અને સરસ્વતીની વચ્ચે નૈતિક આંચકા લેતો જ્વાલામુખી રહ્યો નથી. સરસ્વતીના ઓરડાનો માર્ગ ઊઘડી ગયો છે. એ ઊઠ્યો અને રાજકોટ જવા તૈયાર થયેલી સરસ્વતીને મળી લેવા રઘવાયો બન્યો. ઊઠીને વિદાય લેવા જાય ત્યાં તો પાછા એને ડેપ્યુટીએ કહ્યું : "આજનાં જુવાનિયાં જેમ ચીકણાં બન્યાં છે તેમ પાછાં મનનાં નબળાં પણ એટલાં જ બન્યાં છે. હાલતાં ને ચાલતાં અટવાઈ પડે છે — ને પછી રસ્તો કરતાં આવડતો નથી તેથી વધુ અટવાય છે. અમારા વખતમાં..."

શિવરાજને વૃદ્ધનું આ લપીપણું અસહ્ય લાગ્યું. ડેપ્યુટીના પ્રવચનનું પૂર્ણવિરામ ક્યારે આવે છે એની તપાસમાં એણે સમજ્યા વગર 'હા જી, હા જી' જ કર્યે રાખ્યું. અને ડેપ્યુટીસાહેબને ઉધરસનું એક ઠસકું આવતાં જ એણે ફરી પાછા ઊપડવાનો લાગ જોયો. બારણા સુધી પહોંચ્યો કે તરત જ પાછો ડેપ્યુટીનો અવાજ આવ્યો : "અને જુઓ, તમને જ કહું છું. બીજાને કોઈને મેં વાત કરી નથી : હું જ્યારે બાવીશ વર્ષનો હતોને –"

વર્ષો પહેલાંની આ પારકી જુવાનીનાં ચૂંથણાંમાં શિવરાજને તે ક્ષણે જે રસ આવ્યો તેનો સ્વાદ સુદર્શનના કઢા સરીખો હતો. છતાં બારણામાં ઊભા રહી 'હા જી, ખરું છે...' વગેરે અર્થહીન હોંકારા એના મોંમાંથી પડ્યે ગયા. છેવટે પોતે જાણે ત્યાંથી જીવ લઈને નાઠો.

સરસ્વતી તે વખતે ઊંચી અભરાઈ પર કાંઈ પડી રહ્યું હોય તો તેની તપાસ કરતી હતી. એક સીડી એના પગ નીચે કડાકા કરતી હતી. બાવીશ વર્ષનો એ દેહ વજનદાર હતો. સીડીના કચડાટાએ શિવરાજની આંખો પાસે સરસ્વતીના ભરપૂર યૌવનની ચાડી ખાધી. શિવરાજ બિલ્લીપગે પાછળ પાછળ ગયો.

દીવાલ પર સરસ્વતીએ કોઈનો ઓળો પડેલો દીઠો : એ ચમકી... એના પગ અસ્થિર બન્યા... સીડીએ સમતોલતા ગુમાવી.

અને બીજી જ ક્ષણે એ લસરેલું યૌવન શિવરાજની બાથમાં ઝિલાયું હતું. ભયભીત સરસ્વતીની કમ્મર શિવરાજની ભુજાઓમાં હતી. ભય અને પ્રાણના પ્રથમ પુલક વચ્ચે બેચાર પલનું તો માંડ અંતર પડ્યું.

એક હિલોળો લેવરાવીને શિવરાજે સરસ્વતીના યૌવનને ભોંય પર મૂક્યું. સરસ્વતીની છાતી ધડક ધડક થઈ રહી.

ભય અને સુખસ્પર્શના ઉપરાછાપરી આઘાતે સરસ્વતીને ઉચ્ચાર સરખો પણ થોડી

ઘડી ન કરવા આપ્યો. એને થયું કે શિવરાજે પોતાને સાત માળના ઊંચાણેથી પડતી ઝીલી છે.

"હાય ! હું તો બી મરી !" એના હાંફતા હાંફતા શ્વાસમાંથી એટલો જ ઉચ્ચાર માંડ માંડ નીકળ્યો. એના રોમેરોમમાંથી 'શરમ...શરમ'ના જાણે સૂર નીકળ્યા. એનું શરીર અસંખ્ય છિદ્રોવાળું વાદ્ય બની ગયું. એ બોલી શકતી નહોતી, કેમ કે એ મહાબંસીમાંથી પૂર્વે કદી ન સુણેલું સંગીત બજતું હતું.

શિવરાજના હાથમાં આટલું કૌવત હતું ! એક છલકતા નારીદેહને આસાનીથી હિલોળા ખવરાવવા જેટલું કૌવત ! કાયદાની પોથીઓ ઉથલાવનારા એ હાથ આવું કૌવત ધરાવી શકતા હશે ? પુરુષના કૌવતમાં પણ શું આટલી કોમળતા સંઘરેલી હતી ?

જગત સર્જાયું છે તે દિવસની જૂની વાત : પલેપલની સામાન્ય પાર્થિવતા : તેનો સરસ્વતીને અચંબો શું થયો ?... કોણ કહી શકે ? યૌવન પણ ક્યાં સૃજનજૂનું બેવકૂફ નથી ? કૌવતની પૂજા સ્ત્રીએ ક્યાં આદિકાળથી નથી કરી ? સરસ્વતીનું એ શરીરવાદ્ય શિવ-ગૌરીનું 'કુમાર સંભવ' સંભળાવી રહ્યું હતું.

ન સરસ્વતી બોલી શકી, ન શિવરાજના મૂંઝાયેલા મોંમાંથી શબ્દ પડ્યો. શરમ એના મોં પરથી જતી રહી હતી. પોતાના ગુપ્ત કૌવતનું એને પણ નવભાન થયું હતું. અને એ નવું ભાન જૂના અનુભવની કોઈપણ ઓળખાણનો જ જાણે ઇન્કાર કરતું હતું.

## ૨૧. ગરીબનવાજ

**આ**ખરે બાપદીકરીને ગાડી પર વિદાય દઈને શિવરાજ પોતાની અદાલત તરફ વળ્યો. એણે નવી જગ્યાનો ચાર્જ લીધો અને ફરી વાર એને ઘેર શ્રીફળ અને સાકરના પડાની સોગાદો વરસવા લાગી. એ શ્રીફળ અને સાકર પોતે કેમ્પના નાના ગામડાને ઠાકરદ્વારે મોકલી દીધાં ને પૂજારીને કહેવરાવ્યું : "નાનાં બાળકોને વહેંચી દેજો."

જૂના મુકદ્દમાઓની એક આખી થપ્પી એકઠી થઈ હતી. જૂના ડેપ્યુટીસાહેબે કંઈક પ્રમાદથી, કંઈક બુઢાપાને કારણે, અને મોટે ભાગે તો લડનારા પક્ષોને થકવી નાખી ઘરમેળે સમાધાન પર આવી જવાની સ્થિતિ ઊભી કરવા માટે ઢગલો રાખી મૂક્યો હતો. ઉપરાંત, દીવાની દાવા સાંભળનાર મેજિસ્ટ્રેટનો પણ કામચલાઉ ચાર્જ તેને લેવો પડ્યો. એ કામ ઘણા કાળનું ચડેલું હોઈ જલદી પતાવવાનો ઉપરથી હુકમ હતો. શિરસ્તેદારે વેપારીઓના દીવાની દાવાઓ અને તાલુકદારોની તકરારો વગેરે પોતાને માટે માલદાર હતા તેવા તેવા કેસોનાં કાગળિયાં મથાળે રાખીને સાહેબને ઊઠાં ભણાવવા માંડ્યાં.

"બીજા કોના કોના છે ?"

"બહુ ઉતાવળના નથી."

"તમામનાં નામ વાંચો."

શિરસ્તેદારે વાંચવા માંડ્યું.

ત્રણચાર મોટાં નામો ગયા પછી નાનાં નાનાં ને નજીવાં નામો શરૂ થયાં.

"બામણી બાઈ તરવેણી વિરુદ્ધ રાવબહાદુર તુલજાશંકર ત્રિવેદી."

"શી બાબત ?"

"પોતાની ખોરાકીપોશાકી બાબત."

"લાવો એ કાગળિયાં. બીજું વાંચો."

"કુંભાર ધરમા વિરુદ્ધ બિલાસગઢ રેલવે."

"શી બાબત ?"

"કોમ્પેન્સેશન બાબત."

"શાનું કોમ્પેન્સેશન ?"

"એના બળદ રેલવે ફાટક પર કપાઈ ગયા હતા તેનું."

"લાવો મારી પાસે એ ફાઈલ. આ બંને કેસ ક્યારથી બાકી છે ?"

"પાંચ વરસથી."

"અને પહેલા બે ?"

"નવા છે."

"ત્યારે તમે કેમ એને આગળ ધરતા હતા ?" શિવરાજની આંખો કરડી બની.

"અગત્યના કહેવાય ખરાને, સાહેબ !"

"અગત્ય-બિનઅગત્ય કેવી રીતે માપો છો ?"

"સાહેબ," શિરસ્તેદારે જરા મરકીને કહ્યું, "આપ હજુ આજે પધારો છો. ને મારે માથે આંહીં રહ્યે રહ્યે ધોળાં આવ્યાં. હું આપને આડે માર્ગે ન દોરવું. સંજોગો હું સમજું છું, માટે મેં આપને સીધા દોર્યા."

"મને દોરવાનું છોડો ને સફેદ વાળ મને ન બતાવો. પાંચ પાંચ વર્ષોથી તમે ખોરાકીપોશાકીના ને કોમ્પેન્સેશનના મામલા દબાવીને બેસી શી રીતે શક્યા ? ફેરવી નાખો પહેલા બે કેસની મુદત. આ કેસની સુનાવણી થશે. નજીકમાં નજીકની તારીખ નાખો. પહેલો કેસ બામણી તરવેણી વિ. રાવબહાદુર તુલજાશંકર ત્રિવેદીનો લેવાશે. કોણ છે આ પ્રતિવાદી ?"

"આપણા એજન્સીના જ માજી ડેપ્યુટીસાહેબ છે. અત્યારે દૌલાની સ્ટેટના દીવાન છે."

"નાખો આવતા મંગળવારની મુદત."

"પણ... સાહેબ !"

"શું છે ?"

"રાવબહાદુરને એ તારીખ અનુકૂળ હશે ?"

"નહીં હોય તો નહીં આવે."

શિરસ્તેદારે કહ્યું : "જેવી મરજી."

"તે પછી બીજો જ દિવસ નાખો ખેડુ ધરમાના કેસનો. ઊભા રહો —" શિવરાજે વિચાર કર્યો, "ધરમો ખેડૂત છે, ખરું ? ને અત્યારે એને ખેડવાનું કામ ચાલતું હશે. કયા ગામનો છે એ ?"

"રાવણિયા થાણા હેઠ તાબે દીતડાનો."

"વારુ. અમાસ ને કયો દિવસ આવે છે ?"

"રવિવાર આવે છે, સાહેબ." શિરસ્તેદારે કલેન્ડરમાં જોઈને કહ્યું.

"ફિકર નહીં, ખાસ કિસ્સા તરીકે એ રવિવારે ચલાવવામાં આવશે. રેલવેને ખબર આપો ને અત્યાર સુધીનું તમામ દફતર મોકલી આપો."

રાત્રિએ મોડે સુધી એણે આ બે મુકદ્દમાની વિગતો તપાસી. પાંચ પાંચ વર્ષો સુધી મુદતો પડ્યા કરતી હતી. રેલવે અધિકારી અને રાવબહાદુર ત્રિવેદીની અનિવાર્ય કારણસરની ગેરહાજરીઓ આ મુદતોનાં કારણરૂપ હતી. શિવરાજે અદાલતે જતાં જોયું હતું : ગામડિયાં સાહેદોનાં ટોળાંને ઊભવાની કોઈ છાંયડી નહોતી, બેસવા બાંકડો નહોતો, પાણી પીવા નળ નહોતા. ઊભા ઊભા ખેડૂતો ને ઉભડિયાઓ દાળિયા ફાકતા હતા. ધાવણવિહોણી માતાઓની છાતીએ ભૂખ્યાં બાળકો ખુલ્લા તાપમાં ચીસો પાડતાં હતાં. કેટલી વાર આમ બની ચૂક્યું હતું? ઇન્સાફ કેટલો દુર્લભ હતો? આ લોકોને આંહીં ટોળાબંધ તેડાવવાનો શો અર્થ હતો?

રાતમાં જ એણે વિચાર કરી કાઢ્યો. વળતા દિવસે શિરસ્તેદારને જઈ કહ્યું : "ખેડૂત ધરમાનો કેસ આંહીં નહીં પણ એના ગામ નજીકના સ્ટેશન પર ચલાવવામાં આવશે — પક્ષકારોને ખબર આપી દો."

"રવિવારને દિવસે કોર્ટ! અને તે પણ રેલવેના સ્ટેશનમાં!" બિલાસપુર રેલવેના હાકેમોએ બપોરના બેથી ત્રણની ચા પીતે પીતે આશ્ચર્ય અનુભવ્યું.

"એક દિવસ પણ આ ઘસડબોળામાંથી આરામ નહીં!" તેઓમાંના એક ખિજાયા.

પણ સામા બીજાએ સંભારી આપ્યું :

"બાર વાગ્યાથી તો કામે ચડીએ છીએ. બે વાગ્યાથી ચાની તૈયારીઓ કરાવવી પડે છે. ત્રણ વાગ્યે માંડ પ્યાલા ભેગા થઈએ છીએ. ચાર વાગ્યે તો બંગલે ચાલ્યા જવું પડે છે. ચડી ગયેલા કાગળોના થોકડા સાથે લેવરાવી જવું પડે છે. સહીઓ પણ પૂરી કરી શકાતી નથી. કાગળોની કમબખ્ત થપ્પીઓ સામે, બસ, ખડકાયા કરે છે. તેમાં પાછા આ તિસમારખાં જુવાન મેજિસ્ટ્રેટોની આપણા રવિવાર પર પણ તરાપ પડે છે!"

"આ રવિવાર તો હું મિસિસને આપી પણ ચૂક્યો છું."

"હવે?" બીજાએ કહ્યું, "હોનારત થશે કે?"

"સવાલ જ નહીં ને!"

નવા મેજિસ્ટ્રેટ શિવરાજસાહેબ રવિવારે પ્રભાતે કેમ્પના સ્ટેશન પર આવ્યા ત્યારે સ્ટેશન-માસ્તર સલામ કરીને ઊભા રહ્યા : "સ્પેશિયલ કેરેજ આવી ગઈ છે."

"કેમ? મેં તો નહોતી મગાવી."

"અમારા સાહેબે મોકલી છે. આવું હોય ત્યારે કાયમ મોકલાય છે."

"કાયમની વાત જુદી હશે. હું તો કાયમી નથી ખરોને? કહેજો તમારા સાહેબને." શિવરાજે પંદર-વીસ માણસો સાંભળી શકે તે રીતે કહ્યું, ને પોતે પોતાના મળતા ભથ્થામાંથી જ ટિકિટ કઢાવી ગાડીમાં બેઠો.

ઊતરવાને સ્ટેશને એકાએક ગાડીના પાટા તળે ફટફટ અવાજો થયા અને બહાર એણે ફૂલહારોના ટોપલા સાથે ઊભેલ ટોળું દીઠું.

શિવરાજ નીચે ઊતર્યો. રેલવેના સાહેબે નજીક આવીને જાણે કે મહોબતના સૂરો કાઢ્યા : "કેમ સાહેબ, કેમ છો? આજ તો રેલવે પર બહુ કોઈ કૃપા કરી!"

એટલું કહેતાં એણે નજીકની ટોપલીમાંથી હાર ઉપાડવા ડાબો હાથ ઓછાળ લંબાવ્યો ને જમણો હાથ હસ્તધૂનન કરવા શિવરાજ તરફ લંબાવ્યો.

શિવરાજે એ હાથને પોતાના હાથમાં લેવાની કશી પરવા ન કરી. એણે ધીમેથી કહ્યું : "તમારા હાર દૂર રખાવશો? હું તમારી મહેમાની ખાવા નથી આવ્યો.

એ શબ્દોમાં રેલવે અધિકારીની અધીર બની રહેલી મહોબતને થપ્પડ હતી.

રેલવે-સાહેબનું મોં પડી ગયું, પણ પોતાનો રોષ એ ખાળી શક્યા. એણે કહ્યું : "આપ ઇન્સાફ કરવા આવો છો, પણ મનમાં **prejudices** (પૂર્વગ્રહ) ભરીને પધારતા લાગો છો."

"**Shut up**" (ચૂપ કરો). શિવરાજે અન્ય કોઈ ન સાંભળી જાય તેવી સંભાળ રાખીને હોઠ ધ્રુજાવ્યા. તે પછી એ ઊતર્યો ત્યારે ત્યાં ફૂલહારની કશી ગૂંગળામણ નહોતી.

વેઇટિંગ રૂમમાં સીધેસીધા પેસી એણે અદાલત ભરી. નાનો-શો ખંડ ખુરશી અને બાંકડાઓથી છલોછલ થઈ ગયો. અને રેલવેના બે-ચાર અધિકારીઓ, નજીકના મહાલોના રેવન્યૂ અધિકારીઓ, સીતારામનગરના ખાખી ફટકાધારી મહંતસાહેબ, અને નજીકનું દારૂનું પીઠું ચલાવનાર પારસી શેઠ અરદેશર વગેરે ખુરશીઓ રોકીને ત્યાં શા માટે બેસી ગયા હતા તે શિવરાજથી સમજી ન શકાયું.

"આ... સાહેબ," રેલવે અધિકારી મહંતશ્રીની પિછાન આપવા ગયા તે જ ઘડીએ શિવરાજે કંઈ સાંભળ્યું જ નથી કરીને શિરસ્તેદારને પૂછ્યું : "ક્યાં છે ફરિયાદી ?"

"ધરમા પ્રાગા." શિરસ્તેદારે પટાવાળાને નામ આપ્યું.

"ધરમા પ્રાગા ! ધરમા પ્રાગા હાજર છે ?"

પટાવાળાએ રોજિંદા યંત્રની જેમ અરજદારને બોલાવવાની નહીં પણ જાણે કે બિવરાવવાની ત્રણ ત્રાડો પાડી.

"આંહીં છું." ધરમો ખેડુ ધીમેથી બોલ્યો.

"ત્યારે ફાટતો કેમ નથી અત્યાર સુધી ?" પટાવાળાએ પાસે જઈને કહ્યું.

"પણ તમે એક જ સવાસે રાડ્યું ઘો, તેમાં હું વચ્ચે કેમ કરીને બોલું ?"

"ઠીક ભા, હાલો મોટા જામ !"

ધરમો અંદર આવ્યો. એણે પોતાની ચૂંચી આંખો પર હાથની છાજલી કરી. એને ખબર ન પડી કે આમાં કોણ ન્યાયાધિકારી છે. એની આંખો જાણે ત્યાં બેઠેલા સર્વની મશ્કરી કરતી હતી. ગરીબી પોતે જ એક ઠઠ્ઠાપાત્ર તમાશો હોવા ઉપરાંત બીજાઓની પણ ઠેકડી જ કરનારી દેખાય છે. ધરમાએ ડાબી-જમણી ગમ ખોટે સ્થાને સલામો કરી તે જોઈને મહંત હસી પડ્યા. શિવરાજે રોષને રૂંધી રાખ્યો.

"પટાવાળા !" એણે કહ્યું, "ફરિયાદીને આંહીં મારી બાજુમાં લઈ આવ."

ધરમાનો રસ્તો કરવા માટે સાહેબોને ખુરશીઓ ખેસવવી પડી. ધરમો નજીક જઈ ઊભો, પણ ફરીથી એની છાજલિયાળી આંખોએ સાહેબની શોધમાં ખોટી દિશા તરફ નજર ખેંચી.

"આંહીં જુઓ, હું આંહી છું ને" કહી. શિવરાજે ધરમાનું ધ્યાન ખેંચ્યું.

"પટાવાળા, ફરિયાદીને માટે બેઠક લાવો." પ્રતિવાદીઓ અને દારૂના પીઠાના માલિક વગેરે પ્રેક્ષકો પણ ખુરશીએ ચડીને બેઠા હતા, ત્યારે ફરિયાદીનો એકનો જ શો અપરાધ — એવો ભાવ શિવરાજના હૈયે ઉદ્ભવ્યો.

શિવરાજના એ હુકમે દોડાદોડી કરાવી મૂકી. એક સ્ટૂલ લાવીને મૂક્યું. ધરમાને બેસાડ્યો. તે પછી જ મુકદ્દમો શરૂ થયો.

ધરમાને — એક કણબાને કોરટમાં બેઠક ! પ્રેક્ષકોને વિચિત્ર લાગ્યું એટલું જ નહીં, પોતાનું સૌનું એમાં અપમાન પણ દેખાયું.

પછી મુકદ્દમાનો સપાટો શરૂ થયો. શિવરાજે આખું પ્રકરણ સમજી લીધું. બિલાસપુર રેલવેનું ઇન્સ્પેક્શન લેવા આવેલા સિમલા રેલવે બોર્ડના ઇન્સ્પેક્ટરની સ્પેશિયલ નીકળી હતી. ઇન્સ્પેક્ટર બિલાસપુરથી મોડા ઊપડ્યા હતા. એમને દિલ્હી પહોંચવાની ઉતાવળ હતી. એણે 'મેક્સિમમ સ્પીડ'(વધુમાં વધુ વેગ)થી ગાડી દોડાવવા હુકમ કર્યો હતો. એ અંધારી રાત હતી. ખેડુ ધરમાનું ગાડું લેવલ-ક્રોસિંગ પર ઝપાટામાં આવી ગયું.

"લેવલ-ક્રોસિંગ પર ફાટક છે ?"

"ના."

"માણસ રહે છે ?"

"ના."

"કેમ નહીં ?"

"આજ સુધી કદી જરૂર નથી જણાઈ."

"એટલે કે ઢોર નથી કપાયાં ?"

"ફરિયાદ નથી થઈ."

"એમ કાંઈ હોય, સાહેબ ?" ધરમો વચ્ચે બોલ્યો, "ગણી દેખાડું : પદમાનું ગાડું ચેપા થઈ ગયું પરારને દુકાળે. ભુરડી ગામના બામણની ભેંસ કપાઈ ગઈ હતી મોર્યના વરસે. તીથી અગાઉ પબા કુંભારનાં ચાર ગધેડાં કપાઈ ગ્યાં; ને મારી છોકરીનો તો સા'બ, સાતમો બનાવ છે આ ત્રણ વરસની અંદર—"

"તારી છોકરીનો," શિવરાજ ચમક્યો, "કે તારા બળદનો ?"

"એટલે એમ થયું સા'બ, કે છોકરી ગાડું હાંકતી'તી. હું રતાંધળો છું તે છોકરીને હાંકવા બેસાડી. એમાં ઓચિંતાનું ઝોકાર અંજવાળું પડ્યું. ઢાંઢા અંજાઈને રઘવાયા થ્યા ને જોતર તોડાવીને ખાબકી પડ્યા ગાડીના મારગમાં."

"છોકરીને કંઈ ન થયું ?"

"ના, સા'બ."

"ક્યાં છે છોકરી ?"

"મરી ગઈ."

"ક્યારે ?"

"વળતે દી સવારે જ."

"તું તો કહે છે કે કાંઈ નહોતું થયું !"

"ના, સાહેબ, બીજું કાંઈ નો'તું થ્યું પણ ભે ખાઈ ગઈ'તી. ઢાંઢા કપાતા ભાળ્યાને, એટલે એને તાવ ચડ્યો, ચમક ઊપડી ને મરી ગઈ."

"એ તેં કેમ નથી લખ્યું અરજીમાં ?"

"એનું શું લખાય, સા'બ ? તાવથી મૂઈ એની તો નુકસાની કોણ આપે ?" કહીને ધરમો હસ્યો.

"તને આ બધું કોણે સમજાવ્યું ?"

"કોરટમાં કાંઈ પે'લી વાર થોડો આવું છું, સા'બ ? આ સોત થઈને તો પંદર ફેરા થ્યા. વકીલુંની આટલી દલીલું સાંભળી. છોકરીનું તો ઠીક, સા'બ, અમથી જીવતી હતી તોય મૂઆ જેવી જ હતી — એના ધણીએ કાઢી મેલી'તી. લખણું કરી દેતા નો'તા, ને હું મોકલતો તો મારી મારીને અધમૂઈ કરતા. ઈ તો છૂટી સા'બ. માણસનાં કાંઈ નાણાં લેવાય છે !

ખરેખરો ઘાસ તો મને ઢાંઢાનો લાગ્યો, સા'બ. ત્રણસો રોકડા દઈને જોડ લીધેલી. ઈ સારુ તો એક ખેતર માંડેલું. ઉપરાંત, ઈ જે મૂઈ ભાળ્યું, ઈ છોકરીને પણ માંડી'તી. સંધીને કીધું'તું કે એનાં સાસરિયાં ફારગતી કરી દેશે તો હું બીજે ઘરઘાવીને જે રકમ બચશે તે ભરીશ."

ધરમો વિચારતો જ નહોતો કે પોતાનું બોલ્યું કોઈ સાંભળે છે કે નહીં. એ તો એને કોઈ ન અટકાવે ત્યાં સુધી બોલ્યે જ જતો હતો. એને ભાન જ નહોતું કે પોતે અદાલતમાં બોલતો હતો. એને તો લાગ્યું કે, મારી આખી વીતકકથા સાંભળનારા કોઈ દયાળુ શ્રોતાઓ આંહીં એકઠા થયા છે. અને આટલે વર્ષે બીજું કાંઈ નહીં તો ઘણા લાંબા કાળથી મનમાં સીસાના રસ રેડાયા જેવી જે વાતો ભરાઈ બેઠી છે, તેને તો બહાર ઠાલવી નાખું! નવા સાહેબ એને કોઈ પ્રભુના ઘરનું માણસ લાગ્યા. સાંભળે છે એ કાંઈ ઓછું છે! મનની કળ કેટલી બધી ઊતરી ગઈ!

"મારી છોકરી ગઈ તેની વાત મેં આંહીં જ પે'લવે'લી કરી, સા'બ; એટલો તમ માથે વશવાસ બેઠો, હૈયું એટલું તમ પાસે વીસમ્યું, તારે જ મેંથી બોલાણું હશેને, સા'બ!"

પછી પ્રતિવાદી રેલવેના વકીલ ઊભા થયા. ઊભા થઈને સૌ પહેલાં જ એણે એક પગ ખુરશી પર ઠેરવ્યો અને ધોતિયું ગોઠણ સુધી ઊંચું લીધું.

**"Have some manners, Mr. Pleader"** (વકીલસાહેબ, કાંઈક રીતભાત રાખો!). શિવરાજે કચવાઈને શાંત સૂચના કરી. એ સૂચના એમણે અંગ્રેજીમાં કરી, કેમ કે વકીલની પણ ઠેકડી કરાવવાની શિવરાજની ઇચ્છા નહોતી.

વકીલે ઘણા ઘણા ધમપછાડા મારી ધરમાને મૂંઝવવા મંથન કર્યું. પણ ધરમો ન અકળાયો. વકીલ બરાડા પાડતા ત્યારે શિવરાજ હસીને કહેતા : "ધરમા, ડરીશ નહીં હો કે? એ તો એમનો અવાજ મૂળેથી જ જરા ઘોઘરો છે."

"ડરિયેં શીદને, સા'બ? અમારે સીમના લોકને તો ઢોરની ત્રાડું સાંભળવાની ટેવ પડી ગઈ."

વકીલની માથાફાડ દલીલોના અંતે શિવરાજે પૂછ્યું : "રૂપિયા ત્રણસો જેવી નાની રકમના કોમ્પેન્સેશનમાં રેલવેએ આ શી જિકર માંડી છે?"

"સાહેબ!" રેલવેના અધિકારીએ કહ્યું, "ડોશી મરે તેનું કાંઈ નહીં, પણ જમ ઘર ભાળી જાય!"

"એટલે?"

"રેલવેને વાત વાતમાં કોર્ટે ઘસડી જવાની લોકોને ટેવ પડે છે."

"ઓહો!" શિવરાજને આ માણસની વાચાળતા પર તિરસ્કાર છૂટ્યો. એણે નુકસાનીના રૂપિયા ત્રણસોનો ફેંસલો સંભળાવ્યો. આ રકમ ખેડુ ધરમાને આઠ દિવસમાં ભરી દેવા એણે રેલવેને હુકમ કર્યો.

# ૨૨. રાવબહાદુરની પુત્રવધૂ

**પા**છા કેમ્પમાં આવતાં કોર્ટમાં રાવબહાદુર ત્રિવેદીનો તાર આવેલો તૈયાર હતો. લખ્યું હતું કે, 'મારા ને મારી પુત્રવધૂ વચ્ચેના મુકદ્દમાની મુદત ફેરવવાની વિનંતી કરું છું. અનિવાર્ય કારણોએ મને રોકી રાખેલ છે.'

"હં!" શિવરાજ જ્યારે મરણિયો બનતો ત્યારે હમેશાં ભમ્મર ભેગાં કરીને ભીડ્યા હોઠનું 'હં' ઉચ્ચારણ કરતો : "શિરસ્તેદાર, આ કેસમાં કેટલી વાર મુદત પડી છે?"

"પાંચ વાર."

"કોની માગણીથી?"

"રાવબહાદુરસાહેબની."

"ક્યાં છે એના વકીલ?"

"આ રહ્યો, સાહેબ." કહીને એક ધારાશાસ્ત્રીએ જવાબ આપ્યો.

"ક્યાં છે? કોણ છે?" શિવરાજે ફરી ત્રાડ પાડી.

વકીલ ઊભા થયા.

"હાં, હવે હું તમને જોઈ શક્યો છું, વકીલસાહેબ!" શિવરાજે વકીલની બેઅદબી પ્રત્યે વ્યંગ કર્યો, "તમે બચાવપક્ષના વકીલ છો કે?"

"જી હા, રાવબહા..."

"સમજ્યો, સમજ્યો," શિવરાજે વકીલને એ દમામભર્યું નામ પૂરું પણ ન કરવા આપ્યું, "હું તમારા અસીલને વધુ મુદત આપી શકતો નથી — જણાવવું હોય તો જણાવજો એમને."

અદાલતમાં હાજર તમામને શિવરાજસાહેબ વીફરી ગાંડા થઈ ગયેલા લાગ્યા. આ શું? રાવબહાદુર ત્રિવેદીસાહેબને એક સાધારણ અસીલની સ્થિતિમાં મૂકી દીધા! એમનું નામ પણ નથી લેતા? એને ફક્ત બચાવપક્ષ, અસીલ વગેરે નામો લઈ બોલાવે છે. આનું શું થવા બેઠું છે?

"એ ઓલ્યો છેક દિલ્હીના સેક્રેટેરિયેટ સુધી વસીલા બાંધીને બેઠો છે. આનાં હાંડલાં અભડાવી મારશે ઓલ્યો બામણ."

એ લાગણી ધાસ્તીની હતી. એમાં ગભરાટ હતો. ધીરે ધીરે એ ભાવ વિરમી ગયો. બપોરની રજામાં બધા વકીલો અને અસીલો બહાર નીકળ્યા. એકબીજાને અહોભાવના બોલ સંભળાવ્યા : "છે બાકી ભાયડો હો! મર્દનો બચ્ચો છે! આરબ છે, વિલાયતી આરબ! કોઈની સિફારસ કે લાગવગનો તો કાળ છે કાળ! કોઈનું મોટું ભડકામણું નામ સાંભળતાં તો ગરમ ગરમ બની જાય છે. પણ એ ગરમીની છાંટોય અસર પાછી એના ફેંસલામાં છે? આપણી તરફ, વકીલો તરફ પણ એને અમુક અસીલોના વકીલો તરીકે જરીકે ડંખ નથી. ચોખ્ખો તો ખરો, ભાઈ! એમાં ના નહીં પડાય."

વળતા જ પ્રભાતે અદલ અગિયારને ટકોરે પટાવાળાની ત્રણ બૂમો પડી : "બામણી તરવેણી! તરવેણી! તરવેણી હાજર છે?"

એ ચીસો સાંભળનારને કોઈ કોઈ વાર એક બીજી ચીસ યાદ આવે છે : લોકકથામાં કહેવાય છે કે જગર બિલાડો (જંગલી બિલાડો) ઉંદરના દર પર ઊભો રહીને એક કાળી

ચીસ પાડે છે કે જે સાંભળીને ઉંદર આપોઆપ ગાભરો બની બહાર નીકળી પડે છે. હિંદની હજારો અદાલતોના પટાવાળાના ત્રણ ત્રણ હાકોટામાં પણ જાણે એવી જ કોઈ કાળશક્તિ રહેલી છે.

કેમ્પની અદાલતના ચોગાનમાંથી એક સ્ત્રીશરીર ઊભું થયું. સાડલો ઓઢાડેલો લાકડાનો માળખો હોય, સેંકડો થીંગડાંમાંથી રચેલો ચંદરવે ઢાંકેલો ડામચિયો હોય, જેને જીવતો જીવ કહેતાં પહેલાં પલભર મન વિમાસણમાં પડી જાય, એવું એક માનવશરીર કમ્પાઉન્ડને છેવાડે આવેલા ખીજડાના ઝાડ પાસેથી નીકળ્યું ને અદાલત તરફ ચાલ્યું.

એનો એક હાથ સાડલાની અંદર ઢાંકેલો હતો, ને બીજા હાથનું માત્ર કાંડું જ બહાર દેખાતું હતું. એ કાંડાના પંજામાં એક મેલું પરબીડિયું હતું. એ સ્ત્રી હતી? કે કોઈ વાદીને ખભે લટકતી ઝોળી હતી? ઝોળીમાંથી જાણે એક સાપ ડોકું કાઢતો હતો, બીજો સાપ અંદર બેઠો હતો — બે હાથનો દેખાવ એવો હતો. એ પોતે જ બાઈ તરવેણી હતી.

બાઈ તરવેણીને પટાવાળો પીંજરા તરફ લઈ ગયો ને એને અંદર ઊભી કરી ત્યારે કાગળ પર કંઈક નોંધ કરીને શિવરાજે ઊંચે જોયું ને ફરીથી શિરસ્તેદારને પૂછ્યું : "ક્યાં છે બાઈ તરવેણી! હજુ કેમ બોલાવતા નથી?"

"આ રહી સાહેબ — પીંજરામાં ઊભી તે જ."

"આ બાઈ તરવેણી? એ તો પ્રતિવાદીની પુત્રવધૂ છે ને?" શિવરાજના મનમાં સંભ્રમ થયો.

"હા જી."

"તમે કહો છોને, કે પ્રતિવાદી રાવબહાદુર ત્રિવેદી છે?"

"હા જી."

"તેની આ પુત્રવધૂ!"

"સગી પુત્રવધૂ."

"આ વેશે? ઢોંગ તો નથી કરતી?"

"જી ના, દર વખતે આ જ વેશે હાજર થાય છે."

તે જ ક્ષણે કમ્પાઉન્ડમાં મોટરનો મેઘનાદ ઊઠ્યો, મોરલા બોલ્યા, પક્ષીઓ કળેળ્યાં. ઘણા કોસની મજલ કરીને મોટર આવી પહોંચી હતી એવું અનુમાન એના ચકચકિત 'બોડી' પર ચડેલી ધૂળના થરો પરથી દેખાતું હતું.

રેશમનાં કોટ-પાટલૂન અને સોના-કોરના બારીક સાફામાં સજ્જ થયેલ પચાસેક વર્ષના પુરુષ મોટરમાંથી ઊતરીને ડેપ્યુટીની ચેમ્બર તરફ ચાલ્યા. ત્યાંથી એણે અંદર પટાવાળા સાથે ચિઠ્ઠી લખીને ડેપ્યુટી પર મોકલી :

"હું આવી પહોંચ્યો છું — દૌલાનીથી મોટર દોડાવવી પડી — મુકદ્દમાને અંગે મારે કેટલીક ગુપ્ત વાતો કરવાની છે. બંધબારણે ચેમ્બરમાં આવીને મુકદ્દમો ચલાવો તો આભાર થશે."

"એ તો બાઈને જ પૂછવું રહે છે," એમ કહીને શિવરાજ તરવેણી તરફ ફર્યા, પૂછ્યું : "બોલો, બાઈ તરવેણી! તમારા પ્રતિવાદી તમારી સામે કેટલીક ગુપ્ત વાતો કહેવા માગે છે. તમને પ્રગટપણે કેસ ચાલે તે ગમશે કે બંધબારણે?"

લાજના ઘૂમટામાંથી અવાજ નીકળ્યો — જાણે કોઈ ફૂટેલા ડબામાંથી તેલનો રેગાડો ચાલ્યો : "મારે તો સાહેબ, ઉઘાડે બારણે જ ન્યાય લેવો છે."

"તમારી સામે –"

"ગમે તે બોલે," બાઈએ જવાબ આપ્યો, "અગાઉ બંધબારણે કામ થયું છે એટલે જ મારે સોસવું પડ્યું છે, સાહેબ !"

"પ્રતિવાદીના વકીલ !" ન્યાયમૂર્તિએ સૂચના આપી, "તમારા અસીલને કહો જઈને– બંધબારણાનું રક્ષણ તો આ ઓરત માગે તો બરાબર કહેવાય. પણ એ તો ઊલટો જ આગ્રહ કરે છે. પ્રતિવાદીએ આંહીં જ હાજર થવાનું છે."

શિવરાજની હિંમત એના પ્રત્યેક વર્તનમાંથી જાણે કે ઘોષ કરતી હતી. એ જરીકે થોથરાતો નહોતો. એનો ઇરાદો પ્રતિવાદીને પછાડવાનો હોય એવું પણ કોઈથી કહેવાય તેમ નહોતું : હિંમત હતી, પદ્ધતિ હતી, પ્રામાણિકતા હતી.

રાવબહાદુર ત્રિવેદીને ચેમ્બરમાં તેડવા ગયેલ વકીલે, ચેમ્બરવાળાં ન્યાયમૂર્તિના ખાનગી બારણાથી પ્રવેશ ન કરવા સલાહ આપી; અદાલતમાં આગલા બારણેથી જ લઈ આવ્યો. ઉપરાંત, ખાસ અલાયદી ખુરશીએ બેસવાના રાવબહાદુરના મનોરથો એમના મનમાં જ સમાયા. ન્યાયમૂર્તિની નજીક જઈને પણ એ વિશિષ્ટ ધ્યાન ન ખેંચી શક્યા. સામાન્ય ખુરશી પર એમને બેસવું પડ્યું.

શિવરાજની નજર એક ત્રાજવું બની ગઈ : એની જમણી આંખના છાબડામાં પચાસ વર્ષના રેશમધારી સસરા હતા; ને ડાબી આંખમાં થીગડાંના કરેલ ચંદરવા હેઠ ઢંકાયેલ ડામચિયા સમી પચીશ વર્ષની પુત્રવધૂ હતી. પ્રતિવાદી પુરુષનો દેહ લાલ લાલ લોહીએ છલકાતો હતો, સ્ત્રીના શરીરમાં ચામડી લબડતી હતી.

"બોલ, બાઈ :" શિરસ્તેદારે રોજની તોછડી પોપટ-વાણી શરૂ કરી, "જે કહીશ તે સાચું કહીશ."

"રહો, મારી પાસે લાવો !" કહીને ન્યામૂર્તિએ પોતે જ બાઈ તરફ જોઈ તદ્દન હળવા અને ગંભીર સાદે કહ્યું : "જુઓ બહેન, કહો કે : સાચું જ બોલીશ, ખોટું બોલું તો પરમેશ્વર પૂછે."

બાઈ કશુંક બબડી.

"જરા જોરથી બોલ, બાઈ !" શિરસ્તેદારે સૂચના કરી.

"કશી ફિકર નહીં. પ્રભુએ તો એ સાંભળી લીધું છે ને ?"

— એટલું બોલીને શિવરાજે બાઈની જુબાની શરૂ કરી. વકીલોએ શરૂ શરૂમાં વાપરેલા તુંકારાઓ શિવરાજના મન પર કોઈ ઊંડી વ્યથા ઉપજાવતા હતા. એ જોઈને વકીલો પણ બાઈ તરવેણીને 'બહેન તમે' શબ્દે સંબોધતા થઈ ગયા. મુકદ્દમાના પ્રારંભમાં રાવબહાદુર ત્રિવેદીએ તેમ જ તેના વકીલે ઊભા થઈ વિક્ષેપો નાખવા માંડ્યા. શિવરાજ કરડો બન્યો.

એણે વકીલને કહ્યું : "તમે કે તમારા અસીલ વચ્ચે કૂદશો તો મારે દિલગીરી સાથે અદાલત —" આંહીં એ જરાક થોથરાયો... એક પળના થોથરાટને વટાવીને, એક જ છલાગે દીવાલ કૂદતા અશ્વ સમું એનું હૈયું હામ ભીડીને બોલી ઊઠ્યું : "તો મારે અદાલત ખાલી કરાવવી પડશે !"

મુકદ્દમો આગળ વધ્યો, તેમ તેમ અદાલતનું વાતાવરણ જમાવટ પામ્યું, વિશુદ્ધિ પામ્યું, એક પણ વિક્ષેપ ત્યાં અસંભવિત બન્યો. અને બપોરની રજાનો સમય થતાં પહેલાં એણે જાહેર કર્યું : "જો વાદી-પ્રતિવાદીના વકીલો, અસીલોને વાંધો ન હોય તો, હું આ

મુકદ્દમો એક જ બેઠકે પૂરો કરવા માગું છું. વાંધો હોય તો જણાવશો ?"

બાઈ તરવેણીએ પગે લાગીને કહ્યું : "હું આપને પગે પડું, ધરમરાજ; કોઈ વાતે પૂરું કરો."

બાઈની જુબાની પૂરી થઈ રહી પ્રતિવાદીનો વારો આવ્યો. "શિરસ્તેદાર," શિવરાજે કહ્યું, "નામ પુકારો."

'રાવબહાદુર તુલજાશંકર ત્રિવેદી' એ નામ સંભળાયું. નામધારીએ બેઠક છોડી, પણ પોતે ખુરશી પાસે જ ઊભા રહ્યા.

"તમે કે ? આવો અંદર." શિવરાજે પીંજરું બતાવ્યું. રાવબહાદુરના પગમાં કોઈએ જાણે સીસું સિંચ્યું હતું. એને આશા હતી કે પોતે પીંજરે પહોંચે તે પૂર્વે ત્યાં ખુરશી મુકાઈ જાય. ખુરશી આવી જ નહીં. રાવબહાદુરના પગ પીંજરે ચડ્યા — જાણે પહાડે ચડ્યા !

શિવરાજ જાણીબૂજીને ખુરશી નથી મુકાવતા કે સરતચૂકથી ? સર્વને અજાયબી થઈ, શ્વાસ ઊંચા ચડ્યા; રાવબહાદુર પ્રત્યે દયા છૂટી, શિવરાજ પ્રત્યે માન થયું. જગત ધનિકોની પડતી થતાં દયા ખાય છે. ગરીબોના નગ્ન શરીર પરનો એકાદ લીરો વધુ કે ઓછો, તે અનુકંપાને પાત્ર નથી; અમીરોના હારના એકાદ હીરાનું ગુમ થવું 'અરેરે બાપડો!' જેવા અનુકંપાયમાન શબ્દોના વિષય બને છે.

ખુરશીવિહોણા ઊભેલા રાવબહાદુર, એક ઉજ્જડ પડેલા રાજકિલ્લા સમા કરુણાજનક બન્યા. શિવરાજે જો કોઈ જીવતા માણસને રાવબહાદુરની બેઠક બની જવા કહ્યું હોત તો એક કરતાં વધુ માણસોએ ત્યાં પોતાના દેહની ઘોડી વાળી આપી હોત.

મુકદ્દમાની પ્રતિભામાં નવું તેજ પુરાયું. એજન્સીના ગઈ કાલના એક અડીખમ અધિકારીને પ્રતિવાદીના પીંજરામાં જોવો, ને સિંહને પશુબાગના સળિયા પાછળ જોવો, એ બેઉ બરોબરિયાં દૃશ્યો છે.

"શું કહેવાનું છે તમારે ? શા માટે જિવાઈ નથી આપતા આ વિધવા પુત્રવધૂને ?"

એના જવાબમાં રાવબહાદુરે તિરસ્કારથી કહ્યું : "એ રાંડ બદચાલ ચાલે છે. એને હું કયા દાવે જિવાઈ આપું ?"

એ શબ્દોએ શિવરાજને બાઈ તરવેણી તરફ નિહાળતો કર્યો.

ચિતામાંથી ઊઠતા ખોળિયા જેમ એ ઊઠી : "સાહેબ ! સાહેબ ! મને આંહીં ને આંહીં ટૂંકી કરી નાખો !"

શિવરાજે પૂર્વે હતી તે કરતાં વધુ શાંતિ પકડી. એણે પહેલાં તરવેણીને કહ્યું : "બાઈ, બેસી જાઓ." ને પછી એ રાવબહાદુર પ્રત્યે વળ્યો : "તમે શું બોલો છો તેનો ખ્યાલ છે ?"

"જી, હા."

"તમે એ વાત પુરવાર કરી આપો છો ?"

"એવા ધંધા પુરવાર થઈ શકતા નથી."

"ત્યારે ચૂપ રહો !" શિવરાજના મોંમાંથી એ શબ્દો ચાબુકની જેમ છૂટ્યા. "આવા આક્ષેપો પુરવાર કરવાની શક્તિ નથી છતાં અદાલતમાં આગળ ધરો છો ? તમે આ અપમાન ઇન્સાફની સામે ફેંકો છો, જાણો છો ?"

"સાહેબ, હું સરકારનો ઇલકાબધારી છું."

"માટે ? માટે શું તમે સત્યવક્તા છો ?"

"મારું અપમાન થાય છે, અર્થાત્ સરકારનું ખુદનું...!"

"કોઈપણ સરકાર ન્યાયના કરતાં મોટી નથી. સરકારના માનાપમાનની સંભાળ અદાલત પાસે રહેવા દો. તમે એક સ્ત્રીનું અપમાન કર્યું છે તેની કોર્ટે નોંધ લીધી છે. તમારા બચાવમાં કાંઈ કહેવું છે?"

"ના જી."

"કેટલી જિવાઈ માગે છે — આ બાઈ?"

"મહિને પાંચ રૂપિયા, સાહેબ!" બાઈના ઘૂમટામાં ક્ષીણ અવાજ ઊઠ્યો. એ અવાજ જાણે કોઈ ધસી પડેલી ભેખડ તળેથી આવતો હતો.

"પાંચ રૂપિયા! માસિક પાંચ રૂપિયાને માટે સરકારના ઇલકાબધારી માણસ અદાલતોના ઉંબરા ટોચવા દીકરાની વિધવા વહુને આંટા ખવરાવે છે? અફસોસ અને આશ્ચર્યની વાત! હું બાઈને માટે રૂપિયા દસની માસિક ખોરાકીપોશાકીનો પ્રતિવાદી પર હુકમ કરું છું."

"પણ સાહેબ, મને કોણ આપશે?" — પેલો ક્ષીણ સ્ત્રીકંઠ સંભળાયો.

"દર માસે તમને અદાલત મારફત પહોંચતા થશે. ને પ્રતિવાદીએ એક એક વર્ષની પૂરી રકમ પ્રથમથી જમા કરાવી જવાની છે!"

## ૨૩. બાપુનું અવસાન

**અ**દાલત સ્તબ્ધ હતી. રાવબહાદુરનું ઝનૂનભર્યું મોં શિવરાજ સામે ફાટ્યું રહ્યું હતું. વિધવા તરવેણીને જાણે વિશ્વાસ જ નહોતો પડ્યો : મૅજિસ્ટ્રેટ મશ્કરી તો નહીં કરતા હોય!

શિવરાજનું કરડું મોં પોચું પડ્યું. એણે અદાલતના વકીલો, અસીલો તમામ પ્રત્યે એક મલકાટ વેર્યો, ને "ઊઠશું ત્યારે?" એવા હળવા શબ્દો બોલી, ખુરશીના હાથા પર હથેળીઓનો સુંવાળો લસરકો મારી એ ઊઠી ચેમ્બરમાં ગયો. ને સ્તબ્ધ સભાનો મધપૂડો ગુંજી ઊઠ્યો. વકીલોએ વિસ્મયભર્યા ચહેરે એકબીજાના ખભા થાબડતે થાબડતે કહ્યું : "માજિસ્ટ્રેટો બધા મરી ગયા મરી! જીવે છે આ એક જ માઈનો પૂત!"

રાવબહાદુર સર્વથી સંકોડાઈને લપાતા ચોરની પેઠે નાઠા તે સૌએ જોયું.

બાઈ તરવેણી હજુ જેમની-તેમ જ બેસી રહી હતી, અને પાસે ઊભેલો એક પટાવાળો એનું એકલ ભાષણ સાંભળતો હતો. એ બોલતી હતી :

"મારી આંતરડી જેવી તેં ઠારી છે તેવાં જ તારાં અંતર ઠરજો, મારા વીરા! તારી એકોએક આશાઓ પુરાજો!"

રાવબહાદુરની મોટર નિરર્થક ધૂળના ગોટા ઉરાડતી નીકળી ગયા પછી એક બે-ઘોડાળી ગાડી પણ અદાલતના ચોગાનમાંથી બહાર નીકળી.

આગળ ઘોડાઓ માટે માર્ગ કરવા એક ચપરાસી હાથમાં ફૂમચી લઈ દોડતો હતો. લગામ જેના હાથમાં હતી તે પુરુષ ગાડીને ઝટ બહાર કાઢી લેવાની ઉતાવળમાં તો હતા છતાં 'આસ્તે, બાપા આસ્તે!' એમ કહેતા હતા. સૌ એને સલામો કરતા હતા. સલામોને ઝીલતા પોતે હસતા હતા. સાધારણ માણસને માટે આ હસવું સંયમી ગણાય, છતાં ચાલ્યા

જતા પ્રેક્ષકોમાં વાતો ચાલતી હતી કે, "આ ડોસા ક્યારે આવી ચડેલા ?"

"કોઈને ખબર ન પડી."

"સાહેબને મળ્યા વિના જ કેમ ભાગે છે ?"

"ડોસો એવો જ વિચિત્ર છે."

"બહુ તાનમાં આવી ગયા છે ને શું ? આટલું તો એનું મોં કદી જ ખીલ્યું નથી."

"દીકરાની બહાદુરી દેખીને કયા બાપની છાતી ન ફાટે, ભાઈ ?"

એ વાતો થતી રહી ત્યાં ઘોડાગાડી અદૃશ્ય બની.

ચેમ્બરની અંદર શિવરાજ આરામખુરશી પર પડ્યો. એના આખા શરીરે ત્યાં ઢળી જવા, ઢગલો થઈ જવા મન કર્યું. એણે પ્રેક્ષકો પ્રત્યે ફેંકેલું છેલ્લું સ્મિત ચેમ્બરમાં એના મોં પર નહોતું રહ્યું. સો ગાઉના પંથનો શ્રમિત કોઈ કાસદ જાણે ઢીલો થઈને પડ્યો હતો.

એની વિચાર-સાંઢણીઓએ કાંઈ ઓછા પંથ ખેડ્યા હતા ? તરવેણીની દશાએ એને અજવાળી યાદ કરાવી હતી. તરવેણીનો ન્યાય તોળતાં તોળતાં એણે અજવાળી પ્રત્યેનું પોતાનું આચરણ વારંવાર વાંચ્યું હતું. 'કોઈક દિવસ મારો અપરાધ પણ આટલી જ કડક રીતે તોળનારો કોઈક આવી ચડશે તો ? — તો — તો —' અને એ વિચારદોરને તોડનાર શબ્દ સંભળાયો : "સાહેબ !"

પડેલા શિવરાજે ધીરેથી પોપચાં ઉઘાડ્યાં.

"બાપુ પધાર્યા હતા." પટાવાળાએ કહ્યું.

"કોણ ?" શિવરાજ હજુ બેધ્યાન હતો.

"દેવનારાયણસિંહસાહેબ."

"ક્યાં હતા ?"

"આંહીં કોર્ટમાં પધારેલા."

"ક્યારે ?"

"આપ ફરિયાદણ બાઈને સોગંદ લેવરાવતા'તા ત્યારે."

"ક્યાં બેઠેલા ?"

"બહાર પરસાળમાં બારી પાસે. મેં કહ્યું કે અંદર પધારો. એમણે કહ્યું કે, આંહીં જ ખુરશી મૂક."

"અત્યારે ક્યાં છે ?"

"સિધાવી ગયા."

"ક્યારે ?"

"કોર્ટ ઊઠ્યાં પછી."

શિવરાજ ક્ષોભમાં પડ્યો. મને મળ્યા કે બોલાવ્યા વિના જ કેમ જતા રહ્યા ? કોર્ટનું કામકાજ જોઈને કેવીક અસર લઈ ગયા હશે ? કાંઈ અસંતોષ રહ્યો હશે ? કાંઈ અન્યાય થઈ ગયો છે એમ તો માનીને નહીં રિસાયા હોય ?

વળતા દિવસે સવારના છ વાગ્યા હતા. આગલા દિવસના થાકેલા જ્ઞાનતંતુઓએ શિવરાજને હજુ સુવાડી જ રાખ્યો હતો. ત્યાં નીચે જોરથી બૂમો પડી : "સાહેબ ! સાહેબ !"

અર્ધજાગૃતિમાં એ શબ્દો ફરી સંભળાયા. જાણે સામે છાપરે બેઠા બેઠા કાગડા બોલતા હતા.

ત્રીજી બૂમે એ જાગ્યો. જોયું : ગાડી સુજાનગઢની હતી, પણ ખાલી હતી. કોચ-બોય

આવી ઊભો રહ્યો. એના મોં-માથે હોશ નહોતા.

"કેમ ?"

"આપને તેડવા —" વધુ એ ન બોલી શક્યો.

"કોણે મોકલી છે ?"

"માલુજીમામાએ."

"શા માટે ?"

"બાપુ —"

શિવરાજ ધા ખાઈ ગયો : "શું ?"

"દેવ થયા !"

"કોણ — શું — કેમ — હોય નહીં !"

"રાતમાં હૈયું બંધ પડી ગયું."

કહેનાર ગાડીવાન-છોકરાની આંખમાં પાણી દેખાયાં.

શિવરાજ અરધાં કપડાં પહેરીને ને અરધાં હાથમાં લઈને જ ગાડીમાં બેઠો. સુજાનગઢ આવ્યો ત્યાં તો એણે બંગલાના ચોગાન પર ડાઘુઓની બેસુમાર મેદની નિહાળી. એક ઢોલિયો પણ તૈયાર થતો હતો. કેટલાક સ્મશાનયાત્રાના નિષ્ણાતો, — જેમણે જીવનભરમાં પોતાની બીજી કોઈ સામાજિક ઉપયોગિતા જાણી નથી હોતી તેઓ, — ગાંઠિયા, સુખડ, અબીલ, ગુલાલ વગેરે અંતકાળના ઉપયોગી સરંજામની ખરીદીની કાળજીભરી ભલામણ એકબીજાને કરી રહ્યા હતા. બે-ત્રણ જણા ગામ ભણી જવા દોડતા હતા. એક-બે જણા—

"આ જોશે."... "ના ભૈ ના, ન જોવે."... "અરે, પણ ગરાશિયાના મરણમાં જોવે." વગેરે ધડાકૂટમાં પડ્યા હતા.

તે જોઈને શોકમગ્ન શિવરાજ પણ એક વિચારને ન દબાવી શક્યો કે મનુષ્ય, હરેક નાચીજમાં નાચીજ મનુષ્ય પણ, જ્યારે પોતાની જાતની થોડીએક ઉપયોગિતા પણ આ જગતમાં જુએ છે, ત્યારે એ કેટલો ધન્ય બને છે! કેટલી સાર્થકતા માણે છે! ને આટલી બધી ઈર્ષા, દ્વેષ, દેખાદેખી, વૈરવૃત્તિ — એ બધાં કદાચ એક-ની-એક નિરાશાનાં જ આવિષ્કરણો તો નહીં હોય? પોતાનો આ જગતમાં ક્યાંયે સાર્વજનિક ખપ નથી, પોતે સમાજ સમસ્તને કાંઈ કામ આવે તેમ નથી, એવી નિરુપયોગિતાની લાગણી કેટલી ભયાનક હતાશાથી ભરેલી છે!

એક ક્ષણમાં જ એ વિચાર-તારો એના મન-ગગનમાંથી ખરી ગયો. એણે પોતાની નજર સામે સૌ પહેલું મૃત્યુ નિહાળ્યું. એ લોકમેદનીનાં મોં ચૂપ હતાં. દરવાજો મૂંગો હતો. અંદર જતાં બધું જ ખાલીખમ હતું. બુઢ્ઢો ચાઉસ ઊંધું માથું ઘાલીને ઝીણું રોતો હતો. તેણે શિવરાજને જોયો તે ઘડી જ એનો કંઠ ભેદાયો ને ચીસ પડી : "અલ્લા! ઓ અલ્લા! મહોબત તોડ દિયા!"

શિવરાજના મન પર સત્ય જાણે ગોદો મારતું હતું. ચકિતપણાની લાગણીનો કાળ પૂરો થયો. સંભ્રમના પણ પડદા ઊંચકાઈ ગયા. મોટા ખંડમાં પિતાજીનો શ્વેત વસ્ત્રે ઢાંક્યો પડછંદ દેહ સૂતો હતો. નીચે તાજી લીંપેલી ધરતી હતી. લીંપણની સુગંધ આવતી હતી. ઘીનો દીવો બાજુમાં જલતો હતો. "બાપુ જાણે રાતની આદત પ્રમાણે સૂતા સૂતા હજુ વાંચતા તો નહોતા ને!" — એવી એક બેવકૂફ ભ્રાંતિ શિવરાજને અંતરે રમીને ચાલી ગઈ.

બાજુમાં માલુજી બેઠા હતા. એના હાથમાં માળા હતી. એનો દેહ તાવમાં થરથરતો હતો. એના રડતા કંઠમાં એક ભજનની ટૂંક હતી :

*છેટાંની આ વાટું રે,*
*વીરા મારા, મળવું કિયાં ?*
*ભલાઈ કેરું ભાતું રે,*
*વીરા ! ભેગું બાંધી ગિયા.*
*આંહીં નથી રે'વાતું રે,*
*વીરા શીદને ભાગી ગિયા !*

"અરે સા'બ !" માલુજી વચ્ચે બોલતો હતો, "દગો દીધો — જનમભરના જોડીદારને ? આખર લગી અંતર કોઈને દેખાડ્યું જ નહીં ? અમને રઝળાવ્યા — અમને બે ડોસાને દગા દીધા !"

દુનિયામાં અપરંપાર કરુણતાઓ છે પણ એકલ જઈફ જનના જિગરના રુદન સમી ઘણી થોડી છે. ભરજુવાન દીકરા માટે રડતો ડોસો એક હૃદયદ્રાવક દૃશ્ય છે. સગાં પેટ પણ હાડહાડ કરતાં હોય તેવી અવસ્થાને છાની છાતી ખોલવાનું ઠેકાણું ટાળી નાખતું, પંચાવન-સાઠ વર્ષની પત્નીનું મોત પણ, પાછળ રહેનાર બુઢ્ઢાની ભયાનક દશા કરે છે. પરંતુ માલુજીની ને ચાઉસ દરવાનની દશા તો એ તમામ કરુણતાને વટાવી જતી હતી. આ બેઉ બુઢ્ઢાઓનો બાકીનો સકળ સંસાર લૂંટાયાને તો આજે વર્ષો વીત્યાં હતાં. દીકરા, દીકરી, સ્ત્રી, ઘરબાર વગેરેથી ભર્યું જીવન તો તેમના પૂર્વાવતાર જેવું બની ગયું હતું. નવી જિંદગીમાં એ ફક્ત દેવનારાયણસિંહના જ સ્નેહને ઓળખતા હતા. એ એક જ માનવીના સ્નેહમાં એ બેઉ બુઢ્ઢાઓની તમામ માયામમતા સમાઈ ગઈ હતી.

માનું મૃત્યુ તો શિવરાજની સ્મૃતિની દુનિયાનો બનાવ જ નહોતો. આજનું અવસાન એની આંખો આગળનો સૌ પહેલો બનાવ હતો. આગ લઈને શિવરાજ પિતાના શબની આગળ ચાલ્યો ત્યારે, સ્મશાને પહોંચ્યા ત્યારે, અરે, ચિતા ચેતાઈ અને સળગી ચૂકી ત્યારે પણ પિતા જેવો પુરુષ જગતમાં હવે નથી એવી કોઈ લાગણી એને થઈ નહીં. એ લાગણી એના પર એકસામટી તો ત્યારે તૂટી પડી, જ્યારે બધું પતી ગયા પછી પિતાના ઓરડામાં એણે માલુજીને છાનામાના ઊભા ઊભા સાંજે બિછાનાની ચાદર ઝાપટતા જોયા. શિવરાજ જઈને પોતાના ખંડના પલંગ પર ઢળી પડ્યો. બારી પાસેની લીમડા-ડાળે ચકલાંને એકબીજાંને ચૂમતાં જોયાં. જૂઈની વેલ — શિવરાજની બારી પાસે પિતાએ જ કાળજી કરીને રોપાવેલી — તેની કળીઓ સાથે પતંગિયાં પોતાના દુપટ્ટા ઉડાડતાં હતાં. બારીએ આવીને સફેદ બિલ્લી પણ એક વાર ગરીબડા 'મિયાઉં' શબ્દે જાણે કે ખરખરો કરી ગઈ, ત્યારે પહેલી જ વાર શિવરાજને આ ઘરની આટલાં વર્ષો સુધીની નિર્જનતા ને ચુપકીદીમાંથી કશુંક ચૈતન્ય ચાલ્યું ગયેલું લાગ્યું.

માલુજી આવીને શિવરાજ પાસે બેઠા. એણે ધીરે ધીરે હિંમત કરીને આગલી રાતની વાત કરી :

"કાલ કાંપમાંથી આવ્યા ત્યારે જ ખુશાખુશાલ દેખાતા'તા. કોઈ દી નહીં ને કાલ સાંજે જ એણે દરવાજે ચાઉસને એના ઘરના સમાચાર પૂછ્યા. ઘોડાને થાબડી થાબડીને જોગાણ ખવરાવવા પોતે ઊભા રહ્યા. અમને બેયને સો સો રૂપિયાની બક્ષિસો આપી. જમતાં જમતાં કોરટમાં શું શું બન્યું તેની મારી જોડે વાતોએ ચડ્યા. ભાઈ આમ બોલતો

હતો, ને ભાઈ રાવબહાદુરને આમ ડારો દેતો હતો; ભાઈએ નિરાધાર બાઈની કેવી વહાર કરી છે, ખબર છે માલુજી ? તેં નજરે જોયું હોત તો તારું હૈયું જ હાથ ન રહેત... જમીને પછી કહે કે બસ, લાવ મારો સતાર. બસ તે દી તમે ગુરુકુળમાંથી ઘેર આવેલા ત્યારની રાતે બજાવેલો, તે કાલ રાતે ફરી લીધો. સતારની રજેરજ પોતે જ સાફ કરી. ક્યાંય સુધી બજાવ્યો. પછી ઓરડામાં જઈને લખ લખ જ કરતા હતા. બાર વાગ્યા સુધી તો હુંય જાગતો હતો. પછી મારી આંખ મળી ગઈ. પણ ચાઊસ જાગતો'તો. એ કહે છે કે સાહેબે બે બજ્યા સુધી લખ્યું. લખીને ઉપર જવા ઊઠ્યા ત્યારે પોતાને હાથે જ ટેબલ માથેથી ઘડિયાળ લઈને ચાવી દીધી. બત્તી પણ પોતે જ બુઝાવી ને પછી તમારા ઓરડામાં કોઈ દી નહીં ને કાલે રાતે જ પેઠા. ચાઊસ કહે છે કે દીવાલે તમારી નાનપણની છબીઓ ટાંગી છે તેને પોતે નીરખી જ રહ્યા હતા. તે પછી ઉપર ચડ્યા ત્યારે સીડીને માથે બે-ત્રણ વાર થંભવું પડ્યું હશે એમ ચાઊસને લાગ્યું'તું. પગ લથડ્યો તે અજવાળી રાતમાં દેખાણુંય ખરું, પણ ચાઊસને ભોળાને શી ગતાગમ કે વગર બોલાવ્યો દોડ્યો જઉં. અને કોઈ દી નહોતા ભૂલ્યા, તે કાલે રાતે જ કેમ ભૂલી ગયા એ હવે સમજાય છે. ચામડાના પૂંઠાની મોટી નોટબુક લખી-કારવીને કાયમ ખાનામાં મૂકતા અને ચાવી મારીને ત્રણ વાર તો ખાનાનું કડું ખેંચી જોતા, તેને બદલે કાલ નોટ ટેબલ માથે જ મૂકી રાખી છે. બધી જ તૈયારી જાણે કે એણે તો કરી રાખી હતી — છુપાવી રાખ્યું ફક્ત અમારાથી જ એણે."

માલુજી આથી વધુ ન કહી શક્યા. એણે પોતાનું બિછાનું શિવરાજના ઓરડામાં બારણાં અડોઅડ જ પાથર્યું ને તે પર બેસી માળા લીધી.

શિવરાજ બાપુના ઓરડામાં ગયો. ચામડાનું પૂંઠું લપેટેલી, પણ દોરી બાંધ્યા વગરની એ પાંચસો પાનાંની જાડી નોટ ત્યાં પડી હતી. ઉપર કશું જ લખ્યું નહોતું.

શિવરાજ ટેબલ પર બેઠો — જ્યાં આગલી રાતે જ પિતા બેઠેલા — પૂંઠું ખોલ્યું અને અંદરના પહેલા જ પૃષ્ઠ પર નામ જોયું : 'નર્મદાની નોંધપોથી'. નર્મદા શિવરાજની માતાનું નામ. એ નામ શિવરાજે જગત પર પહેલી વાર વાંચ્યું, ને પાછું પિતાના હસ્તાક્ષરોમાં વાંચ્યું — ઘૂંટી ઘૂંટીને દોરેલા એ મોટા મરોડદાર અક્ષરો હતા.

પહેલો જ વિચાર શિવરાજને પાપનો આવ્યો. બીજાના આત્મદેવાલયના ગર્ભદ્વારે ડોકિયું કરવાનો અધિકાર માનવીને નથી. એ અધિકારી આંખો તો એકલા ઈશ્વરની જ છે. મથાળાની નીચે આ શબ્દો હતા :

"મારી નર્મદા આજે આ જગતમાંથી જતી રહી છે તેમ મારાથી મનાતું નથી. મને પાછળ એકલો રાખનાર પ્રભુની મરજી એવી જ હશે કે મારે નર્મદાના બાળનું જતન કરવું. મારી પ્રભુસોંપી ફરજની નોંધ ટપકાવવા માટેની આ નોટબુક છે."

શિવરાજે પાનાં ફેરવવા માંડ્યાં. કોઈક તારીખે એક ફકરો, કોઈ બીજે દિવસે એક્કેક-બબ્બે લીટી, કોઈક વાર વળી એક જ વાક્ય, કોઈક વાર આખું પાનું, પણ વિષય એકનો એક જ : "નર્મદા, તારો પુત્ર..."

બાવીશ વર્ષ પરના દિવસની નોંધ :

"તારા બાળકને આજે શરદી થઈ છે. ન્યુમોનિયા થઈ જવાની બીકે હું આખી રાત એને શેકતો બેઠો છું. માલુજી બાપડો ઉજાગરા કરી કરીને આજે માંડ સૂવા જવાનું માન્યો છે. સગડીમાં અંગારા બળે છે, ને તારો બાળ સરખા શ્વાસ લેતો ઊંઘે છે."

શિવરાજના નાનપણની તોતળી બોલીનો પ્રથમ બોલ શિવરાજ કયે દિવસે બોલ્યો

તેની, પા પા પગલી એણે કયા દિવસે કરી તેની, કેટલી વાર એણે સળગતા કોલસાને ફૂલો સમજી પકડ્યા ને પછી ચીસો પાડી તેની... પાને પાને તારીખવાર વિગતો હતી. અને એક ટચૂકડી નોંધે શિવરાજના કંઠમાં ડૂમો આણ્યો :

"નર્મદા, તારા બાળકને આજે મેં બા! બા! બા! બા! ઉચ્ચાર કરતો સાંભળ્યો, ને મેં એને જરા દબડાવી કહ્યું, એ ન બોલાય."

પછી શિવરાજના અભ્યાસના સમયની વાતો, એને કાઢી મૂક્યાની કથા, એના કાયદાના ભણતરની આશાભરી નોંધો : કાંપમાં એનો નિવાસ થયો ત્યારે પોતાને થયેલી લાગણી : અને પછી ધીરે ધીરે આ પ્રકારના છૂટક ઉદ્‌ગારો :

"દીકરો તો નિરાળો જ માનવી હોય છે. નર્મદા! બાપ તો બીજું શું કરી શકે? પ્રેમ માગ્યો તો થોડો મળે છે? હુંયે બેઠો બેઠો એનું હૈયું વળવાની વાટ જોઈશ."

વચ્ચે વચ્ચે જૂની વાણીમાં જોડેલાં ભજનો —

*સગડ હોય તો તારા*
*સગડ કઢાવું રે!*
*સગડ કઢાવું રે!*
*ત્રણે ભુવનમાંથી શોધી તુજને લાવું!*
*ઊંડેરા સાગર-નીરે*
*અણદીઠા તુજ કેડા રે*
*અણપેખ્યા તુજ કેડા રે,*
*પાણીડાંમાં પગલાં તારાં શી રીતે શોધાવું?*

વાંચતાં વાંચતાં શિવરાજે અધરાતની શિયાળ-લાળી સાંભળી. શ્વાનો રોતાં હતાં. સવારે જ જ્યાં પિતાનું શબ ઘીને બળતે દીવે સૂતું હતું તે જ આ ઘર હતું. શિવરાજના શરીરે એક ધ્રુજારી છૂટી ગઈ. કંપતા હાથે એણે નવી નોંધ વાંચી :

"નર્મદા, તારો બાળ હવે તો આંહીં કોઈક જ વાર આવે છે — મહેમાન પણ વધારે આવે. મારી સાથે જ એ રહેવાનું રાખશે એવી મને આશા હતી. પણ આ રોદણાં શાને માટે? કુદરત તો આગળ જોનારી છે, પાછળ નહીં. બાપ જેટલું બેટાને ચાહે તેટલું કોઈ બેટો બાપને ચાહી શકે જ નહીં. એ તો જીવનનો નિયમ છે, નર્મદા! અને પિતાઓએ તો મન વાળવું જ રહ્યું."

શિવરાજની આંખે અંધારાં આવ્યાં. એનું મન ચક્કર ચક્કર ફરતું હતું. અરેરે! આટલું જો મેં જાણ્યું હોત! કોઈકે મને આ વાત કરી હોત! અબોલ રહેતા બાપની ટાઢીબોળ શાંતિની હેઠળ શું વાત્સલ્યનાં આટલા ગાંડા ધોધ ગર્જતા હતા!

શિવરાજે મોડી રાતના ચંદ્રાસ્ત પછીનાં કાજળવરણાં અંધારાં ગણકાર્યાં નહીં. અંધકારમાં મૂંગાં મૂંગાં પોતાનાં માથાં હલાવીને કાંઈક જાણે કહેવા માગતાં હોય તેવાં ઊંચાં તાડનાં ઝાડ ખવીસ જેવાં લાગ્યાં, તોપણ એણે વાચન આગળ ચલાવ્યું — ને ઓચિંતો એ ચમક્યો. હવે પછીના ફકરાઓમાં એક નવું નામ રમતું હતું — એ હતું સરસ્વતીનું નામ. એ નામનો આ ફકરો વાંચ્યો :

"સરસ્વતીને મેં ઝીણી નજરે જોયા જ કરી છે, નર્મદા! નારીપરીક્ષા તો તેં જ મને ભણાવી હતીને! પૂર્વકાળ તો એનો મોળો હતો ને મને બીક હતી કે તારો બેટો ક્યાંક ભેખડાઈ પડશે. પણ છેલ્લા છ મહિનાથી સરસ્વતીએ તો કાંઈ રૂપનાં કિરણો કાઢ્યાં છે!

કાંઈ શીલની ઝાંય વેરી છે! એની બાજુમાં મેં તારા જ માતૃમુખની શ્યામવરણી નમણાઈએ શોભતો તારો જુવાન બેટો ઊભેલો ને બેઠેલો જોયો છે — આશીર્વાદ દઈને જલદી મરવું જ ગમે એવું જોડલું!"

પિતાની અંતિમ ઇચ્છા : જાણે કોઈ અદીઠ આશીર્વાદ : શિવરાજના કલેજામાં થડકાર સમાયા નહીં. વધુ વિચાર એ કરી શક્યો નહીં. આગળ વધ્યો — છેલ્લું પાનું. ગઈ કાલની અદાલતનું દૃશ્ય જોયા પછીના આ ઉદ્‌ગારો :

"બસ નર્મદા, હવે તો હું પાર ઊતરી ગયો. તારો બાળ મારા વિના ટક્કર ઝીલી શકશે. હવે એને પિતાની ખોટ નહીં રહે. હવે તો પેલી — એની સ્ત્રી — એને પડખે હશે, એટલે તારો બેટો આભના તારા ચૂંટી શકશે. આપણા લગ્ન-સંસારની પવિત્રતા એ બેઉના જીવનમાં ઊતરશે એ જ છેલ્લી ઇચ્છા."

અને છેલ્લે —

"હું થાક્યો છું. મારું કામ ખતમ થયું છે. હવે હું નહીં રોકાઉં. તને જલદી આંબી લઈશ, નર્મદા! આજે રાતે આંખો મીંચીશ ત્યારે તારી જ મુખમુદ્રાનાં મને દર્શન થશે. પ્રણામ, નર્મદા!"

રાતના ત્રણના ટકોરા થયા. શિવરાજે પોથી બંધ કરી. પોથી પર પોતાનું માથું ઢાળી દીધું. મનમાં એ બોલ્યો : "બાપુજી, મને ક્ષમા કરજો! ક્ષમા દેજો!"

પછી તરત જ એના અંતરમાં પ્રકાશની એક રેખા ચમકી ઊઠી : બાપુને પાછા લાવવાનું શક્ય નથી; પરંતુ નોંધપોથીમાંની એમની જે એક પ્રબલ ઇચ્છા, એમના ને માતાના પ્રેમજીવનની પવિત્રતા રક્ષી રાખવાની, તે ઇચ્છાને હું મારા જીવનનો મહાપંથ માની પગલાં ભરીશ. પિતાજી હંમેશાં કહેતા, ગમે તે ભોગે સત્યને પંથે વર્તન કરવું — હું એમ જ કરીશ.

## ૨૪. સળવળાટ થાય છે

**આ**ઠ દિવસની રજા પર ઊતરીને શિવરાજ સુજાનગઢમાં રોકાયો. માવિહોણાં બનેલાં બાળકો જેવા બેઉ બુઢ્ઢાઓ પાસેથી ખસવું ગમ્યું નહીં.

આખો વખત એની આંખો ભીંજાતી અને ટપકતી રહી. શૂન્ય ઘર એને પિતાની મૂર્તિમાન હાજરી સરખું લાગ્યું : ચોપાસના પહોળા સીમાડાને ભરીને જ જાણે બાપુનો પ્રાણ બેઠો છે! આકાશના અનંત મૌનમાં પિતા એને વ્યાપક લાગ્યા. દેવનારાયણસિંહનું ને આકાશનું મળતાપણું એને કલ્પિત અથવા કવિતા માયલું ન લાગ્યું — એ જાણે કે સાવ સહજ અને રોજનું સત્ય હતું.

વારંવાર મનના પ્રણિપાત કરતો એ એક જ વિચાર રટતો રહ્યો કે, "બાપુજી, તમારું જીવનભરનું શ્રાદ્ધ-સરાવણું આ એક જ રહેશે : સત્યને માર્ગેથી હું નહીં ચળું."

રાજકોટથી કાગળ આવ્યો. કાગળ ડેપ્યુટીસાહેબનો ને સરસ્વતીનો હતો. સરસ્વતીએ લંબાણથી લખ્યું હતું :

'તમે ચલાવેલા બે કેસનો અહેવાલ મેં છાપાંમાં વાંચ્યો ત્યારે અંતઃકરણ થનગની ઊઠ્યું હતું. છાપાંના અહેવાલોની કાપલીઓ આ સાથે બીડું છું. એમાં તો તમારી ઉદ્ધતાઈની અને એક રાવબહાદુરનું તમે અપમાન કર્યું વગેરે વગેરે વાતો લખી છે, પણ મેં એ અવળા શબ્દો સવળા કરીને વાંચ્યા. રાવબહાદુરની વિધવા પુત્રવધૂ તમારી સામે ઊભી હશે તે મૂર્તિ મારી આંખો સામે તરવરી રહી. મને તો એટલે સુધી લાગ્યું કે જાણે હું જ એ સ્ત્રી બનીને તમારી સામે ન્યાય યાચતી ઊભી હોઉં ને! હું આટલી તદાકાર બની શકી એટલે તો મને મનમાં શું-નું-શું થઈ રહ્યું છે. પણ તે કેમ કરી સમજાવું! કાગળ લખું લખું કરતી હતી. અન્યાય પામેલી સ્ત્રીઓના 'વીરા' તરીકે તમને વધાવવાના કોડ હતા. પણ તમારો કાગળ આવ્યા પહેલાં હું શરૂઆત કરું તે તમને નહીં ગમે તો? — એમ વિચારીને વાટ જોતી હતી. એ અવસર આજ મળી ગયો. બાપુજીના મૃત્યુને હું તમારા પર કાગળ લખવાનો અવસર બનાવું છું તેથી તમે દુભાશો તો નહીં ને? પણ હું દિલમાં જે સાચોસાચ છે તે લખી નાખું છું. ધીરે ધીરે બાપુજીની સ્મૃતિ-રેખાઓ મારા અંતરમાં ઊપસતી આવે છે. તમે આજ એકલવાયા શું કરતા હશો? તમારા પડખે હું હોઉં તો કંટાળો આવે કે સાંત્વન મળે? તમને એકલા પડવું ગમતું હશે કે કોઈ બીજું પાસે હોય તેવું મન થતું હશે? — નથી સમજી શકતી. ને સમજી શકું તોપણ શું? ત્યાં આવીને થોડું રહેવાય છે?'

લિ. સરસ્વતી

હજુ કાગળ વાંચીને પૂરો કરે છે ત્યાં તાર મળ્યો :

'પિતાજીને સુજાનગઢનો ચાર્જ સંભાળવા હુકમ થયો છે. આવીએ છીએ — સરસ્વતી.'

સરસ્વતી શું આટલી અનાયાસે આવે છે! આ તાર બનાવટી તો નથીને? — પત્ર વાંચ્યા પછી મળેલો તાર શિવરાજને આટલે સુધી ક્ષુબ્ધ બનાવી રહ્યો. સરસ્વતી આવે છે... અજવાળી દૂર ને દૂર ઠેલાતી જાય છે.

આઠ દિવસ ઉપર એ નાના સ્ટેશને ચલાવેલ મુકદ્દમાએ શિવરાજને અજવાળીનું સ્મરણ કરાવ્યું હતું. ખેડુની ગાડું હાંકતી છોકરી રેલવે-અકસ્માતમાં ભય પામી તાવમાં પડી મરી ગઈ, તેનું 'કોમ્પેન્સેશન' શિવરાજ નહોતો અપાવી શક્યો. અજવાળી એક ખેડુની છોકરી હતી. અજવાળીની એટલી જ યાદ જરીક ચમકીને વિરમી ગઈ હતી. પિતાના મૃત્યુએ મનમાં જગ્યા નહોતી રહેવા આપી. એમાં સરસ્વતીનો કાગળ મળ્યો. ઠસોઠસ ભરાઈ ગયેલા શિવરાજના હૃદયમાં સરસ્વતીની સાંભરણ તો હવા સમ બનીને પેસી ગઈ. ઝીણીમોટી બધી ચિરાડો ને છિદ્રો પૂરી દઈને એ હવાએ જાણે કોઈ વન-સંગીત જન્માવ્યું. એકલતાનાં પોલાણ ગાજી ઊઠ્યાં — વનનાં વાંસવૃક્ષોની પોલમાં પેસીને વાયુ બંસરી બજાવે છે તેવી રીતે.

માલુજી તાવમાં શેકાતા હતા. તેમણે શિવરાજના એ હૃદય-સંગીતમાં વિક્ષેપ પહોંચાડ્યો.

"ભાઈ!" એણે હાંફતાં હાંફતાં અને લથડિયાં ખાતાં ખાતાં શિવરાજને ઓરડે પહોંચીને સાદ કર્યો.

શિવરાજ પાછળ ફર્યો. એના હાથમાં કલમ હતી — પોતે સરસ્વતીને કાગળ લખતો હતો.

"આમ ઊઠીને અવાય?" શિવરાજે એના ડોલતા શરીરને ટેકો દઈ ખુરશી પર બેસાર્યું.

"ન આવત — આવત તો નહીં, ભાઈ!" ડોસો મહાકષ્ટે બોલતો હતો, "પણ હવે... ભરોસો ઊઠી ગયો — આ કાયા માથેથી. કહેવા તો એટલું જ આવ્યો'તો — કે

— ઓનું — પછી — શું — કર્યું?"

પણ એ વાક્ય શિવરાજને સ્પષ્ટ સમજાય તે પૂર્વે તો માલુજી ડોસાને ઝોબો આવી ગયો. એની સારવારમાં જ બે કલાક ચાલ્યા ગયા. શિવરાજ પોતાના હૃદયમાં ચાલતા નવસંગીતમાં એટલો મગ્ન હતો કે માલુજી જે કહેવા આવેલો તેનું ઓસાણ એને આવ્યું જ નહીં.

*

મુંબઈના મહિલાશ્રમમાં તે જ વખતે અજવાળીના અંગેઅંગમાં એક નવીન પ્રકારનો સળવળાટ ચાલુ થયો હતો. ખાઈપીને પડી રહેનારી અજવાળીને એની સાથણ એક સાંજરે ઢંઢોળતી હતી : "ઊઠ, ઓ કાઠિયાવાડની ઊંઘણશી પાડી!"

કોઠારની પાછલી બાજુએ જ્યાં કબૂતરોની ચરક વરસતી, ઉંદરો દોડાદોડ મચાવતા, ને કૂતરાં છાંયો શોધી બેસતાં, તેવે સ્થળે ચત્તીપાટ પડેલી અજવાળી આંખોના મણીકા મણીકા જેવા બોજદાર પોપચાં ઊંચકીને બહેનપણીને કહેવા લાગી : "મને આ શું થતું હશે?"

એની આંખોમાં કોઈ કૌતુક દોડાદોડ કરતું હતું. પોતે જાણે પોતાના પર જ મુગ્ધ બનીને દેહ પર, ખાસ કરીને પેટ પર હાથ પસવારતી હતી.

"શું છે? ક્યાં?" સાથણે પૂછ્યું.

"આંહીં... આંહીં, જો, જો, જો તો ખરી! આ... આ હા-હા-"

અજવાળીના એ વિસ્મયોદ્‌ગાર ન સમજી શકતી સાથણ તો અવાક ઊભી જ થઈ રહી.

"આંહીં હાથ મૂક તો, બહેન! જો તો ખરી, કંઈક ફરક ફરક થાય છે."

એમ કહેતી અજવાળી પોતાના ઉઘાડા ઉદર પર હાથ મૂકતી હતી.

સાથણ નીચે બેઠી. એણે અજવાળીના પેટ પર હાથ મૂક્યો. ચામડી નીચે કશોક સળવળાટ મચ્યો હતો; કશીક દોડધામ થતી હતી.

સાથણ પણ અજાયબ બની — રમત જેવું લાગ્યું. થોડી વાર સુધી તો રમત ચાલુ રહી, પણ પછી સાથણ બોલી ઊઠી : "છોકરું હશે તો?"

એ શબ્દો સાંભળવાની સાથે જ અજવાળીની ગમ્મત અટકી ગઈ. એનું મોં સફેદ હતું, વધુ સફેદ બન્યું. એ વેગથી ઊભી થઈ ગઈ. એણે કપડાં સંકોર્યાં. એની આંખોમાં દીવા ઓલવાતા હોય તેવો દેખાવ બન્યો.

જાડી પાડી બનીને એ સૂતી રહેતી. સૌને લાગતું કે એના શરીરે મેદના થર ચડ્યા છે, કોણ જાણે કેમ પણ ઊબકા આવવાની હેળ્ય એને થયેલી જ નહીં. એના ચરબીભર્યા દેહમાં ચાલતા બીજા વિકારો કોઈની નજરે પડ્યા નહીં. છ મહિના એમ ને એમ વીતી ગયા હતા. સંસ્થાને તો પ્રથમથી જ પૈસા મળી ગયા હતા એટલે અજવાળીની ઊંડા ઊતરીને સાર લેવાનું કોઈને સૂઝ્યું નહીં. સંચાલકબાઈએ એ જડભરત છોકરીનો મશ્કરી કરવા સિવાય બીજો કશો ઉપયોગ જોયો નહોતો. ભરતકામ પણ હવે તો એણે છોડ્યું હતું.

પણ તે દિવસે એના ઉદરમાં થયેલા સળવળાટની વાત આશ્રમમાં પાણીના રેલા પેઠે ચાલી. રેલો સંચાલકની પાસે પહોંચ્યો. જાસૂસો જાગ્રત બન્યા.

અજવાળીના હૈયામાં, અંગેઅંગમાં ને રોમેરોમમાં બાળક ફરકતું હતું; અને આશ્રમની સ્ત્રીઓના, રસોઇયણના, નોકરોના, સૌ કોઈના હોઠ પર હાસ્ય ફરકતું હતું. એ હાસ્ય

આગલા દિવસની સાંજ સુધીના મલકાટ કરતાં જુદેરી જ જાતનું હતું. છૂપા ખિખિયાટા હતા. સોનેરી, પણ ખંજરો હતાં. અજવાળીના દેહનું પ્રત્યેક અણુ કોઈ પરમ સાર્થકતાની પુલક અનુભવતું હતું, ત્યારે જગતના હાસ્યમાં આ કરડાઈ ક્યાંથી ઝરતી હતી? શરીરમાં સર્જનનો થનગનાટ હતો; સમાજમાં એ સર્જન શું કોઈ ગુપ્ત દારૂગોળેભરી સુરંગ સમું ગણાતું હતું?

પોતાની પ્રત્યેક સહિયર કેમ આ ફરકાટ પર હાથ મૂકવા આવતી નથી? હવે કોઈ કરતાં કોઈ પાસે પણ કેમ ઢૂંકતું નથી? ને છતાં આ ચોગાનમાં ઊગેલા આસોપાલવ પોતાનાં પત્તાંનો મર્મર-ધ્વનિ કાઢીને પોતાના જેવા જ ફરકાટ શું નથી બતાવતા? રસોડાના એઠવાડની મોરી પર બેઠેલાં કબૂતરો કેવાં અંગ ફરકાવે છે : ચંપાનાં ફૂલની ગાદલી પર ચડીને નાનું જાબુંડિયા રંગનું પતંગિયું પોતાની પાંખોના પંખા ધ્રૂજાવે છે તેમાં ને પોતાના પેડુની બેઉ બાજુમાં હમણાં જ જાણે પાંખો ઊઘડશે એવા સળવળાટમાં શું કોઈ અદ્‌ભુત સામ્ય નથી લાગતું?

અજવાળીનો પ્રાણ જે વેળા આવું સર્જકત્વ — આવું કવિત્વ અનુભવી રહ્યો હતો, તે જ વેળા આશ્રમની ઉપરી દક્ષિણી સ્ત્રી ઓફિસના ટેબલ પર બાવરી આંખે પોતાનાં જાસૂસોની કથા સાંભળતી હતી. આંહીં તો કોણ આ કૃત્યનો જવાબદાર હોઈ શકે! આંહીં તો કોઈ પુરુષ નથી. બાજુના મકાનમાં જ અમે રહીએ છીએ. મારી સાથે મારો વિધુર ભાઈ રહે છે. ભાઈની શાખ શંકાશીલ હતી. અગાઉ ખુદ આશ્રમની અંદરના જ મકાનમાં ભાઈને લઈને પોતે રહેતી તે વખતે બનેલી એક ઘટનાએ એને આશ્રમ બહાર રહેવાની ફરજ પાડી હતી. એવો જ ભય આજે બીજી વાર ઊભો થઈ રહ્યો છે. અધિષ્ઠાત્રીએ ઇલાજો વિચાર્યા. એણે ટેલિફોન લીધો, નંબર જોડ્યો : "શેઠ જુગલકિશોર મેડતિયા છે?... આજે અત્યારે આંહીં આવી શકશો?... ઉતાવળે આવો." જવાબ જડ્યો કે, "દાદર ઊતરું જ છું."

અજવાળીને અધિષ્ઠાત્રીએ એકાંતે લીધી, પૂછપરછ કરી : "આ કોનું કૃત્ય છે?"

"મને ખબર નથી." અજવાળીના અંતરમાં એ ક્ષણે અપરાધીપણાનો ભાવ હતો, તેથી વિશેષ સર્જનના આનંદનો હિલ્લોળ હતો.

"લઈને આવી હતી?"

"શું લઈને?"

"શું લઈને? અજાણી થાવા જાય છે? નાની પોરી છે?"

"શું લઈને?" અજવાળીએ ફરીથી પૂછ્યું.

"લઈને તારું પાપ."

"પાપ!" અજવાળીએ સામો સવાલ કરવા નહોતું ઉચ્ચાર્યું; ઉચ્ચાર તો એનાથી થઈ ગયો, આપોઆપ નીકળી ગયો.

"ત્યારે શું મહાન પુણ્ય? બોલી નાખ, ક્યાંથી લઈ આવી?"

"મને ખબર નથી."

"એક આબરૂદાર માણસ તને અહીં મૂકી ગયેલ છે એ જાણે છે? એના મોં પર કેટલી ખાનદાની હતી? એનેયે શું તેં છેતરેલ? એની આજે શી બેઆબરૂ થવાની છે — ખ્યાલ કરે છે?"

અજવાળીને આ શબ્દોએ ટાઢીબોળ બનાવી. એક રીતે એ તદ્દન બેવકૂફ હતી. ભોળી ભલી મા અને ઘાતકી અપર-પિતા વચ્ચેના કંકાસોએ એને હમેશાં સંગ્રામો કરવામાં

જ રોકી રાખી હતી. ગામની છોકરીઓ કે પરણેલીઓના પરિચયમાં જીવનનાં રહસ્યો મેળવવાનો સમય એને ક્યારે હતો? નાનપણથી જ એને તો માના નવા ધણીના સ્વભાવના અગ્નિકુંડમાં જ જીવવાનું સરજાયું હતું. એટલે જ એને કાને જ્યારે એની આંહીં સોંપણ કરનાર એક ખાનદાન મોંવાળા માનવીનો ઉલ્લેખ પડ્યો, ત્યારે એ ગંભીર બની. સાચે જ શું પોતે એ સજ્જન આબરૂદાર પુરુષની આબરૂ બગાડવા બેઠી હતી? મનથી જેને પોતે સાવ તજ્યો હતો, છેલ્લો આંહીં આવ્યો ત્યારે જેને પોતે કંટાળાનાં બીડેલાં દ્વાર પાછળ લપાઈ જઈને ધકેલી દીધો હતો, તે માનવીનું હવે શું થશે?

અજવાળી બેવકૂફ હતી. યાદ કરવામાં એને થોડી મુસીબત નડી; જડતાની દીવાલો ભેદી ભેદી એણે સાત મહિના પૂર્વેની એક મધરાત માંડ માંડ યાદ કરી. એ મધરાતે જ મુકાયેલું બીજ શું આજે ફૂલરોપ બનવા, પાંદડાં પસારીને જગતનાં હવા-ઉજાસ વચ્ચે રાસ લેવા સળવળી રહ્યું હતું?

પણ હવે શું થાય? એનો તો મેં તુચ્છકાર કર્યો હતો. હવે એ કેમ માનશે કે આ બીજ એનું રોપેલું છે?

જડ બુદ્ધિ આ વિચાર-ઝાડીનાં ઝાંખરાં વચ્ચે વધુ પગલાં ન ભરી શકી. દરમિયાન તો શેઠ જુગલકિશોર મેડતિયા આવી પહોંચ્યા. અજવાળીને બીજા ખંડમાં છોડીને અધિષ્ઠાત્રી ઑફિસમાં ગઈ. થોડી વારે પાછી આવી. અજવાળીને પંપાળીને કહ્યું : "કશી ચિંતા ન કર. તારે માટે રસ્તો કાઢ્યો છે. તારો વાળ પણ વાંકો ન કરે, તને સુખમાં રાખે તેવા સાથીદારને મેં તેડાવેલ છે."

એમ કરતી કરતી એ અજવાળીને ઑફિસમાં લઈ ગઈ. અજવાળીએ પોતાની નજર સામે મારવાડીને દીઠો. થોડી વારની ચુપકીદી પછી જુગલકિશોરનાં જડબાં ફાટ્યાં : "ખુશીથી."

"બોલ અજવાળી, છે તૈયાર?" અધિષ્ઠાત્રીએ પૂછ્યું.

અજવાળીની ચુપકીદીની પળોને ભેદીને જુગલકિશોર શેઠે કહ્યું : "હું માહિતગાર છું. કોઈપણ જાતની તકલીફ વગર તમામ મુશ્કેલી પતાવી દેશું."

"એ વાતની તો હું પોતે જ મારા દાક્તરમિત્રોથી સગવડ કરાવી દઈશ." અધિષ્ઠાત્રીએ વધુ હિંમત આપી.

અજવાળી ચમકી. માતાની મૂઢતા પણ અમુક વાતની સાન અકળ ઝડપથી પકડી શકે છે. અજવાળી બોલી ઊઠી : "મને કાંઈ કહેશો નહીં, મારે નથી કરવું."

ઊઠીને એ ચાલી ગઈ. બહાર જઈને એ આંખોનાં ઝળઝળિયાં લૂછતી હતી.

અધિષ્ઠાત્રી બહાર આવ્યાં; અજવાળીને કહ્યું : "તો તારી શી મરજી છે? આંહીં નહીં રહી શકાય."

"મને જવા દો."

"ક્યાં?"

"મારી મા પાસે."

"તો જા, આંહીં નહીં."

જમા હતા તે રૂપિયામાંથી ટિકિટ કઢાવી દઈને કાઠિયાવાડની ગાડીમાં ચડાવી દેવા માટે અધિષ્ઠાત્રીએ એક માણસને સ્ટેશને મોકલ્યો. અભણ અજવાળી પોતાની ટિકિટને બચકીમાં એક સાડીને છેડે બાંધીને બે જોડ કપડાંભેર જ ગાડીમાં બેઠી. રાત વિતાવીને

વળતા દિવસ સવારે એ વીરમગામ આવી, ત્યારે ટિકિટ-ચેકરે એની ટિકિટ જોઈ પૂછ્યું : "બાઈ, તારે ક્યાં જવું છે?"

"કાંપમાં."

"ટિકિટ આંહીં સુધીની જ છે. ઊતર, ફાટક બહાર ચાલી જા."

"પણ મેં તો કાંપની ટિકિટ કઢાવી હતી."

"તકદીર તારાં!"

તકદીરની પોટલી માથે લેવરાવીને ટિકિટ-ચેકરે એને ફાટક બહાર કાઢી ત્યારે જ એને સમજ પડી કે આશ્રમના દરવાનની કાંઈક ભૂલ થઈ હશે. એ દસ-બાર આના જમી ગયો હશે એવી કલ્પના કરવાની તાકાત અજવાળીની અક્કલમાં નહોતી.

"ચાલ બાઈ, જલદી કર." ટિકિટ-ચેકર ઉતાવળો થતો હતો તેમ તેમ અજવાળી આગગાડીના ડબાની બારીને વધુ જોરથી પકડતી હતી. ડંકા બજતા હતા, બારણાં ધડાધડ બિડાતાં હતાં, એન્જિન જોડાઈ ગયું હતું. પારસલોની ધક્કાગાડીઓ દોડાદોડ કરી પ્લેટફાર્મના પથ્થરોને ચગદતી હતી.

"સાંભળતી નથી? બહેરી છો, બાઈ? પૈસા લાવ, નહીંતર ઊતરી જા."

"મારી કને પૈસા નથી. હું તમને કાંપમાં જઈને મારી મા પાસેથી લાવી આપીશ. મને બેસવા ઘો. હું ક્યાં જઈશ?"

ટિકિટ-ચેકર બાકીના ઉતારુઓ પ્રત્યે એક ફિલસૂફની અદાથી હાસ્ય કરી રહ્યો, ને ઉતારુઓ પણ અજવાળીની મૂર્ખતા પર અથવા ઢોંગાઈ પર એકબીજાના આંખમિચકારાથી મૂંગી આલોચના કરવા માંડ્યા.

"આ રેલવેને તે શું તેં તારા ગામના વેપારીની હાટડી જાણી? આંહીં ઉધારખાતાં રહેતાં હશે એમ માન્યું? ઊતર ઝટ નીચે, ને નહીંતર કાઢ પૈસા."

— એમ કહીને ટિકિટ-ચેકર એક પગ પાટિયા ઉપર મૂકીને ઊભો રહ્યો. રસીદની મેમો-બુક કાઢીને પાટિયા પર મૂકી. પેનસિલ ગજવામાંથી કાઢીને કાન પર ચડાવી. ટોપી ઉતારીને નિરાંતે પસીનો લૂછવા લાગ્યો.

"પૈસા નથી મારી આગળ."

"પ્રથમ તો બધાં જ પેસેન્જરો એમ જ કહે છે, બાઈ! પછી ધીમે ધીમે એની પાસેથી પૈસા નીકળી પડે છે, કેમ, કાકા! ખરું કહું છું ને?" ટિકિટ-ચેકરે એક પેસેન્જરને કહ્યું.

"આપ સાહેબે, હેં — હેં — ખરેખરું કહી નાખ્યું. રોજનો અનુભવ છે ના, સાહેબ!" પેસેન્જર વણિક હતો.

"ખોટું શા માટે બોલવું? કાંઈ સ્વાર્થ?" ટિકિટ-ચેકરે પોતાના જીવન-મંત્રોની ઝડી છોડી. "જેની રોટલી ખાઈએ છીએ તેનું અનાજ હક કરવું, ઈશ્વરને માથે રાખવો, ચોરી-લબાડી કરવી નહીં. હરામનાં નાણાં ગૌમેટ! પૈસા તે શી ચીજ છે, કાકા? પગનો મેલ છે મેલ! પૈસાને લાત મારું છું. ચોખ્ખેચોખ્ખું કહી દેનારો છું. કોઈની ખુશામત આ જીભ કરી શકતી નથી, એથી કરીને તો દસ વરસથી પ્રમોશન વિના પડ્યો છું ને! દિવસ ને રાત ગાડીમાં ભમું છું. પુરુષોના ને ઓરતોના ડબા ચેક કરું છું. અસૂર હોય, સવાર હોય, મોડી રાત હોય, ઘણી વાર ઓરતના ડબામાં એકાદ-બે જ પેસેન્જર હોય, પણ આપણે તો કાકા, મોટી એટલી મા, ને નાની એટલી બહેનો. લપનછપન નહીં. છપ્પન લાખ જાય ને આવે. કોના બાપની ગુજરાત? ખાતો ખાય ને ભરતો ભરે."

"હા બાપા, હા! નેકી તો બડી વાત છે, સાહેબ!... ખરું કહે છે માસ્તરસાહેબ.... કાજળની કોટડી વચ્ચે રહીને પણ કેવી નીતિ પાળી રહ્યા છે! પાળે તેનો ધરમ છે. ભાઈ! ...લાયક માણસ." એવાં એવાં બિરુદો ટિકિટ-ચેકરને અપાતાં હતાં ત્યારે પાંચ મિનિટના ડકા પડ્યા. અજવાળી આ જુવાનની વાતમાં એકરસ બનીને પોતાની ટિકિટ વિશેનો મામલો છેક વીસરી જ ગઈ હતી. રેલવેમાં કેવા ધર્માત્માઓને ટિકિટ-ચેકરો રાખવામાં આવતા હશે તેનો એ અસ્પષ્ટ વિચાર ચલાવતી હતી. આવા ભાવભર્યા દિલવાળો આ અધિકારી પોતાને કાંપ સુધી લઈ જશે તે વિશે હવે એને શંકા જ નહોતી રહી. તે જ ઘડીએ ટિકિટ-ચેકરે ટોપી માથે નાખી, ચોપડી ઉઘાડી, ખિજાઈને કહ્યું : "સાંભળી શું રહી છો, જંગલી! કાઢ પૈસા, ગાડી ઊપડે છે."

"ભાઈ, આ મારાં કડલાં રાખીને..."

"પછી હું ચોર-બજારમાં વેચવા જાઉં, એમ ને? ઊતર હેઠી!"

એટલું કહીને અજવાળીને બાવડે ઝાલી એણે પ્લેટફૉર્મ પર ઉતારી. ગાડી અજવાળીને છોડીને આગળ વધી.

ઉતારુઓએ માંહોમાંહે વાતો માંડી : "સાધુ-સંત ને બાવા-ફકીર હોય તો કાંઈ કોઈ ના પાડે છે? પણ આ તો મારાં સાળાં માંઈથી માલદાર હોય તે લોકો જ રેલવેને છેતરવા નીકળ્યાં છે!"

"આ ખેડુલોકો ને મજૂરલોકો ભારી 'પેક' હોય છે. ચીથરાં પહેરીને નીકળશે, પણ એના ચોરણાના નેફામાં તપાસી તો જુઓ! છેક નેફામાં રૂપિયા ચડાવ્યા હોય છે. આ બાઈમાણસો પણ કમ્મરે રૂપિયા ચડાવે. એને કોણ તપાસી શકે? જેટલાં ગરીબ તેટલાં ગોલાં, હો ભૈ!"

સ્ટેશનના પ્લેટફૉર્મની બહાર નીકળેલી અજવાળી થોડી વાર તો સૂનકાર હૃદયે ઊભી થઈ રહી. એકાદ માઈલના વિસ્તારમાં પથારો કરીને પડેલી આગગાડીઓએ એને આંધળી બનાવી મૂકી.

"અરે, મારી બાઈ!" એક મજૂરણ સ્ત્રીએ એને કહ્યું, "તું કે'છે કે, હું ખેડૂતની છોકરી છું; ત્યારે પછી રોવા શીદ બેઠી છો? ગાડી તો ચકરાવો ખાઈને જાય છે એટલે પચીસ ગાઉનો પંથ છે. પણ સીધા ગાડામાર્ગે કાંપ આ રહ્યું, પંદર જ ગાઉ માથે. દીવા ટાણે ઘરભેગી થઈ જઈશ — માંડને હાલવા! ઓ જાય ગાડા-મારગ."

"રસ્તે કાંઈ ભો નહીં હોયને?" અજવાળીએ પૂછ્યું.

"અત્યારે ભો કેવો? આ તો શ્રાવણ મહિનો છે. સીમમાં તો આજ મનખ્યો ઊમટ્યો હશે. માંડને હાલવા! ખેડૂતની છોકરી થઈને હારી શું જાછ?"

અજવાળીને આ શબ્દોથી શાતા વળી; શૂરાતન પણ ચડ્યું. સાત મહિનાનો મુંબઈનો વાસ વટાવી જઈને એનો દેહ ખડતલ ખેડુ-જીવનના ગરમ લોહીનો સંચાર અનુભવવા લાગ્યો. સાત મહિનાથી જાણે પગ અકડાઈ ગયા હતા. આખી રાત જેમ પોતે શરીર સંકોડીને ગાડીમાં બેઠી હતી તેમ જ જાણે કે છેલ્લા છ મહિનાનું જીવન જકડાઈને મુંબઈના એક મકાનમાં કેદ પુરાયું હતું. પગરસ્તે ચાલવા માંડી. શ્રાવણના ધૂપછાંયા એની વાટમાં અને પાસેની ટેકરીઓ પર, જાણે કે સાતતાળી દા રમતા એકબીજાની પછવાડે દોડતા હતા. ખેતરોના ઝૂલતા લીલા મોલ પર નાસભાગ કરતા સોનેરી તડકા ને વાદળિયા છાંયા રંગોની રમતો રમતા હતા. રંગોના ગોફ ગૂંથાતા હતા ને પાછા ઉખેળાતા હતા. એ ક્ષિતિજ

સુધીના મેદાન પર ધૂમાધૂમ કરી રહેલાં કુદરતનાં સત્ત્વોની પાછળ દોટ કાઢવાનું અજવાળીને પણ દિલ થતું હતું. એણે અનાયાસે અંતરપ્રેરિત દોટ કાઢી પણ ખરી, પરંતુ એના ડૂંટામાં ને પેડુમાં દુખાવો થવા લાગ્યો.

એકાદ ગાઉ ચાલ્યા પછી એને વધુ કષ્ટ કળાવા લાગ્યું. પ્રથમ તો એ ભય પામી. આ પેટમાં જીવ છે તેનું શું થશે? એનો સળવળાટ કેમ બંધ પડતો જણાય છે? એને નુકસાન થશે તો?

તો શું ખોટું છે? મૂએલું બાળક આવશે તો મારો છુટકારો થઈ જશે. જીવતા જીવને લઈ હું કયા જગતમાં રહી શકીશ? મા શું કહેશે? બાપ શાનો ચૂપ રહેશે? મા પોતે જ જીવતા જીવને ટૂંપી નાખવા કહેશે તો? તે કરતાં તો એ જગત પર ઊતર્યા પહેલાં જ મરી જાય એ વધુ સારું. એ જીવતું હશે તો પછી મારો જીવ નહીં ચાલે. એના હાથપગ ઊછળતા જોયા પછી, એની 'ઊંઆં-ઊંઆં' વાણી સાંભળ્યા પછી, એની આંખોના તારલા જોયા પછી મારું હૈયું ભાંગી પડશે. માટે આ ઠીક લાગ મળ્યો છે. ટિકિટ-માસ્તરનો ઉપકાર થયો છે. ચાલવા જ માંડું. ...ઊપડતે પગલે, જોશીલે પગલે, ઊંચીનીચી ટેકરીઓ ઉપર, નદી, નાળાં ને વોંકળા વટાવતી, ખેતરોનાં કાદવઢેફાં ખૂંદતી, સાથળ સુધીના પાણીને પાર કરતી, શ્રાવણનાં સરવડિયાંમાં શરીર છંટકાવતી, લદબદ કપડે, માથાબોળ શરીરે શરદીમાં ધ્રૂજતી એ ચાલી ગઈ. સાત મહિનાનો પૂરો ગર્ભ ઉપાડીને અજવાળીનું આવી રીતનું ચાલવું જોખમભર્યું હતું. પોતાને જાણ નહોતી, પણ શરીર એની જાણે જ પુકાર કરવા લાગ્યું. ગતિ ધીરી ને વધુ ધીરી પડતી ગઈ. રૂંવાડાં ખડાં થઈ ગયાં. સાંજ પડ્યે ગામડું આવ્યું. પાદરમાં હોટલ હતી. હોટલને ચૂલે તાપણું દીઠું. દેવદારના ખોખા પર ફળફળતા ચાના પ્યાલા જોયા.

તાપણે જરીક બેસીને તાપી લેવા, ને ગરમ ચાનો એકાદ પ્યાલો પેટમાં નાખવા દિલ તલસી ઊઠ્યું. ઠંડીમાં દાંત ડાકલી બજાવતા હતા, પણ પાસે પૈસા નહોતા. ભાગેડુ ઓરતને ટપારનારા પોલીસનો ભય હતો. ભીખ માગીને થોડી વાર ચૂલા પાસે બેસી લેવાની ઇચ્છા થઈ, પણ આગગાડીની અંદર ટિકિટ-ચેકરે કરેલું અપમાન એને યાદ આવ્યું. એ આગળ ને આગળ ચાલી. સાંજ ઝપાટાભેર નમતી હતી. ગામડાનાં ખેડુ-ઘરોમાંથી રાંધણાના ધુમાડા નીકળતા હતા. એકાદ ઘરમાંથી કોઈક મને બોલાવીને આશરો આપે તો ઝટ અંદર જઈને એક ખૂણામાં ઊંઘી જાઉં : અરે, કોઈક તો મને ઊંઘવાની જગ્યા આપો! આ મારાં પોપચાં ઢળી પડે છે.

## ૨૫. મા પાસે

**થો**ડી વેળા પછી દિવસનાં પોપચાં પણ ઢળી પડ્યાં. અને હિંમત તેમ જ કૌવત હારી છેક ઢગલો થઈ પડવાની તૈયારીની ક્ષણે જ અજવાળીએ અંધારે એક બાળમેંઢાના બેંકારા સાંભળ્યા. કાળા અંધકાર વચ્ચે આમતેમ લથડિયાં ખાતું મેંઢું ખેતરની કાળી માટીમાં ઊગેલા ડોલરના ફૂલ જેવું લાગ્યું. ફૂલને ઉપાડે તેમ અજવાળીએ મેંઢાને ઉપાડ્યું. બાલસ્પર્શ એને મીઠો લાગ્યો. એ મીઠાશ એકલી ઊનની હૂંફની નહોતી; એ મીઠાશમાં અનિર્વાચ્ય એક તત્ત્વ હતું — એ મીઠાશ માતૃત્વની હતી. થોડેક છેટે ગઈ ત્યાં એણે સામેથી બેંકારા સાંભળ્યા. એ અવાજ બાળ-ઘેટાની માતાનો હતો. સામસામા સાદ મા ને બાળક પાડવા

લાગ્યાં. મેંઢું અજવાળીની છાતીએથી ઊતરવા જિકર કરવા લાગ્યું. એક વાડો આવ્યો. કાંટાની એ વાડ્ય હતી. એક તરફ ઝાંપો હતો. ઝાંપાની ઉપર થઈને અજવાળીએ મેંઢાને અંદર ઊભેલી મા પાસે મૂક્યું ત્યારે એના દેહમાં વેદના વધી પડી. પણ બાળમેંઢાના મોંમાંથી કશાક બચકારા બોલ્યા. એ અવાજ ધાવવાનો હતો. ગજી થતી અજવાળી આગળ ચાલી.

એક રીતે સૂર્ય આથમી ગયો તે સારું થયું. પોતાના દેહની દશા વટેમાર્ગુઓની દૃષ્ટિએ ન પડવા દેવાની અજવાળીની ઇચ્છા હતી. કાંપમાં દાખલ થાય ત્યારે તો એને અંધારું જ જોતું હતું; દુનિયાથી લપાઈને એક વાર માની ગોદમાં ભરાઈ બેસવા એ તલસી ઊઠી. રાતના નવ-દસ વાગ્યે જ્યારે કાંપ આવ્યું ત્યારે વરસાદ વધી ગયો. ફાનસોના કાચ અજવાળાને ગૂંગળાવી રહ્યા હતા. અમસ્તું તો રોજ અધરાતના પહોર સુધી જાગતું રહેતું કાંપનું ખેડુ-પરું તે રાત્રિએ વરસાદને કારણે સૂનકાર બની ગયું હતું. અજવાળી એ રાત્રિએ સાત મહિનાના દૂરવાસને લીધે એકદમ પોતાનું ખોરડું ન ખોળી શકી. એ ખોળ આખરે એક વાછરડીના ભાંભરડાએ કરાવી આપી. સાત મહિના પહેલાં પોતે જેને ઉછેરતી હતી તે વાછરડીનો સાદ એણે પારખી કાઢ્યો. હળવે હાથે ખડકીનો આગળો ઊંચો કરીને એણે કમાડ ઉઘાડ્યું. અંદર પેસીને પાછો એણે આગળો ધીમેથી બંધ કર્યો. બાપના કાળસ્વરૂપની ફાળ ખાતી એ ઘડીભર થંભી રહી. કાન માંડ્યા, કોલાહલ કે બોલાચાલ કાને ન પડ્યાં. ઓશરીની કોર પર ચડી. ઓરડામાં દીવો નહોતો, પણ ચૂલામાં તાપણું હતું. તાપણાનો પ્રકાશ ઓરડાને જાણે કે ઘૂમરીઓ ખવરાવતો હતો. અજવાળીએ અંદર ડોકાઈને જોયું : મા બેઠી બેઠી રોટલા ઘડતી હતી. માની આંખે ઓળો પડ્યો. માએ ઊંચું જોયું. માના હાથમાં રોટલો ટિપાતો ટિપાતો થંભી રહ્યો. ઊભી થઈ ગઈ. એણે બારણામાં દીકરીને દીઠી — જાણે ભૂત દીઠું. પણ માનસિક સંતાપોના આઘાતો ખાઈ ખાઈને મરણિયું બનેલું માનું દિલ હેબતાઈ ન ઊઠ્યું. એ પાસે ગઈ : “કોણ, મારી અંજુ ?”

એનો કશો જ પ્રત્યુત્તર આપ્યા વગર અજવાળી માને બાઝી પડી. “મા ! માડી ! માડી !” એટલું જ એનાથી બોલી શકાયું.

માને ખાતરી થઈ કે અંજુનું ભૂત નથી, અંજુ પોતે જ છે. અજવાળી આખે અંગે લદબદ હતી. એના દેહને જાણે કોઈએ બરફના ઢગલામાંથી કાઢ્યો હોય એટલી ટાઢીબોળ સ્થિતિ હતી.

“લૂગડાં બદલ ઝટ, બેટા !” કહેતી મા વળગણી પર દોડી ને સાત મહિનાથી ગડી કરીને મૂકી રાખેલો ચણિયો તેમ જ સાડલો ઉતાર્યાં; કપડાં બદલાવતે બદલાવતે માએ પૂછ્યું : “તું ક્યાં હતી, બેટા ? તારે કારણે તો મારા માથે હીંદવે હલાં થઈ રહી'તી. સૌ ખિખિયાટા જ કરે, ને કોઈ મારી વાત માને નહીં ! મને તો મૂઈને સૌ વેવલી જ કહે. મને કહે કે ગાલાવેલી થા મા, ગાલાવેલી ! તારી અંજુડી તો કાંકને લઈને ભાગી ગઈ છે. હું ઘણુંય કહું કે મારી અંજુડી તો સુખમાં પડી છે; જોવો, આ મારી અંજુડીના વરનો એક કાગળ, આ બીજો કાગળ ! જોવો, કેવું કેવું લખે છે...”

કાગળની વાત મા કરતી હતી ત્યારે અજવાળી ચમકતી હતી. એનું મોં વિસ્મયથી ફાટ્યું રહ્યું હતું. ને મા તો જાણે કે મનની વાત સમાવી ન શકતી હોય તેમ બોલતી જ રહી :

“પણ છેલ્લો તારો કાગળ ત્રણ મહિના મોર્ય મળ્યો, તી પછે હું હનરોજ ટપાલીને

પૂછું, મારી અંજુડીનો કાગળ છે? પીટ્યા શીદને મારી છોડીનો કાગળ સંતાડી રાખછ? મારી છોકરી સુખમાં પડી છે ઈ રોયા, તારાથી જોયું જાતું નથી! કાગળ દે! કાગળ દે! પણ પે'લા બે કાગળ તારા આવ્યા ઈ આવ્યા, પછી નહીં કાગળ કે નહીં પતર. ન મળે તારા કાગળમાં કાંઈ ઠરઠેકાણું. હું તો ઘણુંય તારા કાગળ વાંચવા સારુ ને તને જવાબ લખવા સારુ અક્ષર શીખતી'તી. ડિપોટીસા'બની દીકરી કેવી દિયાળુ! મને ગલઢી ઠઠનેય ભણાવતી'તી! પણ પછી તો તારો કાગળ જ ન મળેને! કેમ છે માડી? જમાઈ સારો છે ને? કેમ એકલી આવી? કજિયો તો નથી થ્યો ને?"

"મા!" અજવાળી ટગર ટગર જોઈ જ રહી, "કાગળ શેના? જમાઈ ક્યાંનો? તું આ શી વાત કરછ?"

મા સ્તબ્ધ બની ગઈ. દીકરીએ નીચું જોયું. ચૂલામાં તાપનો પ્રકાશ વધ્યો ને માએ અજવાળીના દેહનું બારીક દર્શન કર્યું.

## ૨૬. કોનું ઘર?

"**તું**— તારા વર પાસે નો'તી?"

ફાળભરી મા જ્યારે આ પૂછતી હતી ત્યારે એના કાનની ફાટેલી બંને બૂટો, આકોટા વગરની અડવી લબડતી હતી.

"માડી — વર નૈ — હું મુંબીમાં હતી."

બોલતે બોલતે અજવાળીએ નવે સાડલે પોતાનાં બેઉ ડેબાં ઢાંકી લીધાં, પણ એ ઢાંકી લે તે પૂર્વે તો માએ ભરેલાં ડેબાં નિહાળી લીધાં. ધૂંધવાતા ચૂલામાં એકાએક ભડકો થયો તેને અજવાળે દીકરીના મોં પરની થેથર અને કાળા પડેલા હોઠ પારખ્યા.

"અભાગણી! મારા જેવી જ તારી દશા થઈ છે ને શું? અરે ઠાકર ! અરે રામ! લોકો વાતું કરતાં'તાં તે સાચી પડી ને શું?"

માનો કોમળ હાથ અજવાળીના ખભા પર હતો, તે એકાએક ચમકી ઊઠ્યો. બહારની ખડકી ઊઘડતી હતી, ને ખડકી બહાર રસ્તા પર ગરમાગરમ શબ્દોની ટપાટપી બોલી રહી હતી : એક અવાજ પોતાના ધણીનો હતો. બીજો અવાજ પાડોશણ કડવી કુંભારણનો હતો. ધણી કહેતો હતો : "જો રાંડ ખાળે ડૂચા દઈને મારા ઘરનું પાણી રોકે છે, ખાળે ડૂચા દેછ તે કરતાં મોંએ ડૂચા દેને!"

"ડૂચા તો તારે ઘરે દે, તારે ઘરે," કડવી ડણકતી હતી, "ને તારા ઘરની ખાળું ઠેકાણે રાખતો જા. તારી છોકરીની વાતું મલકમાં થાય છે એની આડે જા ડૂચા દબાવવા."

"બેસ બેસ હવે, નવરી! મારે વળી છોકરીબોકરી કેવી! જેની હોય તેને કે'વા જા!"

"હં-અં-ને! છોકરી સોતી બાયડી કબૂલીને તો રૂપિયાની પોટલી બાંધી'તી : આજ બોલે છે, મારે છોકરી કેવી! બાયડી મલકને ઊંઠાં ભણાવવા નીકળી છે કે મારે તો કાંઈ જમાઈ મળ્યો છે! કાંઈ છોકરીને રાખે છે! જમા...ઈ! મુંબી-અમદાવાદના પાતરવાડામાં કોણ જાણે કેટલાય જમાઈ કરતી તારી અંજુડી બેઠી હશે!"

એવા શબ્દગોળાની સામે ખડકીનાં કમાડ ધડાક ધડાક અવાજે બંધ કરીને અંજુનો

ઓરમાયો બાપ અંદર આવ્યો. ચૂલા પાસે ઓરત બેઠી હતી, તેની સામે લાંબા હાથ કરીને તડાપીટ આદરી : "હવે કોઈ વાતે મારી બદનામી બંધ કરાવવી છે? તારી છોકરી — તારો ઈ સાંઢડો — ઈ ક્યાં છે, કહે તો ખરી! તારો જમાઈ કેમ હજી ક્યાંય જડતો નથી? તારા પેટનાં પાપ મારે કપાળે કેમ જડી રહી છો? મારે મલકનું સાંભળવું તે હવે કેટલુંક ?"

"ધીરા પડો, પણ તમે ધીરા તો પડો!" ચૂલે બેઠેલી બાઈ રોટલો ઘડતી ઘડતી હાથ જોડીને બોલી.

એક સળવળાટ થયો. બાપે પછવાડે જોયું. ખૂણામાં અંજુ લપાઈને બેઠી છે. એની આંખોમાં ભય છે, રોષ છે, કાકલૂદી છે.

"ઓહોને ભૈ!" બાપે પાઘડીમાંથી બીડી ખેંચતે ખેંચતે કહ્યું, "આવી ગિયાં છો ને શું? ક્યારે મારું આંગણું પાવન કર્યું? કિયા મોટા કુળની વ'વારુ આ કંકુનાં પગલાં વેરીને મારાં પાતક ધોવે છે? પૂછવાની રજા છે ને, રાયજાદી ?"

અજવાળીએ થોડી વાર બાપની સામે જોયું ને થોડી વાર ધરતી સામે.

"આહા ને!" વળગણી પર અજવાળીની બે શહેરી સાડી સુકાતી હતી તે જોતાં જ બાપે બીજો અહોભાવ ઉચ્ચાર્યો, "આ તો કોઈ મોટા ખોરડાની કુળવંતી ઊતરી આવી છે ને શું? વાહ ઓઢણાં વાહ! પેટી ને પટારા તો હજી વાંહે હાલ્યા આવતાં હશે, ખરું ને ?"

અજવાળી ભીંતના ખૂણામાં શક્ય હતું તેટલું સંકોડાઈ ગઈ.

માએ ધણીને કહ્યું : "તમે મૂંઝવો છો શીદને? છોડી વીશ ગાઉનો પલ્લો કરીને આવી છે — થાકી ગઈ છે."

"પલ્લો કરીને? શા સાટુ, ભા? અડીખમ સાસરું મળ્યું છે ને વે'લડી ન જોડાવી? વઢિયારા બળદની જોડ્ય જોતરીને જમાઈરાજ મૂકવાય ન આવ્યા? અમારા ગરીબ ઘરથી શરમાય છે, કે શું છે, તે આટલે મહિનેય મોઢું દેખાડતા નથી ?"

"પટલ, અરે પટલ," મા રગરગવા લાગી, "તમે થોડી ઘડી તો છોકરીને શ્વાસ હેઠો મેલવા દો. તમે કાંઈ સમજતા નથી. છોકરી મંબીથી આવે છે. એની કાયાની કેવી દશા છે! સાનમાં સમજોને, પટલ! એને દલાસાની જરૂર છે."

"હં-હં, તયેં એમ ચોખું કહી નાખોને! બે'નબા મંબી હતાં એટલે તો સમજાણું કે એકલાં એકલાં જ પાછાં નથી આવ્યાં. ત્યારે તો કોઠીનું કાણું જરા મોટું કરવું જોશે. ખેતર જરા વધુ ખેડવું જોશે. ભાણાનું પેટ ભરવા સારુ મારે મારાં કાંડાં નિચોવી નાખવાં પડશે. હે-હે-હે-હે, વધામણી! મોટી વધામણી!"

એમ બોલીને એણે બીડી ફૂંકવા માંડી. અજવાળીના મન પર પિતાની મશ્કરીનું કરવત ફરી રહ્યું. અજવાળીને એની માએ કહ્યું : "જા બેટા, નીરણની ઓરડીમાં જઈને બેસ."

"ક્યાં જઈને?" કુંભારે મોંમાંથી બીડી કાઢી લઈને ત્રાડ મારી. "ખડકીની બા'ર જઈને બેસ, બા'ર. આંહીં મારા ખોરડામાં એના ભવાડા નહીં સંઘરાય."

"અરે, અરે, જરી સમતા —"

"બેસ, બેસ, સમતાવાળી!" એમ કહેતો પુરુષ અજવાળી તરફ વળ્યો : "ઊઠ છોકરી, ખડકીમાંથી બા'ર નીકળ, આંહીં તારાં કરતૂકને સંઘરવા મારું ખોરડું ખાલી નથી."

"ઊઠીશ મા, બચા, બેઠીરે' તું તારે." માએ રોટલો ઉખેડતાં ઉખેડતાં કહ્યું.

"નહીં ઊઠે ને જાશે ક્યાં ? મારું ખોરડું —" એમ કહેતો પુરુષ જેવો અજવાળીનો હાથ પકડવા ગયો, તેવી જ મા ચૂલેથી હાથમાં તાવેથો હતો તે હેઠો મૂકીને ઊભી થઈ. આવીને એ દીકરીની અને ધણીની વચ્ચે ઊભી થઈ. એની આંખોમાંથી રગરગાટ અને કાકલૂદી ચાલ્યાં ગયાં હતાં. ચૂલામાં ઝગતો હતો તેવો જ અગ્નિ એનાં નેત્રોમાં પ્રજ્વળી ઊઠ્યો. એણે પૂછ્યું : "કાઢી મૂકવી છે ? ઘરમાંથી ? કોનું ઘર ? મારા બાપનું. એક કરતાં એક પણ જણશ છે તારી આ ઘરમાં ?"

"તમામ મારી છે."

"કોણે કહ્યું ?"

"કાયદે."

"ચૂલામાં નાખ તારા કાયદાને. મારા બાપે જનમારો આખો તૂટી મરીને સાચવેલું આ ઘર, એમાં તને કોણે આવવા દીધો ?"

"તારે બાપે જ તારી ને એની બેઆબરૂ ઢાંકવા મને રાખ્યો. કાંઈ દાન નો'તું કર્યું મને, ડોકરી !"

"જાણું છું. હું ફસાઈ ગઈ'તી. મારી છોકરીની જે દશા આજ છે તે જ મારી હતી. બાપ મરતો'તો, બાપનો કોઈ બીજો ઉપાય નો'તો. પણ તેં શું ભલાઈ કરી'તી તે દી ? તારે તો નકટાને નાક નો'તું ને તારે તો બાયડી ભેળા પૈસા જોતા'તા. મારે મરતે બાપે ઓસીકા હેઠથી કોથળી કાઢીને એનાં લોહી નિચોવીને કામેલા રોકડા ત્રણસો તને કાઢી દીધા. તયેં તો તું મારો ધણી બનવા કબૂલ થયો. મરતા બાપને તેં નો'તું કહ્યું, કુંભાર ? — નો'તો કોલ દીધો ? — કે તમારી દીકરી ને એના પેટના પોટાને હું મરીશ ત્યાં લગી પાળીશ ? નો'તું કહ્યું, હેં રૂપિયાના સગા ? ને આજ હવે મારી દીકરીને તું કાઢી મેલીશ ઘરબા'ર ? કાઢ તો જોઉં ? હમણાં મારાં આંતરડાં તારે ગળે નહીં પે'રાવી દઉં ?"

"રાખી મૂકજે, સંઘરી મૂકજે તારી દીકરીને." એમ કહેતો કુંભાર ઘર બહાર ચાલ્યો. પગરખાં પહેરતો બબડતો ગયો : "મલક જાણશે, અધરાત મોર્ય, કે છોકરી કમાણી કરીને ઘેર આવી છે... હરામના હમેલ લઈને આવી છે : હમણાં જ ફુલેસને જાણ થઈ જાશે, કે મા-દીકરીએ હમેલ પાડી નાખવાનો ત્રાગડો રચ્યો છે. હમણાં જ તેડું આવશે ડિપોટીસા'બ શિવરાજસંગજીનું."

"ને કહી આવજે," માએ કળકળતે સ્વરે એને બૂમ પાડી, "કે ભેળી મારી ઠાઠડી પણ બાંધીને લેતા આવે. હું બેઠે મારી અંજુડીને કોઈ નહીં લઈ જઈ શકે."

ખડકી બંધ થઈ, ને અજવાળીએ કહ્યું : "મા, લે હું વહી જઉં."

## ૨૭. બાળક રડ્યું

**"મા,"** અજવાળીએ કહ્યું ત્યારે એના મોં પર અંધારાં જંગલો છવાયાં, "લે હું જ ચાલી જાઉં. ફોગટનો ઘરમાં કળો (કલહ) ગરશે."

"ના રે માડી, નથી જાવું. ઘર એના બાપનું નથી, મારા બાપનું છે. કાયદાનો ડર દેખાડનાર કોણ છે ? પેટની દીકરીને ઘરમાંથી કઢાવી મૂકે એવો વળી કિયો કાયદો છે ? સળગાવી મૂકને એના કાયદા ! મા-દીકરીના સંબંધ કરતાં કાયદો વધુ બળૂકો ? હાલ બેટા,

હાલ ખડની ઓરડીમાં."

અરધા ભાગમાં ઘાસ, અને અરધો ભાગ ખાલી : ખડકીની ડાબી બાજુએ ઓરડો હતો. ત્યાં ખાલી ભાગમાં માએ પુત્રીને ખાટલો પાથરી ઉપર બે ગાભા ગોદડાંના પાથરી દીધા. ગોદડાં નીચે જૂનું લીલવણી ચરાઉ ઘાસ નાખીને બિછાનું પોચું પોલદાર અને ઊંચું બનાવ્યું. બનાવતાં બનાવતાં માના મોંમાંથી કોઈ કોઈ વાર બબડાટ નીકળતો હતો : "કાયદો! માના હૈયાથીયે ઉપરવટ જાનારો કાયદો ક્યાંય થતો હશે? લે બાપ, સૂઈ જા! હું તારી પાસે બેસું?"

"ના મા, તું જાતી રે', મને સૂવા દે. મારે નીંદર કરવી છે."

એટલું કહેતી કહેતી અજવાળી ખાટલાની ઈસને જોર કરીને બાઝી રહી — માએ જોયું ને પૂછ્યું : "દાગતરને બોલાવી લાવું, હેં ગગી?"

"ના, મા, મટી જશે. તું જા."

"ઠીક માડી. બારણું અમથું જ દઈ વાળું છું હો! તારો બાપ પાછો ફરશે ને, તયેં મારી જરૂર હોય તો એને કહીને મને બોલાવજે હો, બીશ મા... ઈ બાપડા જીવને પેટમાં કાંઈ પાપ થોડું છે?"

"તું — તું ઊઠીને આમ બોલી રહી છો, માડી? — આનું સારું બોલી શકછ તું, મા? આ રાખસનું!"

"બોલીશ મા બેટા, આપણી તો અસ્ત્રીની જાત. અસ્ત્રીનું હૈયું જ એવું ઘડ્યું છે ને, બાઈ! અભાગિયો જીવ કઠણ થઈ થઈને તે કેટલોક થાય? મનમાં કાંઈ ન આણવું બાઈ!"

આટલું બોલીને મા ગઈ. એના ગયા સુધી મહામહેનતે દબાવી રાખેલી વેણ્ય અજવાળીના કાબૂમાંથી છૂટીને એની કમર પર ચડી બેઠી. એણે ઊઠીને ખાટલાના પાયા પકડી લીધા. કોઈ આત્મસ્ફુરિત સાનથી એણે જોશ કરવા માંડ્યું.

એણે જોરથી દાંત પીસી લીધા. એના હોઠ દબાઈ ગયા. અને થોડી વાર પછી એને જ્યારે ભાન થયું ત્યારે એના હાથમાં કશોક સુંવાળો સુંવાળો સ્પર્શ ગલીપચી મચાવતો હતો. એણે અંધારે અંધારે હાથ પસવાર્યો.

રાત્રિનો વરસાદ રહી ગયો હતો છતાં, બંધ પડેલા તંબૂરાના બાકી રહેલા ઝણકારા જેવાં નેવલાં ટપાક ટપાક ચૂતાં હતાં. ચૂતાં નેવાંનું હરએક ટીપું પાણીના ખાબોચિયામાં, નાના બાળકના બોલ જેવું, પડતું હતું. ભરવાડોની ઝોકમાં તાજાં વિયાયેલાં મેંઢાં દયામણી બૂમો પાડતાં હતાં. તાજા મેઘે ઝબકોળાયેલી ધરતી દેશાવરેથી વળેલા પિયુના દેહસ્પર્શે જાણે કે પ્રથમ વારની દેહ-ફોરમ ફોરાવતી હતી. અંધારાની અંદર એ સ્વરો તેમ જ એ સુગંધ જાણે કે આકાર ધારણ કરીને નજરોનજર દેખાતાં હતાં.

એવી સૃષ્ટિ વચ્ચે અંજુના હાથમાં પૂરા બાળકનો સ્પર્શ જડ્યો. અજવાળીના હાથને આંખો ફૂટી. પોતાની ને બાળકની વચ્ચે એણે એક રસી બંધાયેલી દીઠી. એ હતું નાળ. કુદરતી કોઈ સંજ્ઞા થઈ. અજવાળીએ દાંતથી પકડીને નાળ કાપી નાખ્યું. બાળકને એ બચીઓ ભરવા લાગી. બાળકે પહેલી ચીસ પાડી. અજવાળીના કાને અણસુણ્યું સંગીત સુણ્યું. એણે બાળકને પોતાના સ્તને લગાવી લીધું.

પછી એ ધાવતા બાળકના માથા પર અને દેહ પર માનો હાથ ફર્યો.

ખડકીનું બારણું ખખડ્યું. ઊઘડેલું બારણું પાછું ધબાધબ અવાજે બિડાયું. પરસાળ પર ઓખાઈ જોડાના ને કડિયાળી ડાંગના ધબકારા બોલ્યા. અને એ જ વખતે બાળક રડ્યું.

બાળકના રડતા મોં પર અજવાળીનો હાથ આપોઆપ ચંપાયો. થોડી વાર! થોડી જ વાર! મારો બાપ આવે છે. આ બારણા પાસે થઈને નીકળ્યો. આ એના જોડા ચૂપ થયા. મારા બારણા સામે થંભ્યો જણાય છે. કાન માંડીને બાતમી લેતો જણાય છે. થોડી વાર : ઘડીભર ચૂપ-ચૂપ-ચૂપ-ચૂપ : હાથ વધુ ને વધુ ચંપાતો ગયો. બાળકનું મો ચૂપ રહી ગયું. એક ચીંકાર પણ ન નીકળ્યો. બાપનાં રાઠોડી પગરખાં ફરી વાર ઊપડ્યાં. ડાંગના ધબકારા ફરી એક વાર ચાલુ થયા. અજવાળીએ કેટલો આનંદ અનુભવ્યો! થોડી વાર : હવે તો જરીક જ વાર : બાપ અંદરના ઓરડામાં પહોંચી ગયો છે. ડાહ્યુંડમરું બનીને બાળક ચૂપ રહ્યું છે. હવે બોલો! બોલો બાળા! હવે તો એ શત્રુના કાન સાંભળી શકશે નહીં, ફરી વાર વરસાદ ચાલુ થયો છે. બાળકના રુદનમાં ભરેલું સંગીત સાંભળવા મા આતુર બની છે. એણે પોતાનો હાથ બાળકના મોં પરથી ઉઠાવી લીધો. બાળક રડ્યું નહીં. એણે બાળકને હલાવ્યું, હડબડાવ્યું. બાળકના શરીરે જરાય હુંકારો આપ્યો નહીં. એણે પોતાનો હાથ બાળકના શ્વાસોચ્છ્વાસની હવા પરખવા માટે ઊંધો ધર્યો. શ્વાસ ત્યાંથી નીકળ્યો નહીં. બાળકનું નાનું શરીર ટાઢુંબોળ પડી ગયું હતું.

એક જ ઘડીના હાહાકાર પછી બાળકની માના મનમાં આનંદનો ઉછાળો આવ્યો. સારું થયું. પ્રભાતે આ કલંક લઈને હું ક્યાં જાત? ઊગરી ગઈ. હવે આને ઠેકાણે પાડી દઉં.

એક વાર, બે વાર, ક્ષણવાર અજવાળીએ ખાટલેથી ઊઠવા કોશિશ કરી, પટકાઈ પટકાઈને પાછી પડી. શરીરમાંથી રક્ત ગયું હતું. ઠંડો પવન વાતો હતો. તાકાત હારેલીને પથારીમાં જ પડ્યા રહેવું નિર્માયું.

ઘડી વાર પર બોલતા ને હાથપગ હલાવતા બાળકને એણે લોચાની પેઠે પકડ્યું. પોતાની પથારી હેઠળ ઘાસના પોલમાં ઘાલી દીધું. બાળકના શબ પર એને થોડી વાર ઊંઘ આવી ગઈ. એની આંખો ઊઘડી ત્યારે પરોઢ પડ્યું.

શેરીએ શેરીએથી વાવણિયાં ચાલ્યાં જતાં હોવાના અવાજો ઊઠતા હતા. માળે માળેથી પંખીડાં ઊડતાં હતાં. પ્રભાતના એકાદ-બે પૂળા નીરણ માટે ગાય ફરડકારા બોલાવીને ઉઘરાણી કરી રહી હતી. ગાયને નીરણ કરવા ઉઠેલી મા અજવાળીને ઓરડે ગઈ; પૂછ્યું : "કેમ છે, બચા?"

"હવે ઠીક થઈ ગયું મા, હવે જરીકે પીડા થતી નથી. ઈ તો મને પેચુટીનો દુખાવો હશે — બાકી કાંઈ નો'તું."

પોતે પ્રસૂતિની અવસ્થાને છુપાવી રાખવા જોર કરીને ખાટલામાં બેઠી થઈ. માએ એના બરડામાં હાથ મૂક્યો. એ હાથ ફરતો હતો ત્યારે અજવાળીને પણ યાદ આવતું હતું કે હજુ થોડી જ વાર પર પોતેય આવા સ્પર્શનું સુખ લીધું હતું.

"લે બેટા," માએ કહ્યું, "થોડી વાર ઊઠ, ઊભી થા, તો હું તારો ખાટલો ખંખેરી દઉં. લે ખડ સરખું કરી દઉં."

"ના, મા, આમ જ ઠીક છે. મને નીંદર આવે છે. સૂવા દે. તું તારે જા, તારું કામ કર."

ભયભીત અજવાળીએ માને માંડ માંડ કરીને વળાવી દીધી ને પછી પોતે વિચારમાં પડી. આખો દિવસ તો અહીં સૂતે સૂતે જ ખેંચી નાખવો પડશે. વળતી રાત આવવા દે. ત્યાં સુધીમાં વિસામો પણ જડી રહેશે. રાતે હું આને ઠેકાણાસર કરી નાખીશ. ને પછી હું છૂટી! છૂટી! છૂટી! પછી પાછી હું મુંબઈ ચાલી જઈશ... ના, પછી તો હું માની જોડે

રહીશ. ના, ના, શિવરાજસા'બ ક્યાંક મને ભાળી જશે તો શરમિંદા બનશે. કોને ખબર, મને ક્યાંક કઢાવી મૂકશે. માટે અહીં નથી રહેવું. મુંબઈ ચાલી જઈશ ને ત્યાં પરણી લઈશ. પછી મારે માથે કશુંય કલંક નહીં હોય ખરું ને, એટલે મને પરણવાવાળો તો કોઈક સારો જુવાનડો જ મળી જશે. મજા થઈ. બસ, હવે દિવસ પૂરો થાય એટલી જ વાર છે. ઊઠવું જ નથી, ઊંઘવાનો જ ડોળ કરી છાનીમાની પડી રહીશ.

આખો દિવસ પડોશમાં ચણભણાટો થતા રહ્યા : ઓલી સાંઢડી પાછી આવી લાગે છે : ક્યાંથી ફાટી નીકળી? કોણ મેલી ગયું? ઘરમાં કેમ ગરી રહી છે? બાપે મારપીટ કરી લાગે છે. બીજું તો કશું નથી ને? સરત રાખજો સૌ! શીરાની સુગંધ લેવા તૈયાર રે'જો સૌ બાઈયું! એનો બાપ જ બૂમબરાડા પાડતો નીકળ્યો'તો ને! કે મારા પેટની છોકરી હોય તો ભોંમાં જ ભંડારી દઉં : કાયદો મારા લાભનો છે. વકીલને પૂછીને ખાતરી કરી લીધી છે. બાયડીનું તમામ ધન, તમામ સ્થાવર-જંગમ મિલકત પરણ્યા પછી ધણીની જ ઠરે છે. મને શેની ડર દેખાડે છે? માને ને છોકરીને બેયને ઢીંઢાંમાં ધોકલા મારીને કાઢી મૂકી શકું છું. હું પરણ્યો પુરુષ છું, ખબર છે?

આવી આવી લોકવાણી આડોશીપાડોશીઓને એકઠા થવાનું બહાનું આપી રહી હતી. છ-છ મહિનાના અબોલા રાખી બેઠેલાં પાડેશીઓ પણ આ અંજુડીની વાત ઉપર પાછા કોઈ ન જાણે તેવી આસાનીથી મનાઈ ગયાં ને પછી તો સાંબેલું, ધોકો અથવા ઢેખાળો લેવાને મસે સૌ પાડોશણો અંજુડીની મા પાસે જઈ આવી. "અંજુડી ઊંઘી ગઈ છે." એવો જવાબ મેળવીને પ્રત્યેક પાડોશણ પાછી ફરી.

આખો દિવસ વરાપ રહ્યો. કૂણી કૂણી કૂંપળો જેવો તડકો નીકળ્યો. સૃષ્ટિના અણુએ અણુએ માર્દવ ભરાયું.

પણ અજવાળીએ મૃદુ ભાવોના ધૂપછાંયાને દિલમાં દાખલ થવા ન દીધા. એ ચોરની મનોદશામાં પડી રહી. બાળક એને પોતાને જાણીબૂજીને ન મારવું પડ્યું, ભાગ્યના સંકેતથી જ એ મરી ગયું. બાપ પણ બરોબર ટાણાસર ઘરમાં દાખલ થયો. બાપને કાને બાળકની વાત છતી ન થઈ જાય એ બીકે જ મારાથી મોં માથે હાથ દેવાઈ ગયો! બીજું શું થાય? આવા આવા ટેકા મૂકીને મનને રાત સુધી ખેંચ્યું. અંધારે અંધારે ઘેરઘેર દોવાતી ગાયો-ભેંસોના દૂધની શેડ્યો પીતળની તાંબડીમાં રણકારા કરતી હતી. પડી પડી અજવાળી જાણે એ દોવાતાં પશુઓની પાસે ઊભેલાં નાનાં પાડરુ-વાછરુનાં ભૂખ્યાં મોઢાં નિહાળતી હતી. અને એનું પોતાનું બાળક એની પથારીના બોજા તળે ચેપાઈને પડ્યું હતું.

"કાંઈ ફિકર નહીં. ઈશ્વરની એ મરજી હશે. હું છૂટી ગઈ." — એ અવાજે બીજા સૂરોને દબાવી દીધા.

રાત પડી. દીવા થયા. રાતનો પહેલો પ્રહર ગયો. દીવા લાગ્યા બુઝાવા. શેરીઓ સૂનકાર થવા માંડી. બાપ પણ પાછો આવીને સૂતો. માની આંખ પણ મળી ગઈ. તે વખતે અજવાળી ઊઠી. પથારી હેઠળથી મૂએલું બાળક બહાર કાઢ્યું. એને પોતાની સાડીમાં લપેટ્યું. ઓચિંતો એનો હાથ સાડીના એક ખૂણા પર ગયો. કાંઈક બરછટ લાગ્યું. પોતે સમજી ગઈ : એ તો મુંબઈ મહિલાશ્રમવાળી સાડી : છેડે નામ 'અજવાળી' ચોડેલું હતું. કોઈક ઓળખી પાડે તો?

**ખૂણો ફાડીને કટકો ત્યાં નાખી દીધો. ને પછી પોતે જોડા પણ પહેર્યા વિના બહાર નીકળી. તે વખતે રાતનો એક વાગ્યો હશે.**

બે ખેતરવા દૂર એક ધાર હતી. ધારના પેટાળમાં એક કોઠો હતો. કોઠામાં પાંચેક વરસ પર એક વાઘરણે આપઘાત કર્યો હતો. કોઠાનું નામ 'ગોઝારો' પડ્યું હતું. દિવસે પણ કોઈ તે તરફ જતું નહીં. રાતવેળાએ તો 'ગોઝારે કોઠે' જઈને એક ખીલી ખોડી આવવાની શરતો મારતા ભલભલા જુવાનોનાં પણ કલેજાં થડકારા કરી ઊઠતાં.

અજવાળી ચાલી 'ગોઝારા કોઠા' ભણી. પગ તળે ભીની ધરતી હતી. પવનની ટાઢી-બોળ ફૂંકો એના હાડકાંના આખા માળખાને ડખડખાવતી હતી.

## ૨૮. ગોઝારે કોઠે

**રા**તનું અંધારું કેમ જાણે બાથમાં આવતું હોય એટલું બધું ઘાટું હતું.

ઢેડગરોળીઓ જીવડાંને ચાટી લેતી હોય તેવી રીતે વાદળીઓ ચાંદરણાંને ચાટીને પેટમાં ઉતારતી હતી. છતાં વીજળીના સબકારે સબકારે અજવાળીએ ગોઝારા કોઠાની દિશા સાંધી. એના ઉઘાડા પગમાં કાંટા ભાંગતા હતા. એણે પાંચેક વાર ગડથોલિયાં ખાધાં. છતાં એની છાતીએ મૂએલ બાળ ચંપાઈ રહ્યું. શબની પણ એવી સાચવણ તો માતાની છાતી પર જ સંભવે.

આઘે આઘેના રસ્તાઓ ઉપર એ વખતે બેત્રણ ગાડાંના કિચૂડાટ બોલ્યે આવતા હતા અને ગીતના લલકાર ઊઠતા હતા :

*મળજે તરણેતરને મેળે*
*હો માવલા,*
*મળજે તરણેતરને મેળે.*

*તારાં ખેતરને ઢોર ભલે ભેળે*
*હો માવલા,*
*મળજે તરણેતરને મેળે.*

*તારા આડી ભલે ભેરવ્યું કળેળે*
*હો માવલા,*
*મળજે તરણેતરને મેળે.*

સ્વરો સમજાયા : તરણેતરને મેળે : ઘેરાં અને પાતળાં ગળાંનો સામટો નાદ અંધારાં કાપતો, ગોધલાના પગમાં શૂરાતન પૂરતો, ગાડાંના પછડાટે કરીને સ્ત્રીપુરુષોને એકબીજાના ઉપર ફંગોળતો દૂર દૂર ચાલ્યો જાય છે.

તરણેતરને મેળે : શ્રાવણ માસ ચાલે છે : ગોકળ આઠમનાં આ ગાઢાં અંધારાં ઘૂંટાય છે. નવ મહિના પૂર્વેનો મેળો યાદ આવ્યો : આ મેળો તરણેતરનો ન હોય. એક વરસ હજી વીત્યું નથી. કોઈ બીજા જ મેળે ઊપડ્યાં જણાય છે આ જુવાનિયાં.

તરણેતરને મેળે! અજવાળીના અંતરમાં કટારો ચાલી. નવ મહિનાનો ઇતિહાસ!

કાંઈ ફિકર નહીં. આ પતાવી લેવા દે. હું પણ તરણેતરને મેળે જવા જેવી 'હહણીને ઘોડો' થઈ જઈશ. આ વખતે તો હું એકલી પાછી ફરું જ નહીં ને!

નવો ઉલ્લાસ પગમાં પુરાયો. પગ જોરથી ઊપડ્યા. ગોઝારે કોઠે પહોંચી ગઈ. તરણેતરને મેળે પહોંચવાની મસ્તી ચડી હતી. બીક હટી ગઈ હતી. બાળકને કોઠાની

શિલાઓના પોલાણમાં પધરાવવા અજવાળી પોલાણ શોધતી હતી.

એ જ વખતે વીજળીના સળાવા ચાલ્યા. ઉપરાઉપરી સબકારા એકબીજા સાથે સંધાતા ગયા. જ્યોતનો મહાધોધ બંધાઈ ગયો. દિવસ જેવું ઝળાંઝળાં અજવાળું બેથી ત્રણ મિનિટ ટકી રહ્યું. આખા પ્રદેશનું તરણે-તરણું તપાસી લેતી કોઈ વિરાટ આંખ જાણે કે કશુંક ખોવાયેલું શોધતી હતી.

ચોરી કરતા ચોરને માથે ઓચિંતી વીજળીની 'ટૉર્ચ' ઊઘડી પડી. ચોરી કરતી અજવાળી સ્તબ્ધ બની. વિશ્વના કયા ચોકિયાતે આ ચાંપ દાબી? કોને પકડવા?

બાળકને મૂકવાનું પોલાણ હાથ આવી ગયું. મૂકતીકને એ પાછી વળી. કોઈની જોઈ જતી નજરને ખાળવા માટે હાથલા થોરની વાડ્યમાં પેસી જવા એનું મન ધસ્યું. ત્યાં તો વીજળીના સળાવા બંધ પડ્યા. અંધકારે એને લપેટી લીધી.

ભરવાડોની ઝોકમાં તાજાં જન્મેલાં મેંઢાંના બેંબેંકાર કાને પડ્યા : જાણે પોતાનું બાળક રડ્યું. કૂણી રાતી કૂંપળો જેવા હાથ, પગ ને નાની નાની આંગળીઓ એનાં નેત્રો સામે તરવરી રહી. શા માટે મેં બાળકને ગોઝારે કોઠે સંઘર્યું? શા માટે એને લઈને હું દુનિયા સામે ખડી ન રહી? લોક મને કરી કરીને શું કરી નાખત? હજુ પાછી વળું ને લઈ આવું.

મન ગોઝારે કોઠે ધસ્યું, તેમ તેમ પગ ઘર ભણી ધસ્યા. બાપના ખેતરમાં ડાઘા કૂતરા ડાઉ ડાઉ કરતા હતા; શિયાળવાંની લાળી સંભળાતી હતી.

એકાએક બીજે કેડે થઈને આવતું એક ફાનસનું અજવાળું એના મોં પર પડ્યું. મોં છુપાવીને એણે પગલાં ઉપાડ્યાં. ફાનસવાળો કોઈક આદમી ભૂતડી ગામને કેડેથી ચાલ્યો આવતો હતો. અજવાળી પોતાની ખડકીમાં પેઠી, તે આ ફાનસવાળાએ જોયું.

ફાનસવાળો આદમી બાજુની જ ખડકીમાં દાખલ થયો. એની ને એની સ્ત્રી વચ્ચે વાત થઈ : "તમને કોઈ મળ્યું'તું તરભેટે?"

"હા કોક બાઈ હતી."

"ક્યાં ગઈ?"

"મને લાગ્યું કે પડખેની જ ખડકીમાં."

"કોણ, ખબર છે?"

"કોણ?"

"વાલામૂઈ અંજુડી."

"તને કેમ ખબર પડી?"

"આપણે મેડે ચડીને હું ભૂતડીને કેડે તમારી વાટ જોતી'તી. આંઈ તો આપણી ગાયને બરોબર અધરાતે પેટપીડ હેઠી બેસી ગઈ'તી."

"બરોબર અધરાતે ને? હા, બસ ત્યારે તે જ ટાણે ત્યાં ભૂતડીમાં આપા કાંથડ ભગત દોરો મંતરતા'તા. મંતરી લીધો એટલે લઈને હું વળી નીકળ્યો."

"સાંભળો તો ખરા! હું તમારી વાટ જોતી મેડે ઊભી'તી, ત્યાં તો અંજવાળાં ઝોકાર થઈ ગયાં ને મારી નજરોનજર, મારી સગી આંખે મેં જોયું કે કોઈક બાઈમાણસ ગોઝારા કોઠા પાસે ઊભું ઊભું કાંઈક સંતાડી રિયું છે."

"શું હશે? ડેણડાકણ?"

"હા, હા. જીવતી ડાકણ, જીવતી! આ ડાકણ્યાં પાડોશીઓની જ પનોતી દીકરી. આવી'તી કમાણી કરીને. કાલ્ય કોઈને મોંય નો'તું દેખાડ્યું. હવે બધી વાતની કડી મળી

ગઈ. પોગો ઝટ ફુલેસ પાસે. મને પરમની રાતે સો સો વેણ સંભળાવી ગ્યો'તો ! હવે મારો વારો આવ્યો."

"સવાર તો પડવા દે."

"ના. અટાણે જ ઊપડો ગોઝારે કોઠે. સવારમાં જ તપાસ કરો. કોને ખબર છે, શિયાળ-બિયાળ ચૂંથી નાખશે બાળકને."

આ હતી પાડોશણ ખેડુબાઈ કડવી.

*

પ્રભાતનાં પંખીડાં સોનાવરણા પ્રકાશમાં પાંખો ઝબકોળતાં હતાં ત્યારે અજવાળી હજુ અર્ધ અભાન અવસ્થામાં પડી પડી લવતી હતી.

થાકેલું માથું ઊંડા કોઈ પાતાળ-તળિયામાંથી ધીરે ધીરે બહાર આવતું હતું. એને કાને અસ્પષ્ટ શબ્દો અફળાતા હતા. એક પુરુષ પાંગતે ઊભો ઊભો બોલતો હતો : "આના પગમાં લોહીના ટશિયા છે. એ ક્યાં ગઈ હતી ? તને ખબર છે, બાઈ ?"

એ પ્રશ્ન ડૉક્ટરનો હતો.

જવાબમાં માનો કંઠ હીબકતો હીબકતો કશીક અસ્પષ્ટ વાણી કાઢતો હતો.

અજવાળીના ભેજા પર થઈને જાણે કોઈક ધુમાડાનો ગોટો પસાર થઈ ગયો, અને પછી તેણે સ્પષ્ટપણે એક બીજો સૂર સાંભળ્યો :

"કાં ફુઈ, તમારી છોડી કારે ઘરે આવી ? મને તો મૂઈને ખબર જ ન'તી." એ અવાજ પાડોશણનો હતો. એ કંઠમાં ઝેર હતું.

"પછી કેમ કરીને ખબર પડી ?" અજવાળીની માએ પણ મરડમાં પૂછ્યું.

"ઈ તો અબઘડી જ તને કહેનારા અહીં હાજર થશે, ફુઈ મારી ! તું ધીરી રે'ને !" એમ કહેતી કહેતી, ડોળા કાઢતી પાડોશણ ચાલી ગઈ. ભાનમાં આવેલી અજવાળીએ આ બોલ પકડ્યા. એના બરડામાં જાણે કોઈએ સોટા ખેંચ્યા. કોઈને ખબર પડી ગઈ હશે ? એણે કાન વધુ ઝીણવટથી માંડ્યા : પછવાડે વાડામાંથી એના બાપે એની માને બોલાવી. બાપ માને પૂછતો હતો : "ભાનમાં આવી ?"

"પૂરી નથી આવી."

"ઠાકર કરે ને ન જ આવે !"

"અરે અરે, પટેલ ! સમતા રાખ્ય."

"સમતાનાં મીઠાં ફળ મળી ગ્યાં ને ?"

"શું છે ?"

"ગોઝારે કોઠેથી એક મુંબીની સાડીનું પોટકું જડ્યું છે ફુલેસને."

"શું ?"

"બીજું કાંઈ નહીં. એક ગોટો વાળેલી મુંબીની સાડી ને માંઈથી એક નાનકડો હાથ બહાર લબડતો'તો."

"તે શું છે ? ગામ કાં ગજવો છો ?"

"બીજું તો કાંઈ નથી; પણ ઈ નાનકું છોકરું દવાખાને ચિરાઈ રિયું છે, ને ફુલેસનો હવાલદાર ઈ છોકરાની માને મળવા ઘેર ઘેર ગોત કરી રિયો છે."

હોઠ સુધી આવી ગયેલી ચીસને ચગદી નાખવા અજવાળીએ મોં આડે હાથ ચાંપી દીધો.

"કોઈ નહીં જાણે, કોઈ નહીં જાણે, ચૂપ રહે." — એના અંતરની દીવાલ પાછળથી કોઈક કહી રહ્યું હતું.

વળતા દિવસે સવારે ખડકી પર કોલાહલ સાંભળીને અજવાળી ઝબકી જાગી. કોઈક ઘોઘરો કંઠ બોલતો હતો. ને તેની સામે મા રોષના શબ્દો બોલતી હતી :

"ઈ મને કશી ખબર નથી. મારી છોકરી ત્રણ દીથી આવી છે; આવી ત્યારથી ખાટલામાં પડી છે. ખડકી બા'ર એણે પગ મૂક્યો જ નથી."

"બધા ગુનેગારો એમ જ બોલે." ઘોઘરો અવાજ ઠરે કલેજે બોલતો હતો.

એ અવાજ પોલીસ-હવાલદાર કાંથડનો હતો. ભીંત બાજુ મોં રાખીને સૂતેલી અજવાળીએ થોડી વાર બાદ ઓરડીમાં ભારે બૂટવાળા ઘણા પગના ધડબડાટ સાંભળ્યા. એક આદમી એના ખાટલા માથે નમ્યો. એની દમલેલ છાતીની હાંફણ અજવાળીને સંભળાતી હતી. એ હતો હવાલદાર કાંથડ.

"આ શું છે ?" એમ કહીને હવાલદારે એક કપડાનો ટુકડો ઓરડાના એક ખૂણામાંથી ઉપાડ્યો : "આ અમારે લઈ જવો પડશે."

## ૨૯. જેલની ઇસ્પિતાલે

કપડાનો ટુકડો લઈને ખાંસી ખાતો, કમ્મરથી બેવડ વળતો, અજવાળીના ઓરડાના એક ખૂણામાં જ મોટા લખોટા જેવડો બલગમ થૂંકતો કાંથડ હવાલદાર ચાલ્યો ગયો. એની પાછળ બીજા બધા પણ ગયા. અજવાળીના બાપની અવળચંડાઈથી તેમ જ માની ભલાઈથી ડરી-શરમાઈને ઘરમાં પ્રવેશ ન કરી શકેલાં આડોશીપાડોશીએ, પોલીસ-તપાસમાં પોતાના હક તરીકે શામિલ રહીને, પારકા ઘરમાં ઘૂસવાનો ભાગ લીધો હતો. ને તેમણે પણ હવાલદારની જોડાજોડ અજવાળીની પથારી, ઊંચી અભરાઈ, ઘાસમાં પડેલા ખાડા વગેરે તપાસ્યા હતા. પ્રત્યેકના હૈયામાં પારકે ઘેર 'પોલીસ' બનવાની હોંશ હતી — હોય જ છે.

"ગભરાણી તો નથીને, માડી ?" ખડકી ભીડીને પાછી આવેલી માતાએ પુત્રીની ગરદન પરથી પસીનો લૂછ્યો.

"ના, મા !" અજવાળીએ ઉત્તર દીધો. એ ગભરાટ તો નહીં પણ અજાયબી અનુભવી રહી હતી. એને વિચારો ઊપડતા હતા : મેં શું બગાડ્યું છે ? કોનું બગાડ્યું છે ? રોયા એ શીદ મારી પાછળ લાગ્યા છે ? મેં તો ઊલટાની સારા માણસની બેઆબરૂ ઢાંકવા માટે થઈને મારું છોકરું રોતું બંધ પાડ્યું. હતું તો મારું છોકરું ને ? ક્યાં બીજા કોઈનું હતું ? ક્યાં પારકા પુતરની ગળચી ચીપવા ગઈ છું હું ? તોય શું આ કાયદાનું, કોરટોનું ને પોલીસોનું કટક મારા ઉપર ઊતરી પડશે ? કીડી માથે કટકાઈ કરશે ? જાલિમ રોયા ! કરવા દે ને ! ભલેને કરે ! હું કબૂલ કરું જ નહીં ને ! મરી જાઉં તોય કાંઈ કબૂલ ન કરું. હું કોઈનું નામ જ નહીં દઉંને — પછી કાયદો ને કોરટ બાપડી મને શું કરવાની હતી !

રાત ગઈ. વળતા દિવસે પરષોત્તમ મહિનો બેઠો. પ્રભાતની તડકી ચડી. અને બ્રાહ્મણે ખડકીમાં ડોકું કાઢ્યું : "કાં, ડોસલી !" બ્રાહ્મણે અંજુની માના આવકારા સામે અગ્નિના ટાંડા જેવા શબ્દો વેર્યા : "ત્રણ ત્રણ વરસનાં ગણ્યાં ગણાય નહીં એટલાં પાપ કરીને આજ પરષોત્તમ મહિનાને તો વિસામો દે. પાપનું નિવારણ તો કર્ય."

"આ દીકરીને ઝટ સુવાણ થઈ જાય તેવું કંઈક કરી દેશો, ગોરબાપા ?" અંજુની મા કરગરી.

"તારી દીકરીના દોષ આ ભવના ને પરભવના, બેય ભવના હશે, પટલાણી !" બ્રાહ્મણે આંગળીઓના વેઢા પર અંગૂઠો ફેરવવા માંડ્યો. "તમારી જાત અધમ. તમારા ધંધા ને તમારી મે'નતમજૂરી અધમ, મનને વિશે વિકારદોષ, અને પછી બાળહત્યાઓ ઇત્યાદિ ઇત્યાદિ દોષોની તમારા વરણને વિશે કાંઈ નવાઈ નથી. પણ હવે વાત એમ છે, કે અધમનેય ઓધારનારો ધરમ છે..."

એમ કહેતા કહેતા એ બ્રાહ્મણે અજવાળીની મા પાસેથી સવા પાંચ રૂપિયા, ઘીનો વાટકો, ઘઉંની ફાંટ, ગોળનું દડબું વગેરે લઈને ઓરડામાં સૂતેલી અજવાળીને દૂરથી ઊભીને જોઈ લીધી.

"પીળીપચ પડી ગઈ છે: જોયુંને બાપુ ?" માએ કહ્યું.

"હોય, સુમતિકુમતિના સપાટા ચાલ્યા જ કરે છે. મન છે ને, તે અતિશય ચલાયમાન પ્રકૃતિનું છે — તમારા વરણનું વિશેષ કરીને. વ્રતોપવાસાદિ કરાવજે, બાઈ, ચાતુર્માસનું ટાણું છે." — વગેરે વગેરે આશ્વાસનો આપીને બ્રાહ્મણ ચાલ્યો ગયો. પાડોશમાં જઈને પાછી બ્રાહ્મણે એ જ પારાયણ માંડી હતી. માએ કાનોકાન સાંભળ્યું કે ત્યાં જઈ બ્રાહ્મણ અજવાળીના આચારવિચારની કૂથલી કરી રહ્યો હતો.

ત્રીજો દિવસ. ચળાઈને આવતી સવારની તડકીમાં અજવાળી ઊભી થઈને ઓરડામાં ચાલવા યત્ન કરતી હતી. "જો, માડી !" એણે શિરામણ લઈને આવતી મા પાસે હોંશે હોંશે વધામણી ખાધી. "હવે મારા પગમાં જોર આવી ગયું. હવે મને નખમાંય રોગ ન રિયો. કાલ તો હું મુંબી હાલી જઈશ, મા ! ત્યાં ભણાવે-ગણાવે, હોશિયાર કરે..."

"ના રે, માડી !" માએ જવાબ વાળ્યો : "મારે તને મુંબી નથી મોકલવી. કાલ્ય જ આપણે માશીને ઘેર જાવું છે. મારે હવે તારો વિવા કોઈ વાતે પણ કરી નાખવો છે. માશીનો એક ભત્રીજો રાંડ્યો છે; જુવાન છે, નાણાં નથી એટલે બાપડો રઝળે છે. મારે એક દુકાનીય તારી ખપે નહીં, બેટા ! હું તો ત્યાં તને લઈ જઈને મારે હાથે જ ઘરઘાવી દઈશ. એને બાપડાને નાત્ય વગોવે છે : એની મામાં કાં'ક કે'વાપણું હતું ! જુલમ છેને ! મારા ભગવાન ! પંદર વરસ પહેલાં મૂએલી માનેય નાત્ય છોડે છે ! નાત્યને એ છોકરાનું ઘર મંડાવા દેવું નથી. પટલિયાઓને જૂનાં વેર હશે, તે છોકરા માથે વાળે છે. છોકરો માનતો નથી, પટલિયાઓને પગે માથું મેલતો નથી. એટલે બસ છોકરાનો પાટો ચડવા દે જ નહીં ને ! કાંઈ ફકર નહીં. તારા લાયકનો છે, માડી ! એનું ઘર સાચવીશ ને, તો છોકરો ધરતી ફાડીને ધાન પેદા કરે તેવો છે. તારા સાટુ થઈને હથેળીમાં દીવડો બાળે તેવો છે."

અજવાળીની આંખો સામે પોતાના વર થનારા માણસનો એક મીઠો ચિતાર માના અણઘડ શબ્દોમાંથી પણ તરવરી રહ્યો. એવો કોઈક વર વેળાસર મળી જાયને... તો... કેવું સુખ ! અજવાળીના અંતરમાં હરણાંની જાણે કૂદાકૂદ ચાલી. બીજું તો શું ? હું એને સુખી કરીશ ને આ મારું કામ કોઈના જાણ્યામાં નહીં આવે. કાલ સવારે તો અમે ચાલ્યાં જશું. ફુલેસ-બુલેસ વાત વીસરી જાશે. નિયાધીશસા'બ પણ સમજશે કે હશે, અંજુડી ગામ મેલીને જાતી રહી ને ? હાંઉ ત્યારે, એલા ફુલેસો ! હવે તમે એની ખણખોદ કરશો મા. છોકરી બાપડી ભલેને ઠેકાણે પડી જતી ! અને એમાંય જો શિવરાજસા'બ નિયાધીશ હશે તો તો એ બચાડા જીવ હવાલદારને કહ્યા વિના રે' કે'દી ? — કે કાંથડ હવાલદાર, તમે

શું જાણો ? હું જાણું છું. અંજુડીનો કશોય અપરાધ નથી. એણે તો કોકની આબરૂ ઢાંકી છે. અંજુડીનો પીછો લેવો છોડી દો, હવાલદાર ! મારો હુકમ છે, જાવ !

કલ્પનાના સુખ-દોર પર ચગેલી કોઈ નટડીના જેવું અજવાળીનું મોં આ વિચારની જળધારે ધોવાઈને જાણે મધુર મધુર, વધુ ને વધુ મધુર બનતું ચાલ્યું. એને ખબર નહોતી રહી કે પોતે ને મા ક્યારે ખાટલા પર બેસી ગયાં હતાં. એણે ધીરે ધીરે માની સામે મીટ માંડી. એણે કોણ જાણે કેવાય સુખની ધૂનમાં, મસ્તીમાં, મુક્તિમાં, માને ગળે હાથ નાખીને, માના ગાલ પર બકી ભરી લીધી — જે બકીઓ પોતાની છેક જ ધાવણી વયમાં માને ભરવાની ટેવ પડેલી.

"કાલ પરોઢિયે જ નીકળી જાયેં, ખરું ને ?" માએ પૂછ્યું.

"મને વે'લી ઉઠાડીશ ને, મા ? મારાથી જગાશે નહીં." અજવાળી આતુર બની.

"તું તારે ફડકો રાખીશ મા. આપણે ગાડી ચૂકવી નથી — પરોઢિયે જ નીકળી જાવું છે. કોઈને જાણ પણ થાય શેની ! તારા બાપને હાલતી વખત કહી દઈશ. લાંબી પંચાત કરવા કોણ બેસે એની હારે ?"

એટલી વાત થાય છે ત્યાં જ ખડકીની બહાર ઘોડાની એક ટપાગાડી આવીને ઊભી રહી. ફાળ ખાતી મા ખડકી સુધી ગઈ. એ પહોંચે તે પૂર્વે જ બહારથી આગળિયો ઉઘાડીને કોઈએ બારણું ખોલી નાખ્યું ને દમલેલ અવાજ નીકળ્યો :

"ચાલ બાઈ, તારી દીકરીને તૈયાર કર."

ગઈ કાલવાળો જ એ હવાલદાર, ને બે બીજા યુનિફૉર્મ પહેરેલ પોલીસ.

"ક્યાં લઈ જવી છે પણ એને તમારે ? એ માંદી મરે છે તે તો જોવો." માની આંતરડી કકળી ઊઠી.

"માંદી છે તો સરકાર સાજી કરશે."

"ક્યાં ?"

"જેલની ઇસ્પિતાલે."

અને તે પછી થોડી વારે, મીઠી કાગાનીંદરમાં પડેલી અજવાળીએ ઝબકાને માતાના શબ્દ સાંભળ્યા : "અંજુ, બેટા, ફુલેસ તને લઈ જવા આવેલ છે."

ને એ શબ્દોની પાછળ જનેતાના કલેજામાંથી વછૂટતી બંદૂકના ધડાકા જેવા ધ્રૂસકા નીકળ્યા.

## ૩૦. એક પગલું આગળ

**એ**જન્સીની પુનર્ઘટનાના એ દિવસો હતા. ચાર સિવિલ સ્ટેશનો નીકળીને બે બનતાં હતાં. પ્રચંડ કોઈ આગ લાગી હોય તેટલા વેગથી એજન્સી પોતાની વધારાની બે છાવણીઓને સમેટી રહી હતી. એના આલેશાન બંગલા પાણીને મૂલે વેચાણ થઈ નિકાલ પામતા હતા. એની એક છાવણી ઉપરથી તો એ જમીનના મૂળ માલિક રાજવીએ એકેએક પથ્થર પણ ઉઠાવી જઈને જમીન જેવી સપાટ સોંપી હતી તેવી પાછી સુપરત કરવા એજન્સી પાસે માગણી કરી હતી. માંદલી, બેપરવાહ અને જરૂર જણાય તો એ બેહૂદી માગણી કરનાર રાજાસાહેબને બેપાંચ વર્ષના હવાફેર પર યુરોપ મોકલાવી દઈ શકનાર આગ્રહી એજન્સી

આ રાજાની માગણીને પહોંચી વળવા છાવણીના પાયાથી લઈ છાપરાના કાટવળા પર્યંતનું ઇમારતી કામ ઉતારી લેવા પણ ચીવટ કરતી હતી.

એકલી ઇમારતો જ સમેટાતી નહોતી, એજન્સીનો રજવાડાં પરનો કાબૂ પણ પોતાની જાતને સંકેલી લેતો હતો. સોરઠમાં માણેલી સૂબાગીરીનો આવો સ્વૈચ્છિક ત્યાગ ગોરાઓ શા માટે કરતા હતા ? — કોઈ સમજતું નહોતું. છતાં એ ત્યાગ સ્વૈચ્છિક હતો, સૂબાગીરીના વૈભવોનું એ મરજિયાત વિસર્જન હતું. અંગ્રેજોને એ વાતનો ઓરતો નહોતો. દેશી જનોની તવારીખ એથી ઊલટી બનતી આવી છે. નાગરોનું કારભારું બ્રાહ્મણોના હાથમાં, બ્રાહ્મણોનું વાણિયાના, કે વાણિયાનું ગરાસિયાના હાથમાં ચાલ્યું જતું હોય ત્યારે એક પક્ષે સત્યાનાશ વળી ગયાનો શોક અને બીજે પક્ષે કંસારનાં આંધણ — એવી પ્રણાલી કાઠિયાવાડને, એજન્સીને, પ્રત્યેક રજવાડાને ક્યાં અજાણી છે ?

મૂંગે મોંએ ચાલી રહેલા આવા એક મહાન પરિવર્તનની રંગભૂમિ પર શિવરાજનું પાત્ર ક્યાં ઊભેલું હતું ? — રાજકોટના પોલિટિકલ સેક્રેટરીની કચેરીમાં, આધેડ વયના ગોરા પોલિટિકલ અફસરે એ સહેજ શામળા જુવાનની જોડે હાથ મિલાવી સામી ખુરસી પર બેસાર્યો ને તેની મુખમુદ્રા બારીકીથી તપાસી.

"મેં તમને પહેલી જ વાર જોયા. તમારાં જજમેન્ટ મારા વાંચવામાં આવ્યાં હતાં. મને લાગ્યા જ કરતું કે તેમાં યુવાનીની લાગણીઓની છાંટ છે : છતાં મેં તમને આટલા બધા જુવાન નહોતા માન્યા."

"આપ મને અભિનંદન આપો છે કે ઉપાલંભ, એ હું નથી સમજતો." શિવરાજે સહેજ મોં મલકાવીને ટકોર કરી.

"બંને, અથવા બેમાંથી એકેય નહીં."

શિવરાજ ચૂપ રહ્યો. સેક્રેટરીએ આ મુલાકાતનો મર્મ સમજાવ્યો :

"શાસનમાં વયનું ઠરેલપણું પણ અનિવાર્ય છે."

"તમારા એક વખતના રાષ્ટ્રપ્રધાન વિલિયમ પીટનું વય..."

"પણ તે તો કારોબારી વહીવટમાં." ગોરો સેક્રેટરી શિવરાજના વાક્યને અધૂરેથી કાપીને શિવરાજને માત કરી રહ્યો : "ઇન્સાફના આસન ઉપર ઉંમરનું ઠરેલપણું અનિવાર્ય છે. કારણ કે ઇન્સાફનો કાંટો રસાયણશાળાનાં અતિ સૂક્ષ્મ દ્રવ્યો તોળવાના કાંટા જેવો છે. લાગણી અથવા આવેશની જરી જેવી ફૂંક પણ એને હલાવી નાખે."

શિવરાજ પાસે આનો કોઈ ઉત્તર નહોતો.

"વારુ !" ગોરાએ હસીને કહ્યું, "તમારા પિતાને હું ઓળખું — તમારા ને એના દીદારમાં હું અદલ મળતાપણું જોઈ રહ્યો છું. એના જેવી ખામોશી તમારામાં જલદી ખીલી ઊઠશે એમ મને ભાસે છે. ઉપરાંત, આજે તો અમે એક મોટા દેશવ્યાપી અખતરાનું જોખમ ખેડવા નિર્ણય કર્યો છે. આ બેઉ પ્રાંતના સંયુક્ત વિભાગના પહેલા દરજ્જાના ન્યાયાધિકારીનું પદ તમે સાચવી શકશો ?"

"મને શ્રદ્ધા છે."

"બીજી વાત," અને આંહીં સેક્રેટરીના આધેડ મોં પર પણ ગલ પડ્યા, "પરણ્યા છો ?"

"નહીં."

"સંભવ છે ?"

"તુરતમાં."

"કોની જોડે ? ઓહ, હાં, યાદ આવ્યું : ડેપ્યુટી મિ. પંડિતનાં પુત્રી મિસ સરસ્વતી જોડે."

"ડેપ્યુટીની દીકરી છે એટલા માટે જ નહીં."

"ત્યારે ?"

"એના દેહપ્રાણના સૌંદર્યને માટે."

"વારુ ! વારુ !" આધેડ ગોરો આ યુવાનની બેવકૂફી પર રમૂજ પામ્યો. "જેમ બને તેમ જલદી પતાવો. ન્યાયાધિકારીના પદ પર સારા લગ્નની એક ઊંડી અસર પડે છે."

"તમારા આશીર્વાદ."

"તમે તમારે સ્થાને જ રહેજો, હું ખબર આપીશ. આ નિમણૂકની વાત હમણાં કોઈને કહેવાની નથી." એટલું કહ્યા પછી એણે ઉમેરો કર્યો : "કોઈને નહીં, અર્થાત્ એક સિવાય કોઈને નહીં, હાં કે ?"

પોતાને પોલિટિકલ સેક્રેટરીએ રાજકોટમાં રોકાવાનું કહ્યું એ ભાવતી વાત બની. સ્ટેશનેથી પોતે સીધેસીધો જ આ મુલાકાત પતાવવા ગયો હતો. ઓચિંતા જઈને ઊભા રહી સરસ્વતીના પેટમાં મીઠો ધ્રાસકો પાડવો હતો, તેથી ખબર નહોતા આપ્યા. સાંજ પડી ગઈ હતી. સરસ્વતીના પિતાનું મકાન વસ્તી બહાર એકાંતે જ હતું. પોતે પગે ચાલતો ગયો. રસ્તે આસોપાલવનાં ઘી-ઝબોળ્યાં જેવાં પાંદડાં એને ભાલે વારણાં લેતાં હતાં. ગુલમોરનાં ઝાડ એના પગ પાસે ફૂલોના ખૂમચા પાથરતાં હતાં. પ્રીતિના પંથ, કોણે કહ્યું, દોહ્યલા હતા ? ઉગ્રભાગીને માટે તો મખમલે જ છાયેલા એ માર્ગો હતા.

લપાતો લપાતો એ દરવાજામાં પ્રવેશ્યો. આગળના ભાગમાં ન દેખાતી સરસ્વતી પાછળના ચોગાનમાં બેઠી હશે : આંખો પર હાથ દાબી દેવાની મજા આવશે : ગુપચુપ દરવાજાની આગળી ભીડીને અંદર આગળ વધ્યો.

બંગલાની પાસે જતાં જ કોઈ ઝાડના ઝુંડમાંથી ઊભું થયું : એના હાથમાં મેંદી કાપવાની મોટી કાતર હતી. કાતર ઉગામતો જ એ સામે આવી ઘૂરકવા લાગ્યો, પૂછ્યું : "કુણ છો ?"

"સાહેબ છે ?"

"પણ છાનામાના કેમ આવો છો ? જાવ, સાહેબ નથી." પોતે જ સાહેબ બન્યો.

"બાઈ છે ?"

"નથી."

"ક્યાં ગયાં છે ?"

"કાંપમાં."

"કેટલું રોકાશે ?"

"પંદર દા'ડા."

'કાંપ' શબ્દ સાંભળ્યો ત્યારે શિવરાજને ભાન થયું : સબ-જજને પંદર દિવસ રાજકોટ અને પંદર દિવસ કેમ્પમાં મુકામ નાખવાનો હુકમ હતો.

રાત્રિવાસ શિવરાજે એક મિત્રને ઘેર લીધો. વળતો આખો દિવસ એણે અહીંતહીં, અનાથઆશ્રમોમાં, વનિતા વિશ્રામમાં ને ઇસ્પિતાલમાં ભટક્યા કર્યું. તે પછીની અરધી રાત સુધી સરસ્વતીને કાગળ જ લખ્યા કર્યો :

"તમારી આંખો આડા હાથ ભીડીને મને ઊભેલો જોત તો તમારો માળી મારા

માથા પર જ એની તોતિંગ કાતર ઝીંકી દેત, તો અત્યારે હું પથારીવશ હોત, ને તમે મારી પરિચર્યા કરતાં હોત. આજની અધરાતના બેહાલ કરતાં એ પથારીવશ સ્થિતિ કેટલી વધુ સારી હોત!

"મને લાગ્યું કે તમે કૂતરો રાખવાને બદલે જ ઠીક આવો અડબંગ માળી રાખ્યો, જે બેઉ ફરજો બજાવી શકે.

"આંહીં જ્યાં લખી રહ્યો છું તેની નજીક જ અનાથઆશ્રમનું મકાન છે. ઊંઘવાની તૈયારી કરતાં બાળકો પાસે પ્રાર્થના ગવરાવાય છે. એ પ્રાર્થનામાં સ્વરો નથી, સંગીત નથી, પ્રાણ નથી. કેટલાંક થાકેલાં બાળકો, પોતે જેને જીવનમાં કદી પિછાન્યો નથી તેવા પ્રભુની ખુશામદ કરતાં કરતાં કંટાળતાં હશે, ને જેનો ખોળો હંમેશાં મળી શકે છે તેવી નીંદરનું પ્રત્યક્ષ દર્શન ન મળવા છતાંય એને ઈશ્વરથી પણ કોઈ વધુ મહિમાવંતી શક્તિ માનતાં હશે.

"ને મારી બીજી જ બાજુ, થોડે દૂર, મહિલાઆશ્રમ છે. ત્યાંથી પણ સૂવા પૂર્વેની પ્રાર્થના સંભળાય છે. ગમે તેમ, પણ એ તો તમારા સ્ત્રીઓના કંઠ : એમાં મીઠાશ વહે છે, એથીય કંઈક વધુ એમાંનો કોઈ કોઈ સ્વર તો જાણે જુદો પડી, નાસી છૂટી, આ અનાથાલયની આસપાસ ભ્રમણ કરી રહેલો લાગે છે. અનાથ વનિતાઓ, ને અનાથ બાળકો : જગતમાં એથી કોઈ વધુ કરુણ દૃશ્ય નથી. કોને ખબર છે, એમાંની કઈ અનાથિનીએ કોરું ઝબલું પહેરાવીને રસ્તે રઝળતું મૂકેલું કોઈ બાળ આ આશ્રમમાં નહીં હોય? કોઈ તો છ-છ બાર-બાર મહિનાની સજા ભોગવી આવી હશે. કોઈ ફરી ફરી ભાગી જઈ પાછી પુરુષને ફંદે ફસાતી હશે, વળી ફરીથી જણેલા જીવને કાં રડતું છોડી દેતી હશે, અથવા ગળે ચીપ દઈ દેતી હશે!

"એવી માતાઓના સૂનકાર હૈયામાંથી ઊઠતા આ મીઠા શોર મને આપણા કાયદાની વિચિત્રતા પર વિચાર કરતો કરે છે. ને મને થાય છે, કે એ જ કાયદાની ત્રાજૂડીમાં મારે પણ અનેક નિરપરાધી ઓરતોને કોઈક વાર તોળવાનું આવશે. ઘડીભર થાય છે કે કાયદાનો માર્ગ છોડી દઉં. બીક લાગે છે કે કાં હું કેવળ આ કાયદારૂપી જરી-પુરાણા ધૂની સત્તાધીશોના કારોબારી હુકમોનો ઉઠાવનારો એક યંત્રમય માનવી બની જઈશ, અથવા એ ત્રાજવું મારા દુર્બળ હાથમાં હંમેશાં ધ્રૂજતું-કંપતું રહેશે.

"એક જ આશા અને એક જ આધાર છે કે મારી બાજુમાં તું ખડી થઈ જઈશ — મને તું યંત્ર બની જવા ન દેજે. મને તું કાયદા ઉપર રાજ કરતી માનવતા તો શીખવજે. સ્ત્રીજાતિ પ્રત્યે મારું મન આટલું કૂણું થયું તે તો જાણે કે આપણી બીજી વારની પિછાન પછી જ; તે પૂર્વે મને સ્પષ્ટ ખ્યાલો નહોતા. હતા કેવળ ભણકાર — પચીસ વર્ષોની ભૂતકાળ-ગુફામાંથી ચાલ્યા આવતા વાયુના રુદન જેવા — જેનું મોં પણ યાદ નથી તે જનેતાના પ્રેમના.

"હર ઘડી હું પોલિટિકલ સેક્રેટરીના સંદેશાની રાહ જોઉં છું. તારો... શું કહું... ?... મોટોમસ ન્યાયાધિકારી બની જવાની તૈયારીમાં છે. આ નાનકડા માથા પર મોટું બોથાલું બંધ કેમ બેસશે? બીજું તો ઠીક, પણ છતી જુવાનીએ ય ન્યાયાધિકારનું પ્રૌઢત્વ ધારણ કરવાનો ત્રાસ કેટલો મોટો! પછી આપણે તો ચોવીસે કલાક સાહેબ-સાહેબડી જ બની રહેવાનું ને? છૂટથી, સ્વચ્છંદે, મોકળાં, મન ફાવે ત્યાં ભમવું, પાંચીકા વીણવા, પતંગિયાં રમાડવાં, પક્ષીઓના ચાળા પાડવા, ને તને ઊંચે ઉપાડી ફેરફુદરડી ફેરવી ધરતી પર પડતી મૂકવી, એ હક તો જતો રહેશે ને? લોકોના જોતાં દાંત પણ નહીં કઢાય, તને ઘુસ્તો પણ

નહીં લગાવાય, લોકોની જોડે મેળામાં નહીં ઘૂમાઘૂમ થાય. ને કાઠિયાવાડ જોવાના કોડ ક્યાંથી પૂરા થશે?

"ફિકર નહીં. છ મહિનાની લાંબી રજાનો હક થશે. પછી મોટરમાં ચડી, જુદે જ વેશે આપણે કાઠિયાવાડ ઘૂમવા નીકળી પડશું, ને પછી હું તને બતાવીશ કે કાઠિયાવાડના પુરાતન શૂરવીરો-પ્રેમીજનોની ખુમારી તું મારી આંખોમાં વારંવાર જોઈ રહે છે તે મેં ક્યાંથી મેળવી છે.

"હું તને બતાવીશ એ પાંચાલના ગઢ ભીમોરા ને ભોંયરગઢ; ગીરની હિરણ્ય નદી અને પ્રેમભગ્ન ભૂતનો માંગડો ડુંગર; તને બતાવીશ ખંભાતી કુમારિકા લોડણનાં લોહીએ નહાયેલી સોળ વર્ષના કિશોર ખીમરાની રાવલ ગામને પાદરે હજુય ઊભેલી ખાંભી; તને દેખાડીશ હોથલનો કનરો ડુંગર, ને રાણકદેવડીને ઠપકે ખડેડી ખાંગો થયેલો ગિરનાર. — ને હવે કેટલી વાર છે? આ અસ્થિરતા ક્યારે પૂરી થશે? તું જલદી નક્કી કરજે. આજ સુધી બાપુજી હતા. ને હું એનો રઝળુ છોકરો હતો. હવે મારું છોકરપણું પૂરું થયું. બાપુના બે બૂઢા નોકરો ઘરમાં નાની વયની વિધવા સ્ત્રીઓ જેવા — અરે, ગાય વગરના વાછરું જેવા — સૂનમૂન પડ્યા છે. મારું રઝળુપણું હવે મીઠાશ આપતું નથી.

"પણ હું ઘરમાં જઈને એકલો શી રીતે ઊભો રહું? પગમાં હિંમત નથી."

પત્ર પૂરો કરીને, પરબીડિયામાં બીડતાં બીડતાં શિવરાજ હસતો હતો : આખરે પુરુષ જ સ્ત્રી પાસે વધુ લાચાર છે ને!

ત્રીજે દિવસે કાંપમાંથી સરસ્વતીનો જવાબ આવ્યો. અક્ષરો ચીપેલા હતા. લખાણ ઠીક ઠીક લાંબું હતું :

"સ્ત્રીઓનાં દુઃખોની આટલી ઊંડી ઓળખાણ તમારામાં ક્યાંથી આવી? મને તો મારો ભૂતકાળ યાદ આવે છે. નારી-સ્વાતંત્ર્યનાં પોકળ બણગાં ફૂંકનારાઓ મને મળ્યા હતા. તેમને સ્ત્રીની સ્વતંત્રતા નહોતી જોઈતી; પારકી પરાધીનતામાંથી ખેસવીને તેઓ એકલા સ્ત્રીનો કબજો લેવા ઇચ્છનારા હતા.

"તમારા હાથમાં ન્યાયની ત્રાજૂડી આવી છે. ન્યાય જ્યારે જ્યારે નારીના ઉપર કઠોર દંડનું મણીકું મૂકે, ત્યારે તમે તમારી લાગણીને સામે છાબડે ચડાવજો. હાથ ધ્રૂજશે તો સ્ત્રીને પલ્લે ડાંડી નમશે.

"તમે મને ક્યાં ક્યાં લઈ જશો? મારે તો ક્યાંય ભમવાનું રહ્યું નથી. સોરઠનો રસ તો હું તમારા એકલામાંથી જ પી લઈશ.

"અને સ્ત્રી તો બીજું શું ઇચ્છે? એ એક જ વાત ઇચ્છે : પોતાના દેહપ્રાણ ઉપર સાચા પુરુષનો પરિપૂર્ણ કબજો.

"એ કબજો લેવા તમારા તમામ ઉમળકાની ફોજ લઈને જ્યારે આવી પહોંચશો ત્યારે હું કબજે થવા તૈયાર રહીશ.

"અત્યારે તો આંહીં અમારા જૂના બંગલાના — અને હવે તો તમારા બની ગયેલા બંગલાના — ચોગાનમાં તમારા સ્વાગતની સજાવટ થઈ રહી છે. આંહીંના લોકો તમને મૂંઝવી નાખવા ઘેલા બન્યા છે. મને તો એમના પર દાઝ ચડે છે."

આઠ જ દિવસમાં એ સ્વાગતનો સમારંભ આવી પહોંચ્યો. શિવરાજ પોલિટિકલ સેક્રેટરી પાસેથી પૂરી સમજ લઈને પાછો વળ્યો છે : એકાદ વર્ષમાં તૈયાર થઈ જજો. તમારે તમારા પિતાનું સ્થાન સંભાળવા સુજાનગઢમાં નિમાવાનું છે. દરબાર હજુ બાર

વર્ષના છે; દૂબળા અને ચસકેલ ભેજાના છે. કદાચ વિલાયત લઈ જવા પડશે. એટલે પૂરાં આઠેક વર્ષ સુધી તો ત્યાંનો વહીવટ તમને સોંપાશે, તમને પચાસ હજાર પ્રજાજનોનાં જાનમાલ સોંપાશે: તૈયારી કરવા માંડો.

નમણી સાંજ હતી, એથીય વધુ નમણી સરસ્વતી હતી. હંમેશ ઉઘાડે માથે રહેનારી અને અંબોડે ગુલાબનો ગોટો ચડાવનારી સરસ્વતીએ આજ સાંજરે પૂરે માથે સાડી ઓઢી લીધી છે. મેદની મળી છે. સુજાનગઢનાં ને કાંપનાં નરનાર ટોળે વળ્યાં છે. સભા ચાલે છે, ભાષણો થાય છે. બુઢ્ઢા ને જુવાનો એક જ વાત વારંવાર ઉથલાવીને સંભળાવે છે : અમને ન્યાયમૂર્તિ મળેલા છે, લાલચોમાં ન લપટાય તેવા; અરે, ખુદ પોતે અપરાધી હોય તો પોતાની જાતને પણ જતી ન કરે તેવા; ગરીબોના બેલી.

"અને સ્ત્રીઓના સગા વીર," એક શિક્ષિત સન્નારી બોલી ઊઠી, "પુરુષો, તમે હવે ચેતજો. ઘરને છાને ખૂણે પણ જો જુલમ કરશોને, જો રાતી આંખ કાઢશોને, તો શિવરાજસાહેબને અમે કાળી રાતે પણ જગાડી શકશું."

શિવરાજ જવાબ વાળવા ઊઠ્યો. એના ટાંટિયા થરથરતા હતા. એણે શબ્દોની શોધ કરતે કરતે હાથની બંને હથેળીઓ ચોળ્યા કરી. હાથ પાણી પાણી થતા હતા. અદાલતમાં વકીલો-પક્ષકારોને સમજાવતી વખતે જેની જીભ જરીકે થોથરાતી નહોતી તે જ શું આ માણસ! શબ્દો એને જડતા નહોતા.

"હું — હું — વધુ તો કહેવા માગતો નથી. ઇન્સાફના પંથ મેં હજુ પૂરા જોયા નથી. સ્ત્રીઓની દુનિયાથી તો હું હજુ છેક અજાણ છું —"

આંહીં એની ને સરસ્વતીની મીટેમીટ એક થઈ. એ જાણે કે મહામહેનતે હસ્યો :

"મને એક જ વાતની ખબર છે : મારા બાપુજીને પગલે પગલે હું ઇન્સાફને માર્ગે ચાલ્યા કરીશ — પછી એ માર્ગે ચાહે તે આવો!"

"બસ, બસ, એટલું જ અમારે સાંભળવું હતું." એક પ્રજાજને તાળીઓ પાડી. એના હજાર પડઘા એકાકાર બનીને સામેની એક ઊંચી દીવાલમાં અથડાયા.

એ દીવાલ શાની હતી? એ કાળો કોટ હતો.

આખા પ્રાંતની જબરદસ્ત જેલની એ પાછળી દીવાલ હતી.

દીવાલની અંદરના ભાગમાં, એ જ ઠેકાણે, ઓરત-કેદીઓની તુરંગો હતી. એમાંની એક તુરંગમાં અજવાળી બેઠી હતી. દીવાલને બારી કે બાકોરું કશું જ નહોતું. આંખો વગરના, નાકકાન વગરના, કોઈ અજાજૂડ અજગરનો જાણે એ ઇતિહાસકાળની પૂર્વેનો કોઈ અવતાર હતો.

પણ દીવાલની પાસે પારકા બોલનો પડઘો ઝીલી શકે તેટલું કલેજું હતું. એણે સિપાઈઓની પરેડના, કેદીઓના જંજીર-ખણકાટોના, મુકાદમોના હાકોટાના, તોફાની બંદીવાનનાં ઢીંઢાં ફાડતી સોટીઓના અને ઓરત-કેદીઓની કોઈ કોઈ વારની કાળી ચીસોના પડઘા ઝીલ્યા હતા.

આજે એ દીવાલે જુદા જ પડઘાનો ખૂમચો ભરી લીધો :

"મારા બાપુજીને પગલે પગલે હું ઇન્સાફને માર્ગે ચાલીશ — પછી એ માર્ગે ચાહે તે આવો!"

"ચાહે તે આવો!"

— અજવાળીને ખબર હતી કે આ પડઘા કોના મુખબોલના છે? અજવાળી જાણતી

હતી કે તાળીઓના નાદ કોના નામ પર લહેરાય છે? અજવાળીને કશી જ ગમ નહોતી. પાણીનું એક ગટકૂડું, પેશાબ-ઝાડે જવાનું એક કૂંડું, પહેરેગીરના એકસૂરીલા કદમો, કોઈ કોઈ તુરંગના તાળામાં ચેપાઈને ચીંકાર કરતી ચાવીઓ, અને વાતાવરણના ખાઉંખાઉંકાર — અજવાળીની સૃષ્ટિનાં એ સર્વ સંગાથી હતાં.

સભા વિસર્જન થઈ. શિવરાજ સરસ્વતીના પિતા મિ. પંડિતને ઉતારે ગયો. સરસ્વતીએ પૂછ્યું : "બોલતી વખતે તમારા ગળામાં સોસ કેમ પડતો હતો? ચહેરો શા માટે સાવ સુક્કો ને નિસ્તેજ પડી ગયો હતો?"

"કોણ જાણે કેમ, પણ હું જાણે કે મને પોતાને જ ફાંસીની સજા ફરમાવી રહ્યો હોઉંને, એવા મારા શબ્દો લાગતા હતા."

"વાહ! ગંદુ નહીં તો! એવું તે બોલાય? આવે મંગળ પ્રસંગે એવા વિચારો કેમ આવ્યા?"

"ખબર નથી પડતી."

જેલના બુરજ પર એ જ મિનિટે ડંકા પડ્યા. એક કૂતરું રડ્યું અને ચોથનો ચંદ્ર ઓલવાયો.

"આંહીં અમારી જોડે જ રાત ગાળશોને?" સરસ્વતીના પિતા પંડિતસાહેબે શિવરાજને પૂછી જોયું. સરસ્વતીના દિલમાં શરમની પાંદડીઓ પડી ગઈ. પોતે અંદર ચાલી ગઈ. એને બીક હતી કે બાપુજી કદાચ મારો પણ મત પૂછશે. બાપુજીને દુનિયાદારીનું કશું ભાન નથી!

"આંહીં એ ન રોકાય તો જ સારું." સરસ્વતીનાં ગાત્રો ડરની અસરમાં રેબઝેબ થતાં હતાં.

શિવરાજે પંડિતસાહેબની ક્ષમા માગી : "સુજાનગઢ જ જઈશ. ત્યાં બે બુઢ્ઢા નોકરો એકલા પડ્યા છે. એની સંભાળ લઈને કાલે પાછો આવીને અહીં જ જમીશ."

"હા આવજો — જો કબજિયાતનો રોગ હોય તો!"

"કેમ?"

"સરસ્વતીની રસોઈમાં મીઠું હજુ જુલાબ લેવા જેટલા જથ્થામાં નખાય છે. કેમ સરસ્વતી, ખરું ને?"

શિવરાજ કદાચ રોકાઈ પડશે એ બીકે ધ્રૂજતી સરસ્વતીએ પાછળની બારીએથી જોયું કે શિવરાજ ગાડીમાં બેઠો, ને એના શિરસ્તેદારે એક નેતરની સુંદર પીળી છાબડીમાં બાંધેલાં અર્ધફૂલસ્કેપ કાગળિયાંનો થોકડો સાહેબની સામેની બેઠક પર મુકાવી દીધો.

"આ શું?" શિવરાજે પૂછ્યું.

"આવતી કાલે લેવાના મુકદ્દમાના પેપર્સ છે, સાહેબ! આપને વાંચીને પછી સુનાવણીમાં બેસવાનો રસ આવશે."

"વારુ."

ગાડી ચાલી. સુજાનગઢ જવાની સડકની ડાબી બાજુએ અજવાળીની માનું ઘર આવ્યું. જમણી બાજુ અરધોક ગાઉ પરથી એણે ગોઝારા કોઠાની છાયાકૃતિ સૂર્યાસ્તની દિશામાં દીઠી. બોક્સ પર બેઠેલા કોચમેને પોતાની જોડમાં બેઠેલા સાથીને ગોઝારા કોઠા પ્રત્યે મૂંગી આંગળી ચીંધી. શિવરાજનું ધ્યાન, કોણ જાણે કેમ પણ, એ કાગળિયાંની થપ્પી ફરતી બાંધેલી લોહીવરણી ચામડાની પટી પર જ ચોંટી રહ્યું. અજવાળીનું ખોરડું ગયું તેની

એને સરત ન રહી.

સુજાનગઢના બંગલામાં પેસતાં જ એણે બુઢ્ઢા ચાઊસને પૂછી જોયું : "માલુજીને કેમ છે ?"

"બુખાર હૈ."

"કેટલોક ?"

"થોરા ! બિલકુલ કમતી, હાં સા'બ !"

પોતે માલુજીના ખાટલા પાસે ગયો. માલુજી ઘેનમાં હતા : શિવરાજે ઊંઘ સમજી લીધી.

"આરામ છે ? ઊંઘે છે ? તો તો ઊંઘવા દો, ચાઊસ !"

"હાં સા'બ."

સૂવાના ઓરડા તરફ જતાં જતાં બાજુના ઓરડામાં, પિતાના લખવાના મેજ પર, પેલી નેતરની છાબડી પડી હતી એમાંનાં કાગળિયાંની થપ્પીના લાલ પટા પર શિવરાજની નજર ગઈ. ગાડીવાળાએ ત્યાં સાચવીને મૂકી હતી.

સૂતાં પહેલાં વાંચી તો જોઉં — એમ વિચારીને શિવરાજ મેજ પર બેઠો. દોરી ખોલી અને પહેલી જ ફાઈલ હાથમાં લીધી. તેના ઉપરના શબ્દો જોઈ ચમક્યો :

*સરકાર વિ. બાઈ અજવાળી વાઘા.*
*બાળહત્યા બાબત. કમિટ કરવાનો કેસ.*

અક્ષરો પર શિવરાજની નજર સ્થિર ન રહી શકી. અક્ષરો અક્ષર મટી ગયા; એમાંથી આંખો, મોં, હાથ, પગ વગેરે માનવાકૃતિનાં અંગો રચાવા લાગ્યાં. 'બાળહત્યા' શબ્દ ભાષામાં બહુ સહેલાઈથી પેસી ગયો છે. પણ બધી જ આંખો એને એટલી સહેલાઈથી વાંચી નથી શકતી.

અજવાળી વાઘા : એ જ : એ જ : એણે બાળહત્યા કરી ! શિવરાજના પ્રાણનું તળિયું સળવળ્યું. આજ દસ મહિનાથી એ ભયની ભૂતાવળ પોતે મનની ઊંડી બખોલોમાં જોયા કરી હતી. એને પલે પલે અસ્વસ્થ બનાવનાર એ એક જ ફફડાટ હતો. ગઈ સાંજની જાહેર સભામાં એના શબ્દો કંઠમાં આવીને પાછા વળી ગયા હતા તે આ ભયના જ ભણકારને આભારી હતું. અજવાળી આવી પણ ગઈ ? એનો મુકદ્દમો શું મારે ચલાવવાનો છે ?

એણે પિતાના મેજ પર માતાની તસવીર દેખી. એ ઊઠી ગયો; સૂવાના ઓરડા તરફ ચાલ્યો. એની આંખે તમ્મર આવ્યાં. ઉંબરમાં જ એના શરીરે પડતું મેલ્યું. ધબકારો બહાર સંભળાયો. ચાઊસ અને રસોઇયો દોડતા આવ્યા. અચેતન શિવરાજને ઉપાડી પથારીમાં સુવરાવ્યો. દાક્તર આવ્યા, દવા કરી.

"કશું નથી; માનસિક થાક છે." કહીને એણે અર્ધજાગ્રત શિવરાજને હિંમત આપી.

"સૂઈ જવું છે, દાક્તર !" શિવરાજે એટલું કહીને પડખું ફેરવ્યું. અને દાક્તરે એના કપાળ પર હાથ ફેરવીને કહ્યું : "પંદર દિવસ સુધી પૂરો આરામ લેવો પડશે."

કાંપમાં ખબર પહોંચ્યા. પંડિતસાહેબ અને સરસ્વતી હાજર થયાં.

"આપણે બધાંએ જઈને એની હવા નથી બગાડવી, બેટા ! તું એકલી જ જઈ આવ." એમ કહી પંડિતસાહેબ બહારના રૂમમાં જ બેઠા.

ઓરડામાં પહેલું પ્રવેશ્યું સરસ્વતીનું હાસ્ય ને પાછળ સરસ્વતીના શરીરે પગ મૂક્યો, એવું હરકોઈને લાગે. સૂતેલા શિવરાજનું થાકેલું સ્મિત એના કદમોમાં વેરાયું. સરસ્વતી

સામી ખુરશીએ બેસી રહી, કશું બોલી નહીં. એની અબોલ દશા એક સંકેત સમ બની. માણસો ત્યાંથી હટીને ધીરે ધીરે બહાર નીકળી ગયા.

"કેમ છે ?" સરસ્વતીએ પૂછ્યું.

શિવરાજે વેદનામધુર મોં હલાવ્યું.

"હું નહોતી કહેતી ? કાલની સભાનો થાક છે. તમે બહુ ગંભીર બની જઈને બધી વાતો મન પર લઈ લો છો."

"કાંઈ નથી. બે દિવસમાં જ ટટાર બની જઈશ."

"હું રોકાઉં ? બાપુજીને પૂછું ?"

"ના રે ના, નથી જ રોકાવાનું."

"મારી દયા હવે કેટલાક દિવસ ખાશો ?"

"સાહેબ બન્યો છું એટલે ગુનેગારો પર રહમદિલ તો રહેવું જ જોઈશે ને ?" શિવરાજ હસ્યો.

"હજુ તો વાર છે. હજુ મેં આપસાહેબ ગરીબપરવરનો ગુનો નથી કર્યો."

"ગુનાનો સંકલ્પ તો કર્યો છે ને ?"

"એ જ ગુનો, એમ ને ?"

"બીજું શું ?"

"જુઓ તો ખૂબી ! ગુનાના ભાગીદાર પોતે તો ન્યાયાસને ચડી ઇન્સાફ તોળવા બેઠા છે !"

આ શબ્દ પણ શિવરાજને દ્વિઅર્થી લાગ્યા. સરસ્વતી શું ભેદ કળી ગઈ હતી ?

"બાપુજીને બોલાવોને અંદર." શિવરાજે પોતાનું રક્ષણ શોધ્યું.

થોડી વારે પિતાપુત્રી ચાલ્યાં ગયાં. શિવરાજની મનોવસ્થા સચેત થઈ, એટલે ફરી પાછા એના એ તાર કંતાતા થયા. દસ મહિના સુધી તોળાઈ રહેલી ભેખડ જાણે છેક આજે જાતી એના માથા પર ફસકી પડી. અજવાળીએ પાપ કર્યું હશે તે વાત ખરી. પણ પહેલું પાપ કોનું ? પાપની પહેલ કરનારો હું, તે જ ઊઠીને અજવાળી પર ન્યાય તોળવા — ન્યાય તોળવા કદાચ નહીં, કેમ કે આ તો કેસ ઉપલી કોર્ટમાં કમિટ કરવાનો હતો, પણ સાક્ષીપુરાવા સાંભળવા, કેસને કમિટ કરવાને પાત્ર ઠરાવવા, એટલે કે અજવાળીને ઉપલી અદાલતની આંધળી આંખો સામે ફગાવી દેવા — શી રીતે બેસી શકીશ ? બાપુજી જીવતા હોત તો આ મુકદ્દમો કેવી રીતે ચલાવત ? બાપુજીને પગલે ચાલવાની ગઈ કાલની પ્રતિજ્ઞા શું એક તમાશાની વસ્તુમાત્ર હતી ? 'મારું ગમે તે થાય !' — એ શબ્દોનો અર્થ શો હતો !

નહીં, નહીં; હું અજવાળીનો કેસ મારા હાથમાં જ નહીં લઉં; હું માંદગીની લાંબી રજા ઉપર ઊતરી જઈશ.

બપોરે શિરસ્તેદાર આવ્યા, તેમને શિવરાજે પોતાની ઇચ્છા જણાવી.

"અરે સાહેબ !" ચશ્માંને કપાળ પર ચડાવીને શિરસ્તેદારે કહ્યું, "આવો ઇન્ટરેસ્ટિંગ કેસ છે, આપને બહુ ગમ્મત પડત."

"નહીં શિરસ્તેદાર, થાણદારને કહો, એ ચલાવશે."

શિરસ્તેદારને શિવરાજ બેવકૂફી કરતા જણાયા. આવા 'ઇન્ટરેસ્ટિંગ કેસ'માં કેવી ઝબકી ઊઠવાની તક હતી ! સાહેબ તક ગુમાવે છે.

કુંવારા સાહેબ આવા રસિક કિસ્સાની વિગતોને માણવાનો કેવો લાગ ખુએ છે !

શુષ્ક ! વેદિયો ! કુંવારો ખરો ને !

"જેવી મરજી." કહીને શિરસ્તેદાર ગયા. શિવરાજનું હૃદય જાણે કોઈ અગ્નિજ્વાલામાંથી ઊગર્યું : ઓ પ્રભુ ! ગઈ કાલની મારી પ્રતિજ્ઞાનો ભંગ નહીં કરવો પડે. મારી જાહેર કર્તવ્યભક્તિ અને અંગત હિતબુદ્ધિ વચ્ચે નકામી અથડામણ ઊભી નહીં થાય. એ બાપડીને પ્રભુ બચાવી લે એ જ મારી તો પ્રાર્થના છે. બાકી તો જેવાં જેના તકદીર ! મારા જ દોષિત હાથે મારે એની બેહાલી કરવી ન પડી. વળી, મારો ન્યાયધર્મ પણ ચૂકવો ન પડ્યો : વાહ પ્રભુ ! કેવી તારી કૃપા !

## ૩૧. દયા આવે છે

"કોઈ બાઈ મળવા આવી છે."

"કોણ છે?"

"અંજુડીની મા છું, એમ કહે છે. મારી છોકરીને કેદમાં નાખી છે તેને માટે અરજ કરવા આવી છું એમ કહે છે."

"એમ મળવા અવાય કે?"

"મેં તો સાહેબ, એને ઘણું સમજાવ્યું કે સાહેબ પાસે આવી વાતો કરવા અવાય જ નહીં. પણ એ તો કહે છે કે મારી અંજુડીનું નામ પડશે ત્યાં જ સાહેબ મને બોલાવશે."

પ્રભાતની તડકીમાં લાઇબ્રેરીની ખુરશી પર બેઠેલા શિવરાજે મનોભાવ છુપાવ્યો અને ધર્મસંકટ અનુભવ્યું.

"ને કહે છે કે મને સરસ્વતીબહેને મોકલી છે." પટાવાળાએ ઉમેર્યું.

તોપણ શિવરાજે જવાબ ન વાળ્યો.

"સાહેબ, લંગડાતી લંગડાતી ઠેઠ કાંપને ગામડેથી આવી લાગે છે. કહો તો — જે કહો તે જણાવી દઉં."

નોકરને જવાબ વાળતાં પહેલાં શિવરાજ અકળાયો; પછી કહ્યું : "આવવા દે."

અજવાળીની માએ અંદર પગ મૂકતાં જ શિવરાજે ગળામાં રુઆબ રાખીને કહ્યું : "આ રીત સારી ન કહેવાય, બાઈ, આ તમે કાયદા વિરુદ્ધ કરો છો."

"ઈ તો મને ખબર છે, બાપા ! હું કાંઈ અણસમજુ નથી." અજવાળીની મા આંસુડાં લૂછતી લૂછતી ને કંપતી કંપતી કહેવા લાગી. "પણ બાપુ જીવતા હતા ને તયેં કાંપમાં બાપુ થાણદાર હતા તે ટાણે મારે આ અંજુડીના બાપની સાટુ બે-ત્રણ વાર બાપા પાસે જાવું પડેલું; ઈણે કેદીય ના ન'તી પાડી. કોઈની છોકરી આડે માર્ગે વળી ગઈ હોય, કોઈની બાયડી ધણીની મારપીટથી ભાગીને બાપાને શરણે દોડી ગઈ હોય, તો બાપા અચૂક આશરો આપતા. મને તો લોકોએ કહ્યું, કે બાપાના જેવું જ ગરીબની દાઝ રાખનાર તમારું — ઇમના દીકરાનું — હૈયું છે. ને વળી કાલ સાંજે સરસ્વતીબેન રસ્તે મળ્યાં. મને અગશર લગતાં શીખવાડતાંને ભાળ્યું, ઈ બોન. ઈની પાસે મારાથી મૂઈથી રોઈ પડાણું, ને ઈ તો આખી વાત સાંભળીને કે', કે ડોશલી, બસ, તું હાલ ને હાલ ઘડી શિવરાજસા'બ પાસે જા — છોટાસા'બ પાસે જા — ને હું પણ સવારે આવી પોગીશ. એટલે મેં આ હરમત કરી બાપા, કે ઓલ્યા કાગળ જે હું તમ પાસે વંચાવી જાતીને, ઈ તો કોઈક બનાવટી કાગળ હતા. અંજુડીને તો બચાડીને

ક્યાંય ધણીબણી મળ્યો ન'તો. ઈ તો મંબીમાં ક્યાંક રઈ'તી."

એને વધુ વાત કરતી અટકાવવા શિવરાજે કહ્યું : "હેઠાં બેસો, બાઈ, બોલો શું કહેવું છે ?"

"બીજું તો કશુંય નહીં, બાપા ! પણ આ મારી અંજુડી અગાઉ કેદીય રેઢિયાળ નો'તી, હો ! માણસો ખોટું આળ ચડાવે છે, હો ! આ તો કોણ જાણે કેમ કરતાં ભૂલ થઈ ગઈ ને કોને ખબર છે, એમાંય વધુ વાંક કોનો, મારી અંજુડીનો હશે કે આગલા જણનો ? તેય પણ અંજુડીને ઘરનો આશરો નો મળ્યો — કાળી રાતે એને ઘર બહાર કાઢી — ત્યારે જ મારી અંજુડી ક્યાંક ભેખડે ભરાઈ ગઈને, બાપા ! નીકર ઘરમાં મારી આગળ હતી ત્યાં લગણ મારી અંજુડીએ આંખ પણ ઊંચી કરી છે ? પણ તેદુની અધરાત, વરસતો મે, પવનના સુસવાટા, એના બાપને ચડેલો કાળ : બધુંય ભેળું થયું, ને મારી છોકરીનાં પગલાં શેરીમાં પાછાં વળ્યાં. ઈ પગના ધબકારા તો હું બળીને મસાણે રાખ થઈ ગયેલ મેંથી શે ભુલાશે, બાપા !

"અને અંજુડી પાછી આવી તયેંય એના બાપે શા બોલ કાઢ્યા, ખબર છે, બાપુ ? કહ્યું કે બહારનાં આણેલાં આંહીં જણવા બેઠી છો, તે લાજતી નથી ? કેટલાંક મોઢાંમાં અમે રોટલો મૂકશું ? દાણાની કોઠિયું ચાવી જાનારી વેજા આંહીં શીદ લઈ આવી છો ? — આવાં વેણ સાંભળનારી જુવાન દીકરીને કાળજે શી શી છરિયું ફરી ગઈ હશે, વિચારો તો ખરા, બાપા ! અને એવી ઝાળ્યુંની દાઝેલી એ પશુડી શું કરી બેઠી હશે, એનું એનેય થોડું ભાન રહ્યું હશે ! અંધારી રાતે ભેંકાર ગોઝારે કોઠે ગઈ હશે તયેં એનો આત્મો તો ખદ્‌ખદી હાલ્યો હશે ને ! સવાર પડશે તો બાપ ગજબ ગુજારશે એવી ભે લાગી હશે, તયેં જ ને ! નીકર કાંઈ મા જેવી મા ઊઠીને... તમને તો શું કહું બાપા, સમજદાર છો. પણ જનેતાનું હૈયું તો જનેતા જ સમજે હો ! ને મારે માથે તો વીતી ગઈ છે. પણ મારી અંજુડીને મેં જીવતી રાખી, કારણ કે મારો બાપ નિરદયાળુ નો'તો."

બાઈ બોલતી ગઈ, રડતી ગઈ, આંખનાં પાણી લૂછતી ગઈ, શિવરાજના પગમાં માથું નમાવતી ગઈ. શિવરાજ સ્તબ્ધ જ રહ્યો.

"અને ભગવાને જો ધ્રોપદીની ધા સાંભળી'તી તો મારી ધા શું નહીં સાંભળે ? અટાણે મારી અંજુડી ક્યાં હશે, શું કરતી હશે, ઈ વિચારે રાતે મારો જીવ ચડી જાય છે ને સા'બ, એટલે પછી આંખ એક મટકુંય મારતી નથી — સવારોસવાર જાગતી પડી હોઉં છું. કાગડા બોલે એટલે કામે લાગું છું. બીજું શું કરું, બાપા ?"

શિવરાજની લાગણીઓ એની ન્યાયાધીશ તરીકેની કર્તવ્યબુદ્ધિના પાળા તોડવા લાગી હતી. એણે મોં પર કરડાઈ ધારણ કરીને બાઈને કહ્યું : "તમારે આંહીં આવવું જોઈતું નહોતું. મેં પણ તમને બોલ-બોલ કરવા દીધાં એ ભૂલ થઈ છે. હું તો તમને મળત જ નહીં; પણ આ તો હું મળ્યો, કારણ કે તમારી દીકરીનું કામ મારે નથી ચલાવવાનું."

"હેં ? — તમે નહીં ચલાવો, બાપા ?" બાઈ તો બાઘી બની ગઈ. "તમે દયાળુ મારી અંજુડીનો કેસ નથી ચલાવવાના એમ કેમ કહો છો ? હેં !"

"હું બરાબર કહું છું. થાણદારસાહેબ ચલાવશે ને પછી રાજકોટ મોકલવી હશે તો મોકલશે."

"અરે ભગવાન ! અરે રામ !" બાઈ ભાંગી પડીને ભોંય પર બેસી ગઈ : "મેં આઠ પો'ર ઈશ્વરને વીનવ્યો, કે ભગવાન, ભલો થઈને છોટાસા'બને રાજકોટથી પાછા વાળજે.

કારણ, તમે તો જાણો છો બાપુ, થાણદારસા'બ આવી બાબસ્તા હોય તયેં જુવાન બાઈયુંને માથે બઉ કંટા બને છે."

"એવું ન બોલાય આંહીં — મેં ન કહ્યું તમને?"

"ના બાપુ, હું એનો કાંઈ વાંક નથી કાઢતી; ઈ તો કાયદો જેમ કે'તો હોય એમ જ કરે ને?"

થોડી વાર ચુપકીદી છવાઈ.

પછી શિવરાજે કહ્યું : "હું તો કેસ ચલાવવાનો નથી, પણ બનશે તો હું થાણદાર-સાહેબને આ બધી બાબત લખી જણાવીશ."

"તો તો તમે જ મારા પ્રભુ. મારી અંજુડી અને હું બેય આખો ભવ તમારી માળા ફેરશું, મારા બાપ!"

"ઠીક, હવે જાવ."

"તમારી અમર કાયા થાવ. તમને નવ નધ ને આઠે રધ મળજો. કેવું મન છે! લોક કંઈ ખોટું કહે છે? — બાપાના જેવું જ કૂણું મન છે."

કહેતી કહેતી બાઈ પગથિયાં ઊતરી, અને થોડી વાર થંભીને હાથ જોડી બોલી : "મારાથી વધુઘટુ કાંઈ બોલાઈ ગયું હોય તો હાથ જોડું છું હો, બાપા! માનું હૈયું ખરું ને? એનું કાંઈ ઠેકાણું કહેવાય?"

"સારું, માડી, જાવ હવે."

"મને માડી કહી!" અંજુની મા સ્તબ્ધ બનીને વળી એક પળ થંભી, ફરી પાછી બોલી : "મારી અંજુડી તમ જેવી ભણેલીગણેલી તો થોડી છે? પણ જોજોને, છૂટશે એટલે તરત તમને એની ઠરેલી આંતરડીનો કાગળ લખશે. ઈ તમારો ગણ નહીં ભૂલે."

"નહીં નહીં, એવું કશું એણે નથી કરવાનું. જાવ હવે."

અજવાળીની મા હજુ કશુંક રહી ગયેલું કહેવા જતી હતી, પણ પટાવાળાએ એને હાથ ઝાલીને બારણા બહાર દોરી.

વળી પાછી બારણા સુધી જઈને ભીની આંખે એ ઊંચે જોઈ રહી. ત્યાં શિવરાજની માતાની જુવાનીની તસવીર હતી. તેને એણે સરસ્વતીની તસવીર સમજી લીધી, ને હસવું આણીને કહ્યું : "લોકોમાં તો વાતું થાય છે કે છોટાસા'બનાં લગન થવાનાં છે. સારું, સારું, માડી! માતાજી અમીની છાંટ નાખે! વરવહુ વચ્ચે સદાય લીલી ને લીલી હેતપ્રીતની વેલ્યું વધે. સાચું સોનું, ખરું ધન તો ઈ જ છે ને, ભાઈ! ખમા તમને."

શિવરાજ કશોક જવાબ વાળવા મથ્યો પણ એ ન બોલી શક્યો. એણે ફક્ત હાથ હલાવીને આ બાઈને વિદાય થઈ જવાનું જ કહ્યું ને એકલો પડતાં એ વિચારી ઊઠ્યો :

"શું ખોટું છે? ન્યાયના નિયમનો ભંગ કર્યા વગર જો હું આ માદીકરીનો મેળાપ કરાવી દઈ શકું, તો એમાં ઈશ્વરનો કયો અપરાધ થઈ જવાનો? હું પોતે તો હિંમત નહીં કરી શકું. ન્યાયાસન પર બેઠાં બેઠાં મારા જ અપરાધનો બત્રીસો બનનાર છોકરી મારાથી જોઈ શકાશે નહીં. એટલે એક માર્ગ છે. થાણદારના હૃદયમાં દયાના શબ્દો મૂકું, મા-દીકરીની દુર્દશા સમજાવું. એ હવે પેન્શન પર ઊતરવાની તૈયારીમાં છે. છેલ્લું એક દયાનું કામ કરવાની એ ના નહીં પાડે. મને જોઈને કદાચ અજવાળી ઉશ્કેરાશે તો? મારો અપરાધ ઉઘાડો પાડશે તો? અને કદાચ હું હસી કાઢીશ ત્યારે માલુજીને બોલાવશે તો? —"

માલુજીનું નામ યાદ આવવાની સાથે જ એણે ચાઊસને સાદ કર્યો, "ચચા!" એ

ચાઊસના ખોળામાં ખેલતો ત્યારથી "ચચા" શબ્દે સંબોધતોઃ "ચચા, માલુજીભાઈને કેમ છે ?"

"અચ્છા હૈ. બદન ઠંડા હૈ — હાં, ઠીક હૈ — નીંદ કર રહા હૈ —"

આગલા દિવસથી માલુજી નીંદ જ કરી રહેલ છે તેમ એનું શરીર ઠંડું છે, એ સમાચારથી શિવરાજ વહેમાયો. એ માલુજીની પથારી પાસે ગયો. માલુજી જીવનની નીંદમાં નહોતા, મૃત્યુના ઘારણે ઘોટેલા હતા. એ કાંઈ નસકોરાંની બંસી નહોતી બોલતી, ગળાનો હરડિયો આખરી બુમરાણ બોલાવતો હતો.

"ચચા !" શિવરાજે બૂઢા ચાઊસની સામે માથું ધુણાવ્યું. હાથ માલુજીના કાંડાની નાડ પર હતો. "ચચા, માલુજીની આખરી નીંદ છે આ તો."

ચાઊસે જોયું કે જોડી તૂટી ગઈ. બાળક જેવો ચાઊસ કશું બોલી ન શક્યો. જલભરી આંખે એ ત્યાંથી ખસી ગયો ને બાજુના ખંડમાં જઈ એણે ફાતિહા પઢવા માંડ્યું.

માલુજીના શબને સ્મશાનમાં આગ મૂકીને પછી શિવરાજ સૌના કહેવાથી પાછો ફર્યો. એના ગમગીન અંતરમાં એક પ્રકારની રાહત હતી : બાપુની પાછળ તલસી તલસી બાપડા જીવ કેટલાંય વર્ષો સુધી પીડા પામત. તે કરતાં શાંતિથી છૂટી ગયા. મારે તો છત્ર ગયું, પણ એનો આત્મા ઠેકાણે પડ્યો.

ઉપર પ્રમાણેના શબ્દો શિવરાજના તાળવામાં ગોઠવાતા હતા. એ શબ્દો એના ગળામાં ઘૂંટાતા હતા. શા માટે એ ઘૂંટી રહ્યો હતો ? કોઈક બીજા શબ્દોને બોલતા રોકવા માટે. એ બીજા શબ્દો ટૂંકા જ હતા : 'હું બચી ગયો.'

સાંજે બાગના મોરલા કળેળ્યા એટલે શિવરાજે જાણ્યું કે પિતાપુત્રી આવી પહોંચ્યાં. પણ આવનાર એકલા પંડિતસાહેબ જ હતા. માલુજીનો ખરખરો કરીને પંડિતસાહેબે સરસ્વતીના ન આવવાનું કારણ સમજાવ્યું :

"એણે તમને ઘણાં આશ્વાસન કહેવરાવેલ છે. એ તો આજે ઘેરાઈ ગયેલ છે. પેલી ખેડૂતની છોકરી બાળહત્યાના કેસમાં પકડાઈ છે તેનો બચાવ કરવાનો મોટો કોલાહલ આખા શહેરમાં ઊઠ્યો છે. ગામનાં સ્ત્રીપુરુષોનું એક ડેપ્યુટેશન સરસ્વતી પાસે પહોંચ્યું છે. સરસ્વતીને ખૂબ પુષ્પો ચડાવી રહ્યા છે : તમે આ બાઈને બચાવોઃ આ કેસ છોટાસાહેબે જ ચલાવવો જોઈએ : છોટાસાહેબ એક તમારું જ કહ્યું માનશે !"

શિવરાજનું મોં લચેલ આંબાડાળ જેવું નીચું ઢળ્યું, પણ તુરત એણે પંડિતસાહેબના નવા શબ્દો સાંભળ્યા : "ને બીજી તૈયારી એ ખેડુની છોકરીના અપરાધના સાચા જવાબદાર પુરુષનો પત્તો લગાવવાની ચાલે છે."

શિવરાજ હેબતાયો.

"પણ કાયદો એ પુરુષને તો અપરાધી ઠરાવી જ નથી શકતો ને !" શિવરાજ આ શબ્દો બોલ્યો ત્યારે એના દાંતની ડાકલી વાગી. એના લલાટે સ્વેદનું ઝૂમખું બાઝ્યું.

"એ તો મેં સરસ્વતીને સમજાવ્યું. પણ બધા લોકોની તેમ જ સરસ્વતીની જીદ છે, કે કાયદો ભલે કશું ન કરી શકે, એ દુષ્ટને અમે દુનિયાની દેવડીએ નૈતિક સજા અપાવીશું — વગેરે વગેરે ભાંજગડમાં સરસ્વતી તો પડી ગઈ છે. અને તમારી પાસે એ ગામના ડેપ્યુટેશનને લઈને કાલ સવારે વિનંતી કરનાર છે કે અદાલતમાં આ કેસ પર તમે જ બેસો."

શિવરાજ નિઃશબ્દ રહ્યો. પંડિતસાહેબે વાતવાતમાં કહ્યું : "લોકોને જેનો વહેમ પડ્યો છે તે ભાઈનું નામ સાંભળતાં તમે ચમકશો."

શિવરાજના કલેજા પર કાળ-ડંકા પડ્યા. હમણાં જ આ ભાવિ સસરાજી જાણે મારા મોં પર તિરસ્કારનો તમાચો લગાવીને ઊઠી જશે. એના ડોળા નિશ્ચલ બન્યા.

"પેલો તમારો રામભાઈ — છાપાના બાતમીદાર વકીલ 'મહારાજ'નો દીકરો!"

"હોય નહીં!" શિવરાજને નવું આશ્ચર્ય ચમકાવી રહ્યું.

"લોકો વાતો કરે છે કે જે રાત્રિએ અજવાળી અદૃશ્ય થઈ તે જ રાત્રિથી એ રામભાઈનો પત્તો નહોતો. છેક આજે જતો એ પાછો આવ્યો છે. ને, ઓછામાં પૂરું, લોકોના આ પોકારમાં એનો બાપ શામિલ થયો નથી એટલે લોકસંશય દૃઢ થયો છે."

"પણ રામભાઈ! રામભાઈને તો હું ઓળખું. એ કદી એવું કરે જ નહીં."

આ શબ્દો બોલનાર શિવરાજના અંતરનો એક ગુપ્ત ખૂણો ગલીપચી અનુભવી રહ્યો હતો. પોતે વધુ સલામત બન્યો છે. લોકસંશય બીજી જ દિશામાં વહી રહેલ છે. ફિકર નહીં. વાહ પ્રભુ! કેટલી તારી કરુણા!

પણ રામભાઈ આવ્યો છે? એ મને મળવા આવશે તો? અને આ વાત નીકળશે તો? વાત નીકળે કે ન નીકળે, પણ રામભાઈને આ બધી લોકવાયકા તો બે જ દિવસમાં બદનામ કરી મૂકશે. અપરાધ મારો, અને એ નિર્દોષ જ માર્યો જશે! રામભાઈ સાદરામાં જઈને પ્રેક્ટિસ કરતો હતો, એ સૌ જાણે છે. પણ એ તો ગયો હતો બાપથી રિસાઈને; એ ભયાનક રાત્રિના અપરાધ સાથે એને કશો જ સંબંધ નથી.

ને મૂળ પુરુષ — અપરાધીનો પત્તો લગાવવા ઊતરેલી સરસ્વતી ક્યાંક મને પકડી પાડશે તો? ખુદ અજવાળી જ એને મોંએ કબૂલ કરી નાખશે તો? મારા સંસારનાં ઘડિયાળાં વાગી જશે. હું ક્યાં જાઉં? કયા એકાંતમાં લપાઉં? મારે પાછળથી દગલબાજ ગણાવું પડે તે કરતાં અત્યારથી જ જવું જોઈએ.

શિવરાજ એ વિચારે ઘૂમતો હતો ત્યારે પંડિતસાહેબ આરામખુરશી પર લાંબા પગ કરીને સિગાર પીતા પીતા આંખો મીંચી ગયા હતા.

"મારે આપને કંઈક કહેવું છે." શિવરાજના એ શબ્દોએ પંડિતસાહેબને જાગ્રત કર્યા.

"હું — હું પણ તમને કહી નાખવાના વિચાર ગોઠવતો હતો, કે હવે તો મારો છુટકારો કરો બેઉ જણાં, એટલે હું ઓચિંતો મરું તોપણ આ માલુજીના જેવું મૂંઝાતું હૃદય લઈને મરવું ન પડે."

આ શું? પંડિતસાહેબ માલુજીના હૃદયની મૂંઝવણ જાણતા હશે! શિવરાજ ચીથરાંને પણ સાપ સમજી ભડકવા લાગ્યો. હવે તો પ્રકટ કરી જ નાખવું જોઈએ. એણે શરૂ કર્યું :

"મારે પણ આપને એને જ લગતી બાકી રહેલી બાબત કહી દેવી છે. થોડા વખત પર મેં આપને મારા એક વખતના જુવાન અસીલની મુશ્કેલીની વાત પૂછેલી — યાદ છે?"

"હા."

"એ વાત કોઈ અસીલ-મિત્રની નહોતી; મારી પોતાની જ હતી."

લાંબા થઈને પડેલા પંડિતસાહેબે ધીરેથી આંખો ખોલીને શિવરાજને દૃષ્ટિમાં લપેટી લીધો. પાછી એણે આંખો બંધ કરી.

"હાં, પછી?"

"આ અજવાળીવાળો જ એ કિસ્સો — એનો અપરાધી હું છું!"

પાંચ મિનિટની ચુપકીદી પડી. પંડિતના કપાળ પર કરચલીઓનાં ગૂંચળાં વળ્યાં.

"શાના અપરાધી ?" ડેપ્યુટીએ મીંચેલ પોપચે જ પૂછવા માંડ્યું.

શિવરાજે ઉત્તર ન આપ્યો.

"બાઈને બાળક રહ્યું તેના અપરાધી તમે જ છો, ને બીજા કોઈ જ નથી એમ તમે કહી શકો છો ? શા આધારે કહી શકો છો ? બાઈ કેટલો વખત તમારી સાથે હતી ?"

"એક દિવસ."

"તે પછીના દિવસોની એની સીધી ચાલચલગત વિશે તમને ખાતરી છે ?"

"ના, જી." શિવરાજે જ્યાં ભૂકંપ ઊઠવાની ધાસ્તી સેવેલી ત્યાં પોતાના રક્ષણની જ કિલ્લેબંદી થતી જાણી.

"તમને પાકી ખાતરી છે કે એણે પોતાનું બાળક મારી નાખ્યું છે ?"

"ના, જી."

"ને એને જો બાળક હતું, બાળકને જો એણે મારી નાખ્યું હોય, તો તે બાળક તમારું જ હતું એવું તમે ખાતરીથી કહી શકો છો ?"

"ના, જી. એમ તો નહીં, પણ આ છોકરી અસલ તો સારી —"

"વેદિયા ન બનો. તમે પોતે કશું જ ચોક્કસ જાણો છો ?"

"ના, જી. હું કહી નથી શકતો."

"ફક્ત અનુમાનોનાં વાદળમાં ગૂંચવાઓ છો ? અને એ અનુમાનને જોરે તમે આ છોકરીનો મુકદ્દમો ચલાવવાની ના પાડો છો ? ભાઈસાહેબ, તમે તો એ બાપડીને આજથી જ અપરાધી ગણી બેઠા છો — એનો ન્યાય પણ તોળાયા પહેલાં."

"એ ખરું !"

"તમે તમારી જાતને પણ અન્યાય આપી રહ્યા છો. માનો કે કદાચ છોકરીએ પોતાના બાળકની હત્યા કરી હોય, તો એ હત્યાના ગુનેગાર તમે કઈ રીતે બનો છો ?"

"મેં એને એ સ્થિતિમાં ઉતારી..."

"કબૂલ, એ જે થયું તે ઘણું બૂરું કામ થયું, પણ એ બૂરાઈને તે પછી આ બાઈએ આચરેલી બૂરાઈ સાથે શો સંબંધ છે ? તમારી એ બૂરા કામમાં સહાનુભૂતિ હતી ?"

"તોબાહ ! તોબાહ !"

"તમે એનો ત્યાગ કર્યો હતો ? તમે એને દુનિયાની દયા પર ફગાવી દીધી હતી ? તમે એને કદી પૈસા વિનાની રઝળાવી હતી ? એને છોકરું આવ્યું હોય તો છોકરાનું ભરણપોષણ એ ન કરી શકે તેવી સ્થિતિમાં શું તમે એને છોડી દીધી હતી ?"

"ના, જી. એમ હવે મારાથી ન કહી શકાય."

"તો પછી એણે કરેલી બાળહત્યામાં તમારો હાથ છે એમ તમે કયા ન્યાયે કહી શકો છો ? એણે જો હત્યા કરી જ હોય, તો એના હેતુઓ જુદા જ હોવા જોઈએ. એ હેતુઓ ને એ કારણો જોડે તમારે કશી જ નિસબત નથી."

"પણ... પણ મારી નૈતિક જવાબદારી."

"નૈતિક જવાબદારી ? એ નૈતિક જવાબદારીના વેદિયાવેડાથી તો હું હવે ત્રાસી ગયો છું. ઓરતના પ્રત્યેક દુરાચરણને માટે જવાબદારી પુરુષની — એ બધા લાગણીવેડાનો અંત જ નથી. કાયદા અને ઇન્સાફનો પાયો એક જ વાતમાં છે કે ગુનો કરે તે ગુનેગાર. બીજી લપછપ શી વળી ?"

"ત્યારે તો આપનું એમ માનવું છે કે..."

"મારું માનવું આમ છે," પંડિતસાહેબ ઊઠીને ટટાર થઈ બેઠા બેઠા બોલ્યા, "રૂ આખોય મામલો અતિશય શોચનીય છે, તિરસ્કારને પાત્ર છે. પણ એ બાઈએ જો ગુનો કર્યો જ હોય, ને તમે એ ગુનામાં બિલકુલ કશું જાણતા ન હો, તો એના કરેલા ગુનાને માટે તમે બિલકુલ જવાબદાર નથી. તમારે તો તમારી ફરજ અદા કર્યે જવાની છે. શા માટે નહીં? તમે આમાં સંડોવાયેલ વ્યક્તિ છો માટે? કાંપ જેવા નાના શહેરમાં, અરે, રાજકોટમાં ને મુંબઈમાં પણ, ન્યાયાધિકારી એક યા બીજી રીતે અનેક મુકદ્દમાઓમાં સંડોવાયેલ વ્યક્તિ નથી હોતા શું? એનાં સગાં-સ્નેહી-સંબંધીઓને લગતા કેસો એમની પાસે નથી આવતા શું?"

"પણ મને ડર..."

"ડર? શાનો ડર? જાહેર પ્રજાનો? એ ડર તો આ કેસ ઉપર બેસવામાં નહીં, પણ નહીં બેસવામાં છે. તમે આજે સ્મશાને પણ ગયા ને જો અદાલતમાં નહીં બેસો તો લોકો વધુ ગુસપુસ નહીં કરે? કારણો નહીં કલ્પે?"

"પણ એ છોકરી મને જોઈને..."

"છોકરી જો ગુનેગાર હોય, ને આજ સુધી જીભ ચૂપ કરીને બેઠી છે, તો મને લાગે છે કે છેવટ સુધી ચૂપ જ રહેવાની."

શિવરાજ જાણે કોઈ બંધિયાર જગ્યામાં પુરાયેલો હતો તેમાંથી ખુલ્લી હવામાં આવ્યો.

"અને," પંડિતસાહેબે ફરી પાછા ખુરશી પરથી ઊઠીને પૂછ્યું, "મારો પણ કંઈ વિચાર કરશો ને!"

"જરૂર."

"તો બસ, મારી માગણી આટલી જ છે : તમારી ફરજ અદા કર્યે જાઓ."

"એક બીજા માનવીનો પણ વિચાર કરવાનો રહે છે." છેવટ સુધી પોતાનું હૃદયસંશોધન કરતા રહેલા શિવરાજે થોડી વારે કહ્યું.

"કોણ બીજું?"

"જેનું નામ પણ આ કિસ્સામાં લેતાં પાપમાં પડાય છે તે સર...સ્વતીબાઈ."

"સરસ્વતીને વળી આમાં કાં સંડોવો, ભાઈસાહેબ?"

"એ મૂળ અપરાધીની શોધ કરે છે એમ આપ કહો છો. કેસ ચાલ્યા પહેલાં જ એને સાચો પત્તો મળે તો? તો મારો ન્યાય એને કેવો લાગશે? છોકરી છૂટી જાય તો એ તો માનશે કે મેં જ મારો અપરાધ છુપાવવા એને છોડી. ને છોકરીનો કેસ હું કમિટ કરું તો તો તે પછી અમારાં બેઉનાં જીવનમાં શો રસ રહેવાનો?"

એના શબ્દોમાં ગદ્ગદિત ઊર્મિઓ હતી. છતાં પંડિતસાહેબે તો શુષ્ક અધીરાઈ ધરીને કહ્યું : "પાણી આવ્યા પહેલાં જોડા શીદ ઉતારો છો? બીજી લપ છોડો, કાયદેસર ફરજ બજાવો!"

કહીને ડેપ્યુટી ઊઠ્યા ને જતાં જતાં કહેતા ગયા : "ભલા થઈને આ બધું સરસ્વતી આગળ બબડશો નહીં. મારા આખરી દિવસોને માથે છૂરી ફેરવશો નહીં. વેદિયાવેડા છોડો, હવે જિંદગીમાં જવાબદારી લેવાની છે."

બંગલાના કમ્પાઉન્ડને દરવાજે શોર સંભળાયા :

"છોટાસાહેબની જય! ન્યાયની જય! ગરીબની જય!"

એ જયઘોષણા કરનારું એક નાનું એવું સરઘસ-શોખીન ટોળું હતું. મોખરે સરસ્વતી

હતી. દરવાજો ઉઘાડો હતો. બૂઢો ચાઊસ અંદર દાખલ થતી સરસ્વતી સામે હાથની અદબ કરીને ઊભો રહ્યો.

શિવરાજ બેઠો હતો ત્યાં, પિતાજીના પુસ્તકાલયના પુનિત ખંડમાં, વગર સંકોચે ટોળું દાખલ થયું.

"અમે અરજ કરવા આવ્યા છીએ." ટોળાનો આગેવાન બોલ્યો, "આપ ન્યાયાસન પર બેસો. એક મહાન અન્યાય થતો અટકાવો."

"અમે આપને પાલખીમાં બેસાડી ઉઠાવીને લઈ જવા તૈયાર છીએ." બીજાએ પોતાના ખભા થાબડ્યા.

શિવરાજે સરસ્વતીની સામે સૂચક નજર કરી. સરસ્વતી શિવરાજ સામે તાકી રહી.

"નહીં તો, સાહેબ!" ટોળાના આગેવાને કહ્યું, "સાચો ગુનેગાર છટકી જશે. જેના વાલેશરીએ આટલાં વર્ષો સુધી અમારાં લોહી પીધાં છે, આબરૂદારોને જગબત્રીશીએ ચડાવી ચડાવી ધૂળ મેળવેલ છે એ..."

"તમે આવું બોલવા આવ્યા હો તો મારાથી સાંભળી શકાશે નહીં." શિવરાજે બોલનારા કોના પર સંશય લઈ જાય છે એ સમજી જઈ આંખના ખૂણા તપાવ્યા.

"સાચું, સાહેબ! માફ કરો. એને બોલવાનું ભાન નથી." ટોળા માંહેલા એક જડભરત ખેડૂતે આગેવાન તરફ આંગળી કરી : "ગમે ઈ હોય. જે હશે તેની — મા'રાજ હશે કે મોટો ચમરબંધી હશે તેની — નાનાસાહેબ ખબર લઈ નાખશે."

"પણ તમારાથી આમ કોઈનું નામ ન દેવાય." શિવરાજ આ ટોળાના વધુ પડતા ડહાપણનું પ્રદર્શન ન સાંખી શક્યો.

"તો ખુશીથી, સાહેબ! અમો ભૂલ્યા. અત્યારથી મા'રાજનું નામ નથી દેવું. જીભ કચરીએ છીએ." ત્રીજાએ પણ એની એ જ વાત કરી. શિવરાજે 'હસવું ને હાણ્ય' બેઉ ભાવ જોડાજોડ અનુભવ્યા. પોતે મનમાં ને મનમાં લજ્જિત બન્યો. ડેપ્યુટીસાહેબ પંડિત કહી ગયા હતા કે દેવકૃષ્ણ મહારાજના દીકરા અને પોતાના બાળભેરુ રામભાઈ ઉપર જ આ લોકશંકાની વાદળી ઘેરાઈ ગઈ હતી. નિર્દોષ રામભાઈનો બાપને પાપે બત્રીસો ચડી રહેલ છે, ને પોતે સાચો અપરાધી સલામત બેઠો બેઠો ન્યાયાસનનો પરમ રક્ષણહાર મનાઈ રહેલ છે! શી બલિહારી!

"તમે સૌ જાઓ. હું મારાથી બનતું કરી જોઈશ." શિવરાજના એ જવાબે ટોળાને ઉઠાડ્યું. નીકળતાં નીકળતાં ટોળાએ નાના સાહેબની ને ન્યાયની બેવડી બુલંદ જયઘોષણા બોલાવી. ટોળાને યાદ ન રહ્યું કે સરસ્વતી રોકાઈ ગઈ છે. તેઓ સ્ટેશનયાર્ડમાં આવી પહોંચેલી આગગાડીને પહોંચવા દોટ કાઢીને વિદાય થયા.

સરસ્વતીને લઈ જવા તો મોટરગાડી બહાર હાજર થઈ ચૂકી હતી.

એણે શિવરાજને ખુલાસો કર્યો : "હું ટોળાની સરદારી લઈને નથી આવી. મારે તો મારા તરફથી જ તમને વીનવવા છે. રામભાઈ તમારો મિત્ર છે. અજવાળીનો બાપ આખા ગામમાં બરાડતો ફરે છે કે એક વાર કોરટનું કામ ચાલવા તો દો, ખરો ગુનેગાર કોણ છે તેની હાંડલી હું કોરટમાં અભડાવી દેવાનો છું. છોકરીની વાંસે વાંસે વરસ દિવસથી ફરનારા અને છોકરી ગઈ તે જ રાતે અલોપ થઈ જનારા એ માણસને હું છતો કરી દઈશ."

"એટલે કે રામભાઈ?"

"હા, એ તમારા દોસ્તને બચાવી લેવા માટે જ તમે માંદા પડી ગયા છો એમ

ચણભણ થવા લાગ્યું છે."

શિવરાજ લાલ બની રહ્યો. એની આંખો ધુમાડા છાંટતી હતી.

સરસ્વતી શિવરાજની નજીક ગઈ, કોઈ ન જોઈ જાય તેમ એના હાથનાં આંગળાં ઝાલ્યાં ને એણે કહ્યું : "એક નિર્દોષ બાઈ બચી જશે તો... તે..."

"તો શું ?"

"તો આપણા —"

"કહો, કહો."

"આપણા સંસારનું મંગળ શુકન થશે." એ નીચે જોઈ ગઈ, અને એના કાનના મૂળ સુધી ગુલાબી લોહીની ઝાંય પથરાઈ વળેલી શિવરાજે જોઈ. એ અરુણોદય પ્રેમનો હતો. શંકાહીન, નિષ્પાપ પ્રેમની એ પ્રભાતપાંદડીઓ હતી.

કહી દઉં, બધું જ પાપ ઠાલવી નાખીને આ નિષ્પાપને મારી છૂપી શયતાનિયતનો પંજો અડે તે પૂર્વે નાસી છૂટવાની તક આપું — શિવરાજ તલપી ઊઠ્યો, પણ જીભ તાળવે ચોંટી રહી. એના રુધિરહીન ગાલ જળવિહોણાં બે સરોવરો શા ભયાનક બની રહ્યા.

"આટલા શુભ શુકનની લહાણ મને મારા શુભ સૌભાગ્યને સારુ થઈને લેવા દો."

એની લાચાર આંખો દયામણી નજરે નિહાળી રહી.

"પણ — પણ..."

"મને અપશુકન ન કરાવો, હા કહો, વહા —" 'લા' અક્ષરનું ઉચ્ચારણ એ ન કરી શકી. પહેલી જ વાર એ બોલ એની જીભે ચડ્યો અને શિવરાજનું અંતર શતધા ભેદાયું.

"પણ કાયદો કાયદાનું કામ કરશે."

"કાયદો ને દયા બેઉ."

'દયા' શબ્દે શિવરાજના લમણાં વીંધી નાખ્યાં. કોણ કોની દયા કરશે ? જલ્લાદ તો હું પોતે જ છું. અંતરમાં ઊથલપાથલ થઈ રહી. લમણે હાથ ટેકવી, આરપાર નીકળેલા શલ્યના છિદ્રને દબાવી, પોતાના મસ્તકનું રુધિર ફૂટી નીકળતું ખાળતો હોય તેમ તે બેઠો, ને બે જ મિનિટમાં વિચાર-ઘટમાળના સેંકડો ઘડા ભરાઈ ભરાઈને એના અંતરમાં ઠલવાયા.

બરાબર છે. અજવાળીના અટપટા કિસ્સામાં શકનો લાભ આપવાના પૂરતા સંયોગો છે. કાયદાની ચાર મર્યાદાઓની બહાર તો મારે જવાનું નથી. અજવાળીએ ગુનો કર્યો હોય યા ન કર્યો હોય, મારે તો મારી સામે પડનાર જુબાનીઓ અને પુરાવાઓ પૂરતા જ જવાબદાર રહી દોષિત કોણ એટલું જ નક્કી કરવાનું છે. બાળકને એણે જ માર્યું છે, કે એ મરેલું જ અવતર્યું છે કે પછી બાળક પોતાની જાતે મૂઉં છે, એટલું જ મારે જોવાનું છે. લાંચિયો થાણદાર એ નહીં તપાસે; એ તો ખાટકી જ બનશે. આખરે બહુ બહુ તો મારે તો કેસ કમિટ જ કરવાનો રહેશે ને ! હું મારા હાથ ધોઈ નાખીશ. મારે માથે કયો અપરાધ આવવાનો છે ?

ઘણો સમય ગયો. સરસ્વતીએ ફરી એક વાર શિવરાજનાં આંગળાં પર પોતાનાં આંગળાંની દાંડી પીટી. જવાબમાં શિવરાજે કહ્યું : "ભલે, જાઓ, હું જ કેસ ચલાવવા આવીશ."

હર્ષનો ઉન્માદ સરસ્વતીને હડી કઢાવી મોટર સુધી લઈ ગયો. મોટરનો ઘરેરાટ સંભળાયો ત્યાં સુધી શિવરાજના કાનમાં સરસ્વતીનો સ્વર ગાજતો રહ્યો : 'કાયદો અને દયા બેઉ !'

## ૩૨. અદાલતમાં

"હલ્લો! હલ્લો! મિસ્ત્તર રામભાઈ!" જેલની ઓફિસમાં બેઠેલા ખ્રિસ્તી જેલરે ત્યાં આવનાર જુવાનનો આંખને એક મિચકારે સત્કાર કર્યો.

"તહોમતદારણ અજવાળીનો હું વકીલ છું. મને મુલાકાત આપશોને?" જુવાને વગર સંકોચે પૂછ્યું.

"બેશક, વિના વિલંબે! તમે સારું કર્યું. બરોબર વખતસર જ આવી પહોંચ્યા! કેટલું બ્યૂટિફુલ! ઓહ, ને એ પણ કેટલી બ્યૂટિફુલ!" બોલતા બોલતા જેલરે દસ વાર આંખો ફાંગી કરી.

"નન ઓફ ધેટ સ્ટુપિડ નોન્સેન્સ, સર! (આવી કશી નાદાનીની મોજ માણવા હું નથી આવ્યો.) મને મુલાકાત કરાવો." યુવાને ગંભીર બનીને ઠંડો દમ ભીડ્યો.

"ધેટ્સ રીઅલી એ સેન્સ!" કહીને જેલરે અજવાળીને અંદરની તુરંગમાંથી તેડાવી. આવેલી અજવાળીએ નાક સુધી પાલવ ઢાંક્યો હતો.

"તું મને ઓળખે છેને, અજવાળી?" મીઠા અવાજે જુવાને પૂછ્યું.

"મારે કોઈને ઓળખવાની જરૂર નથી."

"હું રામભાઈ. હું તારો બચાવ લડવા આવ્યો છું."

"મારે કાંઈ નથી લડવું. મેં કાંઈ નથી કર્યું. મને શીદ સંતાપો છો બધા?"

"બસ, તેં કશું જ નથી કર્યું એમ હું પણ માનું છું."

અજવાળીને અજાયબી થઈ. પોતાને નિર્દોષ માનનાર જગતમાં બે જણાઃ એક મા ને બીજો આ માનવી! મશ્કરી તો નથી કરતો? અજવાળીએ માથા પરથી પાલવ ઊંચો કર્યો. રામભાઈનું બાળપણથી પરિચિત મોં : નાનો હતો ત્યારથી બાપનાં ખેતર-વાડીઓમાં આવતો હતો. અજવાળી અને પોતે બેઉ ભેગાં બોરડીનાં બોર વીણતાં. મોટપણમાં બાપ મારતો–સતાવતો, ત્યારે રામભાઈ જ અજવાળીની મા પાસે આવી દિલાસો દેતો. એ મોં એનું એ જ હતું. અજવાળી બળતરા કાઢતી અટકી ગઈ, મૌન ધરીને બેઠી.

"જો, અજવાળી! હું જાણું છું કે તારી આ દશા તારા બાપે કરી છે. તું નિર્દોષ છે. તું ફક્ત આટલું જ કરજે : આજે અદાલતમાં તું એક જ જવાબને વળગી રહેજે કે, મેં એ નથી કર્યું, હું કાંઈ નથી જાણતી. કહીશ ને?"

અજવાળીએ 'હા' કહી ત્યારે એની આંખના ગર્તો ઊંડી બખોલો જેવા લાગ્યા. એમાંથી દેવતા ઓલવાઈ ગયો હતો.

રામભાઈએ વિદાય લેતા લેતા કહ્યું :

"હું હમણાં જ કોર્ટમાં આવી પહોંચું છું હો, અજવાળી!"

એ ઘેર ગયો ત્યાં ચૂપ જ રહ્યો. નાહીધોઈ, જેવુંતેવું જમી, કોઈને કહ્યા વગર એ અદાલતમાં પહોંચ્યો.

અદાલતના ચોગાનના દરવાજા બહાર કોઈ તમાશો જોવા મળી હોય તેટલી ગંજાવર ઠઠ હતી. તે દિવસે મિલમાં અણોજો હોવાથી મજૂરો ઊમટ્યા હતા; ને કેમ્પના ખેડુપરાના લોકો પણ, અગિયારશનો વાર છોટાસાહેબે આ કેસ ચલાવવાનો ઠરાવ્યો છે તેથી રાજી થઈને, દોડ્યા આવ્યા હતા.

ટોળાથી છેટેરી એક ઓરત ઊભી હતી. એના હાથમાં પિત્તળની ટોયલી હતી. એ અજવાળીની મા હતી. લોકો એની સામે આંગળી ચીંધી અનેક કટાક્ષો કરતા હતા. એમાંનો એક આ હતો : 'મા તેવી દીકરી !'

અગિયાર વાગ્યાને અદલ ટકોરે બે ઘોડાની ગાડી પાણીના રેલા પેઠે આવી પહોંચી. બંકી ગરદન ડોલાવતા અશ્વોએ દરવાજામાં પ્રવેશ કર્યો. અંદર એકાકી બેઠેલા ન્યાયાધિકારીની ફૂટતી મૂછો મજૂરો-ખેડૂતોની આંખોને મુગ્ધ કરી રહી. આવડો નૌજવાન ન્યાયાધીશ જનતાએ અગાઉ જોયો ન હતો. નમણું મોં નિસ્તેજ હતું. 'માંદા માંદા પણ છોટાસાહેબ ન્યાય તોળવા આવ્યા. જોયું, ભાઈ ? રાંડ બાળહત્યારી ડાકણનું આજ આવી બન્યું જાણજો. હો કે !' — આવી વાતો લોકોમાં થઈ રહી.

પોતાની ખાનગી ચેમ્બરમાં પ્રવેશ કરતાં શિવરાજે બાજુથી જ જેલ સાથે અદાલતને જોડતા રસ્તા પરથી એક ખડખડાટ હાસ્ય સાંભળ્યું, અને નજર કરીને ત્રાસેલો હોય તેમ એકદમ ચેમ્બરનાં બારણાંમાં પેસી ગયો.

એ હાસ્ય અજવાળીનું હતું. પોલીસ-પહેરા વચ્ચે એ ચાલી આવતી હતી. એનાં લૂગડાં અસ્તવ્યસ્ત હતાં. એના વાળની લટો વીખરાયેલી હતી. પોલીસ-હવાલદારે ઉધરસનું ઠસકું ખાતે ખાતે પહેરેગીરો સામે મિચકારો કર્યો. પોલીસોએ ધીરે સાદે અંદર અંદર ટીકા કરી : "રંડી કી બડાઈ તો દેખો, બડાઈ !"

પાછલે દરવાજેથી એને આરોપીના પીંજરા આગળ લઈ જવામાં આવી.

"માડી ! અંજુડી !" નજીકથી કોઈ બોલ્યું. બોલનાર અજવાળીની મા હતી. "લે, આટલું દૂધ પી લઈશ ?" એમ કહીને એણે પોતાના ફાટેલા પાલવમાં સંતાડેલી નાની ટોયલી બહાર કાઢી, ત્યારે હવાલદારે કહ્યું : "એ બુઢ્ઢી ! જરાક શરમા તો ખરી. આંહીં શું તું તારી છોકરીને સાસરે વળાવવા આવી છો ? આઘી મર."

કશું જ બોલ્યા-ચાલ્યા વગર મા દીકરીની સામે નીરખી રહી, ને પછી ધીરે ધીરે એણે ટોયલીમાંથી ધોળું ધોળું દૂધ ધરતી પર ઢોળી નાખ્યું. એની બેઉ આંખો પણ સાથે સાથે આંસુડાં ઢોળી રહી. અજવાળી તો માની સામે પણ જોયા વિના જડતાની મૂર્તિ જેવી ઊભી રહી. એના મોં ઉપર દિગ્મૂઢતાભરેલું સ્મિત હતું.

પાંજરા પાસે આવીને એ નીચે બેસી ગઈ. એનાં કપડાંમાં પણ એને મણીકાભરેલો ભાર લાગ્યો. એના વાળમાં જાણે વનજંગલોનો સામટો બોજો હતો. એનાં હાડકાંમાં જાણે સીસાનો રસ સિંચાયો હતો.

આગલો દરવાજો ઊઘડતાંની વાર જ ટોળાએ અંદર ધસારો કર્યો. આ મુકદ્દમો ઘણા ખાનદાન મનાતા માણસોને પણ ખેંચી લાવ્યો હતો. ધસારાની ભીંસાભીંસમાં એમાંના કેટલાયની પાઘડીઓ પડી ગઈ, કેટલાકની કાછડીઓ છૂટી ગઈ, કેટલાકની કેડ્યના કંદોરા ઢીલા થઈ ગયા. આગલી બેઠકો માટેની પડાપડી ત્યાં મચી રહી. બેઠેલી અજવાળી સામે આંગળી ચીંધી ગુસપુસ અવાજે લોકોનો પ્રલાપ ચાલ્યો, ત્યાં તો પટાવાળાનો લાંબો તીક્ષ્ણ સિસકારો સંભળાયો. ચેમ્બરનું દ્વાર ઊઘડ્યું. ન્યાયાધિકારી દાખલ થયા, લોકો ઊભા થયા, ચુપકીદી છવાઈ ગઈ.

ન્યાયાસનની ગાદી પર એ શરીર ઝટપટ સમાઈ ગયું. એના બિરાજવામાં છટા નહોતી. ઊંચે એણે જોયું નહીં. શિરસ્તેદારે સામે મૂકેલાં કાગળિયાંમાં એની આંખો ખૂંતી રહી. ઊંચે અવાજે બોલવાની હામ એણે ગુમાવી હતી. આરોપીનું નામ પોકારવા એણે

આસ્તેથી જ આજ્ઞા કરી. પોલીસે અજવાળીને પગની ઠેસ મારીને ઉઠાડી પાંજરામાં પેસાડી.

આરોપીની સામે નજર સરખી પણ કર્યા વગર શિવરાજે ચાર્જશીટનું ઉતાવળું વાચન કર્યું.

"બાઈ અજવાળી, બાપનું નામ વાઘા, જાતે કુંભાર, તા. અમુકના રોજ મધરાત પછી જાતે તારા બાળકની હત્યા કરી, તેને ગોઝારે કોઠે ઘાતકીપણે મૂકી આવવાનો તારા પર આરોપ છે. ઈશ્વરને માથે રાખીને બોલ, તેં મજકૂર ગુનો કર્યો છે કે નહીં ?"

આ બધું જ શિવરાજે નીચે મોંએ વાંચી નાખ્યું. અજવાળીને એ કાંઈ સંભળાયું નહીં. કશું બોલ્યા વિના એ ઊભી રહી. ત્યાં શિરસ્તેદારે એને ઘાંટો પાડીને પૂછ્યું : "બોલ, બાઈ, ઈશ્વરને માથે રાખીને બોલ. તેં આ ગુનો કર્યો છે કે નહીં? સાહેબ પૂછે છે તેનો જવાબ દે."

"ના, મને ખબર નથી." આરોપીએ એટલું બોલતાં બોલતાં પીંજરામાંથી પોતાનું હાડપિંજર શિવરાજની સામે ધસતું મૂક્યું ને માથું ધુણાવ્યું. પોતે કાંઈક મોંમાં વાગોળતી હોય તેવી તરેહથી એનાં જડબાં એકબીજા સાથે ભરડાયાં.

"જોઈને રાંડ ?" પ્રેક્ષકોએ અંદર અંદર વાતો કરી. "છે ને મિજાજનું ઘોયું ! લાજતી નથી ને ગાજે છે. જોયું, ઉછાળા કેવા મારે છે ! એવી છોકરી મારે હોય તો ગળકી જ ન ભીંસી નાખું ! ભોંમાં જ ભંડારી દઉંને ! આંહીં ને આંહીં માથું ફાડી નાખું, હો કે !"

પછી પોલીસ પ્રોસિક્યૂટર ખડા થયા. "નામદાર કોર્ટ !" એ શબ્દોથી શરૂ કરતાં એણે પોતાના યુનિફૉર્મના ડગલાનાં ચકચકિત બટનો પર આંગળીઓ ફેરવી.

"નામુકર જનારી આ ઓરતે પોતાના નવા અવતરેલા બાળકને, એ બાળક હરામના હમેલનું હોવાથી, ગળકી દબાવીને ગૂંગળાવી માર્યું છે. તે પછી ગુનો છુપાવવા માટે એણે આ બાળકની લાશનો એક ભયંકર જગ્યાએ નિકાલ કરી નાખ્યો છે. તે અપકૃત્ય બન્યું છે. ઓરતજાતને લાંછન લગાડનારું ઘાતકી કામ આ આરોપીએ કર્યું છે. મારી પાસે તેના તમામ પુરાવા છે. પુરાવા સચોટ છે તેની હું નામદાર કોર્ટને ખાતરી કરાવી આપીશ. નામદાર કોર્ટને તાબેદાર અરજ કરે છે કે મારા સાક્ષીઓની જુબાની લેવી શરૂ કરે."

"સાક્ષીઓને બોલાવો."

પહેલો સાક્ષી પોલીસ-હવાલદાર કાંથડ હતો. એના પગનાં બ્લેકિંગ લગાવેલાં કાળાં તોતિંગ બૂટ ચમચમ્યાં. એક આખું સસલું શેકીને ખાઈ જાય તેટલું પહોળું એનું મોં હતું. એની પીળી પાઘડીની કિનાર પસીને રેબઝેબ હતી. બાકીનો પસીનો એના યુનિફૉર્મને ઉપસાવતી મોટી ફાંદ પર પડતો હતો — જે રીતે મોટા શિવલિંગ પર જળાધારી ચૂતી હોય છે.

એણે લખાવ્યું : "અમુક અમુક દિવસની સવારે કુંભારણ બાઈ કડવીએ મને ખબર આપ્યા કે ગોઝારે કોઠે એક મૂએલું છોકરું પડ્યું છે. ત્યાં જઈ, છોકરું કબજે લઈ ફોજદારસાહેબના હુકમથી હું દાક્તરસાહેબ પાસે લઈ ગયો. એ જ દિવસે બપોરે મેં કુંભારણ બાઈ કડવી અને તેના ધણીની જુબાનીઓ લીધી, ને મને ફોજદારસાહેબે કુંભારપરાના ઘરે ઘરે જઈ તાજી સુવાંવડી કોણ કોણ ઓરત છે તેની તપાસ કરવા ફરમાવ્યું. પરિણામે ઓરત અજવાળી એક જ મને એ હાલતમાં માલૂમ પડી. મેં પછી એને પરહેજ કરી દાક્તરી તપાસ માટે દવાખાને મોકલી."

"બસ, નામદાર !" કહેતા પ્રોસિક્યૂટર બેસી ગયા.

એ જ ક્ષણે બાજુની ખુરસીમાંથી એક જુવાન ઊભો થયો. એને જોતાં જ શિવરાજનાં નેત્રોમાં ચમક આવી. એ ચમકમાં આશા હતી કે ધાસ્તી? આશા અને ધાસ્તીનાં ભરતી-ઓટ હતાં. શિવરાજે શિરસ્તેદાર સામે જોયું. શિરસ્તેદારે કહ્યું : "બચાવના વકીલ છે, સાહેબ!"

જુવાન વકીલ રામભાઈએ ધીરા, પોચા અવાજે, ક્ષોભ પામતે પામતે, હવાલદારની ઊલટતપાસ આદરી :

"તહોમતદારના ઘરથી ગોઝારો કોઠો કેટલેક દૂર હશે?"

"અરધો-પોણો માઈલ."

"એ રસ્તો કેવોક કહેવાય?"

"ઉજ્જડ, કાંટાળો ને ખાડાખડિયાવાળો."

"ગોઝારા કોઠાની નજીકમાં કોઈ બીજી વસ્તી છે?"

"પાછલી કોર ચારસોક કદમ છેટે વેડવાં વાઘરાંના પડાવ છે."

"તો તમે ત્યાં નજીકમાં તપાસ કરવા ન ગયા ને અરધો-પોણો માઈલ આઘે રહેતી આ તહોમતદારણને ઘેર કેમ ગયા?"

"કેમ કે ગોઝારા કોઠાની ઓલી કોર આપણી હદ નથી, સુજાનગઢની હદ છે."

અદાલતમાં જાણે જનતાનો એકસામટો શ્વાસ હેઠો બેસતો સંભળાયો. શિવરાજનું આગલું શરીર ટટ્ટાર થયું. રામભાઈ વકીલનું મોં શાંતિથી મલક્યું.

બીજા સાક્ષી આવ્યા દાક્તર, જેના ડગલાના ગજવામાંથી સ્ટેથોસ્કોપની રૂપેરી ભૂંગળીઓ કોઈ બે નાગણીના જીભના લબકારા જેવી ડોકાતી હતી. તે ઊભા થયા. તેમનો શપથવિધિ થઈ ગયો. તેને પ્રોસિક્યૂટર પ્રશ્ન પૂછતા ગયા તેમ તેમ ટંકશાળના સિક્કા સમા જવાબો તેમની જીભમાંથી પડતા ગયા.

"આપે એ બાળકની લાશ તપાસી છે?"

"હા જી."

"આપની દાક્તરી તપાસમાં શું માલૂમ પડ્યું હતું?"

"બાળકનું મેં પોસ્ટમોર્ટમ કર્યું હતું, તેમાં તેને ગૂંગળાવીને મારવામાં આવ્યું હોય તેવી તેનાં ફેફસાંની નળીઓની સ્થિતિ માલૂમ પડતી હતી."

"બાળકને આપે તપાસ્યું ત્યારે તેનું મોત થયે કેટલો વખત થયો હશે?"

"અડતાળીસેક કલાકથી વધુ નહીં."

"વારુ, સાહેબ!" પ્રોસિક્યૂટર વારંવાર અજવાળીના સામે તીણી નજરે તાકતા હતા ને પછી શિવરાજ સામે જોઈ મોં મલકાવતા હતા.

"બાળકને અવતર્યે કેટલો વખત થયો હોય તેમ આપને લાગેલું?"

"બસ, ત્રણેક દિવસથી વધુ નહીં."

"બરાબર. પછી આપે આ સામે ઊભેલી ઓરતને તપાસી હતી?"

"હા જી."

"શું માલૂમ પડેલું?"

"એના ગર્ભાશયની સ્થિતિ એવી હતી કે એણે તાજેતરમાં બાળકને જન્મ આપ્યો હોવો જોઈએ."

"પત્યું." કહીને પ્રોસિક્યૂટર પરમ સંતોષની નજરે ચોમેર પ્રેક્ષકો સામે જોતા જોતા બેસી ગયા.

"હેં દાક્તરસાહેબ!" જુવાન વકીલ રામભાઈએ દાક્તરની ઊલટતપાસ માંડી : "આ ઓરતને આપે બરોબર તપાસેલી, ખરું? વારુ. ને આપને માલૂમ પડ્યું કે એણે તાજેતરમાં જ બાળકને જન્મ દીધો હશે, ખરું? હવે હું પૂછું છું કે તાજી સુવાવડી ઓરત, સુવાવડ આવ્યા પછી બાર અથવા ચોવીસ કલાકની અંદર માઈલ-અડધો માઈલ ખાડાખડિયા ને કાંટાવાળો ઉજ્જડ રસ્તો રાત્રિએ ચાલીને તેટલું પાછી આવી શકે ખરી?"

"ના જી." ડોક્ટરની જબાન જરીકે થોથરાયા વગર ચાલી ગઈ.

"તયેં હાંઉ! જીવતા રો', મારા બાપ!" એવો કોઈ અવાજ પ્રેક્ષકોમાંથી સંભળાયો, ને તત્કાળ પટાવાળાનો સિસકારો થયો. ચમકેલા પહેરેગીરોએ પાછળ જોઈને કહ્યું : "ચૂપ રે', એઈ ડોશી! ઈધર કોરટ હે, દેખતી નહીં?"

બોલનાર ડોશી અજવાળીની મા હતી. એના તરફ ફરીને પ્રેક્ષકોએ હસાહસ કરી મૂકી. ન હસ્યા માત્ર બે જણા : ન્યાયાધિકારી અને એ નૌજવાન વકીલ. પ્રોસિક્યૂટરના મોં પર ચીડ ચડી બેઠી. શિવરાજ જે નીચું મોં ઘાલીને જ બેઠો હતો તેની ગરદન ઊંચી થઈ, એના સૂકા ગાલમાં સુરખી રેલાઈ. એના ડૂબતા હૃદયને જાણે ભેખડ લાધી.

"બસ, નામદાર!" કહીને રામભાઈ બેસી ગયો.

શિવરાજની છાતીમાં ઓચિંતું જોર ઊછળ્યું.. તેણે ટટાર ગરદન કરીને ડોક્ટરને સવાલ પૂછ્યો : "એ તો ખરુંને દાક્તર, કે તમે તો તમારી સામાન્ય પ્રચલિત પદ્ધતિથી આ પરીક્ષા કરી હતી. એ દાક્તરી સાધનો કદી ખોટાં પડે જ નહીં, એમ તો નહીં ને?"

"નહીં જ નામદાર, દાક્તરી સાધનો ખોટાં પણ પડે છે."

"આ બાળક જન્મ્યા પછી કેટલુંક જીવ્યું હશે?"

"એક કલાક."

"એટલે હજુ એની જિંદગી પૂરેપૂરી સ્વતંત્ર ન પણ બની હોય."

"સંભવ છે, નામદાર."

"એટલે કે આ બાળકની કમનસીબ માતા, એ ગમે તે હો, એણે એ બાળકનો જન્મ છુપાવ્યા કરતાં વધુ અપરાધ — બાળકને મારી નાખવાનો અપરાધ — સંભવ છે કે, ન પણ કર્યો હોય. ખરું?"

"ખરું, નામદાર! બાળક કુદરતી જ મૃત્યુ પામ્યું હોય એમ પણ બનવાજોગ છે."

દાક્તર બેસી ગયા. આવી જુબાનીની અસર લોકો પર ઊંધી થઈ. ટોળાની સહાનુભૂતિ .અજવાળી તરફ ઢળી પડી.

તે પછીની શાહેદ કુંભારણ બાઈ કડવી લીંબા ઊભી થઈ. એણે તો પ્રશ્ને પ્રશ્ને પોતાની જીભ પૂરપાટ વહેતી મૂકી દીધી :

"હં અં! તયેં નહીં? મરને મને પરમેશર એક વાર નહીં ને દસ વાર પૂછે! હું કાંઈ બીતી નથી. મેં તો જેવું ભાળ્યું હશે એવું કહીશ — ધરાર કહીશ. મને તેદુની રાત બરોબર સાંભરે છે. હું તો ત્રણ પેઢીની વાતુંય ભૂલતી નથી. મારી ટીલડી ગા માંદી પડી. એને પેટપીડ ઊપડી'તી. ધનો ભરવાડ પણ રોગ નો વરતી શક્યો. પછે તો બાપા, ભૂતડીના કાંથડ ભગતનો દોરો મંતરાવવા મારા ધણીને મેલવો જ પડે ના! દાગતરું ને દવાઉં કરતાં ભગતનો દોરો શું ખોટો? પણ ઈને મેલ્યા પછે મને કાંઈ નીંદર આવે? ઈ છે બેક અપલખણા — જાય ત્યાં ગુંદરની ઘોડે ચોંટ્યા રે'. હું એનાં લખણ બરોબર જાણું ને! હું તો બેઠી જ રહી, વાટ જોતી જ રહી. એમાં વીજળીનો ઝોકાર અજવાસ થયો. માડી

રે! ચાળીસને માથે પસ્તાળીશ વરસની હું થઈ. મારો જલમ પંચોતરા કાળમાં; તે દી કે' છે કોગળિયાનો રોગચાળો હાલતો. આટલાં વરસ મેં કાઢી નાખ્યાં. કંઈક ચોમાસાં જોયાં. કરોડું વીજળિયું જોઈ નાખી. પણ આ અજવાસ તો કોઈ નોખી જ ભાતનો — જાણે બીજો સૂરજ ઊગ્યો! આ એમાં મારી નજર ગોઝારે કોઠે મંડાણી ને મેં મારી સગી આંખ્યે ભાળ્યું : બરાબર આ અજવાળી પોતે જ — બીજું કોઈ હોય તો મારી આંખ્યુંમાં ધગધગતા સૂયા પરોવી દઉં — ઈ પંડે જ ગોઝારા કોઠાની પોલ્યમાં કાંક મેલતી'તી. સવાર સુધી મારી આંખ્યુંએ મટકું ન માર્યું. મોંસૂઝણું થયા ભેળી જ હું ગોઝારે કોઠે ધોડી. જઈને જોઉં તો તો છોકરું! બીજું શું હોય? હોય જ નહીં ને! લૂગડામાં વીંટાઈને પોટો પડ્યો'તો, માડી! ધરતીને માથે પાપ કાંઈ થોડાં ખડકાણાં છે! આભ તૂટી પડતો નથી ઈ તો બાપા, તમ સરખાને ધરમે. હા, હું તો સાચું કહેનારી છું. મર આગલાને કડવું ઝેર લાગે. મારું નામ જ કડવી ને!"

પ્રેક્ષકોની હસાહસ થંભતી નહોતી. શિવરાજે માથું નીચું ઢાળ્યું હતું.

રામભાઈ ઊલટતપાસ માટે ઊઠ્યો.

"જુવો, કડવીબાઈ! તમારે ને આ અજવાળીના બાપને આગલી રાતે કાંઈક વઢવાડ થઈ'તી એ સાચું?"

"સાત વાર સાચું. વઢવેડ શું — હું તો એને કાચો ને કાચો ખાઈ જાઉં, ખબર સે?"

"તમે ભાડે રહો છો તે એનું જ ઘર છે ને?"

"મફત કાંઈ નથી રે'તાં અમે; દૂધે ધોઈને અમાસે અમાસે રૂપિયા બે દઈએં સયેં."

"તમને એણે ખોરડું ખાલી કરવા કહ્યું હતું ને?"

"હા, ને મેંય ઈને રોકડો જવાબ પરખાવ્યો'તો કે ખોરડું ખાલી કરતાં પે'લાં તો હું તારાં લૂગડાં નહીં ઉતારી લઉં?"

પ્રોસિક્યૂટરને ધ્રાસકો પડ્યો. આ શાહેદને પોતે ક્યાંથી હાજર કરી એનો એને પસ્તાવો થયો. એણે એકાએક ઊઠીને વચ્ચે પૂછ્યું : "નામદાર, બચાવના વકીલ શું એમ સૂચવવા માગે છે કે શાહેદે એના અસીલની ઉપર કિન્નો લેવા માટે જ આ તરકટ મચાવ્યું છે?"

"બરાબર છે; એ જ સૂચવવાનો મારો આશય છે."

"શું બોલ્યો?" કડવી કુંભારણે રામભાઈ તરફ પોતાનો હાથ લંબાવ્યો, "તું મને ખોટાડી ઠરાવછ! તું મારા ગોઠણ જેવડો મને ગલઢી આખીને — તું મારા ઉકરડા ખૂંદનારો, મારા ખેતરની વાડ્યેથી ચીભડાં ચોરનારો તું —"

"બાઈ, શાંતિથી જવાબ આપો. આંહીં કજિયા ન કરાય. " શિવરાજે કડવીને શાંત પાડી.

"હાં જુઓ, બાઈ કડવી!" શિવરાજે પૂછ્યું, "ગોઝારો કોઠો તમારા ઘરથી પા ગાઉ જેટલો તો છેટો હશેને?"

"ઈ તો બાપા, તમેય ક્યાં નથી જાણતા? તમેય દા'ડી ત્યાં નીકળતાને!"

એ દિવસોની યાદે શિવરાજના હૃદયને મોસંબી-રસ કાઢવાના સંચાની માફક પીસ્યું.

"વારુ. તમારી નજર શું હજુ એટલી બધી લાંબે પડે છે, કે તમે ત્યાં ઊભેલું માણસ જોઈ શક્યાં?"

"ઠીક છે બાપા, તમારે પરતાપે નજર તો લાંબી પડે છે હજી. ખાધેપીધે સુખિયાં છીયેં. ઘી, ગોરસ, દૂધ, દહીં..."

"હાં, ઠીક ત્યારે જુઓ, તમે કાંથડ હવાલદારને તો ઓળખો છો ને?"

"ઈને શું, ઈની માનેય ઓળખું છું, સા'બ! કાંથડ તો મારી આગળ છોકરું હતો."

"ત્યારે જુઓ, આ સામે બારણું છે ને તેની પાસે ત્રણ જણા ઊભા છે, એમાંથી કાંથડ હવાલદાર કયા?"

"કયો? કાંથડ ને? એ જોવોને, આ — આ — ઓલ્યો છેલ્લો ઊભો છે ઈ."

અદાલતમાં હસાહસ ચાલી. કડવીએ ખોટો માણસ દેખાડ્યો. કડવીને બેસારી દીધી.

"ચોથો શાહેદ : ઇસ્પિતાલનો જુવાન હાઉસ-સર્જન. સવાલ-જવાબ ચાલ્યા :

"બાઈ અજવાળીને લાવવામાં આવી ત્યારે તમને એની સ્થિતિ કેવી લાગેલી?"

"ચાર-પાંચ દિવસની સુવાવડી હોય તેવી."

"શા પરથી એમ માન્યું?"

"એણે શરીર તપાસવાની ના પાડી અને —"

"અને શું?"

"એ મારી ગરદન પકડવા દોડી, ને પછી બેભાન બની ગઈ."

"સબૂર," શિવરાજે પૂછ્યું, "એની શરીર-તપાસની પરવાનગી દાક્તરે મેજિસ્ટ્રેટ પાસેથી મેળવી હતી?"

પ્રોસિક્યૂટરે માથું ખજવાળ્યું. એ મૂંઝાઈને શાહેદ તરફ ફર્યા; જવાબ ન દીધો. શિવરાજે શાહેદને પૂછ્યું :

"તમે ક્વૉલિફાઈડ ડૉક્ટર છો કે?"

"હા જી."

"તો તો તમને ખબર હોવી જોઈએ કે મેજિસ્ટ્રેટની રજા વગર કોઈપણ ઓરતનું શરીર, એની મરજી વિરુદ્ધ તમારાથી તપાસી શકાય નહીં."

"હા જી."

"ને તપાસો તો તમને સખત સજા થાય."

"હા સાહેબ."

"એટલે કે તમે એને નહોતી તપાસી?"

"ના સાહેબ."

"બેસી જાવ."

એ કરડાઈમાં ને કરડાઈમાં એણે પ્રોસિક્યૂટરને પૂછ્યું : "હવે કોઈ શાહેદ છે તમારો?"

"ના સાહેબ, પત્યું". 'પત્યું' શબ્દ પ્રોસિક્યૂટરનું 'મામેકં શરણં' સમો બન્યો હતો.

બપોરના આરામને માટે અદાલત ઊઠી. શિવરાજ ચેમ્બર તરફ ચાલ્યો. દીવાલ પર એણે અંગ્રેજી મુદ્રાલેખ દેખ્યો :

"જગતમાં પરમ પવિત્ર એક ઇન્સાફ જ છે."

વાંચીને એનું મસ્તક નીચે ઢળ્યું. પોતે જાણે ઇન્સાફનો દ્રોહી હતો.

આરામ પૂરો થયે અદાલત ફરીથી બેઠી. શિવરાજ પોતાની ચેમ્બરમાંથી નવી ઝલક લઈને આવ્યો હતો. એના મોં પર બધું જ પાર ઊતરી ગયાની નિરાંત હતી. એ આવ્યો

ત્યારે વકીલો તરફ પ્રસન્નતાથી ઝૂકતો હતો. એણે અજવાળીના લલાટ પર પણ બેધડક આંખો માંડી. હવે કશી જ વાર નહોતી. એટલું જ જાહેર કરવાનું હતું કે આ મુકદ્દમાને સેશન્સ કમિટ કરવા જેવો સબળ પુરાવો પ્રોસિક્યૂશન તરફથી રજૂ થઈ શક્યો નથી, એટલે આરોપીને છોડી મૂકવામાં આવે છે. બસ, એટલી જ જાહેરાત કરીને પોતે અજવાળીને અભયદાન દઈ દેશે. પછી અજવાળી જાણે ને એનો ઈશ્વર જાણે. હું ને મારી સરસ્વતી તો ઝટ લગ્ન-હિંડોળે બેસી જઈશું.

કાગળ ઉપર ચુકાદાના અક્ષરો ટપકાવવા એની કલમ ખડિયામાં બોળાય છે, ને બોળતાં બોળતાં એ પ્રોસિક્યૂટરને છેલ્લી વાર પૂછે છે : "તમારા પુરાવા બધા પતી ગયા છે ને?"

"હવે તો જરીતરી બાકી રહે છે."

"ત્યારે હવે —" કહેતાં એણે રામભાઈ તરફ જોયું. ને તરત જ રામભાઈ ખડો થયો, "મારે કહેવાનું છે, નામદાર!"

એ શબ્દો એના મોંમાંથી સરતાંની સાથે જ શિવરાજના હાથમાં કલમ થંભી ગઈ.

"નામદાર કોર્ટને તો હવે બસ, ફક્ત સંતોષકારક પુરાવાને અભાવે આ મુકદ્દમો કાઢી નાખવાનું જ રહે છે. પરંતુ નામદાર કોર્ટ, મારી અસીલને માત્ર પૂરતા પુરાવાને અભાવે જતી કરવામાં આવે એટલી જ વાત મારે માટે પૂરતી નથી. મારી અસીલ હજુ નાની વયની છે. એને હજુ જિંદગી કાઢવાની છે. આંહીંથી એ બચી જશે, પણ લોકોની જીભ તો એનો પીછો જ લેશે; આંગળીચીંધણું એના માથેથી મટશે નહીં. લોકો કહેશે કે પોલીસની અનાવડતને વાંકે બચી ગઈ! માટે મારી માગણી આ છે કે હું એની સંપૂર્ણ નિર્દોષતા સાબિત કરનારા શાહેદો બોલાવવા માગું છું. ને એટલું જોવા માગું છું કે મારી અસીલ બાઈ અજવાળી પોતાની ચાલચલગત ઉપર નાની એવી શંકાનો પણ ડાઘ લીધા વગર આ અદાલતનો દરવાજો છોડે."

આ બોલો બોલાતા રહ્યા ત્યાં સુધી અજવાળી રામભાઈ સામે તાકી રહી હતી. બોલવું પૂરું થયું ત્યારે એનો ચહેરો ફિક્કો પડ્યો. એણે ફરીથી માથું નીચું ઢાળ્યું. શિવરાજને પણ આ એક અણગમતો સંજોગ ઊભો થતો ભાસ્યો. અંધારગલીમાંથી દોટ કાઢીને બહાર નીકળવા માગનાર છોકરાની કોઈક ચીજ અધરાતે ભોંય પર પડી જાય ને તે લેવા રોકાવું પડે, એવી દશા શિવરાજની બની. એણે મંદ સ્વરે કહ્યું :

"તો બોલાવો શાહેદોને."

રામભાઈએ પહેલી શાહેદ અજવાળીની માને બોલાવી. પોલીસોએ એ બુઢ્ઢીને હાથનો ટેકો આપી સાક્ષીના પાંજરામાં ચડાવી. એ મોં તાજાં ખરેલાં આંસુડે ભીનું હતું. એને સોગંદ લેવરાવતાં પણ શિવરાજ એની સામે જોવાની હિંમત કરી ન શક્યો. આ બાઈને પોતે કેટલીક વાર, અને કેટકેટલી જુક્તિઓ કરીને છેતરી હતી! આને પોતે અજવાળીના નામના બનાવટી કાગળો લખ્યા હતા. એ લખનાર ડાબા હાથ પર ઈશ્વરની આંખો અત્યારે જોતી હશે.

શિવરાજને ખબર હતી. ગઈ પરમના રોજ જ સુજાનગઢ આવેલી આ વૃદ્ધાએ દીકરીનો અપરાધ પૂરતા ઇશારા વડે કબૂલ કર્યો હતો. અત્યારે એ જ બાઈ, દીકરીને બચાવવા માટે જૂઠ વદવા આવી છે.

પ્રોસિક્યૂટર બરાડા પાડતો હતો. એના સવાલોના જવાબો બુઢ્ઢી ક્ષીણ સ્વરે આપતી

હતી. પ્રોસિક્યૂટર એના તરફ પોતાના કાન ઢાળતો હતો ને મર્મપ્રહાર કરતો હતો :
"જરા જોરથી બોલો, બાઈ; આપણે ક્યાં રાણીવાસના ઓઝલ પરદામાં રહેનારાં
છીએ! આપણે તો ખેતરમાં ઢોર હાંકવાં પડે, કજિયા કરવા પડે, આપણા સાદ તો સરવા
જ હોય. શરમાવ મા."

પ્રોસિક્યૂટરની આ શબ્દ-ચૂંટીઓ તો બાઈ નહોતી સમજતી, પણ પ્રોસિક્યૂટરનો
કરડો ઘોઘરો અવાજ એને હેબતાવી દેતો. રામભાઈ એને મૃદુ વાણીમાં કહેતો કે, "ડોશીમા,
બીઓ મા, જોરથી બોલો. કોરટ તો આપણાં માવતર છે. એ તમારી રક્ષા કરશે."

પણ શિવરાજ જોઈ શક્યો કે ડોશીની આંખોમાં ડર હતો — આ અદાલતનો નહીં;
કોઈ બીજી, ઊંચેરી અદાલતનો. ખૂબ ડચકાં ખાતાં ખાતાં એણે રામભાઈને જવાબ દીધો
કે, અજવાળી ઘેરે આવી તે ક્ષણથી કાંથડ હવાલદાર એને તેડી ગયો તે ઘડી સુધી એણે
ઘરની બહાર પગલું નથી દીધું.

"તમારે ઘેર એ હતી ત્યારે તમે એને રાતદિવસ જોતાં જ રહેતાં કે ?"

"હા, માવતર! રાતે સૌ છેલ્લી એને જ અને ભળકડે સૌ પે'લી પણ એને જ હું
જોતી."

"અને અજવાળી જે કહે છે તેથી જુદું તમે કશું જ નથી જાણતાં? એને છોકરું
હતું જ નહીં, તો એ મારી કોને નાખે? ખરું ?"

"ખરું સા'બ."

બોલતી બોલતી એની આંખો ન્યાયમૂર્તિ પ્રત્યે દયામણી દૃષ્ટિ ઠેરવતી હતી — જાણે
પોતે જૂઠ બોલતી હોવાનું કબૂલ કરતી હતી. જાણે પોતે ગુપ્ત આજીજી કરતી હતી કે,
"બાપુ, પેટની દીકરીને બચાવવા."

"મા !" શિવરાજનું ભીતર પુકારતું હતું : "તમારે સ્થાને હું હોઉં તો હુંયે એમ જ
કરું."

"અને આ પ્રોસિક્યૂટરસાહેબ સવારે કહેતા હતા, કે તમારી દીકરી અજવાળી તો
ભાગેડુ પ્રકૃતિની હતી, કાંઈ કારણ વગર ઘરમાંથી ભાગી ગઈ હતી, એ વાતમાં કાંઈ
સત્ય છે?"

"ના રે, માવતર! મારી અંજુડી તો ભોળી ભદ્રિક છોકરી છે. બોલે એનું મોઢું
ગંધાય; એને ઠાકર પૂછશે."

"આ અજવાળી તમારા ધણીની સગી છોડી છે કે ?"

"ના સા'બ, સાવકી છોડી."

"એ અજવાળી ઉપર બહુ વધુ પડતી કરડાઈ રાખતો, ખરું ને ?"

"બઉ તો શું, સા'બ! પણ ઈમ કે ઠીક, નૈ બઉ ને નૈ થોડું..." બાઈ પોતાના
રાક્ષસ ધણીનો પણ દોષ ગાવા રાજી નહોતી.

"એમ નહીં, ગભરાવ મા, ડોશીમા! આ તો તમારી છોકરીની આખી જિંદગી ઉપર
છીણી મુકાઈ જાય તેવો મામલો છે. માટે ચોખેચોખું બોલી દો. અજવાળીએ ઘર છોડ્યું
તે રાતે શી શી બીના બનેલી?"

ચોમેર જોતે જોતે, હાય, કોઈ જોઈ કે સાંભળી જશે એવા ગભરાટ સાથે એણે એ
રાત્રિનું વર્ણન કર્યું; ને શિવરાજ ઊંચે જોવાની હામ ન ભીડી શક્યો. પ્રેક્ષકોએ માન્યું કે
સાહેબ શબ્દેશબ્દ જુબાની હૈયા વચાળે ગોઠવે છે. કેવો ન્યાય કરનારો!

"એટલે કે તમારી જુવાન અજવાળીને મેઘલી અધરાતે તમારા ધણીએ આ અજાણી, અંધારી, કાંઠાકિનારા વગરની દુનિયામાં ધકેલી દીધી હતી, ખરું ને?"

"ખરું જ તો, બાપા!" બુઢ્ઢીએ ફરી ચોમેર જોયું.

"નરાતાર ખોટું, નરાતાર ખોટું!" એક બરાડો સંભળાયો ને એક આદમી ધસી આવ્યો, "મને પાંજરામાં ઊભો કરો, પછેં હું બતાવી દઉં કે કોણ છે આ કાળા કામનો કરનારો —"

એ બોલનાર હતો અજવાળીનો સાવકો બાપ. એ ધસતો હતો શાહેદના પીંજરા પ્રત્યે. એણે પોતાની સ્ત્રીને પકડીને પછાડવા હાથ વીંઝ્યા. પોલીસે એને પકડી લીધો.

"એને તુરંગમાં લઈ જાવ, ને બીજો હુકમ થતાં સુધી અટકાયતમાં રાખો." શિવરાજે શાંતિથી ફરમાન કર્યું.

એને ખેંચીને ઉપાડી જતો જોતાં જ અજવાળીની માએ શિવરાજ સામે લાચાર સ્વરે કહ્યું : "બાપા, ઇને કોઈ મારશો-ઝૂડશો મા હો, હું ખોળો પાથરું છું. ઇ બચાડો..." બુઢ્ઢી બાઈની આંખોમાં ધણીને માટે ટપકતાં આંસુ દેખી અદાલતના પ્રેક્ષકો સ્તબ્ધ બન્યા હતા. તેમનું હસવું મોંમાં પાછું સમાયું હતું.

પ્રોસિક્યૂટર ઊઠ્યા. પ્રેક્ષકો અજાયબ બન્યા. એણે કોઈ દિવસ નહીં ને આજે જ અતિ દયાળુ ને વિનયવંત અવાજે આદર્યું : "જુઓ માડી, મારે તમને જરીકે સતાવવાં નથી. મારાથી ડરશો મા. તમારો સગો દીકરો પૂછતો હોય એમ માનજો!"

"હા, માડી!"

"તમારા રુદામાં તો, માડી, ઠાકર વસેલો છે. તમારા ઘટેઘટમાં ઠાકર છે."

"હા, માડી, ઠાકર સૌનાં લેખાં લેશે."

"તમારે મરીને એના ચરણમાં જ વાસ લેવો છે ને?"

"અરે બેટા, મારા જેવી પાપણીને —"

"તો પછી, હેં મા, ઠાકર જે દી લોઢાનો લાલચોળ થાંભલો ધગાવીને આ અજવાળીને બથ ભરવાનો હુકમ કરશે, ને તમને પૂછશે કે ડોશી, સાચું બોલ તો તારી છોકરીને છોડી દઉં, તે દી શો જવાબ દેશો તમે ઠાકરને, હેં ડોશીમા? બોલો, જે રાતે તમે એને જોઈ તે રાતે એના શરીરનો દેખાવ કેવો લાગેલો તમને? બોલો, ઠાકરને ઘેરે ધગાવેલા થંભની સન્મુખ બોલો!"

ડોશીને શરીરે કમકમાં આવ્યાં. એની જીભના લોચા વળ્યા. એની આંખો મીંચાઈ ગઈ. એનો દેહ લથડ્યો. આંખે અંધારાં આવ્યાં. પાંજરાની પડઘી ઝાલીને પડતી બચી.

"કોન્સ્ટેબલ, બાઈની સારવાર કરો." શિવરાજે આજ્ઞા કરી. પોલીસોના હાથના આધારે બહાર જતી બુઢ્ઢી જ્યારે સમજી કે પોતે આ ગભરાટ બતાવીને પોતાની પુત્રીનો દાટ વાળ્યો છે, ત્યારે એણે છાતીફાટ રુદનના સૂર કાઢ્યા.

"આનું નામ જ રાક્ષસપણું". રામભાઈએ દાંત ભીંસીને દર્દભર્યો અવાજ કાઢ્યો.

"નામદાર કોર્ટનું હું રક્ષણ માગું છું". પ્રોસિક્યૂટરે ઊઠીને કહ્યું.

"કોર્ટ પણ પ્રોસિક્યૂટરની એ વર્તણૂકને રાક્ષસી માને છે." શિવરાજે ગંભીર સ્વરે કહ્યું.

"પત્યું." કહી પ્રોસિક્યૂટર ખુરશીમાં પછડાયા.

પછી અજવાળીની જુબાની થઈ. ઊલટતપાસ ચાલી. એણે તો હુંકાર કરીને કહ્યું :

"ના, ના, મને કશી જ ખબર નથી. કરવું હોય તે કરોને! આ ઊભી છું."

"બાઈ, હજુ વિચાર કર." પ્રોસિક્યૂટરે કહ્યું.

"વિચાર કરી લીધો છે."

"પછી મોડું થઈ જશે. તારે બાળક હતું, ને તેં મારી નાખ્યું. તે વાતનો તું શું હજી ઇન્કાર કરે છે?"

"હા, હા, તમે શું બોલો છો તે જ હું સમજતી નથી."

"વારુ! કાંથડ હવાલદાર, આમ આગળ આવો ને લાવો, ખોલો એ તમારું પોટકું!" પ્રોસિક્યૂટરે અજવાળીને પકડનાર કાંથડને બોલાવ્યો. લોકો ઊંચા થયા. કાંથડ એક નાનું પોટકું છોડતો હતો.

## ૩૩. અજવાળીને હૃદય-તળિયે

**કાં**થડ હવાલદાર પ્રોસિક્યૂટરના ટેબલ પર જ્યારે પોટકું ખોલતો હતો ત્યારે પ્રેક્ષકો ઊંચા થઈ ટાંપી રહ્યા — જાણે કોઈ વાદી કરંડિયેથી કાળા નાગને કાઢતો હતો. એની દમલેલ છાતીના જાળીદાર પોલાણમાંથી શ્વાસ ગાજતા હતા. એ પોટકાએ સર્વની નજરબંદી કરી લીધી. શિવરાજ પણ ત્યાં તાકી રહ્યો. એની નજર બીજું કશું જોતી નહોતી. એના કાન બીજું કશું સાંભળતા નહોતા. એની જમણી બાજુ ચેમ્બરનાં દ્વાર ઊઘડ્યાં. એક સ્ત્રીએ અંદર પ્રવેશ કર્યો. પટાવાળાએ લાવીને એક ખુરશી મૂકી. તેના ઉપર શાંતિથી એ સ્ત્રી આવીને બેસી ગઈ. એની સાડીના સળનો મર્મ-સ્વર પ્રેક્ષકોમાંથી થોડાએકે સાંભળ્યો. એની ને અજવાળીની આંખો એક થઈ. કોઈ ભવભવનું વૈરી આવ્યું હોય એવી કડવાશની અજવાળીના મોં પર ફૂગી વળી ગઈ. અજવાળીની આંખોમાં બિલાડીની આંખો તગતગી.

આવનાર નવીન સ્ત્રી સરસ્વતી હતી. બાજુના બંગલામાં બેઠી બેઠી આજના મુકદ્દમાના રંગોથી એ વાકેફ બની હતી. પ્રોસિક્યૂશનના પાયા તૂટી પડ્યા હતા તે જાણ્યા પછી એણે પ્રેક્ષક બનવા હિંમત કરી હતી. ભવિષ્યના ભરથાર, આવતી કાલના જીવનસખા, પોતાના જીવનમાં પ્રવેશ કરવા ટાણે એક ફસાયેલી અબળાનું કેવું મંગલ પરિત્રાણ કરે છે, તે નીરખવાના કોડ હૈયે સંઘરીને સરસ્વતીએ અદાલતને એક માનવંત ખૂણે બેઠક લીધી.

અજવાળીને ખબર હતી. જેલના પહેરેગીરોએ અને મુકાદમોએ વાતો ચલાવી હતી : "છોટા સાહેબ મોટા સાહેબની દીકરી વેરે પરણવાના છે : બહુ ભલા છે : ઘણા કેદીઓને છોડી મૂકશે : ઘણાઓની સજામાંથી માફીના દિનો કાટશે. અને અજવાળી, તને તો એ ખુશાલીમાં જ છોડી મૂકશે, હો કે?"

"મારે નથી છૂટવું એમના વિવાની વધાઈમાં. મર મને ફાંસી આપે." અજવાળી આવું બોલતી ત્યારે એના અંતરની બખોલમાં બેસીને કયું હિંસક જાનવર આ હુંકાટા કરે છે તે કોઈથી સમજાતું નહીં.

આજ શિવરાજની અર્ધાંગના બનનારી સરસ્વતીને નજર સન્મુખ નીરખતી અજવાળીએ, વધુ તો કાંઈ નહીં પણ, સ્વાભાવિક ઘૃણાની લાગણી અનુભવી લીધી.

"બોલ, બહેન અજવાળી," પ્રોસિક્યૂટરે છૂટેલ પોટકામાંથી એક ભાતીગળ મોટો ટુકડો ઉઠાવીને, પોતાના યુદ્ધ-ધ્વજ જેવો ફરફરાવી પૂછ્યું : "આ ટુકડાને તું ઓળખે છે?"

"મને કંઈ ખબર નથી." અજવાળીએ ઊંચે જોયા વગર જ કહ્યું. ન્યાયમૂર્તિએ એને ઊંચે જોવા કહ્યું. ફરી પ્રશ્ન કર્યો. જવાબ જડ્યો : "હા, એ ટુકડો તો મને જડેલો."

"નામદાર કોર્ટ, આ ટુકડો કાંથડ કોન્સ્ટેબલે તહોમતદારણના ઓરડામાં એની પથારી પાસેથી જ કબજે કર્યો હતો. હવે બાઈ, અજવાળી ! બાપા ! જોજે હો કે !" એમ બોલતાં બોલતાં પ્રોસિક્યૂટરે ભાત્યવાળું એક મોટું કપડું પોટકામાંથી ઉઠાવ્યું, ટેબલ પર પાથર્યું. તેને ખંડિત ખૂણે એણે પેલો ટુકડો મૂક્યો. સાડી અને ટુકડો બરાબર બંધબેસતાં બન્યાં. પછી એણે કહ્યું : "નામદાર કોર્ટ જોઈ શકશે કે આ બેઉ ટુકડા જોડતાં આખી સાડી બને છે. મોટો ટુકડો કોન્સ્ટેબલ કાંથડને ગોઝારે કોઠેથી જડ્યો છે, એની અંદર તહોમતદારણનું બાળક લપેટેલું હતું."

"ના, એ ટુકડો તો મને રસ્તામાંથી જડ્યો'તો." અજવાળીએ એક નાના છોકરા જેવી નાદાની દેખાડતાં કહ્યું.

"નહીં, નામદાર કોર્ટ," પ્રોસિક્યૂટરે નાનો ટુકડો ફરી ફરફરાવીને શિવરાજનું લક્ષ એ ટુકડાના ખૂણા પર ચોડેલા લાલ અક્ષર તરફ દોરીને કહ્યું : "જુઓ નામદાર, 'अ' નામનો આ અક્ષર બતાવે છે કે આ ટુકડો તહોમતદારણના નામનો છે."

રામભાઈ ડઘાઈ ગયો હતો. એક નવો જ ચમત્કાર એ નીરખી રહ્યો હતો. વારંવાર એ ખુરશી પરથી ઊછળી ઊછળીને 'પણ નામદાર', 'મારે પૂછવું છે, નામદાર' એવા ઊકળતા બોલ બોલતો હતો.

"આપ જરા ધીરા રહેશો તો સૌ સારાં વાનાં થશે, વકીલસાહેબ !" એમ કહીને પ્રોસિક્યૂટર રામભાઈને પાછો ખુરશીમાં બેસી જવા ફરજ પાડતો હતો.

"એ તહોમતદારણનો જ નામાક્ષર છે એમ તમે કઈ રીતે કહો છો ?" શિવરાજે પૂછ્યું. પૂછતી વેળા એને સાંભર્યો એ દિવસ, જ્યારે પોતે મુંબઈના મહિલાશ્રમમાં ગયો હતો ને અજવાળીને આ નહીં તો આવી કોઈક ભાતીગળ સાડી પહેરેલી ભાળી હતી. સંસ્થાઓમાં આવા નામાક્ષરો લગાડવાની સાવ સામાન્ય પ્રથા એની સમજમાં હતી.

"એ તો નામદાર કોર્ટ, હું ઉપલી અદાલતમાં બતાવી આપીશ કે બાઈ અજવાળીને આવી સાડીની ભેટ આપનાર કોણ હોઈ શકે. હાલ તરત તો આપ કોન્સ્ટેબલ કાંથડની તેમ જ પંચની આ ટુકડાઓ વિશેની શાહેદી જો સ્વીકારી શકતા હો, તો આ અદાલત પૂરતું મારું કાર્ય ખતમ થાય છે."

રામભાઈના રામ રમી ગયા હતા. જેને પોતે દુશ્મન પાડોશીઓનો ભોગ થઈ પડેલી નિરપરાધી બાલ-સખી માનીને મુકદ્દમો હાથમાં લીધો હતો, તે અજવાળી બનાવટી નીવડી : તોપણ કોને ખબર, આ સાડીના ટુકડાઓનું પણ કશુંક તરકટ હશે, અથવા સાચોસાચ એ અજવાળીને જડ્યો હશે, એવી બાકી રહેલી આસ્થા એકઠી કરીને એણે કહ્યું : "બાઈ અજવાળી, ઉતાવળ ન કર ! ફરી વિચાર કરી જો, યાદ કર, તને આ ટુકડો ક્યાંથી જડેલો ? બહુ વિચાર કરીને વેણ ઉચ્ચારજે હો બાઈ, બધો આધાર તારા જવાબ ઉપર રહે છે."

"તમે શા સાટુ મારી વાંસે પડ્યા છો ?" અજવાળીના લમણા પરના વાળ જીવ પર આવી ગયેલી શાહુડીનાં પિછોળિયાં જેવા ખડા થઈ ગયા. એણે કપાળ કૂટ્યું : "તમે બધા મારી માને ખાઈ ગયા, તોય ધરાણા નથી ? મને કાંઈ પૂછો મા, મને ખબર નથી."

એટલું કહીને અજવાળી ભાંગી પડી. એ બેસી ગઈ. એને શાંતિથી બેસવા દેવાનો

હુકમ આપીને શિવરાજે પંચોને તપાસ્યા. કાંથડ હવાલદારની ફરી તપાસ કરી, અને આખરે શિવરાજે ત્યાં ને ત્યાં બેસીને મુકદ્દમો ઉપલી અદાલતમાં 'સેશન્સ કમિટ' કરવાનો ફેંસલો લખ્યો ને સંભળાવી દીધો.

અદાલત વીખરાઈ. ઊંચે કે આજુબાજુ જોયા વગર શિવરાજ ચેમ્બરમાં પેસી ગયો. અજવાળીને જેલમાં લઈ ગયા.

આ નવા ફૂટેલા ફણગાની તારીફ કરતા, 'દોઢડાહ્યો' કહીને રામભાઈની મશ્કરી હાંકતા, કાંથડ પગીને 'બહાદરિયો' કહેતા અને કેટલાક ચડસૂડા તો રાજકોટ પાછા આ કેસ સાંભળવા જવાની વેતરણ કરતા અદાલતનો ઓરડો ખાલી કરી ગયા.

"બંદા તો રાજકોટ ઊપડવાના."

"ત્યાં દારૂબારૂ પીશું ને અંજુડીનો કેસ સાંભળશું — ખરી લે'ર તો હવે ત્યાં જામશે."

"ત્યાં તો ગોરો જડજ બેસશે. આ છોકરડા ડિપોટી જેવી ઢીલાઈ એ નહીં રાખે. ઠબકારી દેશે પંદરેક વરસની ટીપ!"

"ઈને રાંડને તો ફાંસીએ ચડાવવી જોવે."

"બાયડિયું પણ કેવી ડાકણ્યું બની છે! કળજગ પણ કેવો હળાબોળ આવ્યો છે!"

"અરે, સગા ધણીને કાચ ખવરાવીને મારી નાખે છે; તો બે વાસાનું છોકરું તે ઈને શું વા'લું લાગે?"

"આમાં તો ફાંસી થાવી જ જોવે, હો ભાઈ! નીકર આ તો આપડી બાયડિયું-બોનું-દીકરિયુંમાં પણ બગાડો પેસી જવાનો."

"ભૈ, આને તો નાકકાન કાપીને અવળા ગધાડે —"

"અરે, ભોંમાં જ જીવતી ભંડારવી જોવે."

"ઈ વેળા તો ગઈ, બાપા! સરકારે આપડી બાયડિયુંનો તો મનખ્યો જ બગાડી દીધો ને! નીકર મોરુકી વેળામાં તો ધગધગતી કોશ લઈને..."

"એલા હાલો હોટલમાં ચા પિયેં. મજો આવશે."

એવી વાતો કરતા દસેક મજૂરો-ખેડૂતોનું ટોળું 'શ્રી હાટકેશ્વર સુખશાંતિગૃહ'ને ઓટે ચડ્યું.

ખાલી થતી અદાલતમાં છેલ્લે છેલ્લે બે જણાં બાકી હતાં: એક હતો વકીલ રામભાઈ. એના હાથ કેસનાં કાગળિયાનું દફતર બાંધતા હતા. કાગળિયાં સરખાં થતાં નહોતાં. દફતર બરાબર બંધાતું નહોતું. ગાંઠ સીધી વળતી નહોતી. ભૂલ — ભયાનક ભૂલ — કેવી ગંભીર ભૂલ થઈ ગઈ! પોતાના અસીલને નિષ્કલંક કરવા જતાં પોતે જ પોતાના હાથ કેવા કાળા કર્યા! રાજકોટના ગોરા સેશન્સ જજને સૌ કોઈ ઓળખતું હતું. એની આબરૂ 'હેંગિંગ જજ' તરીકેની હતી. ફાંસીએ ચડાવવાનો એ શોખીન હતો. બાળહત્યાના કિસ્સામાં એનો ન્યાયદંડ યમદંડ જ બની જતો. અને લોકો... લોકો હવે મને પીંખી ખાશે.

બહાર નીકળતાં એણે સરસ્વતીને નિહાળી — તરાપ મારવા પર આવેલી વિકરાળ સિંહણ સરખી. એ નીકળી ગયો. સરસ્વતીને પણ પટાવાળો બંગલા તરફ લઈ ગયો. બંગલાનો માર્ગ મૂકીને સરસ્વતીએ જેલની પગદંડી પકડી. પટાવાળાને એણે સાથે લીધો. જેલરની ઓફિસે જઈ એણે કહ્યું: "બાઈ અજવાળીને મારે મળવું છે."

"કેમ?"

"એના બચાવ માટે મારે મહેનત કરવી છે."

જેલરે અજવાળીને અંદરથી બોલાવવા મોકલી. ગુનેગારો પર કડકાઈ બતાવનાર ખાસ કરીને ઓરત-અપરાધીઓની તો વિશેષ કડક ખબર લઈ નાખનારા — મોટા 'ડિપોટી' પોલીસમાં તેમ જ જેલખાતામાં વધુ માનીતા હતા. એવા સન્માનિત અધિકારીની આ પુત્રી જેલની પાડોશમાં જ નાનેથી મોટી થઈ હતી, જેલરોની લાડીલી હતી. એને આવી મુલાકાતની ના કોણ પાડી શકે?

બચાવ? — કઈ જાતનો બચાવ સરસ્વતી આ ખેડુ-કન્યા અજવાળીને માટે ગોતતી હતી! એણે જેલર જોડે વાતો કરી. જેલરે એને કહ્યું :

"સુનિયેં, બાઈસાહેબ! લડકીને ખૂન કિયા હૈ. કોઈ શક નહીં. સબ લોગ જાનતે હૈં. દસ મહિનાસે લડકી ક્યા માલૂમ કિધર ચલ ગઈ થી. ઔર સબ લોગ જાનતે હૈં કિ ઉસી રાતકો દૂસરા કૌન શખસ ભાગ ગયા થા."

"હું એ જ વાત આ છોકરીના બચાવમાં લાવીશ. એ બોલતી નથી. એને ફસાવનાર કોઈક સફેદ પુરુષ જ આ હત્યાનો — જો હત્યા થઈ જ હોય તો — પહેલો ગુનેગાર છે."

"મગર અદાલત ઉસકો નહીં પકડ સકતી."

"પણ અદાલતને જો ખબર પડે, કે બાઈ ખરેખર ફસાઈ ગઈ હતી, ને એણે પોતાની શરમ છુપાવવા માટે, બલકે એ પુરુષને પણ બચાવવા માટે, બાળકને પતાવી દીધું હોય, તો અદાલત દયા કરે કે નહીં? નામની જ સજા આપીને જતી કરે કે નહીં?"

"હાં, વો ઠીક હૈ. ઉસ હરામીકા નામ નિકલાઈયે, મિસ પંડિત! ગોડ વિલ હેલ્પ યુ." (ઈશ્વર તમને સહાય કરશે.)

અજવાળી હજુ તો હમણાં જ પોતાની તુરંગમાં ગઈ હતી. એ માથાં પટકતી હતી. શાપો અને ગાળો એના મોંને ગંધવી રહ્યાં હતાં. એ ન આવી. જેલરને વિનંતી કરીને સરસ્વતી જ અંદર ઓરતોની બરાકમાં પહોંચી. અજવાળી એકલી હતી. એને જોતાં જ અજવાળીએ વધુ રોષે ભરાઈ પોતાની લટો ખેંચી. ચીસો પાડી પાડી એણે કહ્યું : "મારી પાછળ વાઘ-દીપડાઓ શા સાટુ પડ્યા છે? મને ખાઈ જવી હોય તો ઝટ હવે ફાડી ખાવને! મને રિબાવી રિબાવીને શીદ મારા લોચા તોડો છો?"

ખેતરોમાં અને પાડોશીઓની જીભ પર જેટલી ગાળો એણે સાંભળી હતી, તે તમામનો ગુપ્ત સંઘરો કરી રાખનાર એ સ્ત્રીહૃદય આજે જાણે સાપ-વીંછીથી ભરેલા હાંડલાની પેઠે ફૂટી પડ્યું. સરસ્વતીએ પણ જીવનમાં પહેલી જ વાર આ અપશબ્દોનો કોશ સાંભળ્યો. એ અબોલ જ રહી. અજવાળીનો અપશબ્દ-કોશ ખૂટી ગયા પછી એનાં આંસુની સરોવર-પાળ ભેદાઈ. એ ચોધાર રડી ઊઠી. એના હૈયાનો હિમ-ડુંગર ઓગળીને વહેતિયાણ ઝરણું બન્યો, ત્યારે એ દુશ્મનોને પણ દયામણી લાગે તેવી બની ગઈ. એની આંખો મીંચાઈ ગઈ હતી. એકાએક એને ગાલે કંઈક સુંવાળો સ્પર્શ થયો. એ સરસ્વતીનો હાથ હતો. લવન્ડરે મહેકતા રૂમાલે સરસ્વતી અજવાળીના ગાલો લૂછતી હતી ને કહેતી હતી : "બહેન, શાંત થા. હું તને સતાવવા નથી આવી."

"મારી માનું શું થયું? ઈણે પછડાટી ખાધી'તી ને?"

"એને લોકો શાંત પાડીને ઘેરે પહોંચાડી આવ્યા છે. બહેન, ચિંતા ન કર."

"તમારું સારું થાવ, બાઈ! મારી માને મારા વન્યા બીજું કોઈ નથી."

"હવે જો, બહેન!" સરસ્વતી એને પંપાળવા લાગી, "તું એ સાડીની વાત કાંઈ

સમજાવી શકીશ ?"

"મારે કશુંય સમજાવવું નથી, તેમ સમજવું નથી. હું સંધુંય સમજી કરીને બેઠી છું, બાઈ !"

"એમ નહીં. જો બહેન, આંહીના સાહેબને તો તને ઉપલી કોર્ટમાં મોકલ્યા વિના છૂટકો જ નહોતો. એનું જો ચાલત તો એ તને છોડી જ મૂકત, હો બહેન ! એને દોષ દેતી નહીં."

"એને હું લગરીકે દોષ દેતી નથી. એ બાપડા શું કરે ?"

"ને એણે તને શું કહ્યું, જાણછને, બહેન ? એણે કહ્યું કે તું હવે ઉપલી કોર્ટમાં જઈને સાચેસાચી વાત, આખી જ વાત, એક શબ્દ પણ છુપાવ્યા વિના, કહી દઈશ તો જજને તારી દયા આવશે. તને બેચાર મહિનાની કેદ આપીને જ છોડી મૂકશે."

આ શબ્દોએ અજવાળીને વધુ શાંત પાડી. અને સરસ્વતીને ભાન નહોતું કે પોતે પોતાના માટે કેવો ઊંડો અતલ કૂપ ગાળી રહી હતી. એણે તો ચલાવ્યું :

"તું સ્ત્રી છે. હુંયે તારા જેવી જ સ્ત્રી છું. આપણે એક જ જાતની છીએ. હું સમજું છું કે તારી-મારી ઉંમરે કોઈક પુરુષ ઉપર આપણું હૈયું એકાએક ઢળી પડે છે. આપણા વિશ્વાસનો પાર રહેતો નથી. પછી છેવટે જ્યારે કાળ-વેળા આવીને ઊભી રહે છે, ત્યારે પુરુષ પરણી લેવાની ના પાડીને ઊભો થઈ રહે છે — કાં તો નફટાઈથી ના પાડે છે, અથવા તો એ બાપડાને પરણવાનો માર્ગ જ રહેતો નથી. ને પછી આપણે એ બધું જ છૂપું રાખવાની મહેનત કરીએ છીએ. તારું પણ આમ જ બન્યું હોવું જોઈએ, ખરુંને, બહેન ? તારી જગ્યાએ હું હોઉં તો મારું પણ એવું જ બને, હો બહેન ! કહે, મને તારી સાચી વાત કહે, આમ જ બનેલું ને ?"

"ઈ કાંઈ જ મને પૂછો મા, બાઈ, તમારે પગે પડું છું હું." અજવાળી પુકારી ઊઠી. તોય સરસ્વતીએ આગળ ચલાવ્યું :

"કોઈ કોઈ વાર તો પોતાના જેટલા જ અપરાધી પુરુષને, પોતાના કરતાંય વધુ એ પાપીને બચાવવા માટે સ્ત્રી પાતક કરી બેસે છે. હજારો સ્ત્રીઓએ આ જગતમાં એમ જ કર્યું છે, બહેન ! અને એ પાપી પુરુષ તો એવી ભલી સ્ત્રીની સિવાઈ ગયેલી જીભની ઓથે મજા કરી રહેલો હોય છે. આવું હોય તો ત્યાં સ્ત્રીએ પોતાની જીભના ટેભા તોડી જ નાખવા જોઈએ — ભલેને પછી એથી ચાહે તેવા ચમરબંધીનો ભવાડો થતો હોય. તારે પણ, બહેન, જો જજની અને લોકોની નજરમાં દયા, કરુણા ઉત્પન્ન કરવી હોય તો એ પુરુષનું પાપ પણ ખુલ્લું કરી નાખવું. તું એ ખુલ્લું કરી નાખીશ ને ?"

"મારાથી એ નહીં બને, નહીં જ બને." અજવાળી ચીસ પાડીને રડી ઊઠી.

"તું રડીશ ના, બહેન ! આ સાહેબ તો બહુ દયાળુ હૃદયના છે. એની પાસે જ કાલે રાજકોટ જતાં પહેલાં પેટ ખોલી નાખ. એ ઉપલી કોર્ટ પર દયા કરવાનું લખશે, એ કેટલા કોમળ હૃદયના..."

"મને શીદ બાળો છો, બાઈ ? મારાથી કોઈનું નામ કદી જ લઈ નહીં શકાય. ભલે મને કટકા કરી નાખે."

હજુ હમણાં સુધી જેના મોંમાંથી અપશબ્દોનો તેજાબ ઊછળી રહ્યો હતો, તેના જ અંતઃકરણની અંદર ભરેલું ઉદારતાનું અમૃત-સરોવર સરસ્વતીએ દીઠું. એક દુર્જન — પણ પોતાનો પુરુષ — તેને બચાવવા આ કુંભારની છોકરી પાંચ-દશ વર્ષની જીવતી કબર-જેલમાં

સમાધિ લેવા ખુશી હતી. એક જ વખતનો ઢળેલો સ્નેહ, પુરુષના હૈયાનું એક જ ક્ષણનું ફરેબી પ્રીતિ-દાન, એ પ્રીતિના કરવૈયાની તમામ કુટિલતા કરતાં વધુ પવિત્ર, અતિ ઊંચું હતું. અને એ શું ચમત્કાર હતો? સરસ્વતીએ વિચાર કર્યો : હું પોતે જ એ સ્થિતિમાં શું કરું? મારો શિવરાજ મને આવો ફરેબ દેનાર નીવડત, તો હું કેવી રીતે વર્તી હોત? અન્યથા આચરણ કરવાનું સ્ત્રીહૃદયને માટે શક્ય નથી. અજવાળી નામ નહીં આપે. એ દલીલને માર્ગે અજવાળીને મનાવી લેવાનું અશક્ય હતું.

"કાંઈ નહીં, બહેન!" એણે બીજો માર્ગ અજમાવ્યો, "છો નામ ન લેતી. પણ અદાલતની દયા મેળવવાનો માર્ગ ગ્રહણ કરવામાં શું ખોટું છે? કોઈ સ્ત્રીને પોતાના બાળકનો જીવ લેવાનું ગમતું નથી. એવું અઘોર કૃત્ય સંજોગો જ કરાવે છે. પુરુષોને ક્યાંથી ખબર હોય, કે કેટલી બીકમાં ને બીકમાં, કેવા ફફડાટો વચ્ચે આવું કૃત્ય કરવું પડતું હશે! કર્યા વગર, કરવાની ઇચ્છા વગર, અજાણપણે, બીજો કોઈ રસ્તો ન સૂઝવાથી, અરે, અજ્ઞાનથી પણ આ કામ થઈ જતું હશે. આ બધું અદાલતમાં કહ્યું હોય તો ન્યાયાધીશના મનમાં ઘણો મોટો ફેર પડી જાય, બહેન! ને છોડી મૂકતાંયે વાર પણ ન લાગે."

"ભલે ત્યારે," અજવાળીને આ માર્ગે જીવવું વહાલું લાગતાં એ બોલી, "તો ભલે, હું સાચું કબૂલ કરીશ. હા, બાઈ, સાચી વાત છે. મારે છોકરું થ્યું'તું ને મેં જ એને મારી નાખ્યું — પણ બોન, મારો અંતરજામી જાણે છે, મારે ઈને નો'તું મારવું. અત્યારે ઈ જીવતું હોત તો હું એને ધવરાવતી હોત, હો. હું સાચું કહું છું, મારી છાતીમાં કાંઈનું કાંઈ થઈ જાય છે, હો બોન! પણ હું કોને કહું? મારે કોઈ કે'વા ઠેકાણું નો'તું ને!"

"સમજ કે એ કહેવા ઠેકાણું આજ હું છું. મારી પાસે બધું અંતર ઉઘાડી દે!"

"તમે મને છોડાવી શકશો? તમારા બાપુને કહેશો? ઈ રાજકોટમાં મોટા સા'બને ઇમ કે' કે અંજુડીનું તો ઠીક, પણ ઇની રાંડની મા બઉ દુખિયારી છે..."

"એ હું બધું જ કરીશ; ને મારા બાપુ તો શું, શિવરાજસાહેબ જ ખરા દયાળુ છે. તારા જેવી ગરીબ ફસાયેલી બાઈઓ ઉપર તો એ પ્રાણ ઓળઘોળ કરે તેવા છે. તું એક વાર આખી જ અથ-ઇતિ કહી નાખ, પછી જોજે ને!"

પછી અજવાળીએ, પાત્રોનાં નામો ફક્ત છુપાવીને, પોતાના પિતાની નિર્દયતાની કાળી મેઘલી રાતથી માંડી છેવટ સુધીની તમામ ઘટનાઓ અખંડિત પ્રવાહે વહેતી કરી. વચ્ચે "હાં" "હાં" "પછી?" એવા બોલ બોલતી સરસ્વતી પ્રત્યેક ઘટનાને પૂરી રીતે સમજવા માટે આતુર પ્રશ્નો પૂછતી હતી. જેલની કાળી દીવાલો પણ સાંભળી જશે એવી બીકે બેઉની રહસ્ય-કથા ભયભીત, ગુસપુસ સ્વરોમાં ચાલતી હતી.

"એના ઘરમાં બીજું કોઈ માનવી ન જાગી ઊઠ્યું? કોઈએ તને દિવસેય ન ભાળી?" સરસ્વતીએ એ પુરુષ રામભાઈ જ છે એવી સમજથી પ્રશ્ન કર્યો.

"એ એકલા જ રહેતા; એને કોઈ હતું જ નહીં."

"તમારા લોકની જાતના હતા? વેપારી હતા?"

"ના. ના. વેપારી કે લોકવરણનું મન કાંઈ એવું મોટું હોય? મને કાંઈ સંઘરે?"

"ત્યારે કોણ કોઈ વકીલ હતા? આ રામભાઈ..."

"ના રે બોન, ના. ઈ હોત તો તો આવું શેનું બનત? ઈને ને અમારે તો પૂરી ઓળખાણ કહેવાય. ઈને ઘરે ગઈ હોત તો ઈની મા ને બેન્યું મને રાતની રાત સાચવી લેત ને!"

"ત્યારે તો એ નહીં, એમ ?"

"ના રે ના, કોણે કહ્યું ?"

"બધા કહે છે. આખું ગામ એમ જ માને છે. લોક બોલે છે કે તું ગઈ તે રાતે એ પણ અદૃશ્ય બન્યા હતા."

"ઇની મને ખબર નથી. પણ મારા માથે એને નાનેથી જ બૌ હેત હતું. મારો બાપ અમારા હેતને લીધે ઇને માથે ભડકે બળતો: ને હું મેળે હાલી ગઈ. એથી વહેમાઈને મારા બાપે એના બાપની હારે કજિયો કરેલો, એટલી મને ખબર પડી: ને ઇ કજિયાને કારણે રામભાઈ વયા ગયા હોય તો પરભુ જાણે. બાકી ઇ તો નૈ, નૈ ને લાખ વાતેય નૈ."

"ત્યારે કોઈ અમલદાર ?"

"મને પૂછવું રે'વા દો, બોન! એનો બચાડાનો શો ગનો ? મારે નામ નથી લેવું."

કોઈ જંગલઝાડી વીંધતી વીંધતી સરસ્વતી જાણે એક ભમરિયા કૂવાની ભેખડ પર આવી પહોંચી હતી. પોતે જાણે કે એ કૂવાનાં પાતાળ-પાણીને ભાળી તમ્મર અનુભવતી હતી. પાછી વળે તે પહેલાં જ એના પગ હેઠળની માટી સરકી. એનાથી પુછાઈ ગયું : "મારા... એ... કાંઈ... થાય...?"

અજવાળીએ પોતાનું મોં સરસ્વતીના ખોળામાં દાટી દીધું. સરસ્વતીએ અજવાળીનું મોં ઊંચું કર્યું. એની આંખોના અતલ તલ નિહાળ્યા. એને સમજ પડી ગઈ.

સત્યનું જ્ઞાન લાધ્યું, અનુકંપા ઊખડી ગઈ. નારીપણું પ્રજ્વલિત બન્યું. દયાની દેવીને સ્થાને સ્ત્રી ચડી બેઠી — સરલ, નિર્દોષ, ઠગાયેલી, દગલબાજી અને વિશ્વાસઘાતનો ભોગ થઈ પડેલી, કારમા કો અત્યાચારનો કોળિયો બની ગયેલી સ્ત્રી.

ઓહોહો! ત્યારે તો આ એક ગંદી, ગંધાતી, રઝળતી, સડેલી ખેડુ-છોકરી એના હૈયા પર મારી પહેલાં ચડી બેઠી હતી! આ છોકરી શિવરાજના આલિંગનમાં! આ ગાલો પર શિવરાજના હોઠની સોડમ! આ ચહેરો શિવરાજનો ચાહેલો! આ છોકરીએ મારા શિવરાજને વશ કરેલો — આ ઘૃણિત, ખેતરોની ભૂંડણે! એણે એ પ્રેમ જીતવા સરખી કઈ સેવા, કઈ ભક્તિ એવી શિવરાજની ઉઠાવી હતી? બાપના ત્રાસે ભાગેડુ બનેલીને મધ સાંપડી ગયું? બસ, રસ્તામાં જ શું શિવરાજ એની હડફેટે આવી ગયો? કશી લાંબી ઉપાસના-આરાધના ન કરવી પડી!

સરસ્વતીની જીભ એના સુકાતા, સળગી જતા હોઠને ભીંજવવા ફરતી હતી. એની આંખો જાણે કારાગૃહની કાળી દીવાલમાં ખૂતી જવા કોઈ ખાડો ખોતરતી હતી. એના મનમાં 'મારું કે મરું' 'મારું કે મરું' થઈ રહ્યું હતું.

પોતે કેવો અનર્થ કરી બેઠી હતી તેની ગમ અજવાળીને અતિ મોડી પડી. એ સરસ્વતીનો હાથ પકડવા ગઈ. —"મને અડકીશ નહીં!" કહીને સરસ્વતીએ હાથ સંકોડી લીધો. 'જહાનમમાં જાય અજવાળી! એનાં કર્યાં છો એ ભોગવે. મારે ને એને શું?' — એવી લાગણી એના અંતર પર દોડાદોડ કરવા લાગી.

બીજી થોડીક ક્ષણો — અને નારીત્વના ઉન્નત નાદ સંભળાયા. આનો બાપડીનો શો અપરાધ! એણે જે કર્યું છે તેનાં તો એ બાપડી અત્યારે ફળો ભોગવી રહી છે. એકાદ ઘડીના સુખનો તો એ અત્યારે ભયાનક દંડ ચૂકવી રહી છે. એની વાત તો પતી. પણ મારું શું? મારી તો તમામ આશા છૂંદાઈ ગઈ. મારા પ્રેમનો આંબો સળગી ગયો. હું તો લૂંટાઈ ગઈ!

# ૩૪. છેતરપિંડી ! નામર્દાઈ !

સરસ્વતીની આંખમાંથી આંસુ વછૂટ્યાં. બંનેની સ્થાન-બદલી થઈ ચૂકી. આશ્વાસન આપવાનો વારો હવે અજવાળીનો આવ્યો.

"મારી ભૂલ થઈ હો, બોન !" એણે સરસ્વતીને ખભે હાથ મૂક્યો, "મને ભાન જ ન રહ્યું કે હું શું કરી બેઠી. રુવો મા, બોન ! મને મરતી દેખો જો રુવો તો. મેં અભાગણીએ તમને મારા સ્વારથને કારણે સંતાપ્યાં."

બંને જણીઓ એકબીજીને બાઝી પડી : જાણે બે છોકરાં જંગલમાં ભૂલાં પડ્યાં હતાં. પુરુષપ્રેમના નિઃસીમ દરિયાવમાં બે ડૂબતી સ્ત્રીઓ હાલકલોલ થઈ એકબીજીને બાઝી પડી હતી.

અજવાળીને વેળાસર શાતા વળી આવી. હવે તો મેં બધી વાત કબૂલ કરી નાખી છે એટલે છોટા સા'બ મને છોડી જ મૂકશે, એવો દિલાસો એણે સરસ્વતીની પ્રસ્તાવનાને આધારે મેળવી લીધો.

"હવે તો મને ઇ માફી આપશે, નહીં બોન ?" એણે બાળક જેવી આસ્થા અને અજ્ઞાનતા બતાવી. એના ઉપર વેર વાળવાનો ઘાતકી આનંદ ઘડીભર સરસ્વતીને પ્રિય બની ગયો. એણે ઠંડોગાર કટાક્ષભર્યો જવાબ દીધો : "હા રે હા. હવે શું બાકી છે ?"

"આંહીંથી છૂટીને તો બોન, હું જેમ મારી મા કહેશે ને એમ જ વર્તવાની છું. હવે મારો બાપ મને કાપી નાખેને તોયે હું ક્યાંય ભાગીશ નહીં. અને હવે તો મારી માએ એક ઠેકાણું જોઈ રાખેલ છે ને, ઇની જોડે હું પરણી લઈશ. ખરુંને, બોન ?"

"હા રે હા !"

વધુ કશું જ બોલ્યા વગર સરસ્વતી ઊઠી. બહાર નીકળતી હતી ત્યારે એની પછવાડે જાણે કોઈ ગીતના સૂર આવતા હતા. અજવાળી તુરંગમાં ઝીણું ઝીણું ગાતી હતી.

બહાર નીકળતાં એણે જેલરની ઓફિસમાં રામભાઈને ઊભેલ જોયો. અજવાળીને મળવા આવેલ રામભાઈ સરસ્વતી અંદર હોવાના ખબર સાંભળી જેલર પાસે જ બેઠેલો.

સરસ્વતીના મોં પર રામભાઈએ બપોરવેળાના અદાલતના ભાવોને સ્થાને મીઠી લાગણી નિહાળી. સાંજ પડી ગઈ હતી. "કાલે સવારે આવીશ." કહીને રામભાઈ ઊઠ્યા.

સરસ્વતીએ જ રામભાઈને સામે ચાલીને કહ્યું : "કેમ, આ તરફ ચાલવું છે ને ?"

"ભલે !" કહીને રામભાઈ બંગલા તરફ સાથે ચાલ્યો.

રસ્તામાં સરસ્વતીએ કહ્યું : "રામભાઈ, અજવાળીના જીવનનો દાટ વાળવાનો વહેમ મેં તમારા પર આણ્યો હતો. હું દોરવાઈ ગઈ હતી. મને સત્ય જડ્યું છે."

"કોની પાસેથી ?"

"અજવાળી પાસેથી જ."

"એણે તમને દિલ આપ્યું !"

"અથ-ઇતિ બધી જ વાત કહી, બાળક જન્મ્યાની, બાળકની હત્યાની, ગોઝારે કોઠે મૂકી આવ્યાની, બધી જ વાત સાચી."

"ઇરાદાપૂર્વક માર્યું ?"

"પહેલો ઇરાદો તો પતાવી જ દેવાનો હતો. પછી બાળક જન્મ્યું ત્યારે લાગણી

બદલાઈ ગઈ. ચાહે તે થાય પણ બાળકને ઉછેરવાનો નિશ્ચય કર્યો; પણ એના ઘાતકી બાપની બીકે, થોડી વાર બાળકને ચૂપ રાખવા જતાં ગૂંગળાવી નાખ્યું."

"તો બીજું કાંઈ નહીં, કોર્ટની દયા યાચી શકાશે."

"હું ત્યાં જ હઈશ, ને કોર્ટમાં બોલાવશો ત્યારે હાજર રહીશ."

"બાપુજી આવવા દેશે?"

"શા માટે નહીં?"

"આવા ગુનાઓ પ્રત્યે એમનું વલણ કડક હોય છે."

"કોર્ટમાં એ ગમે તેવા હો, મારી આડે નહીં આવે."

"ને શિવરાજભાઈ પસંદ કરશે?"

રામભાઈથી સહેજ હસી જવાયું. પણ સરસ્વતીના ચહેરા પર ત્રાસની રેખાઓ, પાંચ-દશ કાનખજૂરા જેવી, સળવળી ઊઠી ભાળીને એ તો દંગ જ થઈ ગયો. સરસ્વતીએ જવાબ આપ્યો : "મારા ઉપર કોઈનો અધિકાર પહોંચતો નથી. ને હું તમને બીજી એક વાત પૂછું, રામભાઈ; તમને એમ લાગે છે ખરું, કે આવી સ્થિતિમાં સ્ત્રીને ફસાવનાર હરામી પુરુષનું નામ કોર્ટમાં પ્રગટ કરીએ તો કંઈ વધુ દયા મળી શકે?"

"હું નથી માનતો."

"પણ કોઈ સારા માણસમાં ખપતો એ દંભી પુરુષ હોય તો?"

"તો કદાચ એવા માણસનું નામ અદાલત માને નહીં; ઊલટાનું અવળું પડે, સ્ત્રી કોઈને બનાવટી રીતે બદનામ કરવા માગે છે એવું વલણ લેવાઈ જતાં વાર ન લાગે."

રામભાઈ સરસ્વતીની મુખરેખાઓ વાંચવા મથ્યો. એ મુખની કરચલીઓમાં સાપોલિયાં સળવળતાં હતાં. સરસ્વતીના દિલને કયો પ્રકોપ ઉકળાવી રહ્યો હતો? કયો પુરુષ છટકતો હતો?

"ત્યારે તો એ નરાધમ નિર્ભય રહેશે, એમ ને? એ શું કાયદો?" બોલતાં બોલતાં એના હોઠમાં ધ્રુજારી ચાલી હતી.

ફાટક આવ્યું. સરસ્વતીએ રામભાઈને નમન કર્યાં, ફરીથી માફી માગી. "હવે તો રાજકોટમાં મળીશ," એમ કહીને એ ગઈ.

અંદર પિતા પાસે શિવરાજ બેઠો હતો. સરસ્વતીએ પિતાના છેલ્લા બોલ પકડ્યા : "ખેલ બગાડી માર્યો રામભાઈએ. ખેર! હવે તમે શું કરો? તમારી ફરજ બજાવી લીધી."

એ શબ્દોએ સરસ્વતીનાં રૂંવાંમાં છમ છમ ડામ દીધા. એ સીધી પોતાના ઓરડામાં પેસી ખીંટીએ લટકતાં કપડાં સૂટકેસમાં ફગાવવા લાગી. શિવરાજ થોડી વારે અંદર આવ્યો.

"તમારી ફરજ પૂરી થઈ ગઈ!" — સરસ્વતીના એ શબ્દો શિવરાજના મોં પર ઉંબરની બહાર જ તમાચાની માફક પડ્યા. એ સ્તબ્ધ બન્યો.

"આંહીંથી ચાલ્યા જશો? અત્યારે મારે નથી મળવું."

સરસ્વતીએ જાણ્યું કે શું? ક્યાંથી જાણ્યું? કોની પાસેથી? પોતે ને બીજી અજવાળી, ત્રીજું તો કોઈ નથી જાણતું! અજવાળીને મળી હશે? ક્યારે? ને અજવાળીના હોઠના ટેભા શું તૂટી ગયા?

ના, ના. કાયદાની અજ્ઞાન સરસ્વતી પણ કદાચ એવો ધોખો કરી બેઠી હશે કે મેં અજવાળીને છોડી દેવાની હિંમત કેમ ન કરી?

"પણ હું શું કરું? કાયદાએ મારા હાથ બાંધી લીધા છે, સરસ્વતી!"

"કાયદા! કાયદા! એ તમારા કાળા કાયદા એક અબળા, દુખિયારી, ફસાઈ ગયેલી છોકરીને ખાઈ જવા માગે છે; અને, એનું સત્યાનાશ વાળનાર પુરુષને ન્યાયની ખુરશી પર ક્ષેમકુશળ બેસવા દે છે! એ તમારા કાયદાના કબાટોમાં આગ લાગો! જ્વાળાઓ ઊઠો — જાઓ!"

જાણી ચૂકી હતી! શિવરાજના રામ રમી ગયા. એનું મોં ઢળી પડ્યું. પોતાના પ્રેમના અમૃત-પાત્રમાં વિષ-ટીપાં પડી ગયાં!

"સરસ્વતી, મેં શું શું સહ્યું છે, કેટલું ભોગવ્યું છે, તે જો તમે જાણત, તો મને ક્ષમા આપત."

"ક્ષમા — મારી ક્ષમા માગો છો? ધિક્કાર છે. જેનું જીવન રોળી નાખ્યું એની ક્ષમા માગવાની તો એક વાર હિંમત કરો! તમે — તમે શું એમ માનો છો કે હું તમારા કૃત્યની ક્ષમા કરું? એવી તો હજાર ભૂલોને હું ભૂલી જઈ શકત. મારી પણ થઈ હતી, ને મેં એ ભૂલ તમારે ખોળે નાખી હતી. હું તમારા જીવનમાં ચોર બનીને, દગાબાજ બનીને પેસી જવા નહોતી માગતી. ચોર–લૂંટારા તો તમે બન્યા. આવડું મોટું પાપ તમે મારાથી સંઘરીને રાખ્યું. તમે સ્ત્રીજાતના રક્ષક — જગતની બહેનોના ધર્મભાઈ — અબળાઓની લડાઈઓ લડનાર — એવાને હું મા઼઼ કરી શકી હતી. લોકો એમાં મારું મહાભાગ્ય સમજતા. હું દુનિયા પર ગર્વિષ્ઠ છાતીએ ચાલતી હતી. મને તમે છેતરી. મારી દેવમૂર્તિને તમે ભાંગી નાખી. એ મૂર્તિના પોલાણમાં તમે મારે માટે સર્પો સંઘર્યા હતા. અને હવે મને બધું જ સમજાઈ ગયું. તમારે એ છોકરીનું કાસળ કાઢવું હતું. એ માટે તમે માંદગીનો ઢોંગ કર્યો હતો. તમે એને તમારા મદદનીશ મેજિસ્ટ્રેટના હાથે જ પતાવી દેવા માગતા હતા. તમે — તમે — તમે —"

"સરસ્વતી! જરી મારું તો સાંભળો!"

"સાંભળી લીધું; વધુ નથી સાંભળવું. હું નાદાન બની. બીજી વાર પણ નાદાન બની. મેં પુરુષ પુરુષ વચ્ચે ભેદ કલ્પવાની ભ્રમણા સેવી. હવે થયું, પતી ગયું. મારી આંખો ઊઘડી ગઈ. હવે તમે પધારો."

"જતાં પૂર્વે, ફરી નથી મળવાનાં એમ સમજીને પણ માફી યાચું છું."

"એવી માફી માગનાર માણસ નામર્દ હશે. પોતાના પાખંડનો ભોગ બનનારી છોકરી જ્યાં સુધી તમારા ઇન્સાફના અજગર-મુખમાં છે ત્યાં સુધી એવી માફી માગવા કરતાં ખરો પુરુષ મરી જવું જ પસંદ કરે. આટલી છેતરપિંડી ઉપર એવી નામર્દાઈનું શિખર ન ચડાવો. પધારો!"

"જતાં જતાં કહી લઉં? — મેં તમને એકનિષ્ઠાથી ચાહ્યાં છે. ને મરતાં સુધી ચાહતો રહીશ."

"તમારું મોં ન ગંધાવો. કેવીક ચાહી છે તેની તમે પરિપૂર્ણ સાબિતી આપી દીધી છે. આજે તો મને ઈર્ષ્યા આવે છે એ કેદમાં પડેલી ગંધારી છોકરીની — એનું સ્થાન મને કાં ન મળ્યું! તમારો એટલો પ્રેમ પામવા માટે પણ મારું સર્વસ્વ તમને આપી દેત. મારી લાજ-આબરૂ પણ ઓળઘોળ કરી દેત. પણ મને તો તમે સૂતી વેચી."

"સરસ્વતી!"

"જવા દો મને. હું ક્યાંક ગાંડી થઈ જઈશ. તમને હું ધિક્કારું છું. મારું અંતર તમે ફોડી નાખ્યું છે. તમને મેં વીર માનેલા — તમે તો નામર્દ નીકળ્યા!"

"સરસ્વતી !"

"દંભી ! હજુ — હજુયે જીભ પર સરસ્વતી... ઓહ ! મા ! આઈ ! આઈ ! આઈ !"

દક્ષિણીની છોકરીના અંતરમાંથી મૂએલી માતાનું સંબોધન કારમી પીડાએ છેક પાતાળમાંથી બહાર ખેંચી આણ્યું. એણે ભડભડ અવાજે બારણાં ભીડી દીધાં. ને એ નીચે પટકાઈ તેનો અવાજ બહાર ઊભેલા શિવરાજે સાંભળ્યો.

એ પાછો વળી ગયો — જાણે કદાચ સરસ્વતી પસ્તાઈ મને પાછો બોલાવશે. મોટર સુધી એ ધીરે પગલે ચાલ્યો — જાણે હમણાં બારણું ઊઘડશે ને 'પાછા આવો'નો ટહુકાર પડશે. મોટરનું એન્જિન ગર્જના કરવા લાગ્યું. બારણું કે બારી ઊઘડ્યાં નહીં. ચક્ર ફેરવતાં પહેલાં પોતે કપાળ લૂછ્યું. કોઈએ ન કહ્યું કે, 'પાછા વળો.' મોટર આંચકા લેતી લેતી ચાલી. બેચાર બોલ એના માથાનાં ફાડિયાં કરતા હતા. 'મેં તમને વીર માનેલા — તમે નામર્દ નીકળ્યા.' 'એ છોકરી જ્યાં સુધી જેલમાં પુરાઈ છે ત્યાં સુધી માફી ન મળે.' 'કાયદો — કાયદો — આગ લાગો એ કાયદાને — જે કાયદો અજ્ઞાન, ફસાઈ ગયેલી, એક છોકરીને ખૂની ઠરાવી જીવતી દાટે છે અને ફસાવનાર નરાધમને ન્યાયની ખુરશી પર ક્ષેમકુશળ બેસવા આપે છે.'

રાત પડી. સરસ્વતીનો મોકલ્યો કોઈ માણસ તેડવા આવશે એ વાટ જોતાં જોતાં કલાક પછી કલાક ગયા. કેમ્પનું ટાવર કોઈ વીતરાગી જોગી જેવું ઊભું ઊભું પોતાના કલેજાના ઘડિયાળ-કાંટા નિર્મમ ભાવે ફેરવ્યે જતું હતું. આખરે અધરાત ઓળંગીને ટાવરે ઝાલર પર એક ટકોરો પાડ્યો. સરસ્વતીને લઈને રાતની મિક્સ્ડ ગાડી રાજકોટ ભણી રવાના થઈ.

## ૩૫. મર્દાઈસે કામ લેના !

**સુ**જાનગઢનું મકાન ખાલી કરીને શિવરાજનો બધો સામાન કેમ્પના બંગલામાં ગોઠવાઈ ગયો હતો. બંગલામાં ફક્ત બે જ જણા રહેતા : એક પોતે અને બીજા બુઢ્ઢા ચાઊસ. ત્રીજું કોઈ કદી પ્રવેશ કરવાનું નહોતું. છતાં છોટે સા'બની શાદી નજીક માનનારો એ આરબ આખો દિવસ શિવરાજની ગેરહાજરીમાં પટાવાળાઓ પાસે મકાનની સાફસૂફી અને સજાવટ કરાવ્યા જ કરતો હતો. પટાવાળાઓને એ કહેતો હતો :

"લડકા બેચારા ઇત્તા થા તબ —" એમ બોલીને પટાવાળાઓને એ લીંબુડીનો તાજો ફૂટેલો રોપ દેખાડતો હતો, "બાબાને હમ દોનોંકો બોલ દિયા થા કિ ચાઊસ, માલુજી, લડકાકી શાદી કરકે અપન તિનું બૂઢે ચલે જાયેંગે હજ કરનેકો. ચાઊસ, તુમ હમકો અપને વતનમેં લે જાના. મૈંને કહા થા, હાં સા'બ. ક્યોં નહીં ! પર બાબા ભી ગયા, માલુજી ભી રવાના હો ગયા. અબ લડકાકી શાદી મૈં ન કરું તો કૌન કરેગા ? લડકા બેચારા ! બદન ખાલી બઢ ગયા, લેકિન મું તો અદલ વો હી ! મા જબ મર ગઈ ના, તબ જૈસા થા વૈસા હી ચહેરા ! ઠીક વૈસા હી ! છોટા સા'બ હુવા, બડા સા'બ ભી હોને દો ના ! ચહેરા તો બસ વો હી જ રહેગા. માને દૂધ પિલાયા થા ઉસી વખ્તકા ચહેરા ! ઔર દેખો તો સહી, ક્યા કરામત હે અલ્લામિયાંકી ! મા જબ આઈ તબ જવાન થી, મર ગઈ તબ ભી પૂરી જવાનીમેં થી; લેકિન મૈંને તો ઠીક આંખોંસે દેખા હૈ, કિ હમ

બુઢ્ઢોં કો ભી વો તો મા હી દિખલાતી થી. વો જવાનીભર બસ જઇફ થી, ઔર યે લડકા જઇફીમેં ભી બચ્ચા હી રહેગા — હા — હા — હા — હા —" ડોસો કોઈ મહાન તત્ત્વ ખોળી કાઢ્યું હોય તેવો ગર્વિષ્ઠ બનીને હસતો.

ડોસાએ મરહૂમ સાહેબનો લખવા-વાંચવાનો ખંડ અદલ જેવો સુજાનગઢમાં હતો તેવો જ અહીં પણ સજાવ્યો હતો. શિવરાજના ઓરડામાં પણ ત્યાં હતી તે જ ઠેકાણે માતાની તસવીર ગોઠવી હતી. સવારસાંજની બંદગી ખતમ થયા બાદ ધ્રૂજતા હાથમાં લોબાનનું ધૂપિયું લઈને એ બેઉ ઓરડામાં ધૂપ દેતો. ચાઊસ શિવરાજની સામે ધૂપિયું ધરી રાખતો અને ક્યારેક ક્યારેક, એ શિવરાજને ચુપકીદીથી કહેતો : "બાબા આયે થે કલ શામકો."... "મા આઈ થી, ઔર યાદ દેતી થી — વહ તાવીજ સમાલનેકી."

આર્યસમાજી પિતાનો અંગ્રેજી ભણેલો નૂતનયુગી પુત્ર ચાઊસની આ વહેમીલી વાતોને અંદરખાનેથી હસતો. પણ આજે 'તાવીજ' શબ્દ કાને પડતાં એ ચમકી ઊઠ્યો. માતાએ આપેલું ને માલુજીએ જતન કરી એની ભુજા પર બાંધેલું એ માદળિયું ક્યાં હતું? યાદ આવ્યું : અજવાળીની વિદાય-રાત્રિએ માલુજીએ પોતાને હાથેથી છોડીને એ અજવાળીને હાથે બાંધ્યું હતું. અદાલતમાં એ માદળિયું અજવાળીની ભૂજા પર હતું? કે જેલરે છોડી લીધું હતું? સરત નહોતી રહી. ચાઊસને ક્યાંથી માલૂમ હોઈ શકે એ વાત? મા ખરેખર શું આવ્યાં હશે? પ્રેતસૃષ્ટિ શું સાચી હશે? તો તો માએ જોયું હશે કે એ માદળિયાની કેવી દશા થઈ છે?

વળતી રાત કાળાં ઘોર મંથનોમાં વીતી, અને પ્રભાતે ચાઊસે આવીને કહ્યું: "બાબા આયે થે."

ચાઊસની આ બેવકૂફીને ચૂપ કરી દેવા શિવરાજ તત્પર બન્યો ત્યાં તો ચાઊસે નાકે આંગળી મૂકી સત્તાવાહી શબ્દે કહ્યું : "ઔર બોલ ગયે : ક્યા બોલે માલૂમ? હાં! સૂનો! વે બોલે કિ, ચાઊસ, બચ્ચાકો કહના, ઐસી બેવકૂફી કભી ન કરે, મર્દ બને."

કઈ બેવકૂફી! શિવરાજ ચોંક્યો. ગઈ રાતનો કાળો મનસૂબો ચાઊસને કોણે કહ્યો હોય? પિતાજીના બોલ બંધબેસતા હતા. આખી રાત શિવરાજે આત્મહત્યા વિચારી હતી. જિંદગીમાં જીવવા સરીખું બાકી શું રહ્યું હતું? પોતાના કમોતથી આખી રહસ્યકથાને બહાર પડવા બારી મળે, પોતે આખા અપરાધનો એકરાર એક કાગળ પર મૂકી જાય, એકરાર અદાલતમાં વંચાય, પોતાના પ્રત્યેની ઘૃણામાંથી અજવાળી પ્રત્યે અધિક દયા જન્મ પામે — એવા મનસૂબાની કડીઓ શિવરાજે સારી રાત બેસીને સાંકળી હતી. એવી બેવકૂફી કરવાની પિતા ના પાડતા હતા. ચાઊસે આંગળી ઊંચી કરી, આંખો તાકી, કદી નહીં બતાવેલો એવો સત્તાવાહી સીનો રાખીને વિશેષ કહ્યું :

"ઔર બોલે, બચ્ચા, ઐસી બેવકૂફી કરનેસે કભી નહીં છૂટેગા, કોઈ ફાયદા નહીં નિકાલેગા, આગમેં ગિર પડેગા, કભી ન નિકલને પાવેગા. બચ્ચાકો જલદી બોલ દો ચાઊસ, નામર્દ કભી ન બને. મર્દાઈસે કામ લેવે, હાં! બોલ ગયે, માલૂમ?"

"તુમ વો બાતકા ક્યા માયના સમઝે, ચાઊસચાચા?" શિવરાજે સકારણ પૂછ્યું. જાણવું હતું કે આ રહસ્યમાં ચાઊસને પિતાના પ્રેતે ક્યાં સુધી શામિલ બનાવેલ છે.

"માયના તો મૈં કુછ નહીં સમઝતા, સા'બ. બાબાને ફેરફેર સિર્ફ ઇતના હી કહા, કિ ઐસી બેવકૂફી ન કરે, બોલો લડકાકો, મર્દાઈસે કામ લેના."

થોડી વાર બેઉએ ચુપકીદી પકડી. ચાઊસે શિર ઝુકાવ્યું; બોલતો બોલતો ચાલ્યો

ગયો : "હાં સા'બ, મર્દાઈસે કામ લેના, હાં બેટા !"

શિવરાજને પોતાના પર જ ઘૃણા આવી. આપઘાતનો માર્ગ નામર્દનો માર્ગ હતો, છટકી જવાની નાઠાબારી હતી. સાચી વાત, પોતાને જીવતી બદનામીની બીક લાગી હતી. પોતે ખતમ થઈ જાય, પાછળથી તો જે થવાનું હોય તે થાય: કોણે ખાતરી આપી કે અજવાળીને એનો લાભ મળશે !

મારે મરીને મારું કાળું મોઢું નથી છુપાવવું. મારે મારા છુટકારાની આશા — અરે ઝાંખામાં ઝાંખી અભિલાષ-રેખા પણ — ભૂંસી નાખવાની છે. મારા જીવનનું અવશેષકાર્ય આ એક જ છે કે મારે આ જીવનમાં પેસી ગયેલી નામર્દાઈ બહાર ખેંચી નાખવી. મારે ઉઘાડા પડી જવું, લોકોના થૂથૂકાર મસ્તક પર ઝીલવા. પછી એક દિવસ સરસ્વતીની જીભ શું નહીં બોલે, કે શિવરાજ, તું હવે નામર્દ નથી, તું હવે નિષ્કપટ બની ગયો ! આટલું જ જો એક વાર એની એકની જીભ પર ચડી જાયને, તો હું નિહાલ થઈ જઈશ. તો મારી તમામ સંસારી કંગાલિયત અને બદનામી વચ્ચે પણ હું ઇન્દ્ર જેવો બનીશ. બીજું કશું બાકી નથી રહ્યું. સરસ્વતીનો હાથ તો આજે વિચારવાની વાત પણ નથી રહ્યો. ફક્ત એની જીભ પરનો પેલો બોલ — 'નામર્દ છો તું' — એ બોલ જવો જોઈએ.

એ હું કેવી રીતે કરીશ ? કયે માર્ગે ? ચાલતી અદાલતે જજને જઈ કહું, કે અજવાળીના આ ગુનાનો મૂળ અપરાધી હું છું ? હા, સાચે જ, ભર અદાલતમાં. સૌ સ્તબ્ધ બની રહેશે. મારા એકરારની ભવ્ય અસર પડશે. મારી નૈતિક હિંમત પર લોકો મુગ્ધ બનશે.

પણ અજવાળીનો ગુનો એથી શી રીતે મટશે ? એનું કર્મ કેવી રીતે કોર્ટને હળવું લાગશે ? પેલો 'હેંગિંગ જજ', વિલાયતની જૂની રસમોનો પ્રેમી, એ ગોરો મને હસી કાઢશે, અજવાળીને કટકેય નહીં છોડે. લોકો મારી હાંસી કરશે કે હું કોઈ નવલકથાનો વીર બનવા આવ્યો છું.

અજવાળી તો કદાચ ઓછી સજા પામે, પણ તેથી આ કાયદાને શી આંચ ? એ કાયદાનો નાશ કોણ કરે ? રાજસત્તાનું ધ્યાન એ કાયદાની કાળાશ પર કેમ કરીને ખેંચાય ? પ્રજાના આત્મભાનને આ કાયદાના અધર્મ પર એકાગ્ર કરીને. પણ એ બધું ક્યારે થાય ? જમાનો વીત્યે. નહીં, નહીં, અજવાળીનું બલિદાન લેનાર આ કાયદા પ્રત્યે રાજસત્તા ચોંકી ઊઠે તેવું કોઈ ત્વરિત પગલું લેવું છે.

કેમ કરીને ? — એ કાયદાનો ભંગ આચરીને.

કોણ ભંગ કરે ? — એ કંપી ઊઠ્યો.

કાયદો કોણ ભાંગે ? — એ પ્રશ્નની સામે ધ્રૂજી ઊઠેલું એનું અંતર આખરે હિંમતમાં આવીને વિચારી ચૂક્યું : અજવાળીના વિનાશનું કારણ હું બન્યો છું, અજવાળીના છુટકારાનું કારણ પણ મારે જ બનવું રહે છે.

ફરી પાછી વિચારોની એ સાંકડી ગલીને આધારે એની કલ્પના કંપી ઊઠી. "અરર ! હું ન્યાયાધિકારી ઊઠીને કાયદો ઉથાપું ?"

એને એના સોગંદ સાંભર્યા, એને પિતાનો મુદ્રાલેખ યાદ આવ્યો : એ જ મુદ્રાલેખની સામે જોઈ એણે અદાલતમાં ઇન્સાફ તોળ્યો હતો : "જગતમાં ઇન્સાફ સમું પવિત્ર બીજું કોઈ નથી."

હું અપરાધી બનું ? કાયદાનો રક્ષક કાયદાનો ભંજક બનું ? ન્યાયદાતા તરીકેની મારી ઇજ્જતનું શું ?

બારીમાંથી વાયરો આવ્યો, ને જૂના વિચારે જોર કર્યું : એ ઓરતની જિંદગીને મુકાબલે મારી ન્યાય-ઇજ્જત શા હિસાબની હતી ?

— કશી જ નહીં ! તલભાર નહીં !

અજવાળી નહીં રહી શકે કેદખાનામાં, ન રહેવી જોઈએ. એને નાસી છૂટવા મારે મદદ કરવી જ જોઈએ — કોઈ ન જાણે તેમ. એ કાયદો જુઠો છે. માટે એ હું ખતમ કરીશ. એવા કાયદાને ઉથાપવાનો હક છે — નહીં, પવિત્ર ધર્મ છે.

પણ અજવાળીને રાજકોટ તો નથી લઈ ગયા ? એ છલંગ મારીને તારીખિયા પર દોડ્યો.

આજે કયો વાર ! શનિવાર છે. આવતી કાલે રવિવાર છે ને ? અજવાળીને લઈ ચાલશે સોમવારે. કાલે — કાલે જ એને નસાડું. પણ નસાડીશ ક્યાં ? જગતના કયા છેડા ઉપર ? એ જ્યાં જશે ત્યાં ઝલાઈ જશે. એને કોણ સંઘરશે ?

## ૩૬. રામભાઈને ઘેર

**શિ**વરાજની આંખ અજવાળીના કોઈ રક્ષકવીરની શોધમાં ભમી વળી. ને એની મીટ મંડાઈ ગઈ... પોતાના બંધુ અને અજવાળીના વકીલ રામભાઈને માથે. રામભાઈને પોતે નીરખી નીરખીને અદાલતમાં અવલોક્યો હતો. રામભાઈ અજવાળીનો પૈસાવડિયાનો વકીલ તો નહોતો; એક પરોપકારને ખાતર શું એ અજવાળીના રક્ષણની આટલી આગ બતાવતો હતો ? નહીં, રામભાઈની આંખોના ઊંડાણમાં કોઈ પ્રકટ ઊર્મિ હતી. આ પતિતા અજવાળી પર રામભાઈના હૃદયનું કોઈ દ્વાર પોતાની લાગણીનો પ્રકાશ વરસાવી રહ્યું હતું. ને વાતો પણ ચણભણ ચાલી હતી : “આ છોકરીને છોડાવીને શું તારે એને પરણવી છે ?” — એવા પોતાના બાપના ટોણાંનો રામભાઈએ જવાબ વાળેલો કે, “તો શું થઈ ગયું ? બ્રાહ્મણ જ્ઞાતિનાં હાંડલાં ઊંધાં નહીં વળી જાય !”

રામભાઈ — મારો મિત્ર રામભાઈ — જો અજવાળીને ચાહતો હોય તો એ પોતાની કુરબાની કરે તેવો છે : સાહસશૂર છે : એ અજવાળીને લઈ ચાલ્યો જાય — પોંડિચેરી, રંગૂન, દીવ, અને જરૂર પડે તો કોઈપણ ઠેકાણેથી પાસપોર્ટ મેળવીને પરમુલકમાં. હું — હું મારા તમામ પૈસા એને આપી છૂટીશ.

રાત પડી. શિવરાજ કાળો ડગલો ચડાવીને ચંપલભેર રામભાઈને ઘેર ગયો. રામભાઈના દીવાનખાનાનું બારણું બરોબર રસ્તા પર પડતું હતું. બારીમાંથી શિવરાજે રામભાઈને નિહાળ્યો : આરામખુરશી પર એ સૂનમૂન પડ્યો હતો. હજુ એણે ક્યાંક બહારથી આવીને કપડાં પણ ઉતાર્યાં નહોતાં, એના વાળ અસ્તવ્યસ્ત પડ્યા હતા. એ ક્યાં જઈને આવ્યો હશે ? સ્ટેશને જઈને તો નહીં ? સ્ટેશને કોઈને વિદાય દેવા ? હા, હા, કદાચ — કદાચ એને — સરસ્વતીને જ. સરસ્વતીએ એને કહ્યું પણ હશે કદાચ !

બારણું ખખડાવવા સાંકળ હાથમાં ઝાલતાં એ ખચકાયો. સરસ્વતી પાસે એણે સાંભળ્યું હશે તો ?

ત્યાં તો અંદર કશીક કાચની ચીજના કટકા થયા સંભળાયા ને સાથોસાથ શબ્દો સંભળાયા : “લે ! લે પાપી !”

એ શું પટક્યું એણે? છબી હશે કોઈકની? મારી તો નહીં? હિંમત કરીને એણે ટકોરો માર્યો.

"કોણ? અત્યારે નહીં, સવારે આવજો!" રામભાઈ કોઈને મળવાના મિજાજમાં નહોતો.

ફરીથી ટકોરા પડ્યા. જવાબ મળ્યો : "કોણ છે ભાઈ? કહ્યું નહીં, જે હોય તે સવારે આવજો."

"ખોલો, રામભાઈ!" શિવરાજે કોઈ શરણાગતનો સાદ સંભળાવ્યો.

અવાજ તો એકદમ ન પરખાયો — ડેપ્યુટીસાહેબ શિવરાજ અંધારી રાતે પોતાનું ઘર ભભડાવવા નીકળે એવી એને કલ્પના પણ ન આવી. પણ એ સાદ એવો તો નહોતો જ કે જેની સામે પેલો નિષ્પ્રાણ પ્રત્યુત્તર ફરીથી ફેંકી શકાય.

બારણું ઊઘડ્યું. બેઉ સામસામા થંભી રહ્યા. બાલ્યકાળના બે બંધવા, પણ આજના નહીં; બે કોઈ પરદેશીઓ : નહીં, ફક્ત અજાણ્યા પરદેશીઓ જ નહીં; પણ એકને મન પોતાનું આશ્રયસ્થાન અને બીજાને મન એક સાક્ષાત્ શયતાન. સ્ટેશનથી હમણાં જ સરસ્વતીનું રુદન સાંભળીને જ રામભાઈ આવ્યો હતો. અને શિવરાજે જોયું — એક તસવીરના ટુકડા વેરણછેરણ પડ્યા હતા.

"એ ટુકડા આપની જ છબીના છે." રામભાઈએ આંગળીથી ચીંધાડીને કહ્યું.

શિવરાજ કાંઈ બોલ્યો નહીં.

"કેમ આવવું થયું છે?" રામભાઈએ અક્કડ પ્રશ્ન પૂછ્યો.

"મારે વાત કરવી છે."

"મારે નથી સાંભળવી."

બોલ્યા વગર શિવરાજ અંદર ચાલ્યો.

"ન આવો, કહું છું." રામભાઈની આંખ બદલાઈ.

તોયે શિવરાજ અંદર ઘૂસ્યો ને એક ખુરશી પર બેઠો. રામભાઈએ બારણું બંધ કર્યું ને શિવરાજની સન્મુખ એની ટટ્ટાર આકૃતિ ખડી થઈ. શિવરાજે ઊંચે જોયું, એટલે રામભાઈએ એના ગાલ પર એક જોરાવર તમાચો ચોડી દીધો. ખુરશી પરથી નીચે પટકાઈ પડેલો શિવરાજ સામનો કરવાનો સમય મેળવે તે પૂર્વે રામભાઈ ટટ્ટાર થઈ જઈ ઊભો રહ્યો. પણ શિવરાજે ઊઠતાં ઊઠતાં ફક્ત દીન સ્વરે એટલું જ ઉચ્ચાર્યું કે, "બરાબર છે. હું એને જ લાયક છું, રામભાઈ! હું હિચકારો એ જ લાગનો છું."

ઉપરાછાપરી અડબોતો અને ગડદાપાટુ મારી મારીને પોતાની દાઝ ઉતારવાના મનસૂબામાં ચકચૂર બનેલો રામભાઈ ભોંઠો પડી ગયો. ધારે તો પોતાનો બચાવ કરી શકે તેવા પડછંદકાય શિવરાજના ચહેરા પર દીનતા હતી, ને મોંમાં પોતાના જ હિચકારાપણાનો એકરાર હતો!

બારેક વર્ષો પૂર્વેનો એક દિવસ રામભાઈને યાદ આવ્યો. બાર વર્ષો પર શિવરાજના દેહ પર આવો માર કોણે મારેલો? ને એનું આવું જ મોં ક્યાં જોયેલું? ગુરુકુળમાં. આચાર્યદેવે મારેલો, તમામ વિદ્યાર્થીઓની વચ્ચે. સ્મૃતિનું બીજું દ્વાર વળતી જ પળે ઊઘડી ગયું : આ માર શિવરાજે કોને માટે, કોને સાટે ખાધેલો? મારા માટે. ગુનો મારો હતો.

બધું યાદ આવી ગયું. રામભાઈના હૃદયમાં રુદન ભરાયું. એણે શિવરાજ સામે તાકી રહી આંસુ મોકળાં મેલ્યાં. એનો રુદન-સ્વર રુંધ્યો રહ્યો નહીં.

"ભાઈ!" બીજા ખંડમાંથી સાદ આવ્યો. એ સાદ રામભાઈની બાનો હતો. "સૂઈ જા, સૂઈ જા હવે, માડી!"

"એ સૂઈ જાઉં છું હમણાં, બા!" રામભાઈએ બાને જવાબ આપ્યો, ને સાથોસાથ એને સાંભર્યું કે શિવરાજને સો સો રાત્રિઓના ઉજાગરા પછી પણ "ભાઈ, સૂઈ જા" કહેનારી બા નહોતી.

રામભાઈ એકદમ કૂણો પડી ગયો. તે પછી બેઉ જણા વચ્ચે બે-ત્રણ કલાક વિગતવાર અને ચોકસાઈપૂર્વક વાર્તાલાપ ચાલ્યો.

"રામભાઈ, જગતમાં ક્યાંય જવા ઠેકાણું નહોતું એટલે જ તારી પાસે આવ્યો છું. હું તો મારો સર્વનાશ કરવા બેઠો છું, પણ તને કદાચ આ સંસારમાં આગળ વધવાની આશા હોય તો..."

"મારી તો સર્વ અભિલાષાઓનો ભડકો થઈને એમાંથી એક જ શિખા પ્રજળી રહી છે."

"કઈ ?"

"અજવાળીને ઉગારી લેવાની અને..."

"અને ?"

"મારું ચાલે તો એને પરણીને એના સાચા પાલક થવાની."

"એને જાણ છે તારી અભિલાષાની ?"

"હા, આજે સવારની મુલાકાતમાં જ મેં એને પૂછેલું કે હું તને છોડાવીશ; પછી તું છૂટીને કોની સાથે રહીશ ? મારી સાથે લગ્ન કરીશ ? એણે તો અતિ હર્ષથી પાગલ થઈ ગયા જેવી ચેષ્ટાઓ બતાવી હતી."

"ત્યારે તો એ છૂટવાની ને તારી જોડે પરણવાની આશામાં ઝૂલે છે, એમ ને ?"

"હા, હું એને છોડાવીશ, ને એ આંહીંથી જતાં પૂર્વે એકરાર કરી નાખશે એટલે તું પણ એને છોડાવવાની ભલામણ કરવાનો છે એવી એને તો ભ્રમણા છે."

"ભ્રમણામાં જ એને રહેવા દઈને ઉપાડી લેવી રહે છે."

"પણ કેમ કરીને ? હવે તો બાજી તારા હાથમાં રહી નહીં ને ?"

"તને મોટર તો આવડે છે ને ?"

"એટલે તો સામે ચાલીને જ પકડાઈ જવું, એમ ને ?"

"હા, હું બેવકૂફીની વિચારસૃષ્ટિમાં હતો — સિનેમાની વાર્તાઓનાં પાત્રો મોટરમાં નાસી છૂટનારાં હોય છે ને !"

"ને તેમની દુનિયામાં તો લાઇસન્સ તપાસનાર પોલીસ, પેટ્રોલ, પંચર, પહાડો, ખાડીઓ, કશું જ નથી હોતું."

"ત્યારે શું કરીશું ?"

"આપણો પ્રાચીન ગુપ્તવેશ."

"શું ?"

"ફક્ત ઘૂમટો. કોઈ શંકાય ન કરે, કોઈને આશ્ચર્ય પણ ન લાગે, ને ઊલટા આબરૂદાર ગણાઈએ."

તે પછી તો વાર્તાલાપ એટલો વ્યવહારુ બન્યો કે બેઉ મિત્રોએ કડીબંધ આખું કાવતરું ગોઠવ્યું. રાતે બે વાગ્યે જુદા પડ્યા ત્યારે ઝાઝી વિધિ પણ ન કરી.

## ૩૭. શિવાસ્તે પંથા:

રવિવારના ઢળતા બપોર હતા, અને રાડિયો જેલર એકાએક જેલ પર ધસી આવ્યો.

"લુક હિયર ! દેખો ઇધર !" જેલરે મોંમાં હોકલી દબાવતે દબાવતે પોતાના વોર્ડરોને એક કાગળ દેખાડ્યો. "ઇસકા નામ સચ્ચા મેજિસ્ટ્રેટ : આજ ઇતવાર હૈ તો ભી છોટે સા'બ આરામ નહીં કરેગા ! દેખો, વો બદમાસકો પકડેગા, પકડેગા !"

"શું છે પણ, સાહેબ ?" વોર્ડરો પૂછવા લાગ્યા.

"ગરબડ નહીં !" જેલરે વોર્ડરને હુકમ આપ્યો, "જાવ, તહોમતદાર અજવાળીકો છોટે સા'બકા બંગલા પર લે જાઓ."

"અરે સા'બ, આજ આતવાર..."

"હાં હાં, મૈં ગધ્ધા નહીં હૂં, સમજતા હૂં. જાવ, લે જાવ: છોટે સા'બ તહોમતદારકી 'પ્રાઇવેટ એન્ડ કોન્ફિડેન્શિયલ' તપાસ કરનેવાલા હૈ. વો બદમાશકો પકડેગા — ભાઈ, મૈંને તો કહા હૈ કે પકડેગા જ પકડેગા !"

મેજિસ્ટ્રેટ તરીકે શિવરાજે જેલરને અમલદારી તુમાર જ લખ્યો હતો : "બાઈ અજવાળીની વધુ તપાસ માટે આંહીં બંગલે એને હાજર કરવી."

રવિવારની સાંજ નમતી આવે છે. તહોમતદાર ખુદ સાહેબની જ પાસે છે, એમ સમજી પહેરેગીરો ચાઉસની ઓરડીમાં નિરાંત કરી બેઠા રહ્યા. અંદર ઉપરને મેડે શિવરાજ જાણે કે બાઈ અજવાળીની તપાસ કરી રહેલ છે.

બંગલાની મેડી ઉપરના એકલ ઓરડામાં બેઠેલા રામભાઈ અને શિવરાજની સામે અપરાધીના વેશે ઊભેલી અજવાળી પૃથ્વી પર સ્થિર નહોતી, બેમાંથી એકેનીય સામે જોવાની એની હિંમત નહોતી. એના અંતરના હરિયાળા કિનારા પર જાણે હરણાં ચરતાં હતાં. એ સુખસમાચારની જ આશા લઈને ઊભી હતી.

થોડી વારની ચુપકીદી તૂટી અને શિવરાજના મોંમાંથી શબ્દો પડ્યા : "અજવાળીબાઈ, તમને છોડી મૂકવામાં આવે છે. તમે નિર્દોષ છો."

અજવાળી બોલી નહીં.

"કેમ, તમે નિર્દોષ જ છો ને ? તમને વગરવાંકે ખૂબ દુઃખ દીધુંને અમે ?" શિવરાજ એના મોંમાંથી કોઈક આભારભીના બોલની ઝંખના કરતો હતો. આવડું મોટું મુક્તિદાન અને આત્મસમર્પણ એક જ બિંદુ અહેસાનનું જળ યાચી રહ્યું હતું. પ્રેતોની દુનિયામાં એવા 'જન' હોય છે જેનો પ્રાણ પ્યાસે તરફડતો હોય છતાં જેનું ગળું કાંટાની શૂળની ટોચે હોય છે. એની પર પડતું એકાદ ટીપું જ એ પી શકે છે.

અજવાળી માંડ માંડ બોલી શકી :

"મને તો બોને કહ્યું'તું કે અંજુડી, તને સા'બ છોડી મૂકશે. તમે દયાળુ છો તે છોડો છો. હું બીજું શું કહું ?"

"બસ, એટલું બસ છે. બોલો, હવે તમારે ક્યાં જવું છે ?"

"મારી મા આગળ."

"એમાં મુશ્કેલી છે. તમારો બાપ તમને ઘરમાં નહીં પેસવા આપે. તમારાં માને એ મારી નાખતા હતા એટલે અમે એને બીજે ઠેકાણે મોકલી આપેલ છે. તમે ત્યાં જવા માગો છો ?"

"હા. જ્યાં મારી મા હોય ત્યાં."

"તમને કોની સાથે મોકલું તો તમારી પૂરી રક્ષા થાય?"

અજવાળીની આંખો કોણ જાણે કેમ પણ આ પ્રશ્નના જવાબ માગતી રામભાઈ તરફ વળી ગઈ.

"રામભાઈ? રામભાઈ તમને લઈ જાય? રામભાઈ ઉપર વિશ્વાસ રાખજો, હો! બધા જ પુરુષો સરખા પાજી નથી હોતા." શિવરાજ સમજતો હતો કે પોતે ક્ષમાયાચના કરી રહેલ છે, પણ અજવાળીને ભાગી જવાનું મન થતું હતું.

"અજવાળીબાઈ, તમારો હાથ હું રામભાઈને સોંપું છું. તમારે આંહીં તમારા બાપથી બચવા માટે છાના વેશે નીકળી જવું પડશે; ઊભાં રહો."

શિવરાજ ઊઠીને બીજા ખંડમાં ગયો. એક કબાટ ખોલ્યો. બાવીશ વર્ષ પર મરી ગયેલ માતાનાં અકબંધ કોરાં કપડાં, રાજપૂત ઢબનો ઘેરદાર લેબાસ અને ઘરાણાં બહાર કાઢ્યાં. બહાર લઈ આવીને અજવાળી સામે ધર્યાં : "લ્યો, આ વીરપસલીની ભેટ. જાઓ, આ સામેના ખંડમાં જઈને નિરાંતે પહેરી લો. આ ઘરેણાં પણ તમારે પહેરી જ લેવાનાં છે. તમારે પૂરેપૂરો છૂપો વેશ ધારણ કરવાનો છે. ડરશો નહીં; આ વખતે વિશ્વાસઘાતની બીક રાખશો નહીં."

બોલતે બોલતે શિવરાજ ખોંખારા મારવા પ્રયત્ન કરતો હતો.

શિવરાજના બોલમાં અજવાળીને ઇતબાર હતો : "સરસ્વતીબોને સાચું કહ્યું હતું : સા'બ બહુ ભલા છે, બહુ દયાળુ છે." એણે જઈને ઝટ ઝટ કપડાં સજ્યાં. શિવરાજે શાંતિથી જઈને ઓરડાના ઉંબર પર જ તેલકચોળું અને કાંસકી પણ મૂકી દીધાં.

સાંજ પડી ગઈ ત્યારે શિવરાજ તૈયાર થઈને બહાર જવા નીચે ઊતર્યો. એણે પહેરેગીરોને જોઈને તાજુબી બતાવી પૂછ્યું : "કાયકો અભી યહાં બેઠે હય યે લોગ?"

"સા'બ, તહોમતદારન..."

"ક્યોં, ઉસકો નહીં લે ગયે હો અબ તક?"

"સા'બ, આપકે પાસ..."

"નહીં, આધા ઘંટા હો ગયા, હમને ઉસકો રજા દિયા હૈ."

પહેરેગીરો સજ્જડ બની ગયા : શું કરવું? ક્યાં જવું?

"ઉસકા બાપકા ઘર પર દેખો, કૂવા-તલાવ દેખો, જાવ, દૌડો." શિવરાજે સત્તાવાહી ત્રાડ મારી : "સબ દેખો!"

સાંભળીને પોલીસો દોડ્યા. એકે જઈ જેલ પર જાણ કરી. ભયના ડંકા બજવા લાગ્યા. પટાવાળાઓને પણ શિવરાજે દોડવા કહ્યું.

દોડાદોડ થઈ રહી ત્યારે પોતે આરામથી મોટર બહાર કાઢી. અંધારામાં અજવાળીને પાછળ બેસારી, વચ્ચેના એક નિર્જન સ્થાન પરથી વેશબદલો કરી ચૂકેલા રામભાઈને લઈ લીધો. સાદાં ખાદીનાં ધોતી ને કુડતાને બદલે તેણે સુરવાળ વગેરે ગરાસિયાશાઈ પોશાક પહેરી લીધેલ હતો.

જેલમાં, પોલીસ ગાર્ડમાં, લાઇનમાં, ગામમાં, સર્વત્ર હાકાબાકા થઈ રહ્યા કે અંજુડી ભાગી અને સા'બ પોતે એની ગોતમાં મોટર દોડાવી ગયા છે! સાહેબ જે સડકે ગયા હોવાની ભાળ મળી તેથી જુદી જ દિશાઓ પોલીસ-ફોજદારે સાહી. એવા ચારપાંચ કલાકના ગાળામાં એક આઘે આઘેના અતિ ધમાલભર્યાં જંક્શન પર શિવરાજે બેઉને ઉતારી નાખ્યાં.

"અજવાળીબાઈ," શિવરાજે રામભાઈના ગજવામાં નોટોના થોકડા (પોતાના ને પિતાના પગારની તમામ બચત) ભરતે ભરતે હાથ જોડ્યા, "તમને હું કદી મળનાર નથી. હું તમારો હાથ રામભાઈને સોંપીને જાઉં છું. સુખદુઃખમાં એકબીજાનાં સાથી રહેજો. રામભાઈ તમારો બીજા પુરુષ જેવો વિશ્વાસઘાત નહીં કરે, અજવાળીબાઈ! ને હું છેલ્લી એક વાર જૂઠું બોલ્યો છું : તમારી માતાને તમે તરત નહીં મળી શકો; તમને મેં છોડ્યાં છે, પણ સરકારે નથી છોડ્યાં; તમારામાં શક્તિ હોય તેટલી વાપરીને નાસી છૂટો. આટલો વિશાળ મુલક પડ્યો છે તેમાં રામભાઈ તમને એક કરતાં એકસો છાનાં ઠેકાણાંમાં લઈ જશે. હું રજા લઉં છું."

એણે મોટર પાછી હાંકી. એણે ઊલટી જ દિશાના સીમાડા સાંધ્યા. પરોઢિયાના ચારેક વાગ્યે એણે એક નદીની ભેખડે મોટર થોભાવીને એન્જિન બંધ કર્યું; પગ લંબાવીને શરીરનો ઢાળો કર્યો અને હાશકારો કરી શ્વાસને વિસામો આપ્યો. હવે શી ઉતાવળ છે? શું લૂંટાઈ જવાનું છે? કોણ મારી રાહ જોનારું રહ્યું છે? કાલે તો અજવાળીની જગ્યા મારે માટે તૈયાર હશે. એ જગ્યા પર પહોંચતાં બે કલાક મોડો પડીશ તો કોઈ વધુ સજા કરવાનું નથી, વહેલો પહોંચીને કારાગૃહનાં દ્વાર ખખડાવીશ તો કોઈ છોડી મૂકવાનું નથી. માટે વિરામ લઈ લો. હે અંતર્યામી! ઊંઘી લ્યો, હે આતમરામ! આવું હળવુંફૂલ અંતર તો આ પચીસ વર્ષમાં પહેલી જ વાર પામ્યો. ખેતર વચ્ચેની આવી એકલતા કોઈ દહાડે નહોતી માણી. આ અંધારાં શું મા — જનની! તારા ઓઢણાના પાલવડા હશે! મને શું તું જ લપેટી લે છે? મને ઊંઘ આવે છે. ગયો — ગયો — એ ઊંઘી ગયો. જાગૃતિના ઉત્પાતમાંથી સ્વપ્નહીન નીંદરના દરિયાવમાં નાના હોડકા જેવું કલેજું ક્યારે ઊતરી ગયું, ક્યારે લસરવા લાગ્યું, ખબર જ પડી નહીં. જાણે પોતે જ પોતાના જીવને સફર પર વળાવી પાછો વળી ગયો, રગેરગમાં ઘારણ ચડી ગયું.

ખુલ્લાં ખેતરો વચ્ચે, દિવાળીનાં પાકેલ જારબાજરાના ઝૂલતાં ડૂંડાંની જંગલભરતી સોડમના ઘેનમાં ઘેરાયેલા શિવરાજને બે કલાકની નીંદર બસ હતી. હાંફતી માલગાડીના શ્વાસ-ધબકારા એકાદ માઈલ આઘેની રેલવે લાઈન પરથી સંભળાતા હતા. કોઈ બીજી ગાડી તેની પહેલાં ગઈ નહોતી. રામભાઈ અને અજવાળીને દિલ્હી મેલ મળી ચૂક્યો હશે. હવે તેને કોણ આંબવાનું હતું? પોલીસ ફોજદારે તાર કર્યો હશે? તાર કોને પહોંચવાનો હતો? રામભાઈ અને અજવાળીને કોણ ઓળખવાનું હતું? બીજા વર્ગમાં બેઉ ઘસઘસાટ સૂતાં હશે. ગાડીનાં પૈડાં હાલાંવાલાં ગાતાં હશે. બીજા વર્ગના પેસેન્જરને ન જગાડવાનો હુકમ છે ને, એટલે પોલીસની દેન નથી કે પકડી પાડે.

લઈ જાઓ, ઉપાડી જાઓ, ઓ દિલ્હી મેલનાં સેંકડો પૈડાંઓ! આ ઘાતકી કાયદાના લાંબા હાથ ન આંબી શકે એવા પૂરપાટ વેગે એને વહી જાઓ! મદુરા અને રામેશ્વરનાં દેવાલયો! આ બે યાત્રિકોને તમારી લોક-મેદનીમાં છુપાવી દેજો. ગંગાના કિનારાઓ! એ નિર્દોષોને મહિનાઓના મહિના સુધી તમારી સૃષ્ટિમાં સંતાડી દેજો. હજારો-લાખો બદમાશોનાં પાપો પણ જ્યાં રક્ષણ પામે છે, ત્યાં બે નિષ્પાપોને શરણું મળજો!

ઘર તરફ મોટર હાંકતો શિવરાજ આસો મહિનાના અંધારિયાની પાછલી ચાંદનીમાં વિચારતો હતો : 'હવે સરસ્વતી મને માફ કરશે ખરી? મેં આ સાહસ સાચોસાચ શું એકલા આ ઘાતકી કાયદા સામે બંડ ઉઠાવવા કર્યું છે? ખરે જ શું હું અજવાળીનું રક્ષણ જ ઇચ્છતો હતો? કે કંઈક વધુ? સરસ્વતીનો સંતોષ!'

## ૩૮. વસિયતનામું

**ઘે**રે ચાઊસ જાગતો હતો. મોટરમાંથી ઊતરતા શિવરાજને શરીરે પ્રેમાળ પંજો મૂકવાની ચાઊસે કેટલે વર્ષે હિંમત કરી! 'સાહેબ' બન્યા પછી શિવરાજ સાથે છૂટ ન લેતા ચાઊસથી આજે ન રહેવાયું. શિવરાજના કાને ચાઊસના કલેજાના ધડધડાટો સંભળાયા ને શબ્દો પડ્યા : "માલિક મેરા! બચ્ચા મેરા! તુમ સલામત થે, માલૂમ થા મુઝે. બાબા આયે થે — કહેતે થે — બચ્ચાકી ફિકર મત કરો, ચાઊસ!"

"ચાઊસચચા!" શિવરાજે પૂછ્યું, "તહોમતદારણનું શું થયું?"

"પુલીસ કૂવેમેં બિલ્લિયાં ડાલતી થી સારી રાત! ફોજદાર અભી તક યહાં થે. અભી આયેગા."

મોટરની ગર્જના સાંભળીને ફોજદાર અને પોલીસો બંગલે આવ્યા. તેમના હાથમાં પેટ્રોમેક્સ બત્તીઓ અને ધુમાડી ગયેલાં પંદરવીસ લાલટેન હતાં. લાંબાં દોરડાં તેઓ પોતાના પછવાડે ઢસડ્યે આવતા હતા. લોઢાની મીંદડીઓ એમના હાથમાં ખખડતી હતી.

"કૂવેકૂવા ડખોળી જોયા, સાહેબ, પણ કેદીનો પત્તો નથી."

"સાંજથી અત્યાર સુધીમાં કોઈ ટ્રેન ગઈ?" શિવરાજે પૂછ્યું.

"હા સાહેબ, બે મિક્સ્ડ ગાડીઓ ગઈ. બેઉમાં માણસો જોઈ કાઢ્યા. પત્તો નથી મળ્યો."

"એની મા પાસે તપાસ કરાવી?"

"હા સા'બ. ત્યાં તો કાલ સવારથી એની માએ ડાકલાં બેસાર્યાં છે. માણસો આખો દિવસ ત્યાં ટોળે વળીને બેઠા રહ્યા છે. ઇવડી ઇ ડોશી તો ખાટલે સૂતેલી છે. કોઈ કરતાં કોઈ ત્યાં ફરક્યું નથી." કાંથડ હવાલદારે હાંફતાં હાંફતાં કહ્યું.

"ફોજદાર," શિવરાજે કહ્યું, "સવારે આવો. દરમિયાન રાતમાં વિશેષ કૂવાઓ તપાસો, ધર્મશાળાઓ જોઈ કાઢો."

"સાહેબ," ફોજદારે એકાંત માગી, "અંદર આવું?"

"આવો."

ફોજદારે કહ્યું : "વકીલ રામભાઈનો પણ પત્તો નથી. મને શક છે કે બાઈને આપના બંગલાને પાછલે બારણેથી એમણે ભગાડી."

"રેલગાડીઓમાં તો તમે જોયું હતું ને?"

"રેલરસ્તો નયે લીધો હોય."

"કોઈ ટેક્સી ગામમાંથી ગેરહાજર છે?"

"એકેય નહીં."

"તો પછી?"

"અહીંથી બે ગાઉ દૂર ભાગી જઈને વિક્રમનગરની ટ્રેન પકડી હોય તો? ને ત્યાંથી મુંબઈની સ્ટીમર પકડે તો?"

"સવારે આવો."

"વોરંટ જોઈશે, સાહેબ!"

"સવારે વિચારીશું."

એ પાછલી રાતના ત્રણ વાગ્યે મેડી પર ચડી શિવરાજે સૂવાના ઓરડાને અંદરથી સાંકળ મારી એકાંતે જાગરણ માંડ્યું; વિચારની કડીઓ ગોઠવી : વિક્રમનગર! પેલાં બેઉ ગયાં તેમનાથી તદ્દન ઊંધી જ દિશાનો આખરી છેડો વિક્રમનગર! એ ઊલટા જ માર્ગે આખા ગંધ ચાલી ગઈ છે. એ તો બચી ગયાં.

ફોજદાર વોરંટ માગવા આવશે. હું એ નિર્દોષો પર વોરંટ કાઢવાની ના કહી દઈશ. હોહા થશે. રાજકોટથી ઉપરી અધિકારી આવશે, હું કબૂલ કરીને કેદખાનું સ્વીકારીશ.

ઊંડી સાગર-ખોપમાં ગડગડતા ખારા પાણીના લોઢની માફક એના વિચારો માથાની બખોલમાં પછડાતા હતા. એને ખાતરી હતી કે આવતી કસોટીમાંથી એ જીવતો બહાર નીકળવાનો નથી. માણસો લાંબી કેદની સજાઓ પૂરી કરીને જીવતા પાછા આવતા હતા, તે તો ફરીથી તેમને સુખના દિવસો સાંપડવાના હતા એ આશાના ટેકે ટેકે. એવી કોઈ આશા એને રહી નહોતી. એટલે મેજ પર બેસીને એણે એક લાંબી મુસાફરીએ ઊપડનારા માનવીની અદાથી વરિષ્ઠ સરકારી ધારાશાસ્ત્રી પર એક કાગળ લખ્યો :

*મહાશય, આ કાગળ તમને મળશે ત્યારે તમને એના પ્રયોજનની જાણ થઈ ચૂકી હશે. હું જાણું છું કે આ કાગળ મારા વસિયતનામા જેટલો માન્ય ન બની શકે. પણ ધોરણસરના એવા કોઈ વીલનો મને સમય નથી રહ્યો, એટલે વીનવું છું કે મારી અંતિમ ઇચ્છાઓના ઉચ્ચારણ લેખે એની ગણના કરીને એનો અમલ કરવાનો કોઈ માર્ગ કાઢશો.*

*પહેલું તો, મારો ચાઊસ જીવે ત્યાં સુધી એનું ગુજરાન મારે પૈસે ચાલ્યા કરે. આજે તો એ એક જ મારી માતા છે, ને મારો પિતા છે.*

*મારી બીજી ઇચ્છા તહોમતદારણ અજવાળીની માતાને એના ધણીના જુલમાટમાંથી બચી શકે એ પ્રકારનું સાધન પણ મારી ઇસ્કામતમાંથી કરી આપવાની છે.*

*ત્રીજું, જે બે પોલીસ કોન્સ્ટેબલો તહોમતદારણને મારા ભરોંસે સોંપવાને પરિણામે નોકરી ગુમાવશે તેમની સંભાળ લેજો.*

*ને છેલ્લું, જો હું જીવતો પાછો ન ફરું તો મારી બાકીની સર્વ ઇસ્કામત શ્રીમતી સરસ્વતીબાઈ પંડિતને પ્રેમપૂર્વક અને ભક્તિભાવપૂર્વક મારા તરફથી સુપરત થાય તેમ હું ઇચ્છું છું.*

*આટલું બસ છે.*

સહી કરી, કાગળનું પરબીડિયું વાળી, સીલ કરી, પોતાની છાતી પરના ગજવામાં મૂક્યો. તે પછી મેજનું એક આખું કાગળભર્યું ખાનું લઈને એ 'સોફા' પર ગયો.

પહેલો કાગળ રામભાઈનો હતો : "અમે ગયા પછી ફોડજો" એવું કહીને રામભાઈએ આપેલો એ કાગળ; એ એણે પોતાના બાપનું વસિયતનામું એક્ઝિક્યૂટ કરનારાઓ પર લખ્યો હતો : "હું પાછો કાઠિયાવાડમાં કદી પગ ન મૂકવાની ઇચ્છાથી જાઉં છું. ને એટલી જ માત્ર વિનવણી કરું છું, કે જો કદી મારા બાપની ઇસ્કામતનો વારસો મને મળવાનો સમય આવે, તો પાંચ હજાર રૂપિયા મારા પરમ મિત્ર શિવરાજસિંહને આપજો. મેં એમની પાસેથી કટકે કટકે ઉછીની લીધેલી એ રકમ છે."

એ કાગળ થોડી વાર શિવરાજના હાથમાં કાંપતો રહ્યો, ને પછી ટેબલલેમ્પની સાંકડી ચીમનીને મથાળે સળગીને એ કાગળ ખાખનું ગૂંચળું બન્યો.

બીજા પણ સંખ્યાબંધ કાગળો — દેણદારોની ચિઠ્ઠીઓ : કોઈ પચાસની, સોની, પાંચસોની પણ — એના હાથમાં ઊપડી ઊપડીને ચીમનીની ટોચે ચડી, રામભાઈના

કાગળની પેઠે જ ઝડપી અગ્નિસંસ્કાર પામી.

ખાનાને તળિયેથી નીકળી ચામડાના પૂંઠામાં લપેટાયેલી એક નોટબુક, જેના મથાળે લખ્યું હતુંઃ 'નર્મદાની નોંધપોથી'.

એને પણ ભસ્મીભૂત કરવાનો નિશ્ચય થઈ ચૂક્યો. પિતાજીના આત્માનું એ સમાધિમંદિર હતું. પરાઈ કોઈ આંખો એના ઉપર ન પડજો !

પરંતુ ખુદ પોતે જ પોથીને પિતાજીની મૃત્યુરાત્રિથી આજ પર્યંત કદી નિહાળી નહોતી. સળગાવી નાખતાં પહેલાં છેલ્લે એક વાર એ જોઈ લેવાની લાલચ ન રોકી શક્યો. એક પાના પર આંખો પડી. એમાં લખ્યું હતું :

"હવે તો બધું જ પાર ઊતરી ગયું છે, નર્મદા ! તારો દીકરો હવે મારા વિના ચલાવી શકશે. હવે એને પિતાના ટેકણની જરૂર રહી નથી. પેલી બહાદુર છોકરી એની પડખે હશે, એટલે એ પ્રારબ્ધની સીડીનાં પગથિયાં કડકડાટ ચડ્યે જવાનો. એ બંને પરણશે અને આપણા ઘરની નવી કુલીનતાને આગળ ધપાવશે. એ જ મારી વધુમાં વધુ ઉત્કટ વાંચ્છના છે."

વાંચતાં વાંચતાં હૈયું ધણધણ્યું : આહ ! એ બધી આશાઓ ભાંગીને ભુક્કો થઈ ગઈ ! બત્તી સામે ઘૂંટણભર બનીને એક પછી એક પાનું એ ચરડ ચરડ ફાડતો ગયો, ફાડી ફાડીને ચીમનીના જ્વાળામુખીમાં મૂકવા મંડ્યો. એક પછી એક પાનું બળતું હતું— જાણે સાથોસાથ એ બાળનારો હાથ પોતે પણ સળગી જતો હતો. આંસુ પાડવામાં સદાય ભીરુ, ભાગ્યે જ કદી પાંપણો પલાળી હશે એણે, છતાં છેલ્લું પાનું ભસ્મસાત્ થયું તે પૂર્વે એ ભગ્નહૃદયા સ્ત્રીની માફક ધ્રુસકતો હતો.

પછી પોતાની પોકેટ-બુકમાંથી એણે સરસ્વતીના પ્રેમપત્રો બાળવા બહાર કાઢ્યા. આ કાગળોમાંથી ધીરી કોઈ ખુશબો ફોરી ઊઠી, કોઈ ઉષ્માનો જાણે સ્પર્શ થયો, જાણે એની લખનારી સદેહે ત્યાં હાજર હતી. મોટો કાગળ કે નાનકડી એક 'આજે બાપુજી ફરવા આવવા કહાવે છે' એવી નજીવી ચિઠ્ઠી — એના હસ્તાક્ષરની ચપતરી પણ — શિવરાજે સાચવી હતી. પણ છેલ્લો એક પત્ર રાજકોટ ગયા પછી આવેલો તે એના હાથમાં આવ્યો ત્યારે તો આંગળીનાં ટેરવાં ત્રમ ત્રમ થયાં. બત્તી પાસે ધરીને એણે એ પત્ર વાંચ્યો :

"શિવરાજ વહાલા ! જ્યારે હું તારા જીવનની ચોક્કસ ચડતીના માર્ગનો વિચાર કરું છું ને ચિંતવું છું કે હું પણ તારા એ જીવનપંથે તારી જ આશાઓ, આકાંક્ષાઓ ને ઇચ્છાઓની ભાગીદાર બનતી, તારી જોડમાં જ જીવનના સુખસૂર્યની હૂંફ પામતી અને જીવનના વંટોળિયા સોંસરી ચાલતી હોઈશ — ત્યારે તો એ સુખસ્વપ્ન મારાથી સહેવાતું નથી, રડી પડાય છે."

આ કાગળે મચાવેલી વેદનાની સાગર-ભરતી શમાવી નાખવા એણે ઝટ ઝટ કાગળનો ભડકો કર્યો. આંચ લાગ્યા પછી હાથ પાછો ખેંચી એ અરધા બાળેલા કાગળને પાછો ખીસામાં મૂકવા જતો હતો, પણ એને યાદ આવ્યું કે આ ખીસાની તમામ વસ્તુઓ જોડે એ પણ હમણાં જ પરાયા હાથમાં પડશે. પછી મોં ફેરવી જઈને, પોતાનું કાળજું સળગાવતો હોય એવી વેદના સાથે, એણે એ પત્ર સળગી જવા દીધો.

આતશબાજી પૂરી કરીને એ સોફા પર પડ્યો. સરસ્વતી સાથેની પ્રેમપળો એક પછી એક એની યાદદાસ્તનાં પાંદડાં પર આગિયા જેવી ચમકતી ગઈ. આઘેઆઘેના કોઈ

ઠાકરમંદિરની ટોકરીઓના જાણે કે વિલાપસ્વરો એના કાનમાં ગુંજી ઊઠ્યા. કેટલી બધી ઘાતકી એ મજા હતી!

એકાએક અંતરમાં નવું બંડ ઊઠ્યું. આવું મહાન આત્મસમર્પણ કરવામાં પોતે સરસ્વતીને પણ જતી કરે છે એવો આત્મગર્વ અનુભવતી વેળા એને ગમ નહોતી પડી કે સરસ્વતીના વિસર્જનનો શો અર્થ છે! એ વિસર્જનનો અર્થ આ હતો કે સરસ્વતીની પ્રાપ્તિ તો જીવનભર અશક્ય હોવાથી જીવનમાં ફરી કદાપિ કોઈ સ્ત્રીને તો આ સંસારમાં સ્થાન જડવાનું જ નથી.

એ વિચારે એનાં ગાત્રોમાં ભયની ઠંડીગાર કંપારી ફૂંકી દીધી. પોતે એક પુરુષ હતો. 'કેદમાંથી જો જીવતો બહાર નીકળીશ તો બાકીની આવરદા હું મારાં સગાંવહાલાં, સ્નેહીઓ, સંબંધીઓવિહોણી એકલતામાં, કોઈ સ્ત્રીસાથી વગર શી રીતે ખેંચી શકીશ? દુનિયાનું દ્વારેદ્વાર જ્યારે મને જાકારો દેતું હશે ત્યારે હું સહચારિણી વગરનો, સ્ત્રીના ટેકણવિહોણો એકલો મારા ઘરની કબરમાં કેમ કરી શ્વાસો ઘૂંટીશ? આવી જિંદગી કરતાં તો મોત જ બહેતર નથી?'

અને બીજો વધુ ભયાનક વિચાર આવ્યો : 'કેમ નહીં? માટે સાહેબને એક કાગળ લખી નાખું : રામભાઈ નિર્દોષ છે. અપરાધી હું પોતે જ છું. હું જ અજવાળીને લઈ ભાગી નીકળ્યો છું. બસ, બધું જ ખતમ થઈ જશે. નહીં વૉરંટ, નહીં મુકદમો, કશું જ નહીં. એ જ શું ઠીક નથી?'

બહાર રાત્રિ જાણે કે પોતાનાં ઝંટિયાં વિખેરીને બેઠી હતી. એ કાળી વિરાટ શાહુડીનાં પિછોળિયાં સમમ! સમમ! કરતાં ખડાં થતાં હોય તેવા સૂરો નીકળતા હતા. પાંદડુંય નહોતું હલતું. પૃથ્વી અને આકાશ જાણે કોઈ કાવતરું રચતાં હતાં.

## ૩૯. કોઈ નહીં ભાગી શકે

**'એ** જ ઠીક છે, એ જ બહેતર છે.'

શિવરાજે રામભાઈના નામની રક્ષા કરવાનો માર્ગ પોતાના સંપૂર્ણ આત્મવિસર્જનમાં જ જોયો. હું જ અજવાળીને ઉપાડી ગયો છું, એવી ચિઠ્ઠી મૂકી જઈને પરોઢિયાની આગગાડી હેઠળ શરીરને છૂંદાવી નાખું. કપડાં બદલાવીને પાટા પર સૂઈ જાઉં, માથાના પેચા નીકળી જશે. એવા ભયાનક બનેલા ચહેરાને કોઈ પારખી શકશે નહીં. થોડા દિવસ લોકાપવાદ! થોડો જ કાળ ધિક્કાર-ફિટકાર! થોડી જ ઘડી ગલીચ આક્ષેપોના વરસાદ! પણ એ મને નહીં ભીંજવી શકે. મૃત્યુની ગોદમાં હું સલામત બની ગયો હોઈશ. કદાચ એક વધુ વેદનાનું શલ્ય સરસ્વતીના કાળજાને વીંધી રહેશે. પણ એ એક જ છેલ્લું તીર : વેદનાની ત્યાં પૂર્ણાહુતિ થશે. મૃત્યુનો પડદો પડી જશે. સૌ પોતપોતાને પંથે પડશે. સરકારી જાસૂસો મને શોધશે. રામભાઈની ગંધ નાબૂદ થશે.

એ જ માર્ગ : એ એક જ રાહ બહેતર છે! હવે જલદી કરું. પરોઢિયું પાસે આવી રહ્યું છે. દૂર દૂર જંક્શન સ્ટેશનમાંથી નિઃસ્તબ્ધ પાછલી રાતનો પહોર ચોખ્ખેચોખ્ખા સ્વરો લાવે છે. લાઇન ક્લિયરના ત્રણ ત્રણ ડંકા : 'ગાડી છૂટી'ના ચાલુ ટણટણાટો : તૈયાર થતી માલગાડીઓના શન્ટિંગ-ભણકારાઃ 'આવવા દે બેક!' 'જાવા દે બેક!' એવા સાંધાવાળાના

પોકારો : પળે પળે જાણે અકસ્માતો બને છે. શન્ટિંગના ડબ્બાઓ વચ્ચે જાણે કોઈક પિલાઈ રહ્યું છે, કોઈકના પગ કપાઈ રહ્યા છે, કોઈક પટકાઈ પડે છે. ગોદામો પરના બુઢ્ઢા ચોકિયાતો સામસામા હોકારા સાંધી રહેલ છે. ચોમેરથી ગાડીઓ છૂટતી લાગે છે. એ બધા સ્વરો મને જગબત્રીસીમાંથી બચાવી લેવા વિકરાળ મૃત્યુની ગોદ હેઠળ બોલાવી રહ્યા છે. તાકીદ કરું : ફાટલી પોતડી પહેરી લઉં, માથાના વાળ મૂંડી નાખું, ને ગળામાં — અલખ નિરંજન એકેશ્વરની આરાધના કરનાર પિતા તો કદી માળા ફેરવતા નહોતા, પણ માતાજીનાં વસ્ત્રોની પેટીમાં તુલસી-પારાની તથા રુદ્રાક્ષની માળાઓ છે — ગળામાં પહેરી લઉં. માનું સંભારણું સાથે આવશે. એ માળાઓ આવતા પ્રભાતે કહી દેશે કે કોઈ ભામટો બાવો હશે. એ જ ઠીક છે : એ જ માર્ગ બહેતર છે.

હાથ લંબાવીને એણે બત્તીની વાટ સતેજ કરી. એ ક્ષણે એને ઓરડામાં કશોક સંચાર થતો લાગ્યો. એણે ચોમેર જોયું. ગાઢ ચુપકીદી હતી.

"કોણ છે ?" એણે ઊંચેથી પૂછ્યું.

જવાબ જડ્યો નહીં. થરથરતો એ ઊઠતો હતો તે જ પળે પાછું કોઈક બીજું ઓરડામાં હાજર હોવાનો એને આભાસ થયો.

"કોણ છે ?"

અને વળતી જ પળે એને પિતાના વખતની, પિતાજીની હમેશાંની પ્યારી, જ્યાં બેસીને પિતાજી એને માથે રોજ રાતે છેલ્લી વાર હાથ ફેરવતા, તે જ જૂની આરામખુરસી પર બાપુ પોતે જ સદેહે બેઠેલા લાગ્યા. છેલ્લી વાર જેવો જોયેલો તેવો જ પ્રતાપી ચહેરો : પણ એ મૃતદેહના ચહેરા પર મઢાયેલી આંખો તો શૂન્યમય હતી, આ ચહેરાની આંખો અત્યારે ઉઘાડી છે.

નહીં નહીં, નબળું પડેલું મન જ મને આવા આભાસો કરાવે છે, એમ વિચારીને શિવરાજે આંખો મીંચી. મીંચેલી આંખો પર હાથ ચાંપી દીધા. પણ ફરી પાછી જ્યારે આંખો ઉઘાડી ત્યારે પિતાજીને ત્યાં જ બિરાજેલા દીઠા. બાપુની આંખોમાંથી કરુણા અને માર્દવ નીતરે છે !

માથામાં એક ધણેણાટી ઊઠી. ચક્કર આવ્યાં. સોફાના તકિયા પર શિવરાજ મોંભર ઢળી પડ્યો.

પછી એણે પિતાના શબ્દો સાંભળ્યા : જીવતા હતા ત્યારે બોલતા હતા તે જ કોમળ, ગંભીર, પ્રેમાળ પણ મક્કમ બોલ :

"બેટા ! મારા બેટા ! તારા સંકલ્પો હું સમજું છું. સાવધાન, બેટા ! એ માર્ગે જતાં તને હું ચેતાવું છું. પોતાનાં પાપનાં પરિણામોથી કોઈપણ માનવી છટકી જઈ શકતો નથી. જો એ આ જન્મે છૂટશે તો નક્કી આવતા જન્મમાં એ જ કાર્યોને પોતાની સન્મુખ ઊભેલાં જોશે. ત્યારે એના હિસાબ ચૂકવવામાં હજારગણી વધુ વેદના સહેવી રહેશે, બેટા ! સાવધાન, ભાગીશ ના."

"બાપુજી ! ઓ બા..." ઉચ્ચ સ્વરે બૂમ પાડવાની ઇચ્છા છતાં સાદ શિવરાજના ગળામાં જાણે ચોટી રહ્યો. પિતાનો અવાજ અટકી પડ્યો. અને પછી એને જ્યારે ભાન આવ્યું ત્યારે એના ખંડના બારણાની બહાર ચાઊસનો ધીરો સ્વર સંભળાતો હતો : "સા'બ ! છોટે સા'બ ! બચ્ચા મેરા !"

'બચ્ચા મેરા' એ છેલ્લા બોલ જાણે ચાઊસ મનમાં મનમાં બોલતો હતો.

"હાં, આતા હૂં."

"સા'બ, પોલીસ સુપરિટન સા'બ આયે હૈં!"

તાજગીભેર ખડા થઈને એણે સળગતી બત્તી બુઝાવી નાખી. એના બિછાના પરની બારીએ જાંબલી રંગના નાનકડાં બે પંખી જાણે પહેલી જ વાર કોઈ દેશાવરેથી આવીને બોલતાં હતાં. એ કોના સંદેશા લાવ્યાં હતાં? સરસ્વતીના? કે અજવાળીના? બીજી બારીમાંથી નજર કરી. ઉગમણી દિશાની સેંકડો સીમડીઓને કોઈ વ્રતધારિણી કુમારિકા સમી ઉષા કંકુચાંદલા કરતી હતી. વિરાટ આકાશ જાણે કોઈ નાના ઝાકળબિન્દુ જેટલું અબોલ હતું. ને પોતે? પોતે જાણે કે વિકટ જંગલ વટાવીને ભયમુક્ત બનેલો માનવી હતો; પોતે જાણે કે વર્ષોજૂની પાછળ ઘસડાતી આવતી પગબેડીના ટુકડા કરીને મુક્તિ મેળવનારો કોઈ ગુલામ હતો. જીવનમાંથી ભય નામ ભાગી ગયું હતું. પોતાના માર્ગની ભાળ પોતે મેળવી લીધી હતી. હવે ભૂલા પડવાપણું ક્યાં રહ્યું હતું? 'સાવધાન, ભાગીશ મા!' હતા બાપુના અનાહત બોલ.

મોં ધોઈ વાળ ઓળ્યા. દાંતિયાને પહેલે જ સપાટે લલાટથી લઈને ચોટી-ભાગ સુધી સીધીદોર સેંથી પડી ગઈ. પાયજામા પર ટૂંકો કોટ પહેરીને એ નીચે ઊતર્યો, એની ચંપલોના પટકારા દાદરને છેલ્લે પગથિયે પહોંચ્યા ત્યારે નીચેના મુલાકાત-ખંડમાં ખુરશી પર બેઠેલા આસિસ્ટંટ પોલીસ ઉપરીએ સલામ ભરીને "ગુડ મોર્નિંગ, સર" કર્યું.

"હલ્લો, મિસ્તર સ્કોટ! ગુડ મોર્નિંગ. મને તો ઘારણ વળી ગયું હતું. તમારે બહુ વાર બેસવું પડ્યું, નહીં? ઓહો! આજનું પ્રભાત તો ગજબ ખુશનુમા છે, નહીં? તમારા દેશમાં તો આવું પ્રભાત દેખી તમે ઘેલા જ બની જાઓ કે બીજું કાંઈ?" એવું બોલતાં બોલતાં શિવરાજે અવિરત હાસ્યભેર આ ગોરા પોલીસ અધિકારી સાથે હાથ મિલાવ્યા. "રાજકોટથી પરોઢિયાની ટ્રેનમાં આવ્યા લાગો છો."

"હા જી, ફોજદારનો એક્સપ્રેસ તાર મળ્યો કે જેલ તૂટી છે, તહોમતદારણ ભાગી ગઈ છે. મેં આવીને તપાસ કરી છે, સાહેબ! ને મને પૂરો શક ગયો છે કે તહોમતદારણ અચાનક નથી ભાગી ગઈ. એને ભગાડવામાં મારા બે કોન્સ્ટેબલોનો અને જેલરનો હાથ છે. અગાઉથી ગોઠવી રાખેલી આ યોજના છે. કોન્સ્ટેબલોને સસ્પેન્ડ કરીને મેં અટકાયતમાં લીધા છે. જેલરને સસ્પેન્ડ કરવાની ભલામણનો તાર આપ રાજકોટ કરો, ને દરમિયાન આપ જેલરને મારી અટકાયતમાં રાખવાની પરવાનગી આપો એટલી વિનંતી કરવા આવ્યો છું."

"હાં — હાં વારુ! બીજું કાંઈ?" શિવરાજ લહેરથી પૂછતો હતો.

"તહોમતદારણને અને એના નસાડનારને પકડવાનું વૉરંટ આપો."

"કોણ નસાડનાર?"

"રામભાઈ વકીલ, જેણે જેલરનાં ને મારા બે કોન્સ્ટેબલોનાં ગજવાં પૈસાથી ભરી દીધાં છે."

"જેલર કાંઈ કહે છે?"

"લગભગ કબૂલ કરે છે."

"ચાલો ત્યારે આપણે જેલ પર જઈએ."

ક્રિશ્ચિયન જેલર, રોજનો રાડારાડ પાડનારો, જરા બંકી હેટ રાખીને મરકતો ડગલાનાં છયે છ ચકચકિત બીડેલ બટને "ગુડ મોર્નિંગ, સર" કરી રોજ ઊભો રહેનારો,

ગ્રંથાલય

એ પ્રભાતે ગરીબડો બનીને જેલની ઓફિસમાં ઊભો હતો. ઓફિસના પાછલા બારણા પર એની બૈરી ને એનાં ચાર છોકરાં ઊભાં ઊભાં રુદન કરતાં હતાં. ફ્રોક પહેરીને ઊભેલી પત્ની પોતાના કંઠમાં પડેલા સોનાના 'વધસ્તંભ'ને ચૂમતી ચૂમતી અશ્રુપૂર્ણ નેત્રે ધા નાખતી હતી : "જિસસ! મર્સીફુલ લોર્ડ! સેવ માય હસબંડ! માય ઇનોસંટ હસબંડ! દયાળુ પ્રભુ ઇસુ! મારા નિર્દોષ સ્વામીને બચાવી લેજે!"

શિવરાજને જોતાં જ એ ધસી આવી : "મર્સીફુલ સર, યોર એક્સેલન્સી! મારો આલ્બર્ટ આવું કદાપિ ન કરે. એણે મને લગ્ન વખતે વચન આપેલું, એ કદી વિશ્વાસઘાત ન કરે — એ દારૂ પીએ છે, જુગાર પણ રમે છે, પણ વિશ્વાસઘાત એ ન કરે. મને કોલ આપેલો છે. લગ્નવેળાનો કોલ! તમે સમજી શકો છો, દયાળુ સાહેબ, કે બધા કોલ તોડાય, લગ્નના કોલ ન તોડાય."

એટલું બોલીને મા ને છોકરાં શિવરાજને પગે પડી ગયાં. જેલર ઊંધું ઘાલીને ઊભો રહ્યો. "ગાર્ડ ટંચન!" કરીને સલામી આપી ઊભેલા પહેરેગીરોનાં મોં પણ કાળાં મેશ હતાં. કાંપની જેલ પર આ પહેલવહેલું કલંક હતું.

"કહાં હૈ વો દો પહેરેવાલે?" શિવરાજે તીણા હાકમી સૂરે હવાલદારને પૂછ્યું.

એ બેઉને હાજર કરવામાં આવ્યા. એમના કમરપટા ખૂંચવાઈ ગયા હતા. તાજેતરની કોઈ આકરી સતામણીનાં નિશાન એમના દીદારમાં દેખાઈ આવતાં હતાં.

"ઓ બાબાજાન!" એવી કોઈ આક્રંદભરી ચીસ થોડે દૂરથી સંભળાઈ અને ચોંકેલા શિવરાજે તે તરફ જોયું.

એક ઇજારધારી, ને એક ધોળું હિન્દુ વસ્ત્ર પહેરેલી એવી બે ઓરતો થોડે આઘે ઊભી હતી, તેમની આંગળીએ બચ્ચાં હતાં. ઇજારધારી ઓરતે મોં ઢાંકેલું હતું. સફેદ પોશાકધારી હિન્દુ ઓરતનું ઉઘાડુ મોં દાખવતું હતું કે પોતે એક સિત્તેર વર્ષની બૂઢી છે. બંનેએ શિવરાજ તરફ હાથ જોડ્યા.

"બાબાજાન! મેરે બાબા!" એમ બોલતી નાની મુસ્લિમ છોકરી પેલા બે સસ્પેન્ડ પહેરેગીરો પૈકીના એક તરફ પુકારીને માના હાથમાંથી છૂટી ધસી આવવા મથતી હતી. ડોશી પણ એક દીન બાળકને પકડી રાખી ઊભી હતી.

"કૌન હૈ યે?" શિવરાજે પૂછ્યું.

"સા'બ, યે દો કન્સ્ટેબલકે ઘરકે લોગ હૈં." હવાલદારે જવાબ વાળ્યો.

"બચ્ચોંકો આને દો ઇધર."

"ધે વિલ મેક એ નીડલેસ રો, સર!" (એ વેજા આંહીં નકામી કકળાટ કરી મૂકશે.) આસિસ્ટન્ટ પોલીસ-ઉપરીને આ તમાશો ન ગમ્યો.

છોકરાં—બેય કોન્સ્ટેબલોનાં ને જેલરનાં—નજીક આવ્યાં. શિવરાજે તેમને પંપાળ્યાં ને ગજવામાંથી એક રૂપિયો કાઢીને હવાલદારને કહ્યું : "બચ્ચેકો ખાના ઔર ખિલૌના મંગવા દેના."

"ત્યારે હવે શું કરવું છે, મિસ્તર સ્કોટ?" શિવરાજે પૂછ્યું.

"આપની પાસે મેં માગણી કરી છે."

"તમે તમારી તપાસમાં બહુ વધુ પડતા આગળ નીકળી પડ્યા છો, મિ. સ્કોટ! તમે અવળા જ માર્ગે છો."

"સાહેબ! હું વોરંટ માગું છું અને આ જેલર માટેનો સસ્પેન્શન ઓર્ડર માગું છું."

શિવરાજના હૃદયમાં બેઠેલો અસુર બોલતો હતો : જવા દેને આ પોલીસ-ખાતાની બિલાડીને મોબામોબ એના જ ઇચ્છિત માર્ગે ! તું શા માટે સતવાદીનું પૂંછડું થવા જાય છે ? આ જેલરનાં ને કોન્સ્ટેબલનાં બાયડી-છોકરાંને પાળજે, પૈસા મોકલજે, બહુ બહુ તો બબ્બે વર્ષની સજા પામીને એ છૂટી આવે ત્યારે એને ધંધે ચડવાની મદદ કરજે. તું જીવતો હોઈશ ને તારું આજનું સ્થાન સલામત હશે તો તારી એક બૂરાઈની ભરપાઈ તું સુકૃત્યો વડે કરી શકશે. માટે જવા દે ! જવા દે આ મામલાને એની મનઇચ્છિત બાજુએ. કુદરત પોતે જ ઇચ્છે છે.

એવા એવા લોભામણા સ્વરો જેલના દરવાજા પર ઊભા ઊભા કાનમાં સિંચાઈ રહ્યા. ઘડીભર એ સાચા લાગ્યા. ઘડી પછી પિતાના બોલ યાદ આવ્યા : "કોઈ નહીં ભાગી જઈ શકે." અને એની સામે ત્રણ ગરીબ કુટુંબો કમબખ્તીના કાલિમંદિરના બરાબર ઉંબર પર બોકડા બનીને ઊભાં હતાં. એ બોકડાને વધેરવાની છૂરી એના હાથમાં હતી. વિધાતાદેવીએ જાણે એને પોતાનો પૂજારી બનાવ્યો હતો.

"સાહેબ !" ગોરો અફસર અધીર બન્યો, "વખત જાય છે. કાં તો વૉરંટ આપો, નહીંતર મને રાજકોટ તાર કરવા દો."

"એ તારમાં બે શબ્દો ઉમેરશો, ઉમેરજો, કે સાચો ગુનેગાર હાથમાં જ છે, ને આપોઆપ સુપરત થાય છે."

પોતાના હાથ લાંબા કરીને શિવરાજે પોલીસ-ઉપરી સામે ધર્યા ને પછી કહ્યું : "સાહેબ, ગુનેગાર હું છું. તહોમતદારણને મેં મારી સત્તાની મદદથી નસાડી છે, ઇરાદાપૂર્વક નસાડી છે. મને ગિરફતાર કરો."

## ૪૦. હું નો'તો કે'તો !

**શિ**વરાજના લંબાયેલા હાથનાં મજબૂત કાંડાં પરથી મિ. સ્કોટની દૃષ્ટિ સીડી ચડતી બિલાડીની માફક એકદમ શિવરાજના ચહેરા પર ચોંટી. એ તેજસ્વી આંખોમાં આકાશની નીલિમા નહોતી, ઉજાગરાએ અરુણોદયના રંગ પૂર્યા હતા.

"મિ. સ્કોટ," શિવરાજના હોઠ અકમ્પિત સ્વરે ફરીથી બોલ્યા, "હું જ અપરાધી છું. મને ગિરફતાર કરો. તમારી ફરજ બજાવો."

"આપ બીમાર છો, સાહેબ ?" પોલીસ અધિકારીનો સ્વર દયાર્દ્ર બન્યો.

"લેશ પણ નહીં, મિ. સ્કોટ, તમે આ નિર્દોષોને નિર્ભય કરો, મને કેદ કરો."

પોલીસ અધિકારીને અનેક જૂની નવલકથાઓ યાદ આવી : "મિ. શિવરાજ, સર, ચાલો આપને બંગલે."

"મારું સ્થાન હવે અહીં છે." શિવરાજે જેલનો દરવાજો દેખાડ્યો.

અંગ્રેજી સમજી શકનાર એક જેલર જ હતો. પહેરેગીરોને જે ચાલી રહ્યું હતું તેની ગતાગમ નહોતી.

"આપ બંગલા પર ચાલો."

"મેં એ ઘર ખાલી કર્યું છે. હું આખરી પ્રવાસે નીકળી ચૂક્યો છું, મિ. સ્કોટ."

પોલીસ અધિકારીએ શિવરાજના લંબાયેલા હાથ ઝાલી લીધા. તમ્મર ખાઈને પડતા

શિવરાજને ટેકો દીધો અને ઓફિસની અંદર લઈ જઈ બેસાર્યો. પોતે રાજકોટ તાર લખીને રવાના કર્યો. પોલીસ અધિકારીએ જીવનમાં પહેલી જ વાર એક અકળ તમાશો દીઠો. એનો તેડાવ્યો દાક્તર આવી પહોંચ્યો.

"દાક્તર," શિવરાજે હસતે મોંએ કહ્યું, "મારા નખમાંયે રોગ નથી. શા માટે તમાશો કરો છો?"

એક જ કલાક પછી રાજકોટની એજન્સી-કોઠીમાં ખળભળાટ મચ્યો. પોલીસ-ઉપરી તાર લઈને એજન્ટના ગોરા સેક્રેટરી પાસે પહોંચ્યા. સિનિયર ડેપ્યુટી મિ. પંડિતને તેડાવીને વાકેફ કર્યા. બપોર થયા ત્યાં મિ. પંડિતની મોટરગાડી કેમ્પમાં હાજર થઈ. દરમિયાન જેલની સડક પર જમા થતા લોકોના ટોળાને વિખેરવા માટે પોલીસની જરૂર પડી હતી.

"આપની અને —" નામ ન ઉચ્ચારી શકાયું, એ નામ શિવરાજને અતિ પવિત્ર લાગ્યું — "અને મારા સર્વે શુભચિંતકોની હું રહમ માગું છું, ક્ષમા યાચું છું."

એણે મિ. પંડિત સામે હાથ જોડ્યા.

"તમે તે આ શી ઘેલછા આદરી છે?"

"ના, મારી ઘેલછાનો અંત ખતમ થયો છે. અપરાધી હું છું."

"અપરાધના ઢોલ પિટાવવાની જરૂર નથી, જુવાન માણસ! આ શું કરી રહ્યા છો? કાંઈ ભાન છે કે નહીં?" મિ. પંડિતે રોષ દેખાડ્યો, "તમે તમારી છોકરવાદીના ભોગ તમારા ઉપરીઓને, તમારા પિતાના સ્નેહીઓને, ખુદ એજન્સીને બનાવી રહ્યા છો. તમારા ભવાડાથી આખી એજન્સી જગબત્રીસીએ ચડશે. તમને જુવાનને આ હોદ્દો આપનારાઓ પ્રત્યેની તમારી શું કોઈ ફરજ નથી રહી? એક ન્યાયાધિકારી ઊઠીને ગુનો કબૂલ કરશે તો આખા તંત્રની બેવકૂફી ગવાશે. સાહેબલોકો દેશી જવાનો પર દાંતિયાં કરશે. બધાનું કેમ બગાડી રહ્યા છો?"

"મેં ન્યાયનું સ્થાન ખાલી કરીને એક પ્રચંડ તરકટ ઉઘાડું પાડ્યું છે."

"ને તમે જેનું નામ પણ અતિ પવિત્ર ગણો છો તેના જીવન પર આજે છીણી શા માટે મારો છો? શિવરાજ! બેવકૂફ! હજુ પાછા વળો, સમજી જાઓ. મારી સરસ્વતી—"

"ઊગરી ગયાં છે. એમણે તો મને વખતસર ત્યજ્યો છે."

"તમને કોણે કહ્યું, નાદાન? છોકરી સ્વપ્નમાંય તમારું નામ લે છે."

"એ મારા પર રોષ કરીને ગયાં છે."

"એનો રોષ ક્ષણિક જ હતો, હું તમને ખાતરી આપું છું."

"એમણે મને ડૂબતો ઉગાર્યો છે. એ મારાં તારણહાર બન્યાં છે."

"શિવરાજ," મિ. પંડિતે કાકલૂદી કરી, "તમે એ અણસમજુના ક્ષણિક રોષથી ઉશ્કેરાઈને આ શું કરવા બેઠા છો? ચાલો પાછા, હું તમારાં લગ્ન કરી આપું."

"મને એ તલસાટ રહ્યો નથી. હું મારી સાચી દુનિયામાં દાખલ થઈ ગયો છું. આ પગલું મેં ક્ષણિક આવેશમાં નથી લીધું."

એક કલાક સુધી ઓફિસના એકાંતમાં પંડિતસાહેબે વ્યર્થ ફાંફાં માર્યાં. ફરી એણે કાકલૂદી કરી: "મારા ધોળા સામે તો જુઓ! એમાં શા માટે ધૂળ નાખવા નીકળ્યા છો?"

"હું નીકળી ચૂક્યો છું, એટલે દૂર નીકળી ગયો છું કે હવે કિનારાને આંબી શકાશે નહીં."

"નથી જ માનવું?"

"હું અપરાધી છું. ઘોર અપરાધી છું. દુનિયાને કાને આ એકરાર નાખવા માગું છું. મને પાછો નહીં વાળી શકો."

"સત્યાનાશ જજો તમારું ! નરકમાંય તને વિશ્રામ ન મળજો ! તેં અનેક નિર્દોષોની બરબાદી કરી છે. તું એ જ લાગનો છે ! સત્યાનાશ જજો, સત્યાનાશ..."

કહેતાં કહેતાં, કમ્પતે સૂરે, લથડિયાં લેતા પંડિતસાહેબ બહાર નીકળ્યા ત્યારે પહેરેગીરો આભા બનીને એમને જોઈ રહ્યા. બેમાંથી કયું દૃશ્ય વધુ દયામણું હતું — લથડતાં પગલાં ભરતો ડોસો ? કે હાથ જોડી વંદના દેતો યુવાન ? — સિપાઈઓ એ ન સમજી શક્યા.

પોલીસ અધિકારી પાછા આવ્યા. એની આંખ ફરી ગઈ હતી. એની જીભને ટેરવે સામ્રાજ્ય-સત્તા સામટી ચડી બેઠી : "બસ ત્યારે, મિસ્ટર, તમે એકરાર કરો છો ને ?"

"જી હા."

"આરોપીની કબૂલાત લખી લો, ફોજદાર." એણે સ્થાનિક પોલીસ અમલદારને આજ્ઞા કરી, "અને પછી અંદર લઈ જાઓ."

પ્રભાતમાં ઊભો થઈને અદબ કરનારો એ અમલદાર સાંજે એની સામે નજર પણ નાખ્યા વગર ચાલ્યો ગયો.

"અને પાકો બંદોબસ્ત રાખજો. એની કોટડીને રાતભર તપાસતા રહેજો." એ એના વિદાય-શબ્દો હતા.

શિવરાજના હોઠ પર એક સ્મિત આવીને પાછું વળી ગયું.

સંધ્યાકાળે પોલીસે શિવરાજને બે દરવાજાની આરપાર લીધો. એની તુરંગને એક કેદીએ વાળી નાખી.

"સા'બ !" પઠાણ પહેરેગીરે સલામ ભરી, "માલિક આપકા શુકર કરે," એણે બે હાથ ઊંચા કરીને દુઆ દીધી, "પેટકી રોટી હમારે હાથોંસે બડી બૂરાઈ કરા રહી હૈ, છોટે સા'બ !"

એનો જવાબ શિવરાજના મોંમાંથી કશો જ ન નીકળી શક્યો. કામળી બિછાવીને શિવરાજ સૂઈ ગયો.

ને રાત્રિએ થાણદારને ઘેર વકીલો, અમલદારો, કારકુનો, પટાવાળાઓ, સૌનો મેળો મળ્યો.

"હું તો કહેતો'તો !" થાણદારના મોંમાંથી સૌ પહેલાં નીકળનારા શબ્દો આ હતા. એમણે વારંવાર જે વાતો કરી હતી તે એ રાત્રિએ ફરીથી કહી : "પચીસ જણાના હક ડુબાડીને આજકાલના છોકરાને ઉપરી બનાવ્યો. હું તો કહેતો'તો, કે ભાઈ, આ છોકરવેજાને ભેગી કરવામાં એજન્સીનું ભલું નથી. મેં હજાર વાર કહ્યું'તું કે જીભની ચિબાવલાઈથી કારભારાં નથી થવાનાં. ને હું કહી રાખું છું કે એજન્સીને અમારા વગર નથી ચાલવાનું. ને આ સદ્ધનાં પૂછડાંઓ ! જુઓ તો ખરા ! જોઈ લ્યો ભવાડા ! સફાઈ ઠોકે કે અમે લાંચ નથી લેતા ! અમે ગરીબોના બેલી છીએ ! અમે શાહુકારોના બાપથીયે દબાતા નથી ! અમે રંકોનાં રખવાળાં કરનાર ! જોઈ લ્યો હવે આ રંકોના રખેવાળોને ! રંકોને માથે વહાલ વરસાવનારાઓનાં માયલાં કામાં જોઈ લેજો બધા — લાંચ નથી લેતા ! શું કપાળ લ્યે ! લેતાં આવડે તો લ્યે ને ! હું કહેતો આવ્યો છું ને કહી રાખું છું, કે આ વેજા એજન્સીનો વહીવટ ઊંધો વાળવાની છે. પચીસ નોકરોના હકો ડુબાડનારાઓનું મારો ત્રિલોકીનાથ

ધનોતપનોત કાઢી નાખશે. હું નો'તો કહેતો? અમે ત્રીસ ત્રીસ વરસથી શું હજામત કરીએ છીએ? અમે શું એજન્સીના ગપેડા છીએ?"

થાણદારનાં આવી મતલબનાં સુવર્ણ-સૂત્રોને ફાટફાટ હાસ્ય વડે વધાવનારાઓ — એ શિવરાજની સખતાઈના ભોગ થઈ ગયેલા વકીલો — પણ ત્યાં વિસ્મય પ્રકટ કરવા લાગ્યા કે કાયદાનું જ્ઞાન પણ એનું કેટલું બધું છીછરું હતું! એને દલીલ આપતાંય નહોતું આવડતું.

"અરે, ડફોળ છે ડફોળ!" થાણદારનો એ છેલ્લો ફટકો હતો.

સૌ મોડી રાતે વીખરાયા. વળતા દિવસે અદાલતમાં થનાર 'જલસા'માં વખતસર પહોંચી શકવા માટે તેમણે ઘણાએ પરસ્પર ખાસ ચીવટ રાખી ઊઠવાની ભલામણો કરી. ચા સૌએ સાથે મળીને મિલવાળા શેઠને ઘેર પીવાનું ઠરાવ્યું.

## ૪૧. મારું સ્થાન

**પં**ડિતસાહેબ રાજકોટ પહોંચ્યા ત્યારે અરધી રાત વીતી ગઈ હતી. સરસ્વતી જાગતી હતી. એની ઓરડીમાં આસમાની રંગનો દીવો શીતળ પ્રકાશે બળતો હતો.

સરસ્વતી બહાર આવી. મોટરમાંથી પિતાજી સાથે કોઈક નીકળશે એવી એના અંતરમાં મીઠી ધાસ્તી હતી. રાજકોટમાં ફેલાઈ ગયેલા તારસમાચારથી એ વાકેફ હતી. પિતાજી શિવરાજને મનાવીને ઘેર તેડી લાવશે એ એને આશા હતી ને ફાળ હતી. બાપુને એકલા ઊતરેલા જોઈને એનું મન રાહત પામ્યું, ડર પણ પામ્યું.

બોલ્યાચાલ્યા વિના બાપુ પોતાના ખંડમાં ગયા. સરસ્વતી પાણીનું નિમિત્ત કાઢીને બાપુ પાસે ગઈ. પંડિતસાહેબના મોં પર ગુસ્સાની થેથર હતી.

સરસ્વતી સાડીને માથા પર ખેંચીને ઊભી રહી.

"બડો હરામી! બડો ભયંકર!"

"શું છે, બાપુજી?"

"એ કુકર્મીને બચાવવા મેં થોડી મહેનત કરી છે? આખરે એના પાપે જ એને પૂરો કર્યો. ઠીક થયું."

"વાત સાચી, બાપુજી?"

"હા બસ, ન જ માન્યો; જવા દે જહન્નમની ખાડમાં."

"પણ થયું શું?"

"બસ, સતવાદી હરિશ્ચંદ્ર બની ગયો! તું સાચું કહેતી હતી, બેટા! હું નાહકનો એની પાછળ ખુવાર મળતો હતો. તેં એને ધક્કો મારી દીધો એ જ ઠીક થયું."

બાપે આખી વાત દીકરીને કહી સંભળાવી. સરસ્વતીની આંખોમાં પ્રથમ તો પાણી છલકી ઊઠ્યાં ને પછી એના મોં પર મગરૂબીભર્યું હાસ્ય પ્રકટ થયું.

"સૂઓ હવે નિરાંતે, દીકરી! એનાં કર્યાં એ ભોગવશે. આપણે ને એને હવે શું?"

"એમ કંઈ હોય, બાપુજી?"

"એટલે?" પિતા ચમક્યા.

"એટલે કે મારું સ્થાન તો એમની બાજુએ જ હોય."

"શું? — શું કહે છે, સરસ્વતી?"

"એણે વીરતા બતાવી છે."

"વીરતા!"

"હા, બાપુજી. મને તો એક જ બીક હતી કે આ અપકીર્તિમાંથી છટકી જવા એ જીવ કાઢી નાખશે. પણ હવે તો એણે એનો માર્ગ નક્કી કરી લીધો એટલે મારે પણ મારો માર્ગ પસંદ કરવાનો રહે છે."

"તારો માર્ગ?"

"હા, એનાં કૃત્યનાં પરિણામને એણે છાતીએ ઝીલ્યાં, એ વીર બન્યા; હું વીરપુરુષને કેમ ત્યાગું?"

"અરે દીવાની! એનો તો કેસ ચાલશે, ને પેલી છોકરી સાથેના ભવાડા ખુલ્લા થશે."

"એ માટે હું તૈયાર છું."

"સરસ્વતી!" ગુસ્સાથી ફાટફાટ સ્વરે એણે કહ્યું, "તું મારી દીકરી છે. જો દીકરો હોત તો હું તને શું કરત, જાણે છે?"

"તમે મને ઘરમાંથી રજા આપત, એમ જ ને? એ રજા હું સામે ચાલીને જ માગી લઉં છું, બાપુજી! હું ચાલી જઈશ."

"બસ, ઘણું થયું; જા, સૂઈ જા."

સરસ્વતી શાંત પગલે પોતાના ખંડમાં ગઈ, ને બુઢ્ઢો પોતાનાં કપડાં કાઢી કાઢીને જ્યાં-ત્યાં ફગાવી દઈ, ધૂંઆપૂંઆ થતો સૂતો.

સવારના ઊઠીને એ બેબાકળા સરસ્વતીના ખંડમાં ગયા. સરસ્વતી ઘૂંટણભર બેઠી બેઠી એક નાનીશી બેગમાં કપડાં ભરતી હતી.

"આ શી નાદાની કરે છે, સરસ્વતી?"

"કશું નહીં, બાપુજી! હું રજા લઉં છું."

"બેવકૂફ ન થા."

"હું આપના ચરણોમાં પડું છું, બાપુજી!"

"આમ જો, બેટા!" વૃદ્ધનો અવાજ નરમ પડ્યો, "ગુસ્સામાં મારાથી કાંઈ બોલી જવાયું, એમાં દીકરી આવી રીસ કરે?"

"હું રીસ નથી કરતી, બાપુજી! પણ મારી ફરજ મને લઈ જાય છે."

"સાંભળ, સરસ્વતી. મારી અપકીર્તિ કરાવીશ? તું મને છોડીને જઈશ? તું મારી એકની એક દીકરી : હું તારો બુઢ્ઢો બાપ : મારે ને તારે બીજો કોઈ આધાર છે? બાપનો ત્યાગ કરીને એક અજાણ્યા કલંકિત પુરુષ પાસે જવાનું તને કેમ સૂઝે છે?"

"સાંભળી લ્યો, બાપુજી. પુરુષની ફરજ માબાપનો ત્યાગ કરીને પણ સ્ત્રીને સાથ દેવાની છે. એ જ ધર્મ સ્ત્રીનો છે. એ મારા સ્વામી છે. મેં એને વચન આપેલ છે."

"પણ ગાંડી, એ તો જેલમાં જશે."

"તો એ છૂટશે ત્યાં સુધી રાહ જોઈશ. પાછા આવશે ત્યારે..."

"ખબરદાર! હું જોઉં છું કે કયો બામણો તને પરણાવવાની હિંમત કરે છે!"

"તો હું એમ ને એમ જ એનું ઘર સંભાળીશ."

"વગર પરણ્યે રાખેલી થઈને?"

સરસ્વતીએ સાડી સંકોડી માથું ઢાંક્યું. પિતાથી એ બીજી દિશામાં જોઈ ગઈ.

"ઈશ્વરની સાક્ષીએ —" એટલા જ શબ્દો એનાથી બોલી શકાયા.

પંડિતસાહેબ પાછા પોતાના ઓરડામાં ચાલ્યા ગયા. ત્યાંથી એણે ઘોડાના ડાબલા સાંભળ્યા. એક ભાડૂતી ઘોડાગાડી ચોગાનમાં દાખલ થઈ ગઈ.

"પાછી લઈ જા, પાછી !" ડેપ્યુટીએ હાક મારી, "કોઈ નથી આવવાનું."

ગાડી પાછી ચાલી ગઈ. પંડિત સરસ્વતીના શાંત પડવાની રાહ જોઈ બેઠા. થોડી વારે એણે સરસ્વતીને બેગ ઊંચકીને બહાર જતી જોઈ.

"સરસ્વતી ! સરસ્વતી ! સરુ ! દીકરી ! આમ તો જો. વાત કહું."

પિતાના એ અવાજમાં રોષ અને કરુણાના આરોહઅવરોહ સાંભળતી સરસ્વતી પાછળ નજર પણ કર્યા વગર ચાલી નીકળી.

હજુ પરોઢ હતું. હાથમાં બે જોડ કપડાંની બેગ લઈને ફૂટપાથ પર ચાલી જતી સરસ્વતીને કોઈ દૂધવાળા ગવલી, કોઈ પાંઉરોટીનો સૂંડલો ખેંચી જતા ભઠિયારા, તો કોઈ ઈંડાં વેચનારા મુરઘીવાળા સામા મળતા હતા. આગગાડીના લેવલ ક્રોસિંગ પર છાપરીમાં ઊભેલા સાંધાવાળાઓએ કોઈ મુસાફર માન્યું. પોલીસે કોઈ મહેતીજી માની.

બે કલાક એને જુદે જુદે રસ્તે ભટકવું પડ્યું હશે. બાપુજીના સંસારમાં શૂન્યતાના હાહાકારો ભળાવીને પોતે ઘર છોડ્યું છે એ વેદના પોતાની કિંમત પૂરેપૂરી વસૂલ કરતી હતી. શિવરાજનું ઘર માંડવાનો સંભવ એને પોતાની જ ઠેકડી જેવો લાગી ગયો. એક જ લાગણી કબજો લઈ બેઠી : જ્યાં એ ત્યાં હું : વધુ ભલે નહીં, એને ખબર પડી જવી જોઈએ કે હું એની બાજુમાં જ છું; હું એની વાટ જોઉં છું; હું એની જ છુ : એ ખાતરીના આધારે શિવરાજ કેદના દિવસો કાપશે.

સેન્ટ્રલ જેલના દરવાજા બહારના પહેરેગીરોને સલામી આપતા સરસ્વતીએ દૂર રહીને દીઠા. લાગ્યું કે સુપરિન્ટેન્ડેન્ટ આવી ગયા છે. બેગ લઈને એ જેલ તરફ ચાલી, ઓફિસની બારીએ આવી. સિપાઈઓ સરસ્વતીને ઓળખતા હતા. હેડ કોન્સ્ટેબલે ઊભા થઈને સલામ કરી. સરસ્વતીએ અવાજ કાઢીને કહ્યું : "સુપરિટનસા'બકો બોલો, એક ઓરત મિલને ચાહતી હૈ."

એ પ્રવાહી સ્વરો ઓફિસની અંદર પહોંચ્યા. સુપરિન્ટેન્ડેન્ટ એક પંજાબી આઈ.એમ.એસ. હતા. એમના કાન ઊંચા થયા. એણે બારીમાંથી નજર કરી : "હેલો ! હેલો ! આઈયે !" એણે સરસ્વતીને ઓળખીને અંદર લેવરાવી. "પપા કો કહાં છોડ આયે ? અકેલે ક્યોં ? કિસીકી મુલાકાત કરને કો ?"

"નહીં જી."

"તો ક્યા જેલ દેખને કે લિયે ?"

"જી, નહીં."

"તો ફિર ? ઈતની સબેરમેં ક્યા બેસબબ આયે ?"

"નૌકરી ચાહતી હૂં."

"નૌકરી ! આપ ! હસતે હો જી ? ઈતના પઢકર ક્યા જેલકી નોકરી ?"

"આપકી ઓરત-બરાકમેં લેડી-વોર્ડર કી જગા કર દેંગે ? મૈં નર્સિંગ જાનતી હૂં."

"ક્યા કહેતે હો જી, મિસ સરસ્વતી ?" દાઢીવાળો શીખ સુપરિન્ટેન્ડેન્ટ પોતાની રોશનીભરી આંખે સરસ્વતીના વિષાદઘેરા છતાં પૌરુષવંતા વદન પર ટગરટગર જોઈ રહ્યો.

"જી મૈં સચ કહતી હૂં. મૈં સ્વાશ્રયી હોને ચાહતી હૂં. ઈતની મહેરબાની કીજિયે."

"મિસ સરસ્વતીબાઈ, મૈં તો સુશિક્ષિત ઓરતોં કી સહાય ચાહતા હૂં. મૈં વોહિ ખોજ રહા હૂં. આઈએ, આપ થોડે રોજ અજમાયશી તોર પર રહિયે, એકદમ કાયમી બિચાર મત કરના. બડા 'નાસ્ટી,' બડા 'ડર્ટી' હૈ યે કામ. યહાં તો ખૂની ઓરતોં કે સાથ કામ લેના પડતા હય: પર મૈં આપકો પૂર્ણ સહકાર દૂંગા."

જેલનું અંદરનું વિરાટ દ્વાર ઊઘડ્યું, ને સરસ્વતીને લઈ સુપરિન્ટેન્ડેન્ટ અંદર સમાયા. દરવાજા પર વૉર્ડરો, પહેરેગીરો અને બહાર પાટીમાં કામ કરવા જતા ફાઈલબંધ કેદીઓના મુકાદમો અરસપરસ કૌતુક-દૃષ્ટિઓના તાંતણા વણી રહ્યા. અંદર જઈને સુપરિન્ટેન્ડેન્ટે પહેલું જ કામ પોતાની ખુરશી પાસે ખડા કરવામાં આવેલા ખટલા થનારા દોષિત કેદીઓને ક્ષમા આપવાનું કર્યું. "જેલર, આજ મિસ સરસ્વતી પંડિત કે આનેકી ખુશાલી હૈ. છોડ દો ઉન સબ ખટલેવાલોંકો."

નવી શિક્ષાઓના ડરમાંથી છૂટેલા કેદીઓ પાછા જતા જતા પાછળ નજર કરવા મથતા હતા. વૉર્ડરોના ધોકલાઓએ પણ એ પ્રભાતે પાછળ જોનારા કેદીઓની આંખમાં સરસ્વતીના દર્શનનું અમી અંજાવા દીધું.

## ૪૨. થાણદાર લહાવો લે છે

"**ચા**ળીસ વર્ષોથી શું અમે ગધાવૈતરું કરીએ છયેં!" એવો ધોખો ધરનાર થાણદારની ઇન્ચાર્જ ફર્સ્ટ કલાસ મેજિસ્ટ્રેટ તરીકેની અદાલત દસ વાગ્યાથી ઠાંસોઠાંસ હતી અને ત્યાં બેઠેલા વકીલમિત્રોના વાર્તાલાપમાં તો હજુય એ જ વિસ્મય રમી રહ્યું હતું કે આ શિવરાજમાં શું મતા બળી'તી! એનામાં લોકો શું જોઈ ગયા'તા! દરેક વકીલ એમ જ કહેતો હતો કે, મને તો આ દાળમાં પહેલેથી જ કાળું લાગતું હતું.

મુકદ્દમાની હાકલ પડી. બે પહેરેગીરોની ચોકી હેઠળ શિવરાજ દાખલ થયો, પીંજરામાં જઈ ઊભો રહ્યો. એના ગાલમાં ખાડા હતા, એની આંખોમાં અણપડ્યાં અશ્રુજળનો જાણે મોટો સંઘરો જમા થયો હતો. એક જ કદમે એણે જાણે કે જોબનમાંથી જઈફીમાં પ્રવેશ કર્યો હતો. પણ દુઃખ એ તો પરમ શિલ્પીનું ટાંકણું છે. એનું કોતરકામ જ્યાં જ્યાં થાય છે ત્યાં ત્યાં સૌંદર્ય સરજાય છે. વિપત્તિ માનવીને ચોક્કસ પ્રકારનું ગૌરવ પહેરાવે છે. પહેરેગીરો પાછળથી વાતો કરતા હતા કે, "મરદ દેખાતો હતો, હો ભાઈ! માટીને મોંએ ભારી રૂડપ ખીલી ઊઠી'તી, મારી જુવાનીના સમ!"

એ તો હતા પોલીસના વિચારો. ત્યારે પ્રેક્ષકોને તો શિવરાજની સમતા ચોખ્ખી નિષ્ઠુરતા, હૃદયહીન નફ્ફટાઈ જ ભાસતી હતી. "શી નિર્લજ્જતા છે આ બદમાશની! લાજતો નથી ને ગાજે છે! જેટલો બહાર છે એટલો જ ભોંમાં સમજવો હો, ભાઈ!"

"એનો બાપ તો કોક પરદેશી હતો ને?"

"કોણ જાણે હતો કોક કિરસ્તાન જેવો : ને પાછી ઘરમાં બેસારી'તી કોક વંઠેલને! હંઅ! થાણદારસાહેબ જ કહેતા'તા ને!"

"આરોપી, તારે શું કહેવાનું છે? તું ગુનેગાર છે કે બિનગુનેગાર?" થાણદારસાહેબે મુકદ્દમાનો પ્રારંભ કર્યો.

"ભાયડો! ખરો ભાયડો આ થાણદાર, હો ભાઈ! જાટલિમેનનીય રાખે તેવો નથી, જોયુંના, તુંકારે બોલાવ્યો આને."

"ગુનેગાર છું," શિવરાજનો અવાજ સ્વચ્છ હતો.

"તારી સાથે કોઈ બીજું શામિલ હતું?"

"ના."

"હં હં! ને આ ગુનો કરવામાં તારો શો ઇરાદો હતો?"

લોકોના શ્વાસ ઊંચા થયા. સૌના કાને એકાગ્રતા સાધી.

"મેં —" શિવરાજે ધીમા અવાજે, નીચી નજરે જવાબ દીધો, "મેં એ બાઈને ફસાવી હતી, ને તેથી કરીને એના ગુનાનું પ્રથમ કારણ હું બન્યો હતો."

અહહ! લોકોના શ્વાસ ઊંચે ચડી ગયા : ધરતીમાં સમાઈ કેમ નથી જતો પાપિયો!

"વા... આ... રુ! તો હું પૂછું છું કે આ એકરાર કરવામાં તારો શો ઇરાદો છે?"

"એક નિર્દોષ ઓરત મારા અપરાધનો ભોગ બનતી હતી તે મારાથી ન સહેવાયું."

"બસ, એ એક જ સબબ હતો?"

થોડી વાર થંભીને શિવરાજે ધીમે સ્વરે જવાબ વાળ્યો : "એ સવાલનો જવાબ હું ઈશ્વરના દરબારમાં આપીશ."

"વા... આ... રુ! ખાસ્સી વાત!" એમ લાંબે લહેકે બોલી મેજિસ્ટ્રેટસાહેબે શ્રોતાજનોમાં હાસ્યની એક લહરી પાથરી દીધી.

પબ્લિક પ્રોસિક્યૂટર ઊભા થયા. ગઈ કાલ સુધીનો એ જમાનાનો ખાધેલ આદમી પ્રત્યેક મુકદ્દમો ચલાવતી વખતે ખોંખારો ખાનારો, થોડી વાર આગળ અદબ તો થોડી વાર પીઠ પર અદબ વાળનારો, ખુરશી પર પગ મૂકીને આરોપીઓની સામે આંખો, નાક, હડપચી, હાથ વગેરેની કંઈક કરડી, કુટિલ અને વક્રચેષ્ટાઓ કરનારો આ પચાસ વર્ષનો પાવરધો પ્રોસિક્યૂટર અત્યારે પીળો પડી ગયો હતો. એની ઊભા રહેવાની આગલી છટા ચાલી ગઈ હતી. એણે અદબ જોડી નહીં. એના હાથ ખભામાંથી લબડી રહ્યા હોય તેવા ચેતનહીન હતા.

એણે મુકદ્દમાની હકીકતની 'સમરી' આપવાનું શરૂ કર્યું ત્યારથી માંડી સમાપ્તિ સુધી એની નજર એક પણ વખત પીંજરા તરફ ગઈ નહોતી. ને જેમ જેમ એ બોલતો ગયો તેમ તેમ વકીલો એકબીજાની સામે વિસ્મયની ચેષ્ટાઓ કરતા રહ્યા : વાહ! પ્રોસિક્યૂટર છે કે બચાવના વકીલ છે? નવી નવાઈનું પ્રોસિક્યૂશન માંડ્યું આ તો! વાહ! આ તે કાંઈ ચાલી શકે? આમ કેમ ચલાવી લે છે કોર્ટ? આ માણસને કોઈ બેસારી દો બેસારી! કાયદો-બાયદો ઘેર ભૂલીને આવ્યો લાગે છે ડોસો, વગેરે.

"નામદાર કોર્ટ," પબ્લિક પ્રોસિક્યૂટરનો અવાજ કંપાયમાન હતો. "આવી ઊંચી ઇન્સાફની પાયરી પર બેઠેલો આદમી આ પ્રકારનો ગુનો કરે તે તો કલ્પનામાં પણ ન ઊતરી શકે તેવું છે. પરંતુ એની પોતાની ચોખ્ખી કબૂલાત, અને આપણે જે બીના બનેલી જાણીએ છીએ તે બેઉના અંકોડા જોડીએ એટલે ચોખ્ખું લાગે છે કે એણે જૂઠ નથી કહ્યું. એ ગુનેગાર હોઈને એ ઈંડિયન પીનલ કોડની કલમ ૨૨૨ હેઠળ નસિયતને પાત્ર ઠરે છે એ પણ નિઃસંશય છે."

"હા, હા," થાણદાર પગ ઉપર પગ ચડાવીને ડોકું ધુણાવતા બેઠા છે. ચશ્માં એણે આંખો ઉપરથી કપાળે ચડાવ્યાં છે એથી એમને ચાર આંખો હોવાનો ભાસ થાય છે.

કપાળ પરથી ચશ્માંને પાછાં આંખો પર ઉતારી એ શિવરાજ સામે તાકે છે, ત્યારે એના હોઠ લાંબા થાય છે.

"પ-રં-તુ," બુઢ્ઢા પબ્લિક પ્રોસિક્યૂટરે 'પ' 'રં' અને 'તુ' એ ત્રણે અક્ષરો પર ભાર દેતે દેતે પોતાની આંખોમાં ભેગી થયેલી ભીનાશ લૂછી. "પરંતુ નામદાર 'ક્રાઉન' હંમેશાં ઇન્સાફને ચાહે છે, વેરની વસૂલાત સરકાર નથી ચાહતી, કોર્ટનું કામ કિન્નો લેવાનું નથી. નામદાર કોર્ટને યાદ હશે કે આરોપીએ પોતાની જાતે જ એકરાર કરેલ છે; ને ખસૂસ કરીને તો યાદ રાખવું જોઈએ કે જો આ સ્વૈચ્છિક એકરાર આરોપીએ ન કર્યો હોત તો ગુનાની લવલેશ ખબર સરકારને પડવાની નહોતી. અને પોતે કલંકિત કરેલા ઇન્સાફનું નિવારણ કરવાની પોતાની એકની એક સત્તાનો ઉપયોગ કરનાર આ પુરુષના પ્રતાપી દર્શનથી નામદાર કોર્ટનું હૃદય દ્રવી ઊઠશે, આ મહાન સ્વાર્પણની એ કદર કરશે, એની મને શંકા નથી."

સાંભળીને પ્રેક્ષકોમાં ઉધરસ, છીંકો, ખોંખારા, કચવાટ અને વિરોધના ચેષ્ટાસ્વરો ઊઠ્યા. એક વકીલે બીજાને, પ્રોસિક્યૂટરની પીઠ પછવાડે જ, કહ્યું કે, "શું બાફે છે આ બેવકૂફ!"

એ પીઠ પાછળના અવાજની પરવા કર્યા વગર પ્રોસિક્યૂટરે આગળ ચલાવ્યું. એના હાથ હલતા નહોતા.

"નામદાર કોર્ટનું બીજું પણ ધ્યાન ગયું હશે કે આરોપીએ પોતાના ગુનાના કારણની પણ કબૂલાત કરી નાખી છે. અગર જો આરોપી બદમાશ હોત તો એટલું તો પોતે છુપાવી શકત. પ-રં-તુ આરોપીએ પોતાની આબરૂ કરતાં, બલકે જિંદગી કરતાં પણ, પોતાના આત્માને વધુ કીમતી ગણ્યો છે."

"ઓ હો!" મેજિસ્ટ્રેટે પાછાં ચશ્માં કપાળેથી આંખો પર ઉતારી શિવરાજ સામે હોઠ લંબાવ્યા.

"વળી નામદાર કોર્ટ જોઈ શકશે કે પોતાને બદલે એક નિર્દોષ કુટાઈ જતું હતું તે ન સહેવાયાથી જ આરોપીએ ઇન્સાફના હાથમાં પોતાની જાત સોંપી દીધી...

"ને છેવટે નામદાર કોર્ટ ગુનેગારની જુવાન અવસ્થાનો, તેજવાન બુદ્ધિબળનો, આશા આપતી કારકિર્દીનો અને એના પૂજ્ય પિતાની પવિત્ર યાદનો વિચાર કરીને ઈ. પી. કો. કલમ ૨૨૩ હેઠળ નામની જ સજા કરશે તો સરકારને સંતોષ મળશે. 'ક્રાઉન' તરફથી હું આટલી જ અરજ કરું છું."

"વાહ ભૈ!" મેજિસ્ટ્રેટે ધીરે સ્વરે કટાક્ષ કર્યો, પણ પ્રેક્ષકોમાં એ સંભળાયો ને ઝિલાયો. "વાહ ભૈ! વાહ ભૈ!" એવા પડછંદા છેક સામા બારણા સુધી ગુંજી ઊઠ્યા.

"પ-રં-તુ —" ફરી પાછા પબ્લિક પ્રોસિક્યૂટર બોલ્યા, "નામદાર કોર્ટ ચાહે તેવી સજા કરેને, આરોપીએ પોતે જ પોતાના માથે જે સજા વહોરી લીધી છે તેની પાસે નામદાર કોર્ટની કોઈ સજા વિસાતમાં નહીં હોય. એજન્સીની આજ સુધીની તવારીખમાં આવી અધોગતિનો કોઈ કિસ્સો નથી. તેમ અંધારી રાતે કાળી શલ્યાનું રૂપ પામીને હજારો વર્ષો સુધી રામાવતારની વાટ જોનાર દેવી અહલ્યાની પછી આવા ઘોર પ્રાયશ્ચિત્તનો પણ કોઈ દાખલો નથી."

'સમરી' ખતમ કરીને પબ્લિક પ્રોસિક્યૂટર હેઠા બેઠા. હસતા પ્રેક્ષકવૃંદ પર એ પ્રૌઢ માણસની કંપાયમાન વાગ્ધારાનો ને છેવટે અહલ્યાના પ્રાયશ્ચિત્તના દૃષ્ટાંતનો ગંભીર પ્રભાવ

પડ્યો હતો. પણ ફર્સ્ટ ક્લાસ મેજિસ્ટ્રેટની પદવીનો એકબે દિવસનો લહાવો લેતા થાણદારની તેજોદ્વેષી લાલસા ઊલટાની વધુ પ્રજ્વલિત બની હતી.

એણે આંખો પર ચશ્માં બેસતાં કરીને કહ્યું : "આ લાંબીચોડી વાતોનો ભાવાર્થ તો એ જ છે ને, કે હરકોઈ શખસ એકીસાથે ને એકીસમયે ગુનેગાર પણ હોય ને બિનગુનેગાર પણ હોય ! હ-હ-હ."

એ જરાક હસ્યા. લોક-ટોળાની અંદર પડેલી હિચકારી મનોવૃત્તિને હડકાઈ બનાવવા માટે એવું ક્રૂર કુટિલ હાસ્ય બસ થઈ પડ્યું. મેજિસ્ટ્રેટે મેજ પર પોતાના હાથને આંકડા ભીડીને ગોઠવ્યા, અને પછી સહેજ ઢળીને શિવરાજને કહ્યું : "આરોપી, ઊભો થા !"

એને ભાન નહોતું કે શિવરાજ ખડે પગે જ પીંજરામાં રાહ જોતો હતો. એને માટે ખુરસી મુકાવવાની સભ્યતા ન્યાયાધિકારીએ બતાવી નહોતી.

એણે છૂટા હાથની અદબ ભીડીને મેજિસ્ટ્રેટ સામે પ્રશાંત નજર તાકી.

"તારા બચાવમાં તારે કાંઈ કહેવાનું છે ?"

"કશું નહીં."

થોડી પળો એકલા એકલા હસી લેવાની મજા કર્યા પછી મેજિસ્ટ્રેટે કહ્યું : "આરોપી ! એક જુવાન ઓરતને પ્રથમ શિયળભ્રષ્ટ કરીને, પછી એનો ત્યાગ કરીને અને છેવટે એને શિરે ગંભીર તહોમત તોળાતું હતું તે વેળાએ એને તારી સત્તાની રૂએ નસાડવાનો ગુનો તેં કબૂલ કર્યો છે, ખરું ?"

"હા જી."

"આરોપી !" મેજિસ્ટ્રેટે આગળ ચલાવ્યું, "આંહીં એવું કહેવામાં આવ્યું છે કે તેં રાજીખુશીથી પોતાની મેળે એકરાર કર્યો છે. અજબ વાત છે કે તહોમતદારણ પરનો આરોપ પુરવાર કરવાની ફરજ જેની હતી તે ખુદ સરકારી નોકરે જ આ તારા બચાવમાં કહેલી વાત છે. બિલકુલ જૂઠ છે એ વાત. તેં એકરાર કર્યો, તે તો તારા પર કાયદાની તલવાર તોળાઈ ચૂકી હતી તે ટાણે: તારું પાપ પ્રગટ થઈ જવાની તૈયારીમાં હતું તે ઘડીએ !"

"શાબાશ !" પ્રેક્ષકોમાં ધ્વનિ ઊઠતો હતો.

"આંહીં એમ પણ બતાવવામાં આવ્યું છે કે તારા આ ગુપ્ત પાપનો એકરાર તારા આત્માની ઊંચી ગતિ દર્શાવે છે. આ તારા કહેવાતા આત્માને પોતાની આજની કહેવાતી ઉચ્ચ ગતિ તો ત્યારે સૂઝવી જોઈતી હતી, જ્યારે તું તારો પોતાનો જ ભોગ બનેલી સ્ત્રી પર ઇન્સાફ તોળવા બેઠો હતો. તારા એ ઇરાદાપૂર્વકના અપરાધનો તો ઇન્સાફની તવારીખમાં કોઈ જોટો નથી જડતો.

"છેવટમાં એવી દલીલ કરવામાં આવી છે કે તારો ઊંચો દરજ્જો અને તારા કુટુંબની ખાનદાની ધ્યાનમાં લઈને તને ઓછી સજા કરવી. એથી ઊલટું, અમે માનીએ છીએ કે, આ બંને કારણો જોતાં, તારી સજા વધવી જોઈએ. તેં તારા કુટુંબને અને દરજ્જાને ભયાનક કલંક ચડાવ્યું છે !"

"આહાહા !" પ્રેક્ષકોનાં હૈયાં બોલી રહ્યાં.

"તારો ગુનો સ્પષ્ટ છે. એનો અંશ માત્ર બચાવ ન હોઈ શકે. તેં તારા નામને, ધંધાને, આખી એજન્સીને, અને નામદાર બ્રિટિશ સરકારને બટ્ટો બેસાડ્યો છે.

"તારો ગુનો એક તહોમતદારણને ઇરાદાપૂર્વક નસાડનાર જાહેર નોકરનો કલમ ૩૨૧ મુજબનો છે. મજકૂર તહોમતદારણનો ગુનો કલમ ૨૧૫ મુજબનો બાળહત્યાનો

હતો. એ આરોપસર એને ૧૦ વર્ષની સજા થઈ શકી હોત. એ ન્યાયે તને હું ઇ. પી. કો. ક. ૩૨૧ મુજબ કાયદાએ વધુમાં વધુ ફરમાવેલી ત્રણ વરસની સખત મજૂરીની કેદ ફરમાવું છું."

શિવરાજે શિર નમાવીને સજા માથે ચડાવી લીધી. મેજિસ્ટ્રેટ પોતાનાં ચશ્માં ઉતારીને ઝડપથી ચેમ્બરના દ્વારમાં પેસી ગયા.

## ૪૩. જળમાં ને જ્વાળામાં સંગાથે —

''સ્પ્લેન્ડીડ જજમેન્ટ!" આધેડ વકીલોમાંથી એકનો અવાજ ઊઠ્યો. "ચલો, નીચે ઊતરો!" એવા પહેરેગીર સિપાઈના તોછડા શબ્દોએ શિવરાજને અપરાધીના પીંજરામાં સૂનમૂન સ્થિતિમાંથી હલાવી દીધો. આગળ ચાલતા શિવરાજની પીઠ પાછળ પોલીસો બોલતા હતા : "ક્યા બદમાશી બઢ ગઈ દુનિયામેં! હેવાનિયત દેખ કે તાજુબ હો જાતે હૈં અબ તો, ભાઈ!"

શિવરાજને સમજાઈ ગયું કે આગલી સાંજરે જેલમાં એના પ્રત્યે સિપાઈઓએ વિનય બતાવેલો, કેમ કે તેઓ શિવરાજના ગુનાનું સ્વરૂપ સમજ્યા નહોતા. કોર્ટમાં ચાલેલી ગુજરાતી ભાષાએ સૌને આ હેવાનિયતથી માહિતગાર કરી મૂક્યા.

બહાર નીકળતા શિવરાજે પોતાની પાછળ સરકારી વકીલની ઠેકડી થતી સાંભળી : "કાં કાકા, આટલું બધું હેત ક્યાંથી ઊભરાઈ હાલ્યું'તું? કાંઈ ચાંપી તો નથી દીધુંને ભાઈસાહેબે? અરે કાકા, આખી જિંદગી તો નિર્દોષો માથેય સાવજ જેવા ગાજ્યા, ને આખરે આ નપાવટનો બચાવ કરવા ચીથરાં ફાડ્યાં? ધૂળ પડી તમારા ધોળામાં, કાકા!"

શિવરાજ આ બધા ઠઠ્ઠા સાંભળતો હતો. પબ્લિક પ્રોસિક્યૂટરનો એકે ઉચ્ચાર એને કાને પડતો નહોતો. પણ એણે મશ્કરી કરનારાઓના છેલ્લા બોલ આટલા સાંભળ્યા : "અરે, અરે કાકા, રડવું આવી ગયું? ઘરડા આખા થઈને આંસુ પાડો છો? જોઈ લો ભાઈઓ! આ પબ્લિક પ્રોસિક્યૂટરને."

જેલના દરવાજા સુધી શિવરાજની પાછળ ટોળાં થયાં હતાં. લોકવર્ણની બેચાર સ્ત્રીઓ પણ દૂર ઊભી ઊભી વાતો કરતી હતી : "ઓલી અંજુડી નૈ, ઇ ને આવડે આણ્યે રાખી'તી ને પાછી ભગાડી."

"લાજ્યોય નૈ બધું કબૂલ કરતાં?"

"અરે, ઓલી બચાડી મોયલા ડિપોટીની ભણેલી છોકરીનોય ભવ બગાડ્યો."

"પરણ્યો'તો?"

"ના રે, પરણે શું? આવાં ને આવાં કામાં! મોટાઓનું માયલું બધું ખોટું જ હોય, માડી!"

રેલવે-સ્ટેશન પર હોહા ન થાય તે સારુ કેદીને તે જ રાતની આગગાડીમાં ચડાવી રાજકોટ ઉપાડ્યો. નાના સ્ટેશનેથી એને જુદા ખાનામાં લઈને પોલીસપાર્ટી બેઠી. બારીઓ પણ બંધ રાખી. પોલીસોની સતત ચાલુ બીડીઓના ધુમાડામાં આખું ખાનું ગૂંગળાતું ચાલ્યું ત્યારે શિવરાજે પૂછ્યું : "જરા બારી ખોલું?"

"બિલકુલ નહીં." પોલીસ તાડૂકી ઊઠ્યો.

પોતે કરેલું આચરણ કેટલું કલંકિત હતું તેની શિવરાજને પ્રતીતિ થઈ. અજવાળીના પરિત્રાણનો તેમ જ પોતાના પાપના એકરારનો જે મુક્તિ-આનંદ તેણે મેળવ્યો હતો, તે ધીરે ધીરે ઊતરી ગયો. તેને સ્થાને ત્રણ વરસની જેલવાસની દુર્દશા, અને જો ત્રણ વર્ષે જીવતાં છુટકારો થાય તો તે પછીની બદનામ દશા, કોઈ મોટી ઢેઢગરોળીની માફક ધીરાં પગલાં મૂકતી મૂકતી જાણે પોતાને ગળી જવા ચાલી આવતી હતી. પોતે એક જંતુ બની ગયો.

રાજકોટ સ્ટેશન આવ્યું ત્યારે એ જરીક ઝોલે ગયો હતો. "ચલ એઈ !" કરીને એને પોલીસે ઢંઢોળ્યો. સ્ટેશન પર એણે ટોળેટોળાં દીઠાં. શું આ બધાં મારી બેશરમી જોવા ભેગાં થયાં છે? આ સર્વની વચ્ચે થઈને હું શી રીતે માર્ગ કરી શકીશ? ફાટી આંખે જોતો છતાં એક પણ ચહેરાને ન ભાળી શકતો દૃષ્ટિશૂન્ય બનીને એ ચાલ્યો. એના કાન પર શબ્દો પડતા હતા : "આ એ જ? એ પોતે જ?"

રાજકોટ સેન્ટ્રલ જેલ ઓફિસની બારી પર શિવરાજને ક્લાર્કે પ્રશ્ન કર્યો : "કાંઈ કેશ જ્વેલરી (રોકડ અથવા દાગીનો) છે? હોય તો સુપરત કરો."

શિવરાજે માથું હલાવ્યું. એ કશું જ સાથે નહોતો લાવ્યો.

અંદર જઈને એને કપડાં બદલવાનું કહેવામાં આવ્યું. એણે પહેરણ ઉતારવા માંડ્યું. તે પળે જ એણે એક સ્ત્રીને ઓરતોની બરાકમાં જતી જોઈ. સ્ત્રીના શરીર પર જેલનો જ લેબાસ હતો. શિવરાજ એને પૂરી નિહાળે-ન-નિહાળે ત્યાં એ ઓઢણીનો છેડો સંકોડતી સંકોડતી અંદર પેસી ગઈ. અધૂરા કાઢેલા પહેરણે શિવરાજ સ્તબ્ધ બની ગયો.

"યે ક્યા હૈ?" એની ભુજા પર બાંધેલા માદળિયાને ખેંચતાં ખેંચતાં એક વોર્ડરે કહ્યું. "યે ક્યોં ઓફિસ પર દે નહીં દિયા?"

"યે ન તો કેશ હૈ, ન જ્વેલરી હૈ." શિવરાજે જવાબ દીધો.

"વો ક્યા હૈ ઔર ક્યા નહીં, વો મુકરર કરનેકા કામ કૈદી કા નહીં હૈ. છોડ દો."

પોતાની માતાએ મરતાં મરતાં પહેરાવેલું, પછી એક દિવસ પોતાની વફાઈના બંધનરૂપે માલુજીએ અજવાળીને હાથે બાંધેલું, ને પછી અજવાળીને નસાડી મૂકતે મૂકતે શિવરાજે એની પાસેથી માગી લીધેલું એ તાવીજ આજે શું હતું? જેલના નિયમોમાં એ 'રોકડ' હતું કે 'દાગીનો'? જગતની ગણતરીમાં પણ આજે એ શું હતું? શિવરાજે વોર્ડરની વાત સાચી માની. એ શું હતું, કયા વર્ગમાં પડનાર વસ્તુ હતી, તે મુકરર કરનાર પોતે કોણ? એણે કાઢી આપ્યું ને સોંપતાં પૂર્વે આંખે અડકાડી લીધું. મનમાં મનમાં એ બોલ્યો "મા! તારુ ચિહ્ન હારું છું, તારી રક્ષાને ન હારું એવું કરજે."

એ ક્ષણે જેલ સુપરિન્ટેન્ડેન્ટ દવાખાનું જોઈને પાછા વળતા હતા. તેમણે કેદીના મોંને પિછાન્યું. એ દૂર ચાલ્યા ગયા. એણે ચુપચાપ જેલરને હુકમ દીધો : "આટલી પણ માણસાઈ નથી યાદ રહેતી! જાઓ, એમને આંહીં કપડાં ન બદલાવરાવો, અંદર લઈ જાઓ. જુદી બરાકમાં રાખો. અદબથી વર્તવા વોર્ડરોને કહી આવો. એને પહેલા વર્ગની ટ્રીટમેન્ટ આપવા હું ઉપરથી પરવાનગી મંગાવું છું."

વળતા દિવસે શિવરાજને દવાખાના પર તેડવામાં આવ્યો ત્યારે પણ એણે પેલી તરુણીને ઓરતોની બરાક તરફ ચાલી જતી દેખી. એનો વહેમ વધુ ને વધુ સજ્જડ બન્યો.

આઠેક દિવસે એણે પોતાના વોર્ડરને પૂછ્યું : "કોઈ નવી ઓરત-વોર્ડર રાખી છે?"

"હાં, સા'બ!" હવે એને અદબથી બોલાવતા વોર્ડરે કહ્યું, "બડા ડિપટી સા'બકી લડકી... રહમદિલસેં ઓરતોંકી ખિદમત કરનેકો આતી હૈ, બચ્ચોંકો ખેલાતી હૈ, ઓરતોંકો

લિખના-પઢના સિખાતી હૈ. બડી સમજદાર ઓરત હૈ, સા'બ! કિસીકી સાથ બેમતલબ બોલતી ભી નહીં."

"આંહીં જ રહે છે?"

"હાં, રાતકો ભી યહાં ઓરત-બરાકમેં સબકે સાથ ગિરફતાર હો કર સોતી હૈ, ઔર 'શિવ' 'શિવ' રટતી હૈ."

સાંભળીને શિવરાજ પોતાની તુરંગમાં પેસી ગયો; કોઈ ન દેખી જાય તેવી એકાંતે એનાં આંસુ ખળખળ્યાં.

એને મળવા માટે સુપરિન્ટેન્ડેન્ટ કોઈ દિવસ આવતો નહીં. જેલરને એની પૂરી સંભાળ લેવાની સૂચના આપી દીધી હતી. વોર્ડરો આઠ દિવસમાં તો એના બની ગયા હતા. વોર્ડરોને ધીમે ધીમે ખબર પડી ગઈ હતી કે આ બેઉ પરણવાનાં હતાં; ને બાઈ આંહીં આવીને રહી છે તેનું કારણ પણ આંતરિક અનુરક્તિ જ છે.

એક દિવસ વોર્ડરે હિંમત કરીને પૂછ્યું : "સા'બ, ઉનકો કુછ ખબર પહુંચાવે?"

શિવરાજ હેઠું જોઈ ગયો. એ જાણે કે વધુ ને વધુ અપરાધી બની રહ્યો હતો. સરસ્વતીનું જેલમાં હોવું એને માટે અસહ્ય હતું. પોતે જ જાણે કે એ યુવતીના જીવનમાંથી પ્રકાશ શોષી લીધો હતો.

રવિવારની સાંજ હતી. પોતે પોતાની બરાકમાં એકલો જ હતો. કેદીઓ બધા પુરાઈ ગયા હતા. શિવરાજ કાગળ લખવા બેઠો —

*તમે મારે ખાતર શું કરી બેઠાં છો તે મેં જાણ્યું છે. મારાં પાપનો અરધો ભાર આખરે શું મેં તમારા પર જ નાખ્યો છે! આંહીં આવીને પુરાઈ જવામાં મારો એક આશય તો તમને જ મુક્તિ આપવાનો હતો. મારી પાપ-ચૂડમાંથી છૂટીને તમે તમારા જીવનમાં નવો સૂર્યોદય નિહાળશો એવી મારી આશા હતી. તેને બદલે તો, ઓ સરસ્વતી! તમે આંહીં, આ કબરમાં પણ મારી પાછળ પાછળ આવ્યાં છો!*

*"સરસ્વતી! તમે આંહીંથી ચાલ્યાં જાઓ. નહીં તો મને એક ક્ષણ પણ નીંદ નથી મળવાની. મારી સજા મને એકલાને ભોગવવા દો. આ કાળા કિસ્મતમાં એટલું તો એક સુખકિરણ પડવા દો કે મેં તમારું જીવન ભુક્કો નથી કર્યું! ચાલ્યાં જાઓ, સુખી થાઓ, પ્રભુની કૃપા ઊતરો તમારા પર...*

સૂર્યાસ્તે આ કાગળ આટલો લખાય છે ત્યાં તો બહાર ચોગાનમાં બત્તી દેખાઈ. કાગળ પોતે ઢાંકી દીધો. એને જરીક જેલર દેખાયો, પણ પછી જુએ છે તો બત્તી ઉંબરમાં પડી હતી. જેલર અદશ્ય બન્યો હતો; તેને સ્થાને જાણે કોઈક સ્વપ્નમૂર્તિ સમી, હવાની પૂતળી સમી, પરલોકમાંથી આવેલા સુંદર પ્રેત સમી સરસ્વતી ઊભી હતી. એના શરીર પર શ્વેત સાડી હતી; એના હાથમાં મીંઢોળ બાંધ્યું હતું; કપાળે ચાંદલો હતો; એને ખભે એક ઉપરવટણી લટકતી હતી.

"તમે? સરસ્વતી! તમે આંહીં? અત્યારે?" શિવરાજ ઝબકીને ઊભો થયો.

"આજે આપણી લગ્નતિથિ છે."

"એવું ન બોલો. એ ન બને. આ જેલ છે. સરસ્વતી! પાછાં જાઓ, પિતાજીની પાસે જાઓ."

"પિતાએ તો કાઢી મૂકી છે. મારે કોઈક આશરો તો જોઈએ ને!"

"પણ... પણ જેલ સુપરિન્ટેન્ડેન્ટને ખબર પડશે તો... ચાલ્યાં જાવ..."

"એમણે રજા આપી છે."

"પણ, પણ, આંહીં કોણ લગ્નવિધિ કરાવશે ?"

"હું લાવી છું એક બ્રાહ્મણને."

"કોણ છે ?"

"એક છે, જેના ઉપર તમે — તમે ઘણાં વર્ષો પર ઉપકાર કર્યો હતો તે. આવો આંહીં."

એક બૂઢો જર્જરિત આદમી બહાર ઊભો હતો, તે અંદર આવ્યો. એના હાથમાં તસલું ને ચંબુ હતાં. તસલામાં થોડાક ચોખા જેલના કોઠારમાંથી માગી આણ્યા હતા. ચંબુમાં કોપરેલ તેલ હતું.

"આ કોણ ? ગુરુદેવ ?" શિવરાજે નવા માણસને ઓળખ્યો — પોતાને સોટીઓ મારનાર ને રજા આપનાર વિદ્યાગુરુ. "તમે ક્યાંથી ?"

"આંહીં કેદી છું, શિવરાજ ! એક કલ્પિત અપરાધ માટે મેં તને સોટીઓ મારી હતી. પણ હું તો એક સાચો અપરાધ કરીને ત્રણ વર્ષથી આંહીં પડ્યો છું. તેં મારા પર ક્ષમા બતાવી હતી. આજે હું તારી લગ્નવિધિ કરવા હાજર છું."

શિવરાજને ખબર નહોતી, કે ગુજરાતના કોઈ એજન્સી તાબામાંથી આ આચાર્ય કશોક ગુનો કરીને અહીં પુરાયા હતા.

શિવરાજ જોઈ રહ્યો. એણે માથું ધુણાવ્યું : "નહીં, નહીં, ન બની શકે. મારા જેવા બદનામની સાથે જીવન જોડીને બરબાદ ન બનો. હું — હું — હું તમને નિરંતર ચાહ્યા કરીશ. એથી વધુ દુષ્ટ બનવાનું મને ન કહો."

એણે માથું હેઠું ઢાળ્યું.

સરસ્વતી નજીક ગઈ, નીચે બેસી ગઈ, ને એણે શિવરાજનો હાથ ઢંઢોળીને કહ્યું : "પણ મારો તો વિચાર કરો ! હું આખરે નારી છું. મારું નારીત્વ માગે છે કે મને પ્રેમ પછી આપજો, પહેલી પરણી લ્યો — પરણીને પછી ભલે ન ચાહી શકો."

"નહીં, નહીં, સરસ્વતી ! હું રાક્ષસ નહીં બનું !"

"મને રઝળતી મૂકવી છે ! એકને — પાછી બીજીને ?" સરસ્વતીના શબ્દોમાં અસહ્ય મહેણું હતું, "હું હવે ક્યાં જઈશ ? કોની પાસે મોકલવી છે મને ? હું સ્ત્રી છું. અપરાધ પર અપરાધ કેટલાક કરશો ?"

સરસ્વતીના આ શબ્દોએ શિવરાજને ભાંગી નાખ્યો.

"ચાલો આચાર્ય, ઝટ કરો."

એ ભાંગેલો બુઢ્ઢો કેદી પાસે આવ્યો. એણે મહામહેનતે શિવરાજના જાડા પહેરણ સાથે ઉપરવટણીની છેડાછેડી બાંધી. અગ્નિમાં એણે જેલમાંથી આણેલું કોપરેલ તેલ અને ચોખાના દાણા 'સ્વાહા' કરી સપ્તપદીની એકમાત્ર વિધિ કરાવી. બોલતે બોલતે બ્રાહ્મણના બોખા મોંનું થૂંક ઊડ્યું. બેઉનો હાથેવાળો મળ્યો. બે વિદ્યુતપ્રવાહ એકત્રિત બન્યા : "જીવનથી મૃત્યુ સુધી... જન્મજન્માંતરો સુધી... નર અને નારી રહેશું... સુખમાં ને દુઃખમાં, જળમાં ને જ્વાળામાં... સાથે ચાલીશું..."

બત્તી ચાલી ગઈ. સરસ્વતી બત્તીની પાછળ ગઈ... અને એ બત્તીનાં કિરણો જેવા દિન પછી દિન તબકતા ગયા.

❑

# લેખકનું નિવેદન

[પહેલી આવૃત્તિ વેળા]

નિવેદન હંમેશાં પુસ્તકના પ્રારંભમાં મુકાય છેઃ અહીં અંતમાં મૂકેલ છે. આશય એટલો જ છે કે આ વાર્તા એક અંગ્રેજી કૃતિને આધારે ગુજરાતીમાં ઉતારવામાં આવી છે તે હકીકતનું જ્ઞાન વાચકની રસવૃત્તિમાં, એનું વાચન થવા દરમ્યાન, કશો વિક્ષેપ ન કરે.

આવો વિક્ષેપ થાય છે એ લેખકની માહિતીની વાત છે. કૃતિ જો અસલ લખાણનું શબ્દશઃ ભાષાન્તર હોય તો આવી માહિતી પ્રથમથી જ આપી દેવી આવશ્યક બને છે; કેમ કે ભાષાન્તરમાં — તરજુમામાં તો મુખ્ય આશય અસલ કૃતિનું હાર્દ સમજવા-સમજાવવાનો છે.

રૂપાન્તર થાય છે ત્યારે મુખ્ય જવાબદારી રૂપાન્તરકારની બને છે. પોતે અસલ કૃતિનો ઉપકારભાવે ઋણસ્વીકાર કરે છે, અને નવી રચનાના યશનો ધણી પોતે એકલો જ ન બની જાય એટલી એની પ્રામાણિક ફરજ છે. પરંતુ સાંગોપાંગ રચના તો એની પોતાની જ લેખે પરીક્ષામાં મુકાવી ઘટે. એની ખૂબીઓ તેમ જ ખામીઓના કડક તોલનનું પરિણામ એણે એકલાએ જ બરદાસ્ત કરવું રહે છે. આવું તોલન નિરંતરાય તો જ બને, જો વાચકને વાચન કરતે કરતે, આખે રસ્તે, એકને બદલે બે લેખકોનો વિચાર કર્યા કરવો ન પડે.

મૂળ કૃતિ 'ધી માસ્ટર ઓફ મેન' નામની, સદ્‌ગત અંગ્રેજ સાહિત્યમણિ હૉલ કેઈનની છે. એ કૃતિની લીલાભૂમિ ઈંગ્લંડ પાસેનો 'આઇલ ઑફ મેન' નામનો એક અર્ધસ્વરાજ ભોગવતો ટાપુ છે. મેં એમાંથી ઘણા અંશો કાઢી નાખીને કાઠિયાવાડની જીવન-સ્થિતિને બંધ બેસે તે રીતના ઘણા ફેરફારો કર્યા છે. ક્યાંક ક્યાંક તો મૂળનાં ચિત્રોને શબ્દશઃ પણ મૂકવાનો લહાવ લીધો છે, જ્યારે ઘણુંખરું મેં મારી વાર્તાને એની સ્વતંત્ર ગતિએ રમવા દીધેલ છે.

આ કૃતિ વાંચ્યા પછી મૂળ લેખક પર જો વાચક મોહિત થાય તો માહિતી આપું કે હૉલ કેઇનનાં નીચે લખ્યાં પુસ્તકો પરિચય કરવા લાયક છે : **The Deemstor, White Prophet, Barbed Wire, Prodigal Son, The Manxman, The Woman Thou Gavest Me** વગેરે.

જેના પરથી 'અપરાધી'ની રચના થઈ છે તે વાર્તાએ હૉલ કેઇનને હ્યૂગો, ઝોલા અને ટૉલ્સ્ટૉય સરીખા વાર્તાસ્વામીઓની હરોળમાં મુકાવેલ છે. હજારો હૈયાંને આ વાર્તાએ ધબકતાં કરેલ છે. કોઈ વિવેચકોએ એને લેખકની ઉત્કૃષ્ટ કૃતિ કહેલ છે.

હૉલ કેઇન ઈંગ્લંડના નહીં પણ આ 'આઇલ ઑફ મેન' નામે ટાપુના પુત્ર હતા. પોતાની કેટલીય કૃતિઓની લીલાભૂમિ એણે આ નાનકડી માતૃભૂમિને બનાવેલ છે. સંસ્કૃતિના સારામાઠા ખળભળાટોથી વેગળા અને એકાકી પડેલા આ ટાપુનું લોકજીવન જે ખૂબીઓથી રંગાયેલું છે તેની એ કૃતિઓમાં અદ્‌ભુત ભાત ઊઠી છે. લેખકનું સ્વભૂમિ સાથેનું ઓતપ્રોતપણું એમાંથી મળે છે.

'અપરાધી' મૂળ ૧૯૩૬-૩૭ના 'ફૂલછાબ'માં ચાલુ વાર્તા લેખે વર્ષ-સવા વર્ષ સુધી

પ્રકટ થઈ હતી. શરૂઆતના છ મહિના સુધી તો મારી પાસે અસલ પુસ્તક નહોતું ને મેં અગાઉ વાંચેલ તે પરથી જ વાર્તાનું બને તેટલું સ્વતંત્ર ઘડતર હું કર્યે જતો હતો. મૂળમાં જોતો ગયો તે તો પછી.

બોટાદ : ૧-૯-૧૯૩૮

## [બીજી આવૃત્તિ વેળા]

**એ**ક રાજકોટવાસી ભાઈએ, આ વાર્તા પુસ્તકાકારે પ્રગટ થઈ ત્યારે ખેદ દર્શાવી કહેલું : "અમે તો ચાલુ વાર્તા વાંચતા હતા ત્યારે આખી ઘટના કાઠિયાવાડની મૌલિક હોય તેમ જ માનતા હતા, એટલું જ નહીં પણ પ્રત્યેક પાત્રનો પણ અમુક ચોક્કસ કાઠિયાવાડી સાથે મેળ બેસારી શકતા હતા. હૉલ કેઇનના 'માસ્ટર ઑફ મૅન' પરથી ઉતારી છે તે તો તમે જણાવ્યું ત્યારે જ જાણ્યું."

ઉપલું પ્રમાણપત્ર મૌલિકતાનો દાવો આગળ કરવાના આશયથી નથી ટાંક્યું. અન્ય લેખકની અનુકૃતિ ઉતારવામાં સફળતા મેળવવી, એ મૌલિક સર્જન કરવા કરતાં જરાકે ઊતરતી સાધના મારા મનથી નથી. મારી અનુકૃતિમાં શુદ્ધ સોરઠી જીવનની સ્વાભાવિક જીવનછબી ઊપસતી હોય તો તે સંપૂર્ણ સંતોષનું કારણ છે. હૉલ કેઇનનું ઋણ અદા કર્યાનો એ પરમ સંતોષ છે.

પણ પેલા રાજકોટવાસી ભાઈના કહેવા પાછળ તો ધ્વનિ કંઈક આવો હતો કે મૂળ લેખકનો આવો ઋણસ્વીકાર કરવા બેસવું શું નૈતિક દૃષ્ટિએ જરૂરનું હતું? કયા સર્જકના મન પર આ કે તે સાહિત્યસ્વામીની કૃતિઓની છાયા નથી રમતી હોતી? એવી છાયાઓનો ઋણસ્વીકાર કરવા બેસવું એમાં સાહિત્યકીય પ્રામાણિકતાનો કંઈક અતિરેક — તેમ જ એવા અતિરેકનું પ્રચ્છન્ન મિથ્યાભિમાન — નથી? અથવા આજે સાહિત્યકારો કરતાં ચોરી પકડવાવાળા જાસૂસો વધી પડ્યા છે, તેનો મનમાં પડેલો ડર તો નથી?

કદાચ એ પણ હોય! એ ચર્ચામાં નહીં ઊતરીએ. આપણું ગુજરાતી વિવેચન ડગુમગુ પગ માંડી રહેલ છે, તેવી સ્થિતિમાં એ વિવેચનને દૂર દૂરની પણ ચોરીની વાતથી ન સતાવવાની સંભાળ લેવી જોઈએ એમ હું માનું છું; અને પ્રામાણિકતાના ડોળ અથવા પકડાઈ જવાના ડર કરતાં વધુ મોખરે જો હું મારી બાબતમાં આ કારણને વધુ ભાર સાથે મૂકું, તો એને પણ ડોળ ન ગણી લેશો એટલી અરજ છે.

આપણા વિવેચનને જેમ એક બાજુ આવી સિફતભરી ચોરીથી સતામણી થવાનો ડર છે, તેમ બીજી બાજુ આ એક સાચી ભીતિ છે કે અમુક કૃતિ અમુક બીજી કૃતિ 'પરથી' ઊતરી છે એવું વિધાન વિવેચનને વિનાકારણ જકડી બેસે છે. મૂળ સાથે અનુકૃતિને શબ્દશઃ નહીં તો પ્રકરણવાર પણ મીંડવવા બેસનારા વિવેચકો એક તો છે નહીં, તેમ એટલી વેઠ એમના પર લાદી શકાય નહીં. પરિણામે 'અનુકૃતિ છે', 'રૂપાન્તર છે', એટલાથી વિવેચકની ગેરદોરવણી થાય છે એ ન ઉવેખી શકાય તેવું એક ભયસ્થાન છે.

એવા ભયસ્થાનનો ભોગ 'અપરાધી'ને પણ થવું પડ્યું છે, એટલા કારણે જ થોડી સ્પષ્ટતા આ વખતે જરૂરી છે, કે પાત્રહિસાબે જોઈએ તો માલુજી ને ચાઉસ જેવાં પાત્રો હૉલ કેઇનમાં નથી. પ્રસંગના હિસાબે મેળવીએ તો દેવનારાયણસિંહનું નર્મદા સાથેનું લગ્ન, અને એ લગ્નનો આનુષંગી કોઈપણ બનાવ મૂળમાં છે નહીં. અજવાળીને જેમાં મૂકેલ છે તેવો કોઈ મહિલાશ્રમ મૂળમાં છે નહીં. શિવરાજ જે બે-ત્રણ અચ્છા મુકદ્દમા ચલાવે છે

તે અસલમાં છે નહીં. 'રાવસાહેબની પુત્રવધૂ' વગેરે પ્રકરણો મારાં જ છે. અને તે સર્વ કરતાં વધુ મહત્ત્વનો મુદ્દો તો આખી લખાવટનો છે. પ્રથમાવૃત્તિના નિવેદનમાં જણાવ્યા પ્રમાણે અમુક પાછલાં પ્રકરણો બાદ કરતાં સળંગ શબ્દશિલ્પ મારું જ છે અને તે મૂળ ચોપડીને જૂના કાળમાં વાંચ્યા પછી ફરી વાર કદી જોયા વગર જ આલેખ્યું છે.

પણ આખરે તો હું હારું છું, ને 'આ તો મારું અને આ કોક બીજાનું' એવાં ચૂંથણાંથી શરમ સુધ્ધાં પામું છું.

તાત્ત્વિક સવાલ તો એક જ છે, કે આમાં વાચકને એનું પોતાનું, એના હૈયાસરસું, એને તદ્રૂપ તદાકાર ને તન્મય બનાવનારું કેટલું છે ?

એને પોતાનું લાગે તેટલું જ સાચું છે — બાકીનું સર્વ, મારું હો કે હૉલ કેઇનનું, મિથ્યા છે.

૧૩-૨-૧૯૪૪